વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
ઓગસ્ટ - ૨૦૧૬
અંક : ૪૫૯

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૯૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર





: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુફ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

A NAVNEET® INITIATIVE

www.topscorer.com

# શું તમે તમારા બાળક માટે આવી કોઈ યોજના ઘડી છે?

ગોખણપટ્ટીનો કોઈ લાભ નથી, મોટા ભાગનાં બાળકો ગોખણપટ્ટી જ કરતાં હોય છે. બાળકો માટે વધુ ગુણ મેળવી સફળ થવું જરૂરી છે અને એ માટે વિષયવસ્તુની સમજ હોવી આવશ્યક છે. આ સમજ આપવાની રીત સુગમ, સરળ અને મનોરંજક હોવી જોઈએ. એ માટે આપની સમક્ષ પ્રસ્તુત છે – TOPScorer.com, જે એક શૈક્ષણિક પોર્ટલ છે. તેના દ્વારા બાળક દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી શિક્ષણ મેળવે છે. વળી તે ઈન્ટરએક્ટિવ અને વાર્તાકથનના રૂપનું હોવાથી બાળકોને મનોરંજન પૂરું પાડે છે તથા સરળતાથી સમજ આપી વધુ ગુણ મેળવવામાં સહાયરૂપ બને છે.






Purple Focus.com

* Conditions apply

- નવનીતના ડિજિટલ ભાગરૂપે
- GSEB, MSEB અને CBSEના અભ્યાસક્રમ આધારિત
- દરેક પ્રકરણનું 2D / 3D એનિમેશન
- દ્રશ્ય-શ્રાવ્ય વાર્તાકથન રૂપે
- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત અસેસમેન્ટ સોફ્ટવેર
- સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ સાથે સરખામણી
- અનલિમિટેડ પ્રેક્ટિસ પરીક્ષા
- વૈવિધ્યપૂર્ણ અહેવાલો અને વિશ્લેષણ
- ધો. ૧ થી ૧૦ ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી માધ્યમ

ગોખણપટ્ટી બંધ કરો અને

**TOPScorer.com**

**Fun. Learn. Score. More.**

પર આનંદદાયી શિક્ષણ મેળવો.

TOPScorer આપની નજીકના અગ્રણી બુકસ્ટોરમાં પણ ઉપલબ્ધ છે: **પેનડ્રાઈવ અને SD કાર્ડ** સ્વરૂપે

Toll Free Number:
**1800 266 6676**

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# સૌ કચ્છી વાચકોને કચ્છી નૂતનવર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ

આપ જાણો છો તેમ મૂળ કચ્છ(ફતેહગઢ)ના જૈન કચ્છી બંધુઓ શ્રી શંભુભાઈ અને શ્રી જગશીભાઈએ શરૂ કરેલી લગભગ એક સદીની ગુજરાતી ગ્રંથ-પ્રકાશનની ગૌરવયાત્રા આજે પ્રતિષ્ઠાના શિખર પર બિરાજમાન છે. ત્રણ-ત્રણ પેઢીની તપસ્યાથી સતત તાજગીસભર બનતું પહેલું શિષ્ટ-વિશિષ્ટ સાહિત્યિક-શૈક્ષણિક પુસ્તકોના તીર્થ સમાન પ્રકાશનગૃહ

## કામણગારા કચ્છના ગૌરવનાં પ્રતિબિંબ ઝીલતું

## કચ્છી સાહિત્ય અને કચ્છી સર્જકોનું સાહિત્ય

| | | |
|---|---|---|
| કચ્છીકવિતા - આસ્વાદના આલોકમાં | પ્રભાશંકર ફડકે | 80 |
| કચ્છનો સર્વાંગી ઇતિહાસ - 1-2 | વિવિધ લેખકો | 700 |
| કચ્છી બોલી | મહેન્દ્ર સાકરચંદ દોશી | 140 |
| કચ્છ : વિહંગાવલોકન (સંદર્ભગ્રંથ) | હરેશ ધોળકિયા | 75 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 120 |
| નિયતિનું સંતાન (નવલકથા) | હરેશ ધોળકિયા | 125 |
| લાંબું સ્વપ્ન (નવલકથા) | હરેશ ધોળકિયા | 200 |
| એક અધૂરી સાધનાકથા (નવલકથા) | માવજી કે. સાવલા | 100 |
| પુનરાવતાર (નવલકથા) | ટોલ્સટોય, અનુ. માવજી કે. સાવલા | 100 |
| અવધૂત આનંદઘન પદલહરી (અધ્યાત્મ) | માવજી કે. સાવલા | 110 |
| દર્શક અને બીજા વિશે (વિવેચન) | ધીરેન્દ્ર મહેતા | 180 |
| નંદશંકરથી ઉમાશંકર (વિવેચન) | ધીરેન્દ્ર મહેતા | 250 |
| જયંત ખત્રી (જીવનચરિત્ર) | ધીરેન્દ્ર મહેતા | 90 |
| પ્રત્યંચાનો કંપ (કાવ્યો) | ધીરેન્દ્ર મહેતા | 125 |
| આપણે લોકો (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 115 |
| અદૃશ્ય (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 80 |
| ખોવાઈ ગયેલી વસ્તુ (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ભંડારી ભવન (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 175 |
| વલય (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| ચિહ્ન (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 200 |
| તમે માનશો ? (લઘુનવલ) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| ગંઠાઈ ગયેલું લોહી (નવલિકાઓ) | ધીરેન્દ્ર મહેતા | 140 |
| હું એને જોઉં એ પહેલાં (નવલિકાઓ) | ધીરેન્દ્ર મહેતા | 100 |
| આઠે પહોર આનંદ રે... (આસ્વાદ) | દર્શના ધોળકિયા | 125 |
| શ્વાસમાં વાગે શંખ (આસ્વાદ) | દર્શના ધોળકિયા | 225 |
| નારીની કથા, પુરુષની લેખિની (નવલિકાઓ) | સંપા. દર્શના ધોળકિયા | 200 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

– *મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● પર્વોનું નજરાણું ........ ૭

**લેખ વિભાગ**

### કચ્છ વિભાગ

● કચ્છની કોમી એકતાનું પ્રતીક : કેરા ........ **જગદીશ ચં. છાયા 'શ્રેયસ'** ...... ૯

### કચ્છ પ્રતિભા વિશેષ

● કચ્છી લોકકલાના મર્મી – રામસિંહજી રાઠોડ ........ **નીતા કિશોર જોશી** .... ૧૦
● મૂલ્યવાન કૃતિઓના સર્જક : પ્રા. સૂર્યકાંત ભટ્ટ ........ **જિતેશ આર. મણિયાર** .... ૧૧

### કચ્છી કથા

● કોરુકુમારી ........ **સ્વામી સચ્ચિદાનંદ** .... ૧૩

### ચિંતન

● તૂટેલી રાખડી ........ **ફાધર વાલેસ** .... ૧૫
● મનોબળ, સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધા ........ **બાબુલાલ ગોર** .... ૧૬
● સાંભળ્યા કરો... ........ **પદ્મશ્રી પ્રવીણ દરજી** .... ૧૭
● દરેક શોધની શરૂઆત પણ એક વિચારથી થાય ........ **પ્રભુલાલ એમ. સંઘવી** .... ૧૮

### મંથન

● જ્યોતિષ – વિજ્ઞાન કે અંધશ્રદ્ધા? ........ **ડૉ. કિરણ એન. શીંગ્લોત** .... ૧૯
● ભારતમાં અદાલતી ન્યાયમાં થતો વિલંબ ........ **મુકુંદ કે. મહેતા 'અલ્પ'** .... ૨૨

### વાર્તા

● સેક્ટર ઓગણીસ ........ **કેશુભાઈ દેસાઈ** .... ૨૩
● મર્સીકિલિંગ? ........ **ડૉ. સતીષ પટેલ** .... ૨૫
● લાક્ષાગૃહ ........ **માવજી મહેશ્વરી** .... ૩૦
● તો? ........ **હરેશ ધોળકિયા** .... ૩૩

### સિંધી વાર્તા

● મા ........ **લખમી ખીલાણી** .... ૩૬

### લલિત નિબંધ

● વરસાદ ........ **નીતિન વડગામા** .... ૩૯
● વર્ષાઋતુનું પ્રકૃતિ દર્શન ........ **જોરાવરસિંહ જાદવ** .... ૪૩

### તીર્થ

● જૈનોની શ્રદ્ધા અને આસ્થાની જલધારી મા ભગવતી પદ્માવતી દેવીનું કચ્છમાં એકમાત્ર સ્વતંત્ર મંદિર ........ **હીનાબેન એચ. સંઘવી** .... ૪૬

### ધર્મ

● મુસ્લિમ બિરાદરોનો કૃષ્ણપ્રેમ ........ **ડૉ. મહેબૂબ દેસાઈ** .... ૪૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**“પદાધિકારીશ્રીઓ”**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**‘મંગલ મંદિર’ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## આસ્વાદ

● સતજુગી માણસની કથા
“પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો” પુસ્તક વિશે ....... **મનુભાઈ પંચોળી ‘દર્શક’** .... ૪૮

## સમાજ ચિંતન

● તસવીરો ........ **પ્રવીણ ગઢવી** .... ૫૦
● કૂવાનો દેડકો ........ **પુષ્પા અંતાણી** .... ૫૩
● પત્નીનું દઢ મનોબળ પુરુષનું વ્યસન છોડાવી શકે છે ........ ૫૪
● સંબંધોના સથવારે – દિલાવર ભાઈ ........ **ઇલા કે. શાહ** .... ૫૬

## શિક્ષણ ચિંતન

● સ્કૂલ, બાળક, ઘડતર અને ફી? ........ **ભીમજી નાકરાણી** .... ૫૭

## વિજ્ઞાન ચિંતન

● કુદરત : અક્ષય ઊર્જાનો અખૂટ ભંડાર ........ **ભરત‘કુમાર’ પ્રા. ઠાકર** .... ૫૮

## ઇતિહાસ કથા

● વીર વનરાજ ........ ૬૦

## લોક કથા

● જગબુડ ........ **ડૉ. દિનેશ કે. ભોયા** .... ૬૨

## સંસ્મરણ

● સાંધ્ય વેળાએ – (૩) ........ **ડૉ. રશ્મિ શાહ** .... ૬૩

## આરોગ્ય

● સિદ્ધ મેડિકલ સિસ્ટમ - એક અનોખી ઉપચાર પદ્ધતિ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૬૭
● આપના ડાયાબિટીસની સંભાળ રાખો ........ **ડૉ. દિલીપ મોદી** .... ૬૮

## મીડિયા

● વિકાસની હરણફાળ ભરતો ભારતનો મીડિયા ઉદ્યોગ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૭૦

## હાસ્યની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૭૧

## નિયમિત વિભાગો

● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૨
● આંજો કાગર ........ ૭૪
● *Nano Nine* શબ્દ રમત-૧૧૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૭
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૬) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૭૯
● જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૮૦
● વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૮૩
● સમાજ દર્પણ / સંસ્થા સમાચાર ........ ૮૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૯૦
● ઊડતી નજરે ........ ૯૧

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## પર્વોનું નજરાણું

આપણા પૂર્વજોએ ઋતુચક્ર અનુસાર માનવ સમુદાયને નવી ઊર્જા સાંપડતી રહે એવા શુભાશયથી આખા વરસ દરમિયાન અલગ અલગ તહેવારો અને ઉત્સવપર્વોની યોજના કરેલી છે. લગભગ દરેક મહિનામાં કોઈ ને કોઈ તહેવાર આવતો રહે છે. પોતાની રોજિંદી પ્રવૃત્તિમાં વ્યસ્ત પ્રજાને આ તહેવાર નિમિત્તે થોડો વિશ્રામ પણ સાંપડે છે અને એની બીબાઢાળ જીવનમાં નવી ચેતનાનો સંચાર થવા ઉપરાંત આજીવિકાર્થે સ્વીકારેલા ધંધા-રોજગારનો થાક ઉતારવાની પણ તક મળે છે.

સવિશેષ ચોમાસાના ચાર મહિના તો ઉત્સવ પર્વોની પોઠ લઈને આવે છે. અષાઢી બીજથી શરૂ થયેલી પર્વ - પરંપરા દીપોત્સવી સુધી એકધારી ચાલતી રહે છે. વિક્રમ સંવતમાં આપણે દિવાળીના દિવસે વરસ પૂરું થયેલું માની આખા વરસનું સરવૈયું માંડી નૂતન વર્ષમાં મંગળ પ્રવેશ કરવા કટિબદ્ધ બનીએ છીએ. જાણે આખા વરસનો થાક ઉતારી લઈ લાભ પાંચમના શુભ મુહૂર્તથી નવી ઈનિંગ્સ શરૂ કરીએ છીએ. (જૈન પરંપરામાં લાભ પાંચમને જ્ઞાનપંચમી ગણી ધન કરતાં જ્ઞાન ઉપાર્જનનો મહિમા કરાયો છે તે પણ કેવો ઉત્તમ વિચાર છે!)

આપણા પંચાંગનો શ્રાવણ અને ગ્રેગરિયન કૅલેન્ડરનો ઑગસ્ટ લગભગ દર વખતે જુગલબંધી રચતા રહે છે. અષાઢી અમાસને બહુજન સમુદાય ‘દિવાસા’ના તહેવાર તરીકે ઊજવે છે. દેવીપૂજકો પૂર્વજોને યાદ કરી શોકાંજલી અર્પે છે. શ્રાવણી પર્વોની પરંપરા શરૂ થતાં જ વ્રતોનો મેળાવડો લાગી જાય છે. શિવ અને કૃષ્ણ બેઉનો શ્રાવણ માસમાં સરખો મહિમા થતો રહે છે. લોકો શ્રદ્ધાપૂર્વક બીલી ચડાવીને શિવજીને રીઝવે છે અને હિંડોળે ઝુલાવી નંદલાલને લાડ લડાવે છે. આ બેઉ ભારતીય લોકજીવન સાથે ઓતપ્રોત થઈ ગયેલા મહાનાયકો છે. એમની પ્રસન્નતા પ્રાપ્ત કરવા શ્રદ્ધાળુઓ વ્રત-ઉપવાસ રાખે છે, યાત્રાઓ કરે છે. કાવડિયા સેંકડો માઈલ ચાલી શિવ મંદિરોમાં ગંગાજળનો અભિષેક કરે છે. આ પ્રત્યેક ઉપક્રમ પાછળ વૈજ્ઞાનિક સંકેત છુપાયેલો છે. ચોમાસામાં પાચનક્રિયા મંદ પડતાં ઉપવાસ અને ફળાહાર આરોગ્યની જાળવણી માટે આશીર્વાદરૂપ નીવડે છે. જૈન મુનિઓ ચાતુર્માસમાં વિહાર મોકૂફ રાખી એક જ સ્થળે સ્થિરતા કરી ધર્મોપદેશ કરે છે. વનસ્પતિમાં પણ જીવ છે, એની શોધ આધુનિક વિજ્ઞાને ભલે ઓગણીસમી સદીમાં કરી હોય પરંતુ આપણા ઋષિમુનિઓને તો એની સદીઓ પહેલાં જાણ હતી. એટલે ધરતીની કૂખે ફૂટતા નવા અંકુરો ભૂલથી પણ કચડાઈ ન જાય એની ખેવના સેવીને ચાતુર્માસ દરમિયાન વિહાર બંધ રાખવાનું નક્કી થયું હશે. હિંદુ સમાજની શીતળા સાતમ અને ગોકુળાષ્ટમી પૂર્વે નાગપંચમી અને રાંધણ છઠ્ઠ જેવાં પર્વો આવે છે. નાગ પાંચમ પણ પર્યાવરણ પ્રેમનું જ પ્રતીક છે. જીવ માત્રને જીવવાનો અધિકાર છે. નાગ ઝેરી સરિસૃપ હોવા છતાં આપણે એનું પૂજન કરીએ છીએ તે કેવી ઉદાત્ત ભાવના દર્શાવે છે! રાંધણ છઠ્ઠના દિવસે એક સામટી રસોઈ કરી શીતળા સાતમે ટાઢું ખાવાની પરંપરામાં પણ વિજ્ઞાન છે. મહિલાઓને આરામ મળે છે અને ગર્દભવાહિની શીતળા માતા પ્રસન્ન થાય છે. જે સમયે શીતળાની રસી નહોતી શોધાઈ તે સમયે આ પિત્તપ્રકોપ શમાવવા માટેનો પ્રયોગ ઉપયોગી હતો. આ બધા ઉત્સવોની સરખામણીએ શ્રાવણી પૂનમ એ તો ભાઈ બહેનના નિર્દોષ સ્નેહના પર્વ તરીકે જુદી જ ભાત પાડે છે. સૂતરના તાંતણામાં હૈયાનું હીર સીંચીને બહેન એના ભાઈના યોગક્ષેમની પ્રાર્થના કરે છે. સામે પક્ષે ભાઈ જીવના જોખમે બહેનના રક્ષણની જવાબદારી સ્વીકારે છે. બલિરાજાથી શરૂ થયેલી પરંપરા ફંટાતી ફંટાતી ક્યાંથી ક્યાં પહોંચી ગઈ છે! બળેવ ઉર્ફે રક્ષાબંધન રાષ્ટ્રીય સ્નેહ અને સૌહાર્દનું પર્વ બની રહેલ છે. જેલમાં જઈને પોતાના પતિના હત્યારાને રાખડી બાંધતી સ્ત્રી એ દેવી નથી તો બીજું શું છે? ગુનેગારો માટે પણ એ શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત પર્વ છે. શ્રાવણમાં જ તુલસી જયંતી અને પારસીઓનું પવિત્ર પર્વ પતેતી પણ આવે છે.

આ તમામ પર્વોની વચ્ચે ગોઠવાયું છે આપણું મહામૂલું રાષ્ટ્રીય પર્વ — સ્વાતંત્ર્ય દિવસ. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો. આપણું શાસન આપણા હસ્તક આવ્યું. લોકશાહી રાષ્ટ્ર તરીકે ભારત સમસ્ત વિશ્વમાં મૂઠી ઊંચેરી પ્રતિષ્ઠા ધરાવે છે. રાષ્ટ્રની આન-બાન અને શાનના પ્રતીક સમો ત્રિરંગો ફરકાવીને

દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પરથી તે દિવસે વહેલી સવારે વડાપ્રધાન રાષ્ટ્રજોગું સંબોધન કરતા હોય છે. એક સ્વતંત્ર રાષ્ટ્રના નાગરિકો તરીકે આપણે સૌને પણ ગર્વ હોવો જોઈએ કે દુનિયાને અમન અને શાંતિનો માર્ગ તો આદિ અનાદિથી ભારત જ બતાવતું રહ્યું છે. પંડિત નહેરુથી લઈ શ્રી નરેન્દ્ર મોદી સુધીના આપણા સૂત્રધારોએ ભારતીય સંસ્કૃતિનાં ઉચ્ચતર મૂલ્યોની દુહાઈ દઈ દુનિયામાં નામ રોશન કર્યું છે. મહાકવિ ઈકબાલને પણ હિંદુસ્તાનને 'સારે જહાંસે અચ્છા' કહી બિરદાવવું પડ્યું છે. એટલું જ નહીં, બલકે જ્યારે વિશ્વની મહાન સંસ્કૃતિઓ કાળનો કોળિયો બની ગઈ, ત્યારે પણ આપણી સંસ્કૃતિ અડીખમ રહી છે. કવિ કહે છે :

*યુનાનો - મિસ્ર - રોમા સબ મિટ ગયે જહાં સે,*
*કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!*

— આ 'કુછ બાત'નું રહસ્ય આપણી ચેતનાને સંકોરતી ઉત્સવ પરંપરામાં છુપાયેલું હોય એમ નથી લાગતું?

આપણા પૂર્વજોએ નિર્ધારિત કરેલા તહેવારોને આપણે 'કર્મકાંડ' બનાવી દઈએ અને એમાંથી મળતો મૅસેજ ન વાંચી શકીએ એથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે? રક્ષાબંધનનું પર્વ એ પરિવારના અતૂટ સ્નેહ બંધનનું પર્વ છે. હુમાયૂ અને પદ્માવતી વચ્ચે રાખડીના કાચા ધાગાનો જ સંબંધ હતો. બહેન ખાતર આપેલું કોઈ પણ બલિદાન એના અગાધ પ્રેમની તોલે ન આવી શકે. જન્માષ્ટમી એ ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ છે. ભયંકર કાળ કોટડીમાં અને અંધારી શ્રાવણી રાતે જન્મેલો બાળક કેવાં પરાક્રમો કરીને ઇંદ્રની પૂજા કરતા ગ્રામજનોને ગોવર્ધન પૂજા તરફ વાળી શક્યો તે રોમાંચક કથામાંથી આજનો યુવાવર્ગ પ્રેરણા લઈ શકે. કૃષ્ણ કરતાં મહત્ત્વ કૃષ્ણ તત્ત્વનું છે — જે ઈશ્વરે આપેલા અભય વચનની યાદ અપાવતું રહે છે કે જ્યારે જ્યારે ધર્મ સંકટમાં આવશે ત્યારે ઈશ્વર કોઈને કોઈ સ્વરૂપે પ્રગટ થશે. ઑગસ્ટના અંતમાં જ પર્યુષણ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ભગવાન મહાવીરનો અહિંસા, મૈત્રી અને ક્ષમાપનાનો સંદેશ પ્રસરાવતું આ મહાપર્વ એકવીસમી સદીના ત્રસ્ત માનવી માટે ઊજળી આશાઓ પ્રેરે છે. હજી માણસમાં ધરબાયેલી કરુણાની સ્રોતસ્વિનીને પ્રવાહિત કરી શકાય એમ છે. જરૂર છે સંકલ્પ કરવાની. આઝાદીનું પર્વ પણ કર્મકાંડ નહીં બની રહેતાં દેશ માટે અને સમસ્ત માનવજાત માટે કંઈ કરી છૂટવાની ભાવના સાથે ઉજવાવું જોઈએ. ચોમેર ભ્રષ્ટાચાર અને સ્વાર્થની બોલબાલા હોય ત્યારે આપણા કવિવર ઉમાશંકર જોશીનો વેધક પ્રશ્ન યાદ રાખવા જેવો છે : 'દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તેં શું કર્યું?' ■

## 'મંગલ મંદિર'ના લેખકો જોગ

'મંગલ મંદિર'માં હવેથી કચ્છી ભાષામાં લખાયેલી કવિતાઓ અને વાર્તાઓ માટે બે પાનાં ફાળવવાનું વિચાર્યું છે. કચ્છી ભાષામાં લખનારા સર્જકોને એમની કૃતિઓ મોકલવાનું હાર્દિક ઈજન પાઠવીએ છીએ. મંગલ મંદિરની નિયત પૃષ્ઠ મર્યાદામાં રહી ગુણવત્તાના ધોરણે કૃતિઓને સ્થાન અપાશે. આ અંગે કશો પત્ર વ્યવહાર નહીં કરવા વિનંતી છે.

*પ્રતાપ નારાણજી દંડ*
*મુખ્યતંત્રી - 'મંગલ મંદિર'*

## 'મંગલ મંદિર'ના વાચકમિત્રો જોગ

*સુજ્ઞ વાચકમિત્રો,*

'મંગલ મંદિર'નો અંક દર મહિનાની પાંચમી તારીખે પોસ્ટ ઓથોરિટીના નિયમો પ્રમાણે મોકલવામાં આવે છે.

કેટલાક વાચકો તેમજ લેખકો / સર્જકોની અમોને ફરિયાદ મળેલ છે કે તેઓને અંક મળતા નથી. આથી આપ સૌને જણાવવાનું કે આપને નિયત સમયમાં અંક મળેલ ન હોય તો સંસ્થાના ઈ-મેઈલ પર જાણ કરવા વિનંતી.

મેનેજરશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**kutchijainamd@gmail.com**

તથા આપશ્રી અમારી નીચે મુજબની વેબસાઈટ ઉપર પણ દર મહિનાની પાંચમી તારીખે 'મંગલ મંદિર'નો અંક વાંચી શકો છો.

**www.kutchijainahd.org**

*તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

કચ્છ વિશેષ

# કચ્છની કોમી એકતાનું પ્રતીક.... કેરા

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' •

*મું ભાયો તડ હિકડો*
*તડ તાં લખ-હજાર;*
*જુકો જિતાનું લન્ગીયો,*
*ઊ ઊતાનું થ્યો પાર.*

**– દાદા મેકરણ**

કચ્છના સંતોએ લોકોમાં આવા ઉત્તમ સંસ્કાર સીંચ્યા છે. આ પંક્તિઓ તો એક ઉદાહરણ માત્ર છે. એનાં પરિણામ સ્વરૂપે કચ્છમાં અનોખી કોમી એકતાના સુપેરે દર્શન થાય છે.

યોગાનુયોગ, આ વખતે પણ કચ્છી નવું વર્ષ, રમઝાન ઈદ અને રથયાત્રા આગળ-પાછળના દિવસે આવ્યા. ત્રિવેણી સંગમ રચાયો. ચાલો, આ ત્રિવેણી સંગમને 'સદ્ભાવના પર્વ' તરીકે ઊજવીએ.

કચ્છનાં લોહીમાં જ કોમી એકતા વણાયેલી છે. કચ્છની અજોડ કોમી એકતાની મિની આવૃત્તિ એટલે કેરા...

કેરા મારી કર્મભૂમિ હોઈ, હું એ માટે ગૌરવ લેતાં આનંદ અનુભવું છું. કેરા એટલે કચ્છની અનેરી કોમી એકતાનું પ્રતીક!

***એની પ્રતીતિ કરાવવા સક્ષમ છે આ આછેરી ઝલક...***

★ કેરાના શિવદ્વારામાં શિવ ભક્ત ઈસ્માઈલ ભગતનાં પગલાં છે. એમની કબર પર લખ્યું છે... શિવ ધામ સિધાવ્યા છે.

★ બીજા એક ઈસ્માઈલ ભગત તાજેતરમાં થઈ ગયા. ભગત એમની પૂજામાં હિંદુ-ઈસ્લામના ધર્મગ્રંથો, માળા-તસ્બી, ગૂગલ-લોબાન, બધું એક સાથે રાખતા. તેઓ હિંદુ કન્યાને પરણ્યા હતા. ભજનનો શોખીન આ જીવડો, ભજન સાંભળવા ગિરનાર ચડી જતો. મોરારિબાપુને અમે આ વાતથી વાકેફ કરતાં, બાપુએ એમની ઝૂંપડીમાં આવી ધન્યતા અનુભવી હતી.

★ ગામની ગુલામ અલીશાહની શ્વેત દરગાહ શાંતિ અને કોમી એકતાનો મૌન સંદેશ આપે છે. પીરના મેળામાં હિંદુ-મુસ્લિમો ઉમળકાથી સાથે ભાગ લે છે.

★ ગામમાં બધા ધર્મોના તહેવારો ભાઈચારાથી ઉજવાય છે.

★ અહીંના શાયર ચમનની ફિલોસોફીસભર શાયરીઓ કેરાના કબ્રસ્તાનમાં લખેલી છે. (મેં કબરે કબર ફરીને એ શાયરીઓ મારી ડાયરીમાં ટપકાવી છે.) 'કચ્છડો કામણગારો' વિભાગમાં એ શાયરીઓ છપાઈ હતી. દુલેરાય કારાણીને એ શાયરીઓ ખૂબ ગમી હતી.

★ કેરામાં એક વાર ઈદ મિલનના પ્રમુખ બનવાનો મોકો આ લખનારને મળ્યો હતો. ત્યારે અધ્યક્ષીય પ્રવચનમાં મેં કહ્યું હતું : 'ભારત - પાકિસ્તાન જો કેરાના પગલે ચાલે તો બંને દેશો વચ્ચે કોઈ સમસ્યા ના રહે.'

★ ગામના જેરાજભાઈ પીરભાઈ અને લાડકવાઈ સોમજી... આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સેવાનાં શ્રદ્ધેય નામ છે.

★ યુગાન્ડાના તાજ વિનાના રાજા અલીદીના વિશ્રામ કેરાના. કમ્પાલામાં એમના નામની સ્ટ્રીટ છે. મોમ્બાસાની હાઈસ્કૂલમાં એમની પ્રતિમા છે. જે ત્યાં એકમાત્ર ભારતીય મહાનુભાવનું પ્રતિનિધિત્વ કરે છે.

★ જેમને 'વીસમી સદીના ગુજરાતી સાહિત્યના ઉદ્‌ઘાટા' કહી શકાય એ હાજી મહમદ અલ્લારખ્યા શિવજી કેરાના. જેમણે 'વીસમી સદી' સામયિક દ્વારા અનેક સાહિત્યકારો, ચિત્રકારોને પ્રગટ કર્યા.

★ સ્વ. ઝવેરીલાલ અંજારિયાનો પરિવાર છેલ્લાં ૭૭ વર્ષથી મુસ્લિમ ફળિયામાં રહે છે. કેરાના ખોજા - મુસ્લિમ ફળિયામાં અમે પણ ૧૮ વર્ષ રહ્યા. સર્વત્ર ભાઈચારો જોયો. આનાથી મોટું કોમી એકતાનું બીજું દૃષ્ટાંત ક્યાં શોધવું?

★ કેરા નામ અંગે નિશાળમાં અમે 'કચ્છનો ઈતિહાસ' પુસ્તક દ્વારા શીખ્યા હતા કે, 'મોડ - મનાઈએ રૈયત (લોકો) પર ત્યાં કાળો કેર કર્યો હતો એટલે એ ગામનું નામ કેરા પડ્યું...' મેં આ બાબતે એ પુસ્તકના લેખક સાથે ચર્ચા કરી હતી કે મને આ વિગત યોગ્ય જણાતી નથી. સામાન્ય રીતે ક્રિયાપદ પરથી ગામના નામ પડ્યા નથી. કેર નામની વનસ્પતિ પ્રભાવિત ઘણાં નામો છે, જે ઉલ્લેખનીય છે. કચ્છની એક વખતની રાજધાની કેરાના મહાપ્રતાપી રાજવી લાખા ફુલાણીની કેર રાણીનાં નામનો પ્રભાવ જણાતો હોવાનું કેરના લેખક હરીશ ખેતાણી 'હરિ'નું મંતવ્ય પણ વજૂદવાળું છે.

કેરાવાસી માટે એક કહેવત પ્રચલિત છે 'સો શહેરાઈ ને હિકડો કેરાઈ' એ કંઈ અમસ્તી નથી પડી. ■

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

**E-mail : kaykay_industries@yahoo.com**

કચ્છ પ્રતિભા વિશેષ

# કચ્છી લોકકલાના મર્મી – રામસિંહજી રાઠોડ

• નીતા કિશોર જોશી •

ભાતીગળ કચ્છ ભોમકામાં કલાસાહિત્ય સંસ્કૃતિને યશ અપાવનાર કચ્છી માનવીઓમાં મોટા ગજાના માડુ એટલે સ્વ. રામસિંહજી રાઠોડ. આજે પણ કચ્છની અંદર તેમનું નામ પડઘાયા કરે છે. તેઓ સદાય શાંત, ઊંડી કલાવૃત્તિ ધરાવનારા તથા મિતભાષી હતા. તેઓ જીવનભર પોતાના ધ્યેયો માટે ઝઝૂમતા રહ્યા અને તેથી જ હરીન્દ્રભાઈ દવેએ તેમને 'માનવતીર્થ' કહીને બિરદાવ્યા હતા. તેમની જીવનભરની કલાસૂઝના પ્રતીકસમું 'ભારતીય સંસ્કૃતિ દર્શન' મ્યુઝિયમ હાલ પણ કાર્યરત છે. આમ તો કચ્છનું રણ અને રામસિંહજીભાઈ બંને સામ્યતા ધરાવતાં કહી શકાય. બંને શુષ્ક અને અલિપ્તતામાં રહેનાર પણ જ્યારે તેમના સાંનિધ્યમાં જઈએ ત્યારે સપ્તરંગી મેઘધનુષ્ય જેવું દીસે, ભૂસ્તરશાસ્ત્ર નિર્માતા કે અભ્યાસી કે સંશોધક લેખક જે કહો તે બધા ગુણો તેમાં દેખાતા. કચ્છમાં એવું કંઈ નહીં હોય કે જે રામસિંહજીભાઈના મ્યુઝિયમમાં ન હોય. દરેક પાસાંને આવરી લેતી વસ્તુઓ અહીં જોવા મળે છે. પૂનાના રાજા કેલકર મ્યુઝિયમની જેમ જ એ એક વ્યક્તિનો સંગ્રહ છે. આમ કચ્છની લોકકલાના અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી અને એક અચ્છા મર્મી હતા. લોકકલાકારો અને લોક વાઙ્મય માટે સતત ચિંતિત અને ચિંતન કરનાર માનવી રામસિંહભાઈ લોકપ્રહરી હતા. તેમના લખાણમાં અને તેમના સાહિત્ય સર્જન કર્મમાં પણ કચ્છી બોલીના લય, લઢણના રણકાર સંભળાતા, તેમની કલમમાં ભાતીગળ ભોમકાનાં રંગછાંટણા જોવા મળતાં.

લોકસંસ્કૃતિ જાણે રામસિંહજીભાઈનો ચહેરો છે. કલાને જીવંત રાખવા જે કલાકારો ઝઝૂમતા એવા કલાકારોને તેમણે સન્માન્યા પણ છે. તેમણે તેમની કલાને લોકો સમક્ષ મૂકી આપવા અગ્રેસર રહીને ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનનું નિર્માણ પણ કર્યું છે. આ લોકસંસ્કૃતિ જાણે રામસિંહજીભાઈના લોહીનો લય ન હોય! તેમણે સાહિત્યમાં પણ કચ્છ એન્ડ રામરાંધ (રામલીલા) ના બીજા ભાગમાં કચ્છ પ્રદેશની માહિતી છે. આ અગાઉ તેમણે કચ્છનું સંસ્કૃતિદર્શન નામનો અમૂલ્ય ગ્રંથ લખ્યો છે તેમાં પણ કચ્છની લગભગ તમામ માહિતી, અભ્યાસ, સંશોધન સામગ્રી સમાયેલી છે. બિનભારતીય સંશોધકે પૂરી કાળજી લઈ રામરાંધ પ્રગટ કર્યું. આમ ગુજરાતીમાં 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' અને અંગ્રેજીમાં 'કચ્છ એન્ડ રામરાંધ' પ્રગટ કરાયા એમાં ઉદ્દેશ માત્ર ગુજરાત કે ભારત નહીં પણ સમગ્ર વિશ્વ કચ્છની સંસ્કૃતિ જાણે એ હતો. કચ્છના સિક્કા, કચ્છી જહાજ, કચ્છનું રણ, કચ્છી પશુપાલન, કચ્છી સ્થાપત્યના શિલ્પ નમૂના, સુરખાબ, ઘુડખર, બન્ની વિસ્તારના ભૂંગા, કચ્છી ઈતિહાસનાં અમરપાત્રો, તેમજ કચ્છી કમાંગરીનાં ચિત્રો, કચ્છી લોકરામાયણ તેમજ કચ્છી ઘરેણાં કે ભરતકામ સર્વ માહિતી આ પાવન તીર્થ સમા પુસ્તકમાં જોવા મળે છે. આજે પણ આ પુસ્તક વિદેશીઓ ખરીદી લે છે. આપણી સંસ્કૃતિ વિદેશમાં પણ વંચાય છે. બધા જ સંસ્કૃતિ ક્ષેત્રોના મહાનુભાવોએ રામસિંહજીભાઈના બહુ આયામી કાર્યને ઉચિત રીતે બિરદાવ્યું છે. આપણે ઓછી વ્યક્તિઓને સંસ્થા કે યુનિવર્સિટી બનતા જોયા છે. સ્વ રામસિંહજી આમાંના એક છે. શિષ્ટ સાહિત્ય વિશ્વમાં પણ આ ગ્રંથોને આદર પ્રાપ્ત થાય છે. આ સંશોધન ગ્રંથને ગુજરાત સરકાર દ્વારા 'ગૌરવ પુરસ્કાર' થી સન્માનિત કરાયો છે. 'કચ્છનું સંસ્કૃતિદર્શન' રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત થયેલું છે. કેન્દ્રનો સાહિત્ય અકાદમી એવોર્ડ, બોમ્બે સ્ટેટ પ્રાઈમ એવોર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલા છે. આ ગ્રંથ પીએચ.ડી. ના વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી છે.

રામસિંહજીભાઈનો જન્મ તા. ૮-૧-૧૯૧૭ માં ભુવડમાં થયેલો. તેઓ એમ.એસસી. ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ સેવા આપી પૂર્વ કચ્છ રાજ્યના જંગલ ખાતાના વડા અને ગુજરાત રાજ્યના અધિકારી તરીકે કાર્યરત રહીને એમણે ઈ.સ. ૧૯૪૮ માં (કચ્છમાં) ગુજરાતમાં ખનિજ સંપત્તિની આગાહી કરી, માંડવી દરિયાઈ કાંઠા સામે રેતના આક્રમણને વિસ્તરતું અટકાવ્યું. તેઓ આઈનામહેલ મદનસિંહજી મ્યુઝિયમ - ભુજના ટ્રસ્ટીપદે તથા ગુજરાત રાજ્ય હસ્તકલા વિકાસ મંડળના ડાયરેક્ટરપદે પણ રહ્યા. કચ્છી ભાષાને સરકાર દ્વારા ભાષા તરીકે માન્યતા અપાવવા સક્રિય પ્રયત્ન કર્યા. તેમજ કચ્છી સાહિત્ય અકાદમીની સ્થાપના થાય એ માટે તેમણે પાયારૂપી ભૂમિકા ભજવી. રામસિંહજીભાઈ તો એક એવા વહેણ હતા કે જેનો નથી આરો-ઓવારો કે નથી કાંઠો નથી કિનારો, જેને નથી સીમ કે સીમાડો, જેની ન હતી હદ કે સરહદ. તે સ્થળકાળનાં બંધન વગર વહેતી ભાવના જેવા એટલે કે લોકસંસ્કૃતિના પ્રાણવાયુ સમા હતા.

જ્યારે પશ્ચિમી સંસ્કૃતિનું ભારતીય જીવન પર હચમચાવી નાખે તેવું આક્રમણ થઈ રહ્યું છે ત્યારે આવાં સ્થાનકો ભારતીય સંસ્કૃતિ - ગુર્જર સંસ્કૃતિની જરૂર રખેવાળી કરશે.

*(આ સપૂતનું ૨૫-૬-૧૯૯૭ ના રોજ અવસાન થતાં કચ્છ અને સાહિત્યક્ષેત્રને ન પુરાય તેવી ખોટ પડી છે. આવી સંસ્થાઓને સમાજ-રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના ઔદાર્યની અમીવર્ષા થતી રહે એ જ અભ્યર્થના.)*

**મો. ૯૧૪૦૨ ૯૪૪૩૧**

## કચ્છ પ્રતિભા વિશેષ

# મૂલ્યવાન કૃતિઓના સર્જક પ્રા. સૂર્યકાંત ભટ્ટ

• જિતેશ આર. મણીઆર •

સ્વજીવનની વિસ્તરીને વાત કરવા શ્રી સૂર્યકાંતભાઈને અમે વિનવ્યું ત્યારે અત્યંત નિખાલસ ભાવે તેમણે જણાવ્યું કે, માનવી માત્રને સ્વજીવનમાં તો અનેક તડકી-છાંયડીનો અનુભવ થયા જ કરે છે. હું મારા જીવનની કોઈ વાત કરું તે તો આત્મશ્લાઘા બની જશે. માટે પ્રગટ ન કરવા વિનંતી કરું છું. મહાનુભાવોના પ્રસંગો પ્રગટ થાય છે જેમાંથી વ્યક્તિને તત્ત્વબોધ મળતો રહે છે.

"કચ્છ શ્રુતિ" માસિકના પરામર્શક સાહિત્યવિદ્ કચ્છના ભૂ.પૂ. ન્યાયાધીશ સ્વ. ઠાકરશીભાઈ કંસારાના પુત્ર ભાઈ શ્રી હંસરાજભાઈ કંસારા સૂર્યકાંતભાઈ ભટ્ટના આત્મવૃત્તાંત પુસ્તકમાં તેમનો પરિચય આપતાં લખેલ છે કે, "સરસ્વતીની આરાધક અને સંસ્કૃતિની સંવાહક, સંસ્કારી વિસનગરા નાગર જ્ઞાતિમાં સૂર્યકાંતભાઈનો જન્મ ૧૧મી ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૪૦ શનિવારે પરોઢિયે ભુજ મધ્યે થયો. માતાનું નામ રંભાબહેન, પિતાનું નામ ભાઈલાલભાઈ. તેઓ રાજવૈદ્ય, નાડી વૈદ્ય હતા. મામા વૈદ્ય માર્તંડ, વૈયરત્ન, વૈદ્યભૂષણની ડિગ્રી ધરાવતા શ્રી મહાશંકરભાઈ નરોત્તમરામ ભટ્ટ પાસે નાડી પરીક્ષણ શીખ્યા. તેઓના વડીલપણા હેઠળ કાર્યરત રહ્યા. કચ્છના વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણભાઈ પાસેથી વનસ્પતિ શાસ્ત્ર શીખ્યા. તેમના પિતાશ્રી અંબાલાલભાઈ ભટ્ટનું મુંબઈમાં વડગાદી મધ્યે લખુલીલાણીના માળામાં દવાખાનું હતું. તેઓશ્રી આયુર્વેદાચાર્ય હતા. કવિ પણ હતા. તેમના પિતાશ્રીના વંશપરંપરાગત મકાનો ભુજની લંઘા શેરી મધ્યે હોવાથી લંઘાભાઈઓના સંપર્કથી સંગીત ગાતાં વગાડતાં શીખ્યા. સૂર્યકાંતભાઈનાં દાદીમા મેનાબેન હાર્મોનિયમ વગાડીને સુંદર ગાતાં. પિતાશ્રી પણ દિલરૂબા, તબલાં, હાર્મોનિયમ વગાડીને સારો કંઠ હોઈ ગાઈ શકતા. સૂર્યકાંતભાઈને સંગીતનો ગાવા વગાડવાનો વારસો મળ્યો - ભુજની રોટરી ક્લબ, તરુણ મિત્ર મંડળ, છક્કીબારી કુમાર મંડળ, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા લાલન કૉલેજની સુગમ સંગીત સ્પર્ધાઓમાં તેમણે ઈનામો મેળવ્યાં છે.

પિતાશ્રીનો એક અદ્ભુત પ્રસંગ સૂર્યકાંતભાઈએ વર્ણવેલો. પિતાજી આમ તો ત્રણ વખત વિધુર થયા. જ્યારે બીજી વખત ઘરભંગ થયું ત્યારે તેમના એક વકીલ મિત્ર ભીખાલાલભાઈને રાંદલ માતાનો આવિર્ભાવ થતો. એક બપોરે માતાજીએ જણાવ્યું કે, "તારા મકાનમાં ઉપર નાનો કબાટ ભીંતમાં છે. તેમાં "દિવ્ય રત્નાકર સ્તોત્ર" પુસ્તક નીકળશે. તેમાં સૂર્યના પાઠ છે. તે કરવા લાગજે. છ માસ બાદ લગ્ન થશે. તારે ત્યાં પ્રથમ પુત્ર જન્મે તેનું નામ મારા પતિના નામથી પાડજે. આ બાબત સત્ય ઠરી.

પ્રાથમિક શિક્ષણ ભુજની પાટવાડી સ્કૂલ. બાદ ધો. ૫ થી ૭ મિડલ સ્કૂલ, ધો. ૮ થી ૧૧ શ્રી ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ઈ.સ. ૧૯૫૬માં પ્રાગમહેલના નીચેના આવાસોમાં લાલન કૉલેજમાં અર્થશાસ્ત્ર - રાજ્યશાસ્ત્ર સાથે બી.એ. ૧૯૬૦-૬૧ માં થયાં. ઈ.સ. ૧૯૫૯ બીજી ટર્મથી રણજિત વિલા સામે લાલન કૉલેજમાં એમ.એ. અર્થશાસ્ત્ર-ઈતિહાસ-રાજ્યશાસ્ત્ર સાથે ૧૯૬૩ માં કર્યું. ૧૯૬૪ એસ.ટી.સી. કોવિદ તથા હિંદી હાયર ૧૯૬૫ માં તથા ૧૯૬૮ માં તત્ત્વજ્ઞાન મુખ્ય વિષય સાથે બી.એ. ઑનર્સ થયા.

તા. ૫-૫-૧૯૬૦ના વિસનગર મુકામે પુરુષોત્તમભાઈ વ્યાસની પુત્રી કોકિલા સાથે લગ્ન થયાં. ઈ.સ. ૧૯૬૧ માં ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં આસિ. ટીચર બન્યા. નોકરી સાથે અભ્યાસ ચાલુ હતો. ઈ.સ. ૧૯૬૪માં એમ.એ. થઈ ગયા. ભુજની લાલન કૉલેજમાં ઇતિહાસ - અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે સ્ટાફ સિલેક્શન બોર્ડમાં પસંદગી પામી નિમણૂક પામ્યા.

એપ્રિલ ઈ.સ. ૧૯૬૯થી ૨૮ વર્ષની યુવાન વયે પૂજ્ય સદ્ગુરુ ધ્યાની સ્વામીજીનો દિવ્ય સત્સંગનો સથવારો સાંપડતાં જ જીવન પરિવર્તનના શ્રીગણેશ થયા. પૂર્વનાં કોઈ સત્કર્મો કે યોગના કારણે પૂજ્ય ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીએ તેમને સામેથી બોલાવી તેમને જણાવ્યું કે, "અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. છેલ્લા ત્રણ દિવસથી તમોને બોલાવવા આજ્ઞા આપે છે. તમારા દ્વારા સત્સંગ વૃદ્ધિ પામશે એમ જણાવે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવામાં રહેતા માણાવદરના મયારામ ભટ્ટ તમારા પરદાદીના પિતાશ્રી હતા. આ તમામ હકીકતો સૂર્યકાંતભાઈએ પોતાનાં પુસ્તકો "અતીતથી અસ્તિત્વ સુધીની મારી સફર" આત્મવૃત્તાંત ભાગ-૧ ભક્તજનોની અતિ દિવ્ય અલૌકિક-અનુભૂતિઓ ભાગ-૨, સદ્ગુરુવર્યના પ્રેરણાત્મક પ્રેરક પ્રસંગો ભાગ ૩ તથા સમર્થ સંત સમીપે ભાગ - ૪ માં વણી લીધી છે. વૃદ્ધોએ વાંચવા જેવું, ભૂકંપ પીડિતોની વહારે આચાર્ય મહારાજશ્રી અને સંતો મરવું કોને ગમે? મૃત્યુ એક અદ્ભુત રહસ્ય, મારા સદ્ગુરુ પૂજ્ય ધ્યાની સ્વામી સાથેનાં મારાં દિવ્ય સંસ્મરણો આદિ પુસ્તકો પ્રગટ થવા પામ્યાં છે. સૂર્યકાંતભાઈની કાવ્ય કૃતિઓ વર્તમાન પત્રો - સામયિકોમાં પ્રગટ થતી રહે છે.

ઈ.સ. ૧૯૬૩થી ઈ.સ. ૧૯૬૮ સુધી કચ્છ જિલ્લા યુવક

મહોત્સવમાં સુગમ સંગીત, સમૂહ ગીત, નાટ્ય સ્પર્ધાઓમાં તેમણે નિર્ણાયક તરીકે સેવા પ્રદાન કરી... ગુજરાત યુનિવર્સિટીના પશ્ચિમ વિભાગની સ્પર્ધાઓમાં ૧૯૬૯થી વિદ્યાર્થી ભાઈ-બહેનોના પ્રોફેસર ઇન્ચાર્જ તરીકે પાલનપુર, માણસા, કડી, મહેસાણા, આદિમાં કલાકારોને માર્ગદર્શન પૂરું પાડેલું. ૧૯૭૦-૭૨ દરમિયાન ડી.કે.વી. કૉલેજ - જામનગરના વસવાટ દરમિયાન ગુલાબ કુંવરબા આયુર્વેદિક કૉલેજના તથા અમરેલી કૉલેજના કાર્યક્રમોની સ્પર્ધામાં નિર્ણાયક રહ્યા.

ભુજની લાલન કૉલેજમાં ફ્રીશિપ કમિટીના ચેરમેન, ૧૦ વર્ષ સમયાંતરે વિદ્યાર્થી યુનિયનના ચેરમેન, લાલન કૉલેજ આર્ટસ સાયન્સ વિભાગના કોમન રૂમના સેક્રેટરીપદે ૧૩ વર્ષ, લાલન કૉલેજ સ્ટાફ ક્લબના પ્રમુખપદે ૧ વર્ષ સેવા આપી.

ઈ.સ. ૧૯૮૭ માં કૉલેજને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતી વર્ષ ઊજવ્યું. ઈનામ વિતરણ અર્થે ગુજરાત રાજયનાં ગવર્નર શ્રીમતી શારદાબેન મુખરજી પધારેલાં. ઈ.સ. ૧૯૭૨થી ઈ.સ. ૧૯૭૫ ત્રણ વર્ષ કચ્છમાં સૂકો દુષ્કાળ પડ્યો. પૂજ્ય ધ્યાની સ્વામીએ “શ્રી સ્વામિનારાયણ સત્સંગ દુષ્કાળ રાહત ફંડ” ની સ્થાપના કરી. જેનું પ્રમુખપદ સૂર્યકાંતભાઈ ભટ્ટને સુપરત કર્યું. કચ્છના કલેક્ટર શ્રી એન. ગોપાલાસ્વામી (આઈએએસ)ને બોલાવવા સ્વામીજીએ સૂર્યકાંતભાઈને મોકલ્યા. સ્વામીએ જણાવેલ કે, અગત્યની મિટિંગ ચાલતી હશે તો પણ તમારી સાથે આવશે. એમ બન્યું.

લાલન કૉલેજના મુખ્ય દાતા શ્રી રામજીભાઈ રવજીભાઈ લાલનના હસ્તે વક્તૃત્વ સ્પર્ધાનું પ્રથમ ઇનામ તેમને ઇ.સ. ૧૯૬૨માં મળેલું. ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજના માજી આચાર્ય શ્રી તથા કચ્છ જિલ્લા માધ્યમિક શિક્ષણના શિક્ષણાધિકારી સ્વ. શ્રી મુકુંદરાયભાઈ જે. ધોળકિયા, સ્મૃતિ સમિતિના ઉપાધ્યક્ષ પદે સેવા બજાવેલી.

સૂર્યકાંતભાઈના આધ્યાત્મિક લેખો પરમાર્થ, ધર્મલોક, દાનેવ દર્શન-ચલાબા, શ્રી સ્વામિનારાયણ, મૂર્તિ, વડતાલ સત્સંગ, સદ્‌વિદ્યા આદિમાં પ્રગટ થતા રહે છે.

તેમના સામાજિક તથા આર્થિક વિષયો પરના લેખ યોજના, અખંડ આનંદ, કુમાર, કચ્છમિત્ર, દિવ્ય ભાસ્કર, વતનનો સાદ, કચ્છ જા માડુ, કચ્છ અર્પણ, મંગલ મંદિર, કચ્છશ્રુતિ, કચ્છ ઘટનાચક્ર, ફેસ ટુ ફેસ, દિવ્સ સંસ્કૃતિ, સુવિચાર, અર્થ સંકલન, આર્થિક વિકાસ, નિરામય, માતૃવાણીમાં પ્રગટ થાય છે. આવી સૂર્યકાંતભાઈ ભટ્ટની બહુવિધ પ્રતિભા છતાં તેમની વાણી વર્તનની વિનમ્રતા, સ્વભાવની નિખાલસતા સૌને સ્પર્શી જાય છે. ઇ.સ. ૨૦૦૨ માં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઇન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટીંગ સાથે સંલગ્ન સંસ્થા ભારતીય લેખક સ્વાતંત્ર્ય મંચ દિલ્હીની જર્નાલિસ્ટની લેખક તરીકે માન્યતા પ્રાપ્ત થયેલ છે.

શેષ જીવનની શુભેચ્છા પ્રાર્થના સાથે વિરમું છું. ■

## જખૌજા : જશનામી માડુ....

### સ્વ. શ્રી હીરજી હંસરાજ શાહ - જખૌ - ધમતરી

જખૌજો હીરો  હીરજી મધ્યપ્રદેશ ધમતરીકે ભનાંય ધામ
બાલ્યા અવસ્થા વૃધ્ધા અવસ્થા સુધી મુખડેતેં રમે મુસ્કાન
જવાની છલકઇ મુછ ફૂટઇ થ્યો આઝાદીજો લડવૈયો
કચ્છજો મુડસ મિણીકે ચેં આંઉ ઐયાં ભારતમાજો છૈયો
ગાંધીજીજી હકલ સુણી ૪૨ જે આંદોલન મેં થ્યો સ્વયં-સેવક
જેલજો ત્રાસ ભોગવે તોય ખિલે પ્યો હી રાષ્ટ્રજો સચ્ચો ભગત
ભારત સરકાર ડિને સ્વતંત્ર સંગ્રામ સેનાની જો તાંબ્રપત્ર
સાભાર પાછો ડિનો ચૈ કરતવ્ય બજાયણું ઈ હો મુંજો કાર્યમંત્ર
જન સેવા ઈજ પ્રભુ સેવા મીઠો માનસ ને ઊંચો લક્ષ
ધમતરીમેં જૈન સંઘ - ગુજરાતી સમાજને ગૌશાળાજા થ્યા અધ્યક્ષ
અનાથ આશ્રમજા મુખ્યા થ્યા, શોભે માનવતાજો આદર્શ
વેપારી મંડળને રાઈસમિલ એસોસિએશનજા વા અધ્યક્ષ
સુઘડ વ્યવહાર અચ્છી કામગીરી ચતુર સુજાણ વા કાર્યદક્ષ
ધમતરીજી નગરપાલિકા ભનાંય ઈનીકે નગરપાલિકા ઉપાધ્યક્ષ
હિન વિભાગ મીંજા રેલ્વે ઍડવાઈઝર કમિટીજા વા પ્રતિનિધિ
જિત્ત કમ કંઇયેં ઉત્ત મિલે કમમેં સિધ્ધિ, વખણાજે ઈનીજી વાણીયાઈ બુધ્ધિ
જ્ઞાતિજી પ્રગતિલા સદા વા ચિંતિત, જન જન જો ઇચ્છી ઉત્કર્ષ
રશ્મિન ચેં ભલા માડુ આંજો નાં ગિનો ત હૈયો કુરો અખિયેંમેં અચે હર્ષ.

### સ્વ. શ્રી પ્રફુલ્લચંદ્ર ભવાનજી મોમાયા - જખૌ - માટુંગા

જખૌજા ઝવેરી પ્રફુલ્લ મોમાયા, માનવબાગ જો સજ્જો ખીલેલો ફૂલ
ઝવેરીયેંમેં એળા જબકયા જાણે કો હીરલો અમૂલ
ઘાટકોપર બાલકનજી બારીજા ઇ ભન્યાવા પ્રમુખ
બાળ વિકાસજા હિમાયતી થૈ શિશુ ઉત્કર્ષલા ઉન્મુખ
પરવસ પ્રાણીયેંજા ખરા ભગત નેં અબોલેંજા વા આધાર
સતત પ્રયાસ કરી જખૌ પાંજરાપોળકે ભનાંયાં જાનધાર
પશુએંજી એળી સેવા ક્યાં લગો મિણીકે પશુએંજા પરમ મિત્ર
એનીમલ વેલફેર બોર્ડ ભારતજે આંકે ડિને પ્રમાણપત્ર
પ્રફુલ્લચંદ્ર પ્રફુલ્લીત રેંને હુઇ મધુરીબાઈજી મીઠી મધુરાશ
ડિના વડા દાનને ફેલાણી કરતવ્યનિષ્ઠાજી સુવાસ
જખૌજો જોધ્ધો માટુંગેજો મુડસ ઇ પ્રફુલ્લચંદ્ર ઝવેરી
રશ્મિન ચેતો વાહ ઝવેરી વાહ આંજા કમ વા કોહીનૂરી.

*રશ્મિન ખોનાનો કાવ્યસંગ્રહ : “ધન્ય! દશેંજી નાત : ભાગ-૧” માંથી સાભાર*

શુભેચ્છા સહ : **સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**મે. હેમંત સર્જીકલ ઈ. લી.**
૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૮૬૧૦૨

કચ્છી કથા

# કોરુકુમારી

• સ્વામી સચ્ચિદાનંદ •

સંયુક્ત પરિવાર એ સારી વાત છે, પણ જ્યાં સુધી સંપ અને એકતા રહે ત્યાં સુધી જ સારી કહેવાય. જો કુટુંબમાં કુસંપ પેસે અને ક્લેશ થવા લાગે તો આંતરિક કલહ સૌને અશાંત કરી મૂકે. સુખ ઓછું હોય તો ચાલે, પણ શાંતિ ન હોય તો ન ચાલે. શાંતિ સામગ્રીને આધીન નથી, સુખ સગવડોને આધીન છે. સગવડો વિના પણ માણસ શાંતિથી રહી શકે છે - જો તેનામાં સંતોષ હોય તો!

આજી અને પુનરાજીના વંશમાં ત્રીજી પેઢી સુધી બધાં ભેગાં રહ્યાં. આજીનો મોડ, તેનો જુણો અને તેનો પીંગળ થયો. પુનરાજીનો માણેક, તેનો માંઝુ થયો. માંઝુ અને પીંગળ સાથે રહેતા હતા, પણ પછી બંને પરિવારો વચ્ચે ખટરાગ થયો. પીંગળની શક્તિ ઘણી વધી ગઈ હતી. તેણે પોતાના પરિવારની બીજી શાખાના માંઝુ ઉપર જોહુકમી ચલાવવા માંડી. બંને વચ્ચે સંઘર્ષો થવા મંડ્યા. પરિવારકલહમાં ડાહ્યો માણસ નમતું જોખે, અનાડી કદી નમતું ન જોખે. માંઝુએ વિચાર કર્યો કે રોજરોજના ઝઘડા કરવા તેના કરતાં અહીંથી દૂર ચાલ્યા જવું સારું. તેણે પોતાની ઑથ તથા પરિવારને લઈને દૂર પંજાબના કેહભાટ રાજાના રાજ્યમાં આશ્રય લીધો. ત્યાં ચરવાનું સારું હતું. રાજાએ પણ માંઝુને આશ્રય આપ્યો. હવે બંને પરિવારો જુદા થવાથી અને દૂર રહેતા હોવાથી સુખ-શાંતિથી રહેવા લાગ્યા. કેટલીક વાર ખસી જવાથી પણ સુખશાંતિ મળતાં હોય છે. ખસવાના સમયે ખસી જવું એ પણ ડહાપણ જ કહેવાય. ખસવાને સમયે ન ખસવું અને હઠ કરીને ચોંટી રહેવું તે ડહાપણ ન કહેવાય.

સમય વીતતો ગયો. એક દિવસ પીંગળ પોતાના નવા વછેરાને પલોટવા બહાર નીકળેલો. તે વછેરો કાબૂમાં ન રહ્યો અને આખી રાત દોડી-દોડીને સવાર પડતાં માંઝુના વાંઢિયામાં પહોંચી ગયો. કેટલીક વાર અજાણતાં અનિચ્છાએ પણ જૂના સંબંધીઓ મળી જતા હોય છે. પીંગળ અને માંઝુ બંને એકબીજાને ઓળખી ગયા. કડવાશ ભૂલીને બંને ભેટ્યા અને પ્રેમથી મળ્યા. લાંબો સમય દૂર રહેવાથી સંબંધોની કડવાશ ધોવાઈ જતી હોય છે, સાથે ને સાથે ઉપર ને ઉપર રહેવાથી કડવાશ વધતી રહે છે, તેથી ડાહ્યા માણસોએ કડવાશ ધોવા માટે પણ થોડો સમય દૂર થઈ જવું સારું.

માંઝુ પીંગળને આગ્રહ કરીને પોતાને ઘેર લઈ ગયો. ઉદાર માણસો મહેમાનગતીની તક જવા દેતા નથી અને લોભી-લુખ્ખા માણસો બે કપ ચા માટે પણ મોટી તક ગુમાવી દેતા હોય છે. માંઝુ અને પીંગળને ખૂબ આનંદ આવ્યો. ભલે જુદા થયા તોપણ લોહી તો એક જ ને! “ડાંગે માર્યાં પાણી જુદાં કેમ પડે!”

વાત પૂરી થઈ - પણ ના, વાત આગળ ચાલી. વાતને આગળ ચલાવનારી સ્ત્રીઓ હોય છે. સ્ત્રીઓ વિના વાત આગળ ન ચાલે.

માંઝુને ત્યાં તેની સાળી કોરુકુમારી આવેલી. તે હજી કુંવારી હતી અને રૂપગુણસંપન્ન હતી. વળી તે મહાન બાણાવળી પણ હતી. તે ગમે તેવા લક્ષ્યને વેધી શકતી હતી. ઊડતા પક્ષીને પણ તીર મારીને નીચે પાડી શકતી.

એક વાર કોરુ સ્નાન કરવા તળાવમાં પડી હતી. તેવામાં એક ગરુડ પક્ષી ઉપર આકાશમાં તેના ઉપર ચકરાવા લાગ્યું. કોરુએ દાસી પાસે તીરકમાન મગાવી નિશાન તાક્યું. ગરુડપક્ષી ધબ દઈને નીચે પડ્યું. ખરેખર તો આ પક્ષી, રાજા કેહભાટનું પાળેલું હતું. પોતાના પાળેલા પક્ષીને વીંધી નાખનાર કોણ છે તેવી જિજ્ઞાસામાં રાજાને જાણવા મળ્યું કે આ તો માંઝુની સાળી કોરુકુમારી છે. રાજાએ કોરુના હાથની માગણી કરી, પણ કોરુકુમારીની સગાઈ તો પીંગળ સાથે થઈ ચૂકી હતી. સગાઈ એ અડધાં લગ્ન જ કહેવાય, પણ પતિવ્રતા નારી માટે તો તે પૂરાં લગ્ન કહેવાય. પતિવ્રતા નારી પહેલાં મનથી પરણે છે, પછી તનથી પરણે છે. તે જેને મનથી પરણી ચૂકી હોય તેને જ તનથી પરણે છે, બીજાને નહીં. જે સ્ત્રીઓ તન-મનની અનેક સગાઈઓ કરતી ફરે છે તેઓ પતિવ્રતા નથી હોતી. તેમનો કશો ઈતિહાસ પણ નથી હોતો.

રાજાએ માંઝુ ઉપર દબાણ વધારી દીધું કે સગાઈ ફોક કરીને પણ કોરુને મારી સાથે પરણાવો. માંઝુ માટે મુશ્કેલી ઊભી થઈ. સ્ત્રીઓ પુરુષો માટે મુશ્કેલી વધારનારી પણ બની જતી હોય છે. રાજાને પહોંચી શકાય તેવું ન હોવાથી માંઝુ તથા તેના સરદારોએ કોરુનો વિવાહ રાજા સાથે કરી દેવાનું નક્કી કર્યું. પણ કોરુ કોઈ ઢીંગલી તો ન હતી કે ગમે ત્યારે ગમે તેની સાથે ગોઠવી દેવાય! કોરુ રાજાને પરણવા તૈયાર ન હતી. તે તો મનથી પીંગળને પરણી ચૂકી હતી. હવે શું થાય? સાચો પ્રેમ ઘોર નિરાશામાંથી પણ આશાનો માર્ગ કાઢી લેતો હોય છે. વ્યક્તિ સૌથી મોટું સાહસ પ્રેમના ક્ષેત્રમાં કરતી હોય છે. સાહસ વિનાના બાયલા માણસો પ્રેમ કરી શકતા નથી. બહુ બહુ તો તે વ્યભિચાર કરીને તનભૂખ સંતોષતા હોય છે. તેમનો સંબંધ માત્ર શારીરિક જ હોય છે. શરીરની આવશ્યકતા પૂરી થઈ કે પછી તું કોણ અને હું કોણ!

કોરુને રાજા સાથે પરણવું ન હતું. તેને તો પીંગળ જ સર્વસ્વ હતો. તેણે મહાસાહસ કર્યું. ઘોર અંધારી રાત્રે તે ઘરમાંથી નીકળી પડી. હવે તેને અંધારાની બીક લાગતી ન હતી. અંધારાને ચીરતી

તે સડસડાટ જ્યાં સાંઢણીઓ બેઠી હતી ત્યાં પહોંચી ગઈ અને પોતાના ખાસ વિશ્વાસપાત્ર કાજળિયા ખવાસ સાથે સાંઢણી ઉપર ઊપડી ગઈ. જીવનમાં થોડાક તો વિશ્વાસુ માણસો રાખવા જોઈએ, જેઓ ખરા સમયે સાહસ કરીને મદદ કરે. ઢીલા ધોતિયાવાળા માત્ર સ્વાર્થી સંબંધો રાખનારાઓનો કદી ભરોસો ન કરાય. ક્યારે તેમની કાછડી ઢીલી થઈ જાય અને છૂટી જાય તે કહેવાય નહીં.

સાંઢણી પવનવેગે ઊપડી. કોરુકુમારીએ પુરુષનો વેશ પહેર્યો હતો, તેથી તે કોઈ રાજકુમાર જેવી દેખાતી હતી. તેને રાજાથી બચવું હતું. ઘરેથી ભાગીને પ્રિયતમને મળવા અધીરી થયેલી સ્ત્રીને વચ્ચે કેટલાંય વિઘ્નો આવતાં હોય છે. પ્રથમ તો દેહભૂખ્યા લંપટો એકલદોકલ નિરાધાર સ્ત્રીની લાજ લૂંટવાની તૈયારીમાં જ્યાં ને ત્યાં અડ્ડા જમાવીને બેઠા હોય છે. તેમનાથી બચવાનું બહુ કઠિન હોય છે. આવા લોકો ગભરુ સ્ત્રીને ચૂંથી નાખતાં વાર નથી કરતા હોતા. મોટા ભાગે સ્ત્રી સ્વરક્ષિત નથી હોતી, પુરુષરક્ષિત હોય છે. પુરુષની ઓથ વિનાની એકાકી સ્ત્રીને લંપટો શાંતિથી જીવવા નથી દેતા હોતા.

અંધારી રાત્રે નીકળેલી સાંઢણી માર્ગ ભૂલી અને પ્રભાત થતાં થતાં તો એક અજાણ્યા સ્થળે પહોંચી ગયાં. અધૂરામાં પૂરું કોરુ રસ્તો પૂછવા નીચે ઊતરી તો તેની પાઘડી પડી ગઈ. તેના કાળા ભમ્મર જેવા વાળ દેખાયા. જોનારને ખાતરી થઈ ગઈ કે આ નર નહીં પણ નારી છે. તે તો લંપટવેડા કરવા લાગ્યો. કોરુ બહાદુર સ્ત્રી હતી. તે એકલી ન હતી. તેના ખભે ધનુષ્યબાણની જોડી હતી. શસ્ત્ર તો પુરુષ સાથીદાર કરતાં પણ મોટો સાથીદાર છે. એકાકી વિચરનારી સ્ત્રીએ જરૂર શસ્ત્ર રાખવું જોઈએ. પેલા લંપટને સમજાવવાથી ન સમજ્યો એટલે કોરુએ ધનુષ્યબાણનો ઉપયોગ કરી તેને ઠંડો કરી દીધો. સાંઢણી ઉપર ફરી પાછાં ઊપડ્યાં. પાછળ રાજાની ફોજ આવતી જ હશે એટલે જલદી જરકાછા પહોંચી જવાય તો સારું. સામાન્ય રીતે પ્રેમી યુગલો જ્યારે ઘર છોડીને ભાગતાં હોય છે ત્યારે પુરુષ સ્ત્રીને ભગાડતો હોય છે, જેને હરણ કર્યું કહેવાય છે, પણ અહીં તો સ્ત્રી પોતે પુરુષ તરફ ભાગી રહી છે. બીજો કોઈ રસ્તો જ ન હતો. એકએક ક્ષણ કિંમતી હતી.

લ્યો ત્યારે ગઢકાછા આવી ગયું. હાશ! શાંતિ થઈ! કઠિન મંજિલે પહોંચવાનો આનંદ અનહદ હોય છે. પણ આ શું? ગઢકાછામાંથી પીંગળ તો મોટું લશ્કર લઈને બહાર નીકળ્યો છે. તેને ખબર પડી ગઈ હતી કે રાજા કોરુ સાથે જબરજસ્તી લગ્ન કરી રહ્યો છે. માંઝુ અને સરદારોની લાચારી છે. તે મોટા લશ્કર સાથે ચઢાઈ કરવા તૈયાર થયો છે. આપણાં યુદ્ધો મોટા ભાગે સ્ત્રીઓ માટે જ થતાં રહ્યાં છે અને તે પણ વગર વિચાર્યે. કોરુ અને તેનો કાજળિયો ખવાસ પણ સેનામાં દાખલ થઈ ગયાં. બધાં ઊપડ્યાં સલભાણ તરફ.

પેલી તરફ કોરુના બનેવી માંઝુની સ્થિતિ બહુ કફોડી થઈ ગઈ. રાજાએ તેના ઉપર આરોપ મૂક્યો કે તેં જ કોરુને ભગાડી મૂકી છે. માંઝુને નજરકેદ કરવામાં આવ્યો હતો. માંઝુને જ્યારે ખબર પડી કે પીંગળ છેક કેહભાટ સુધી ચઢી આવ્યો છે ત્યારે તે ખુશ થઈ ગયો. નજરકેદમાંથી જેમતેમ છટકીને પોતાના સાથીદારો સાથે તે પીંગળને મળ્યો. બંને ભાઈઓ રાજી થયા અને સાથે મળીને રાજાની સામે યુદ્ધ કરવા લાગ્યા. બંને પક્ષો બળવાન હતા. ત્રણ દિવસ સુધી યુદ્ધ ચાલ્યું. અનેક વીરો હોમાઈ ગયા. ત્રીજા દિવસે પુરુષવેશમાં કોરુ લડતી-લડતી રાજા સામે આવી ઊભી અને તીર ચલાવીને રાજાનો મુગટ ઉડાવી દીધો. પછી પોતાની પાઘડી ઉતારીને રાજાને પોતાનું મોઢું બતાવ્યું. રાજા ઓળખી ગયો કે આજ કોરુ છે. તેણે બૂમ પાડી : "પકડી લો! પકડી લો!" રાજાના સૈનિકો કોરુને પકડે તે પહેલાં તો બીજું તીર ચલાવીને કોરુએ રાજાને ઢાળી દીધો. રાજાનું લશ્કર હારી ગયું, ભાગી છૂટ્યું. પીંગળે માંઝુને નવો રાજા બનાવ્યો અને કોરુકુમારી સાથે ધામધૂમથી લગ્ન કરી પાછો ગઢકાછા આવી ગયો. ભારતની પ્રત્યેક કુમારી કોરુ પાસેથી પ્રેરણા લઈને બાણાવાળી બને, વીરાંગના બને તો ભારત ધન્ય થઈ જાય. ■

## તૂટેલી રાખડી

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

તો એ આપણને યાદ દેવરાવશે ને ઠપકો આપશે ને પ્રેરણા આપશે ને શક્તિ આપશે. એ રક્ષણ જ કરે છે ને!

માટે તૂટેલી રાખડી ફરીથી સાંધીને બાંધીએ. ભગવાનની ફેરવેલી મૂર્તિ ફરીથી ફેરવીને સન્મુખ કરીએ. આપણા અપરાધ એ તો જોવાનો જ હતો, પણ ભગવાન એ જુએ છે એનો ખ્યાલ આપણને રહે તો એ અપરાધ બંધ કરવા આપણે પ્રેરાઈશું. માટે એની મૂર્તિ આપણી સામે ને આપણી તરફ રાખીએ. એ રાખડી આપણા હાથમાં રાખીએ. ને એની મૂક સાક્ષીથી આપણા દિલમાં આખરે નવી ભાવના જાગશે.

દરેક રાખડીનો ઇતિહાસ કોણ લખી શકે? કેવા ભાવથી બંધાઈ, કેવા પ્રેમથી સ્વીકારાઈ, કેવા આદરથી રખાઈ. એની પાછળ શું હતું : ભાવના કે સ્વાર્થ, જડ રિવાજ કે પ્રેરક સંસ્કાર, બહેનનો પ્રેમ કે યુવાનીનો મોહ? ને એ રાખડી હાથ ઉપર કેટલા દિવસ રહી, ને એની ભાવના દિલ ઉપર કેટલા દિવસ ટકી?

દરેકનો ઇતિહાસ જુદો, દરેકની કહાણી જુદી. પણ દરેકમાં એક જ મુખ્ય સંદેશ ને એક અસલ પ્રેરણા. દિલની પવિત્રતા સાચવો; રક્ષણ આપો ને સ્વીકારો; જીવન ઉન્નત બનાવો; અને પ્રયત્ન કરતાં કરતાં જો વિઘ્ન આવે, જો નબળાઈ નડે, જો પતન થાય તોય ફરીથી ઊભા થઈને ચાલતા થાઓ, ફરીથી રક્ષણ માગીને રણમેદાનમાં ચડો, ફરીથી પ્રતિજ્ઞા લઈને જીવનનો મોરચો માંડો.

રસ્તાની વચ્ચે પડેલી એ તૂટેલી રાખડીનો પણ એ સંદેશ હતો. ■

ચિંતન

# તૂટેલી રાખડી

• ફાધર વાલેસ •

રસ્તામાં એક તૂટેલી રાખડી મળી હતી. બળેવને જ દિવસે. ઘસાઈને તૂટી હોય એમ નહિ. સાવ નવી હતી, સાફ ને સુંદર હતી. એની ગાંઠ હજી બાંધેલી હતી. લાલ દોરીને વળ દઈને બાંધેલી મજબૂત ગાંઠ હતી. પણ બાજુથી દોરી તૂટેલી હતી. કોઈએ જોરથી તોડી હોય એ રીતે તૂટેલી હતી. દોરીના છેડા લાચારીથી એકબીજાથી છૂટા પડ્યા હતા. વચ્ચે રૂપેરી ને સોનેરી ને સફેદ ને લાલ કલગીનો ગોટો શોભતો હતો. જાણે તાજું કાપેલું ફૂલ. પણ દોરી તો તૂટેલી હતી એટલે આખી રાખડી રસ્તાની વચ્ચે પડી રહી હતી.

તે હમણાં જ પડી હશે, કારણ કે તે સાફ ને કોરી હતી. હજી રસ્તાની ધૂળ એને લાગી નહોતી. હજી કોઈનો પગ એના ઉપર પડ્યો નહોતો. હજી કૂતરાની કે કાગડાની નજર એની તરફ ગઈ નહોતી. લોહીની સૂક્ષ્મ રેષાની જેમ એ ધરતીની ચામડી ઉપર પડી રહી.

*કોની હશે એ રાખડી?*

*શા માટે તૂટેલી હશે?*

કદાચ એ અકસ્માતથી તૂટી હશે. કદાચ રસ્તે ચાલતાં, બસમાં ચડતાં કે કારમાં બેસતાં રાખડી ક્યાંક ભરાઈને ધ્યાન ન ગયું ને એ તૂટીને પડી ગઈ. કદાચ. પણ રક્ષા બંધનના પ્રતીકનું રક્ષણ કરતાં ન આવડ્યું એ શોભે ખરું?

કદાચ એ રાખડી પહેરનાર રાખડીમાં જ માનતો નહોતો. કદાચ રાખડીનો ધર્મ, ભાઈબહેનની પવિત્રતા, શુદ્ધ પ્રેમની ભાવના એ સ્વીકારતો નહોતો. દુનિયાની કઠોર વાસ્તવિકતા જોઈને કદાચ એ પોતે રીઢો થયો હતો, ઉદાસીન થયો હતો. રૂઢિના સંસ્કારો અને વિધિઓ હસી કાઢનાર થયો હતો, બહેનનો ભાવ હતો એટલે એનું દિલ ન દુભાવવા એને એમ કરવા દીધું, પણ એ ઘરની બહાર ગયો કે વહેલી તક લઈને રાખડી તોડીને રસ્તામાં ફેંકી દીધી. પણ કદાચ એ પહેરીને તોડી એના કરતાં એ પહેરી જ ન હોત તો એ શું સારું ન થાત?

અથવા કદાચ રાખડી પહેરનાર પોતે રાખડીમાં માનતો હતો, પણ એ રાખડી પહેરીને જ્યાં એ પછી જવાનો હતો, જે દોસ્તની સાથે એ એ દિવસ રહેવાનો હતો એ રાખડીને અનુકૂળ નહોતું. એ લોકો એની મશ્કરી કરશે, ઠેકડી ઉડાડશે, અને કદાચ એને લીધે જ એ ખરી મુશ્કેલીમાં મુકાશે. એટલે ત્યાં જતાં પહેલાં રાખડી કાઢવામાં માનતો હતો તો જ્યાં રાખડી પહેરીને જઈ ન શકાય ત્યાં એ શા માટે ગયો?

★

પેલી વાર્તા યાદ આવી. મંદિરના પૂજારી. ભક્તોએ ધર્માદામાં નાખેલા પૈસામાંથી પોતાના ફાળા ઉપરાંત સારો એવો ભાગ ખોટી ગણતરી કરીને પોતાની પાસે રાખતા. પણ એ ધર્માદાની પેટી ખોલીને પૈસા ગણવા બેસતા ત્યારે ભગવાન એનો એ ખોટો ખેલ ન જુએ એટલા માટે એની મૂર્તિ ફેરવતા. ભગવાનની નજર સામે અધર્મનું કામ કેમ કરાય?

એમાં પૂજારીની શ્રદ્ધા હતી : ખોટું કરીએ તો મૂર્તિની નજર ચૂકવીને કરીએ, એમાં એક રીતે તો મૂર્તિની કદર જ છે. પણ કાચી શ્રદ્ધા હતી : કારણ કે નજર ભીંત સામે હોય તોપણ પાછળ ચાલતા અધર્મ ભગવાન જોઈ શકે છે, જોઈ જ લે છે.

એ પ્રમાણે પણ રાખડીને ન શોભે એવું કાર્ય કરતાં પહેલાં રાખડી ઉતારવી એમાં એક રીતે તો રાખડીની કદર છે. જે હાથમાં રાખડી છે એ હાથ જો ખોટી ચેષ્ટા કરે, ખોટો સ્પર્શ કરે તો રાખડીનું અપમાન થાય. એટલું જ નહિ પણ જેના હાથ પર રાખડી બાંધેલી છે એની આંખ જો કુદૃષ્ટિ કરે, એનું મન જો કુવિચાર કરે, એનું હૃદય જો વાસના સંઘરે તો એ રાખડીનો અનાદર થયો. પવિત્રતાનું પ્રતીક ધરીને પવિત્રતાનો ભંગ કરવો એ બમણો દ્રોહ છે. એ દૃષ્ટિને અનાચાર કરતાં પહેલાં રાખડી દૂર કરવામાં એક જાતની ઉચિતતા છે.

પણ ભ્રમમાં ન પડીએ. ભગવાનની મૂર્તિ ફેરવીએ તો પણ એ આપણું પાપ જોશે. અને રાખડી દૂર ફેંકીએ તો પણ એ આપણા પતનની સાક્ષી થશે. દૂરથી, રસ્તાની વચ્ચેથી એ આપણા દિલની ભ્રષ્ટતા જોશે, આપણું અવળું વર્તન જોશે, અને દૂરથી એ પોકારી ઊઠશે ને સાક્ષી પૂરશે ને લાલ લોહીના ટપકા સમાન ધૂળની વચ્ચે પડી રહીને દુનિયાને એ ચારિત્ર્યના દ્રોહની ખબર આપશે.

*તૂટેલી રાખડી*

*તૂટેલું વ્રત*

બેદરકારીથી કે તિરસ્કારથી કે નબળાઈથી - પણ હાથની રાખડી તૂટી અને દિલની પવિત્રતા તૂટી. શું, હજી ફરીથી બાંધી શકાય, સાંધી શકાય?

હા, તૂટેલી રાખડી ફરીથી બાંધી શકાય, અને એ ફરીથી બાંધવામાં જ આપણો ઉગારો છે. ભલે ને આપણે એને પૂરું માન ન આપી શકીએ, ભલે એની પૂરી લાજ ન રાખી શકીએ પણ જો નિરાશ થઈને આપણે એ પવિત્ર બંધન છોડીશું તો આપણી સ્થિતિ એથીય ખરાબ બની જશે. રાખડીનો ધર્મ ભલે આપણે પૂરો ન પાળી શકીએ પણ એથી પૂરો છોડી પણ ન દઈએ. અને આપણી મર્યાદાને નબળાઈ છતાં જો એ રાખડી હાથ ઉપર રાખીશું

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)

# મનોબળ, સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધા

• બાબુલાલ ગોર •

થોડા સમય પહેલાં એક સરસ પુસ્તક હાથમાં આવ્યું. પુસ્કના પ્રારંભિક પૃષ્ઠ ઉપર નજર પડી તો એક સૂત્રાત્મક અવતરણ વાંચવા મળ્યું. જે આ પ્રમાણે હતું :

"લાખ્ખો ને કરોડો લોકો પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવા છતાં થર્ડ ક્લાસના દરજ્જામાં મુસાફરી કરે છે!"

આ અવતરણ વાંચીને હું તો વિચારના ચકરાવે ચડી ગયો. મારી જિજ્ઞાસા સંતોષવા પુસ્તકનું શરૂઆતનું લખાણ વાંચવા લાગ્યો. તો લખ્યું હતું :

"માનો કે તમારી પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ છે. તમે તેટલું ભાડું ચૂકવ્યું છે, છતાં બેસો છો થર્ડ ક્લાસના ડબ્બામાં, તે ડબ્બાની બધી અગવડોને ગિરદી સહન કરી લો છો તે માટે તમને કોઈ રંજ કે અફસોસ થતાં નથી. હા, ટિકિટ ફર્સ્ટ ક્લાસ છતાં થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરો છો એ હકીકત છે."

આ લખાણ વાંચતાં તો જિજ્ઞાસા વધુ સતેજ બની અને થયું કે આખરે લેખક શું કહેવા માગે છે. તેથી ત્વરાથી વાંચન કરવા હું આગળ વધ્યો તો કંઈક સંતોષ થયો. લખ્યું હતું :

"કુદરતે દરેક મનુષ્યને જન્મથી જ બે પાંચ અદીઠ શક્તિનાં બી આપેલાં છે. તે કઈ શક્તિ છે તેની જે તે વ્યક્તિનેય ખબર હોતી નથી. કમભાગ્યે કુદરત કોઈ વ્યક્તિને લેબલ ચોડીને મોકલતી નથી કે "આ માણસમાં કુશળ આર્કિટેક્ટ થવાની આવડત છે" યા "આ વ્યક્તિમાં બાહોશ વકીલ થવાની નિપુણતા છે" યા "આ માણસમાં કાબેલ સંગીતકાર થવાનાં લક્ષણ છે." ના, આવાં કોઈ લેબલ તેની સાથે જોડેલાં હોતાં નથી. નહિ તો, માનવ જાતનું કામ સરળ થઈ જાત. પણ કુદરતની આ દિલાવરીનો આપણને ખ્યાલ હોતો નથી. તેણે આપણને શું બક્ષ્યું છે તે જાતે જ ખોજ કરવાની છે, પણ એ કુદરતી યોજનાથી આપણે અજ્ઞાત હોઈએ છીએ તેથી એવી સમૃદ્ધ આવડતની બક્ષિસ છતાં જાતને કંગાલ જ માનીએ છીએ, જાણે કે કોઈ પ્રવિણતા હોવાનું માનતા જ નથી. કારણ? તેનો નિર્દેશ આપણને કોઈના તરફથી મળતો જ નથી! આ અદીઠ શક્તિ કઈ છે? તો જવાબ મળે છે એ મનની શક્તિ. અને કહે છે - તમારા મનને કેળવો, એવી રીતે કેળવો કે તમે ફર્સ્ટ ક્લાસ નીવડો અને ફર્સ્ટ ક્લાસને લાયક બનો ને તે માટે તમારા મનને એવી રીતે ઘડી શકો છો કે જેથી તમારી કુદરતદત્ત બક્ષિસરૂપી શક્તિનો મહત્તમ ઉપયોગ કરી શકો."

મનોબળની શક્તિ પ્રબળ છે. એટલે મનોબળની ખિલવણી માટે, તેને મજબૂત બનાવવા પુરુષાર્થ કરો તો જીવનમાં જે સિદ્ધ કરવા માગો છો તેને હાંસલ કરી શકશો. દુનિયાના અસંખ્ય લોકોએ તેમ કર્યું છે, ને માત્ર મનોબળને કારણે મુશ્કેલીઓ કે નબળા સંજોગો કે સમસ્યાઓને પાર પાડી શક્યા છે. મજબૂત મનોબળ અને દૃઢ સંકલ્પ શક્તિથી અશક્ય જણાય એવા કાર્યો પણ પાર પડ્યા હોય અને વિરલ સફળતા સિદ્ધ થઈ હોય એવા અનેક ઉદાહરણો જગતના ચોપડે લખાયેલાં છે. આ સંદર્ભમાં "કચ્છ મંજૂષા" નામક પુસ્તકમાં ડૉ. ગોવર્ધન શર્મા, ડૉ. ભાવનાબહેન મહેતાએ "મહાન શક્તિ" નામક લેખમાં જે લખ્યું છે તે ખૂબ જ ઉપયોગી પ્રેરક પાથેય સંપડાવનારું છે, તે લેખકોના સાભાર સૌજન્યથી અહીં ઉદ્ધૃત છે.

"પ્રકૃતિદત્ત અલૌકિક શક્તિઓમાંની એક શક્તિ છે સંકલ્પ શક્તિ. જે માનવની અંદર જ પડેલી છે. તેને વિકસિત કરવી અને કાર્ય સિદ્ધિ માટે ઉપયોગમાં લેવી એ આપણી ક્ષમતા અને દૃષ્ટિકોણ પર નિર્ભર છે. સંકલ્પ શક્તિ અસંભવ જણાતાં કામને પણ સંભવ બનાવી દે છે. આપ આપની આ શક્તિને વિકસિત કરો. સફળતા આપને વરશે. આપનાં ચરણ ચૂમશે."

સંકલ્પ શક્તિની મહત્તા દર્શાવતો એક પ્રસંગ યાદ આવે છે : એક વાર ભગવાન બુદ્ધના શિષ્યોના મનમાં કેટલીક જિજ્ઞાસાઓ જાગી. એક શિષ્યે પૂછ્યુ, "ભગવાન! ચટ્ટાનોથી પણ કઠોર શું છે?" બુદ્ધે જવાબ આપ્યો "લોખંડ. તે ચટ્ટાનોને પણ તોડી શકે છે" બીજો શિષ્ય પૂછી બેઠો, "ભગવાન! લોખંડથી કઠોર શું છે?" બુદ્ધે જવાબ આપતાં કહ્યું, "અગ્નિ તે લોખંડને ઓગાળી શકે છે." પ્રથમ શિષ્યે પુનઃ પૂછ્યું, "અગ્નિથી મોટી કોઈ શક્તિ છે?" બુદ્ધે તેની જિજ્ઞાસાની તીવ્રતા સમજી શાંત ભાવથી કહ્યું, "અગ્નિને ઓલવી શકે તેવી શક્તિ જળમાં છે. પરંતુ જળથી પ્રબળ વાયુ છે. વાયુ જળ ભર્યા વાદળોને ગમે ત્યાં લઈ જઈ શકે છે. હવે તું અંતિમ અને અપરાજેય શક્તિ વિષે જાણવા આતુર છે? તો તે છે માનવીની સંકલ્પ શક્તિ. આ શક્તિ દ્વારા માનવ બધું જ કરી શકે છે."

એ ખરું છે કે પોતાની સંકલ્પશક્તિના બળે જ મહાપુરુષોને સફળતાઓ મળી છે. સંકલ્પશક્તિને ઉદ્દીપ્ત અને પ્રભાવાત્મક બનાવવા માટે જે તત્ત્વો ભૂમિકા ભજવે છે તે છે આત્મવિશ્વાસ, નિષ્ઠા, વિચારશીલતા, દ્રઢતા, સાહસ વગેરે. જામનગર રાજ્યનાં બાલંભામાં કચ્છી થાણું હતું. સમુડીના લૂંટારુઓથી કચ્છી વેપારીઓનાં વહાણો અને નાવિકોની રક્ષા કરવામાં તેનો મહત્ત્વપૂર્ણ ફાળો હતો.

રાવ ગોડજીના સમયમાં આ થાણા પર નવાનગરના શાસકે પોતાની સત્તા સ્થાપિત કરી હતી. ફતેહ મહમ્મદ જમાદારે તેને પુનઃ હસ્તગત કરવા વિચાર્યું. અનુભવી લોકોએ તેને નિરુત્સાહિત કરવા ઘણા પ્રયત્નો કર્યા. પરાઈ ધરતી પર મર્યાદિત સંખ્યામાં સૈનિકો લઈને જવું અને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)**

# સાંભળ્યા કરો...

• પદ્મશ્રી પ્રવીણ દરજી •

અમે નાના હતા ત્યારે પિતાશ્રી ક્યારેક કહેતા : 'આંખ આપી છે તો જુઓ, કાન આપ્યા છે તો સાંભળો...' ત્યારે આ વાક્ય અમે પૂરેપૂરું સમજ્યા હતા, એવો આજે પણ કશો દાવો કરી શકું તેમ નથી. એમનું કહેવું અમારે મન ત્યારે એટલું જ હતું કે બીજી પંચાતમાં કે બીજાની પંચાતમાં પડો નહિ અથવા તો બિનજરૂરી તાણ ઊભી ન કરો, સામે ચઢીને મુશ્કેલીઓ ન નોતરો. ત્યારે સંભવ છે કે એમની એ વાત બહુ ગળે ન પણ ઊતરી હોય. અથવા ઉંમર જ કંઈક એવી હતી કે એવી અન્યોની પંચાતમાં પડવું ગમે, પડવું પડે પણ...

સમય પ્રશ્નોનું મૂળ છે, તો સમય પ્રશ્નોનું નિરાકરણ પણ છે. સમય ગેરસમજનું ગોદામ છે, તો સમય સમજનો સૂર્ય પણ છે. સમય કશો ફોડ પાડતો નથી. દૃશ્ય રૂપે એ ક્યારેક ભ્રમણાનું વિશ્વ રચે છે, તો અદૃશ્ય રૂપે રહી ક્યારેક તેના પ્રભાવમાં કેટલુંક અકલ્પ્ય રીતે અનાવૃત પણ કરી આપે છે. એ રચે છે તો ગ્રસે પણ છે. આપણી સઘળી ક્રિયાઓ, સઘળાં પરિણામો ત્યાંથી જન્મે છે, વિસ્તરે છે. કદાચ તેને જ અધીન છે. કેટલાક તેથી જ તેને એક અનંત સત્ય રૂપે જુએ છે. નિરંતર તે પ્રવાહમાન છે. અતીત-વર્તમાન અને અનાગત એવા છેડા ઉપર તેનાં અનંત નૃત્યો છે, અનેક રંગો છે, આપણે અધીર થઈ તેને આ કે તે એવાં નામ આપી દઈએ છીએ, તત્ક્ષણ પૂરતાં આપણાં નિરીક્ષણોને સાચાં માની લઈએ છીએ, પેલાં કાન અને આંખને સાચાં સાક્ષી લેખીએ છીએ પણ એના કોઈ બીજા છેડે જતાં આપણે જ ભોંઠા પડી જઈએ છીએ. સમય તો સ્વયંમાં પૂર્ણ હોય છે. અધૂરપ તો આપણી હોય છે, ન્યૂનતા પેલી આંખ, કાન કે ઇતર ઇન્દ્રિયોની હોય છે. ત્યારે કદાચ સમજાય છે કે અનુભવવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે, એ જ વિકલ્પ છે. તર્કની આંગળીએથી એ પામી - સ્પર્શી શકાતો નથી. વાસ્તવિકતાઓ કે વાસ્તવિક ઘટનાઓ સાથેનાં તેનાં સગપણોનાં સમીકરણો રચી શકાય તેમ નથી. જેટલા સભાન, જેટલા સતર્ક, જેટલા ગાણિતિક એટલા આપણે જીવનની વિરુદ્ધ જઈને ઊભા રહીએ છીએ. સમય ઈશ્વરે આપેલું પ્રપંચ નામનું એક રમકડું છે, પેલી ઘટનાઓ એના વશીકરણ કરતા રંગો છે. પેલાં આંખ, કાન કે ઇતર ઇન્દ્રિયો ત્યાં અટકી જાય છે. એનાથી પાર જવાનું લગભગ બાકી રહી જાય છે...એવી ઇન્દ્રિયો આ કે તે અર્થ, આ કે તે પક્ષ, આ કે તે સત્ય પાસે છેવટે અટકી જાય છે. ઇન્દ્રિયોને એ સર્વથી મુક્ત કરીને યથેચ્છ રૂપે જોતરીએ, તો સંભવ છે કે સૃષ્ટિનો, તેના પદાર્થોનો એક નવા રૂપે અનુભવ થઈ રહે. એક નવી સુગંધ, નવો લય, નવું નર્તન, નવી આભા પાસે અનાયાસ મુકાઈએ... પછી નદીનો જલપ્રવાહ હોય, વૃક્ષની શાખામાં ગુંજારવ કરતી માખીઓ હોય, આકાશ આખાને ગીતથી ભરી દેવા મથતાં પંખીઓ હોય કે પેલો સૂર્ય...

પિતાશ્રીનું પેલું વિધાન હવે આજે કંઈક જુદી રીતે પ્રત્યક્ષ થઈ રહ્યું છે. કદાચ તે ત્યારે એવું પણ કહી રહ્યા હોય - માત્ર નિહાળ્યા કરો, માત્ર ને માત્ર નિહાળ્યા કરો, માત્ર સુણ્યા કરો, માત્ર ને માત્ર સુણ્યા કરો. વસ્તુ, પ્રસંગ, પદાર્થ - ઘટના વગેરેના અર્થ ન કાઢો, અર્થ-અનર્થનાં વિભાગીકરણમાં ન અટવાવ, આ કે તેના પક્ષકાર થઈને ન્યાય ન તોળો અથવા કશામાંથી તારણો કાઢી વિચારપુરુષનો સ્વાંગ ન સજો. તર્કને આધારે ચપળતા પુરવાર ન કરો. જે જોયું છે, જે સાંભળ્યું છે, તેને માત્ર 'જોયું' કે 'સાંભળ્યું' રાખો. કશા સાથે તે જોડો નહિ, કશાં તે સાથેનાં સાદૃશ્યો ઊભાં ન કરો. માત્ર માણો અર્થ-અનર્થ-તર્ક-બુદ્ધિ, જ્ઞાન-અજ્ઞાનથી ઉપર ઊઠીને. ચેતના ત્યારે એના બધા સઢ ખોલી નાખીને સ્વયં નાવ બની જાય, યથેચ્છ રીતે વહેવા લાગે. સતિયાં કે મતિયાંની વાત નહિ, કેવળ યથેચ્છ ગતિયાં! ન સ્પષ્ટતા, ન ખુલાસા, કેવળ આપણી શાંતિનું આપણે જ ગાન કરતા હોઈએ...!

બુદ્ધે શિષ્ય આનંદને કહેલી વાતનો તાળો કોઈ મેળવવા ઇચ્છે તો મેળવી શકાય - સહેજ જુદી રીતે. વહેતી નદીને જોવાની વાત તેમણે પોતાની આંગળી ચીંધીને કરેલી. પછી તે કરુણાભર્યા ચહેરે મૌનમાં સરી પડેલા. બસ, સામે નદી છે. નદીમાં જળ છે, જળ ઊછળતાં-કૂદતાં આગળ વધે છે, નદીને બે કાંઠા છે, કાંઠે તૃણાંકુરો છે, ત્યાં દૂર રડ્યાં ખડ્યાં કોઈકનાં ઝૂંપડાં છે, તેની પાછળ વૃક્ષો છે. વૃક્ષો પાછળ સૂર્ય કે રાત્રે ચંદ્ર, જળ ઉપર ઊતરી આવતાં કેટલાંક પંખીઓ, જળમાં સરી રહેલી હજારો માછલીઓ, અંદર ગોળ ગોળ, સફેદ-કાળા, નાના નાના પથ્થરો, શંખલાં, છીપલાં. એ પાણીના બદલાતા રંગ, એના ઉછાળનું વૈવિધ્ય, કશાક કારણોસર ક્યારેક સર્જાતાં નાનાં વમળ અને આવર્તનો. બસ, નદી વહે છે, જલ વહે છે. ધીરે-ધીરે પરિસર પણ ભુલાતો જાય. માત્ર ને માત્ર નદી, નદી નામને વળગેલું જલ, જલને પ્રકટ કરતી પારદર્શિતા, તેના ઉછાળમાંથી પ્રકટતી તેના સ્વૈરપણાની લકીરો...ન કારણબારણ, ન અર્થ-અનર્થ, આપણે નદીને નિહાળતાં-નિહાળતાં તેના મૃદુ ગાનને સુણતાં-સુણતાં કદાચ નદીમય થઈ જઈએ, નદી થઈ જઈએ! લયલીન થઈ જઈએ! પિતાજીનું વાક્ય પુનઃ સ્મરણમાં આવે છે : 'જુઓ, સાંભળો; જોયા કરો, સાંભળ્યા કરો!'

***(તાજેતરમાં લેખકને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવાનું જાહેર કરાયું છે.)***

# દરેક શોધની શરૂઆત પણ એક વિચારથી થાય

• પ્રભુલાલ એમ. સંઘવી •

સાયન્સમાં જે કંઈ સંશોધન કે ઈન્વેન્શન થયું છે એનું જો મૂળ શોધીએ તો એ માણસના વિચારમાં છે. એક વિચાર આવે, એ વિચારમાં નવીનતા હોય તો એ પછી એને અમલમાં મૂકવાનું શરૂ કરવામાં આવતું હોય છે. જેમ એક નોવેલ વિચારવામાં પહેલા આવે અને એ પછી લખવી શરૂ થાય. એવું જ નવા ઈન્વેન્શનનું છે. ઈન્વેન્શન પણ પહેલા વિચારમાં આવે અને પછી એને કઈ રીતે ઈમ્પ્લીમેન્ટ કરવું એનો વિચાર આવે. રાઈટ્સ બ્રધર્સને પક્ષીઓ જોઈને ઊડવાનો વિચાર આવ્યો અને એ પછી એમાંથી પ્લેન કેમ બનાવવું એ વિચાર આવ્યો હતો. એડિસનને પણ સૂર્ય જોઈને એવો વિચાર આવ્યો કે આવો જ એક નાનો સૂર્ય જો ઘરમાં હોય તો? અને એ વિચારની સાથે બલ્બની શોધની શરૂઆત થઈ. જેમ્સ બોન્ડની ફિલ્મમાં જોવા મળતી ટેકનોલોજી પહેલા ફક્ત એ ફિલ્મોમાં જોવા મળતી હતી. પણ આજે એ ફિલ્મોની મોટાભાગની ટેકનોલોજી માર્કેટમાં અવેલેબલ છે. રિસ્ટ વોચમાં કેમેરા, પેન્સિલ જેટલી સાઈઝનું વૅપન, ટુ-ઈન-વન વેહીકલ — આ બધું ફિલ્મમાં તમે જોયું હશે પણ હવે એનું કોઈ સરપ્રાઈઝ નથી રહ્યું. કહેવાનો મિનિંગ એ છે કે થોટ્સ બહુ ઈમ્પોર્ટન્ટ છે. એમાં પણ ખાસ કરીને પોઝિટિવ થોટ્સ બહુ મહત્ત્વના છે.

દરેક મોટી શોધની શરૂઆત એક નાનકડા વિચારથી થતી હોય છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી આમ તો એક્સપર્ટનો સબ્જેક્ટ છે પણ જો એને ધ્યાનથી જોવામાં આવે તો એ એક વિચારથી ચાલતી દુનિયા છે. એક સમય હતો જ્યારે આપણા દેશમાં પાંચ ઘર વચ્ચે એક ફોન હતો. બધા એ નંબર ઉપર ફોન કરે અને જેનો ફોન હોય તેને બોલાવવામાં આવે. જો કે આજે એક ઘરમાં પાંચ પાંચ ફોન હોય છે. પહેલાના સમયમાં માણસ બહાર નીકળે તો તે જ્યાં સુધી તેની જગ્યાએ ન પહોંચે ત્યાં સુધી તેનો કોન્ટેક્ટ નહોતો થઈ શકતો. આજે મોબાઈલ ફોનને કારણે માણસ ક્યાંય પણ હોય બહુ ઈઝીલી તેનો સંપર્ક કરી શકાય છે. એનો સીધો બેનીફીટ ઈમર્જન્સી દરમિયાન થાય છે. મોબાઈલને લઇને લોટ્સ ઑફ સર્વે થયા છે. પણ કેટલી વખત ઈમર્જન્સીમાં કામમાં આવ્યો અને એ ઈમર્જન્સીને કારણે કેટલી ફેટલ અટકી ગઈ એનો કોઈ સર્વે થયો હોય એવું ધ્યાનમાં આવ્યું નથી.

મોબાઈલ ફોન આ સેન્ચુરીનું સૌથી ઈમ્પોર્ટન્ટ ઈન્વેન્શન છે, જેણે ટેલિ કોમ્યુનિકેશન ઈન્ડસ્ટ્રીને એક એક વ્યક્તિ સુધી પહોંચાડી દીધી. એના એડવાન્ટેજ અત્યાર સુધીમાં જે જોયા છે એનાથી અનેકગણા આવતા પિરિયડમાં જોવા મળશે. દેશ અને દુનિયાની સુરત બદલી નાખવાની ક્ષમતા આ ટેલિ કોમ્યુનિકેશનમાં છે અને અત્યારે એ ઈન્ડસ્ટ્રીમાં જે પ્રકારના રીસર્ચ ચાલી રહ્યા છે એ જો સક્સેસફુલ રહ્યા તો ખરેખર બહુ મોટા મિરેકલ આવતા સમયમાં જોવા મળશે.

*૧૦૦૩, અલકનંદા, નીલકંઠ વેલી,*
*ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*

---

## મનોબળ, સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધા

**(અનુસંધાન : પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

ત્યાંના દળો પર વિજય હાંસલ કરવો ઘણું મુશ્કેલ કામ હતું. પણ જમાદાર ફતેહ મહમ્મદની સંકલ્પશક્તિ જબરદસ્ત હતી. તેની પ્રેરણા તેના સૈનિકોને પણ મળી અને જમાદારે કચ્છી થાણા પર પુનઃ અધિકાર સ્થાપિત કરવામાં સફળતા મેળવી. મનોબળ અને સંકલ્પ શક્તિ દ્રઢ હોય તો આત્મશ્રદ્ધા જાગૃત થાય છે.

''દૂર દૂર દોડી જા તું દાંતાળી દેવી પરીક્ષા''

ઠોઠ વિદ્યાર્થીના મનોભાવને વ્યક્ત કરતી આ કાવ્ય પંક્તિમાં મનોબળ અને આત્મશ્રદ્ધાનો અભાવ પણ દ્યોતક છે. હાથ પર લીધેલા કાર્યને પાર પાડવા માટે ઘાણીના ઊંટની જેમ વૈતરું કરવા છતાં કશી ભલીવાર ન થાય તેવું બનતું હોય છે. આ બાબતના મૂળમાં તો સંકલ્પ શક્તિ અને આત્મશ્રદ્ધાનો અભાવ જ કારણભૂત હોય છે. મનુષ્ય આત્મશ્રદ્ધાવાન બને, તેનામાં આત્મશ્રદ્ધા જાગૃત થાય એ માટે વિદ્વાન લેખક બહાદુરશાહ પંડિતે અનવદ્ય વિચાર દર્શાવતાં કહ્યું છે :

''આત્મશ્રદ્ધા અને પ્રભુશ્રદ્ધા એ મનુષ્ય જીવનનાં બે ચાલક બળ છે. માનવ રથના એ બે પૈડાં છે. આત્મશ્રદ્ધા રાખનારને પ્રભુ હંમેશ સહાય કરે છે.''

ચંપારણ્યમાં ગાંધીજી પેલા ગોરાને બંગલે પહોંચી જઈને કહી શક્યા હતા : ''લ્યો સાહેબ, તમારે મારું ખૂન કરવું છે ને? આ હું ઊભો તમારી સામે'' અને આવી જ શ્રદ્ધાને બળે કોમી દાવાનળની આગ વચ્ચે નોઆખલીમાં પ્રવાસ ખેડી શક્યા હતા.

કુંવરબાઈનું મામેરું કરવા ગયેલા નરસિંહ મહેતા પાસે કશી સામગ્રી નહોતી, પણ ખાલી છાબ આગળ બેસીને ભજન કરતાં એમને ખાત્રી હતી કે શામળિયો એમની મજાક નહિ થવા દે. આવી આત્મશ્રદ્ધા ઉદ્ભવી શકે એ માટે ઈશ્વર શ્રદ્ધાની પશ્ચાદ ભૂમિકા જરૂરી છે. નિયંતાની યોજનામાં જેને શ્રદ્ધા હોય છે એ પોતાના પ્રત્યેક કાર્યમાં અડગ રહી શકે છે.

*૬૫, ભાનુશાલી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (ઘર) ૨૩૧૮૬૧*

મંથન

# જ્યોતિષ – વિજ્ઞાન કે અંધશ્રદ્ધા?

• ડૉ. કિરણ એન. શીંગ્લોત •

વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના યુગમાં ગ્રહો અને નક્ષત્રોની માનવજીવન પર થતી અસરોમાં માનનારાની સંખ્યા નાનીસૂની નથી. પશ્ચિમના દેશોમાં પણ જ્યોતિષમાં વિશ્વાસ કરનારા લોકોનો એક મોટો વર્ગ વસે છે. દુનિયામાં જેટલા ખગોળશાસ્ત્રીઓ અને વિજ્ઞાનીઓ છે એનાથી અનેકગણા વધારે જ્યોતિષીઓ અસ્તિત્વ ધરાવે છે. જ્યોતિષમાં માનનારા અને એનાથી પોતાનું પેટિયું રળનારા લોકો જ્યોતિષનું પોતાનું વિજ્ઞાન છે એવો દાવો રજૂ કરતા હોય છે. પણ પ્રચલિત અર્થમાં માત્ર ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર તેમજ જીવશાસ્ત્રને જ વિજ્ઞાન ગણાય. જ્યોતિષનું વિજ્ઞાન ભ્રામક (Pseudo - Science) છે.

## • જ્યોતિષ - વિદ્યાનો ઉદ્‌ભવ અને વિકાસ :

આપણા દેશમાં વેદોને સમજવા માટે છ પેટાગ્રંથોની રચના કરવામાં આવી હતી, જે વેદાંગ તરીકે પ્રચલિત થયાં. આમાંનો એક ગ્રંથ જ્યોતિષ હતો, જેની રચના આચાર્ય ગર્ગે કરી હતી. આ ગ્રંથની રચના કરવા પાછળ તેમનો આશય વૈદિક ક્રિયાઓ અને યજ્ઞો માટે કાલગણના અને મુહૂર્ત નક્કી કરવાનો હતો. પણ પાછળથી બ્રાહ્મણોએ એનો મનુષ્ય જીવનના ભવિષ્યકથન માટે વ્યાપક દુરુપયોગ કરવા માંડ્યો. હિંદુ સમાજની માનસિકતા પર આજે પણ આનો ઘણો પ્રભાવ જોવા મળે છે. ગર્ગાચાર્યનો સમયગાળો સ્પષ્ટતાથી નક્કી કરી શકાયો નથી, કેમ કે એ નામનાં બીજાં ઘણાં પાત્રો વૈદિક અને વેદોત્તર સમયમાં આપણે ત્યાં થઈ ગયાં છે.

ભારતીય જ્યોતિષની સરખામણીમાં બેબિલોનનું જ્યોતિષ તવારીખમાં વધારે જૂનું, આજથી લગભગ ૪૦૦૦ વર્ષ પ્રાચીન વિકાસ પામેલું એવું મનાય છે.

આજે જ્યોતિષાચાર્યો માત્ર ભારતમાં જ વસે છે એવું નથી. આયર્લેન્ડમાં ૧૮૬૬થી ૧૯૩૬ દરમિયાન વિલિયન જહોન વોર્નર નામના વિખ્યાત જ્યોતિષ, હસ્તરેખાશાસ્ત્રી અને ન્યુમેરોલોજિસ્ટ (જન્મની તારીખના અંકો પરથી ભવિષ્યકથન કરનાર) થઈ ગયા. કીરો (Cheiro) તરીકે એમની નામના થઈ. ઓગણીસમી અને વીસમી સદી દરમિયાન યુરોપ અને અમેરિકામાં એમનું ઘણું ચલણ હતું. એમણે માર્ક ટ્વેન, માતા હરિ, ઑસ્કાર વાઇલ્ડ, ડબલ્યૂ. ટી. સ્ટેડ, ગ્રોવર ક્લીવલેન્ડ, થોમસ આલ્વા એડિસન, પ્રિન્સ ચાર્લ્સ, જોસેફ ચેમ્બરલેઇન અને વિલિયમ ગ્લેડસ્ટોન સહિત અનેક મહાનુભવોની હસ્તરેખાઓ જોઈ આપેલી.

અમેરિકામાં ૧૯૨૫થી ૧૯૯૫ દરમિયાન મેરી એલિસ કેમેરી નામના ન્યુયોર્ક ટાઈમ્સ દ્વારા પ્રસ્થાપિત જ્યોતિષ અને કવયિત્રી થઈ ગયાં. એ લિન્ડા ગૂડમેનના ઉપનામથી લખતાં અને રેડિયો વાર્તાલાપ આપતાં. એમના દ્વારા ૧૯૬૮માં લિખિત ન્યુયોર્ક ટાઈમ્સ બેસ્ટ સેલર પુસ્તક 'લિન્ડા ગૂડમેન્સ સન સાઈન્સ' (Linda Goodman's Sun Signs) અમેરિકા અને અન્યત્ર ભણેલા-ગણેલા લોકોમાં ઘણી માન્યતા પામેલું. જો કે લિન્ડાએ પોતાના પુસ્તકમાં જન્મ સમયની સૂર્યરાશિ (સૂર્યલગ્ન) ના આધારે જાતકનું વ્યક્તિત્વ શી રીતે ઘડાય છે એનું તાર્કિક ચિત્રણ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ખાસ કરીને એમણે પતિ અને પત્ની, પ્રેમી અને પ્રેમિકા, માતાપિતા અને સંતાન, બોસ અને કર્મચારીના સંબંધ નક્કી કરવામાં સૂર્યલગ્નની અસરનું વિવરણ સચોટ રીતે કરેલું. જેમ ભારતમાં આપણે લગ્ન નક્કી કરતાં પહેલાં પરસ્પર કુંડળીઓ મેળવીએ છીએ તેમ લિન્ડા સૂર્યરાશિનો મેળ કરવાની ભલામણ કરતાં.

પણ મૂળ પ્રશ્ન એ છે કે સૂર્ય, ચંદ્ર, ગ્રહો, અવકાશી રાશિઓ અને નક્ષત્રો આપણા વ્યક્તિગત જીવન અને વ્યક્તિત્વ પર તથા પૃથ્વી પરની ઘટનાઓ પર એટલો પ્રભાવ ધરાવે છે ખરા?

આજના જ્યોતિષીઓ આની તરફેણમાં ઘણા તર્કો રજૂ કરે છે અને આધુનિક વૈજ્ઞાનિક તથ્યો સાથે એમનો તર્ક સાંકળતા હોય છે. ઉદાહરણ તરીકે, અવકાશમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો અને રાશિઓની સ્થિતિ બદલાય એની પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર પર અસર થાય છે. આ બદલાવ ગર્ભસ્થ બાળકના વિકસી રહેલા મગજનાં ચેતાજોડાણો (ન્યૂરલ સર્કિટ) માં નિર્ણાયક ફેરફારો પેદા કરે છે, જેની એના ભાવિ વ્યક્તિત્વ અને જીવનની ઘટનાઓ પર અસર થવા સંભવ છે. પણ આધુનિક ભૌતિકશાસ્ત્રીઓના મતે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર કરતાં પણ આપણાં ઘરોમાં આજકાલ ટી.વી., રેફ્રિજરેટર, કોમ્પ્યુટર, માઈક્રોવેવ અને મોબાઈલ ફોનના ચુંબકીય ક્ષેત્રની ગર્ભવતી મહિલાઓ તેમજ એના બાળક પર થતી અસર અંગે ચિંતા કરવાની આપણે વધારે જરૂર છે.

જો કે બહારની અવકાશમાં બનતી ઘટનાઓ પૃથ્વીના વાતાવરણને ચોક્કસપણે અસર કરે છે. જેમ કે, ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળથી આપણે ત્યાં સમુદ્રમાં ભરતી-ઓટ આવે છે. ભારે ઉલ્કાઓ પૃથ્વી પર આવીને ખાબકે છે ત્યારે ક્યારેક જાનમાલનું નુકસાન થયાના કિસ્સાઓ નોંધાયા છે. પૃથ્વી પરથી ડાયનાસોરનું અસ્તિત્વ નિર્મૂળ કરવા પાછળ આવી કોઈ ઉલ્કા જવાબદાર હતી એવું માનવામાં આવે છે. પૃથ્વી પર જીવનના અંશો આપણી સૂર્યમાળાને પેલે પારથી આવતા કોઈ ધૂમકેતુ ભેગા દાખલ

થયેલા એવો સિદ્ધાંત ઈંગ્લેન્ડના ખગોળશાસ્ત્રી ફ્રેડ હોઈલ અને શ્રીલંકન વિજ્ઞાની ચંદ્ર વિક્રમાસિંઘે રજૂ કરેલો. આવી આવી ઘટનાઓનો આધાર લઈને જ્યોતિષીઓ અને કેટલાક (?) વિજ્ઞાનીઓનો અમુક વર્ગ એવું ભારપૂર્વક માને છે કે અવકાશી પદાર્થોની માનવજીવન પર અસર થતી હોવાનો સિદ્ધાંત પાયા વગરનો નથી. જો સૂર્ય અને ચંદ્રના ગુરુત્વાકર્ષણ બળની અસરથી ભરતી-ઓટ આવી શકે તો અન્ય ગ્રહોની અસર પણ પૃથ્વી પરના માનવી ઉપર કેમ ન પડે? પરંતુ આ દલીલ તાર્કિક નથી, કેમ કે સૂર્ય-ચંદ્રના ગુરુત્વાકર્ષણની પાણી જેવા તરલ પદાર્થ ઉપર અસર થાય તે સમજી શકાય, પણ મનુષ્યના વર્તન-વ્યવહાર, પારસ્પરિક સંબંધો, વિચારો અને જીવનની ઘટનાઓ અવકાશી પદાર્થોના ગુરુત્વાકર્ષણથી પ્રભાવિત થાય નહીં.

જો કે અવકાશમાં ગ્રહો અને નક્ષત્રોનાં સ્થાન એકબીજાની અપેક્ષાએ નિરંતર બદલાતાં રહે છે અને માણસના જન્મ સમયના ગ્રહો એને આજે પણ અસર કરે એ વાતમાં કશો તર્ક નથી. આપણે ત્યાં ભૃગુસંહિતા નામનો જ્યોતિષગ્રંથ સેંકડો વર્ષ પહેલાં લખાયો હતો, જેમાં પૃથ્વી પર જન્મ લેનારા તમામ મનુષ્યોના જન્મની કુંડળી અને ભવિષ્યકથન હોવાનો દાવો કરવામાં આવે છે. ત્રણ હજાર વર્ષ પહેલાં માનવી ખગોળ વિશે આજના જેટલું જ્ઞાન ધરાવતો પણ નહોતો. ભૃગુસંહિતાની કથિત રચના પછી પણ કેટલાક ગ્રહો શોધવામાં આવ્યા છે, જેમ કે, યુરેનસ (૧૭૮૧), નેપ્ચ્યુન (૧૮૪૬) અને પ્લુટો (૧૯૩૦) — આ ત્રણે ગ્રહોનું કુંડળીમાં આજે પણ સ્થાન નથી. જ્યોતિષો કુંડળીમાં નવ ગ્રહ માંડે છે, જેમાં સૂર્ય અને ચંદ્રનો પણ સમાવેશ છે. પણ વાસ્તવમાં સૂર્ય ગ્રહ નહીં, એક તારો છે અને ચંદ્ર ઉપગ્રહ છે. બીજી બાજુ મંગળ, શનિ, બુધ અને ગુરુ જેવા ગ્રહોની અસર વિશે અતિશયોક્તિ ભરેલાં અથવા ભ્રામક વિધાનો કરવામાં આવે છે. મંગળ જાતકને લગ્નમાં આડે આવે છે અથવા શનિની પનોતી ધરાવનાર જાતકની રાતોની ઊંઘ ખરાબ થાય છે. જ્યોતિષમાં રાહુ અને કેતુનું અસ્તિત્વ અને જાતકના જીવન પર તેમની માઠી અસરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પણ વાસ્તવમાં અવકાશમાં આવા કોઈ ગ્રહો છે જ નહીં, પણ યુતિ છે. આ બન્ને આપણી પુરાણ કથાનાં કાલ્પનિક પાત્રો માત્ર છે. ગેલિલિયોએ ઈ.સ. ૧૬૦૯માં ટેલિસ્કોપની શોધ કરી તે પછી માનવીના અવકાશ વિશેના જ્ઞાનમાં અસીમ વધારો થયો છે. ભૃગુ સંહિતાની રચના થઈ હોવાનો દાવો કરવામાં આવે છે તે સમયે તો ધર્મગુરુઓ એમ માનતા કે જગત પૃથ્વીકેન્દ્રી છે અને સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે, જે પાછળથી જૂઠું સાબિત થયું છે. તારાઓ, નક્ષત્રો, સૂર્ય, ગ્રહો અને ચંદ્રની રચના, તેમને પરસ્પર બાંધી રાખનારા ગુરુત્વાકર્ષણ બળ તેમજ આ તમામ અવકાશી પદાર્થોની ગતિ બાબતમાં જ્યોતિષે પોતાના ગ્રંથોને અદ્યતન બનાવ્યા નથી. પ્રાચીન હકીકતોને આધારે આજે જન્મેલા મનુષ્યનું ભવિષ્યકથન કરી શકાય નહીં.

- **જન્મરાશિથી વ્યક્તિત્વનું માપ નીકળી શકે?**

દરેક વ્યક્તિને એના જન્મના દિવસ અને સમય કે મહિના પ્રમાણે નામરાશિ હોય. લિન્ડા ગૂડમેને એમના પુસ્તકમાં રાશિઓના આધારે જાતકોનાં વ્યક્તિત્વનાં આલેખનો કર્યા છે. વ્યક્તિની રાશિને એના વ્યક્તિત્વની ખાસિયતો સાથે ખરેખર કશો સંબંધ હોય છે કે કેમ એ નક્કી કરવા માટે કેટલાક અભ્યાસો કરવામાં આવ્યા છે. ફ્રેન્ચ આંકડાશાસ્ત્રી અને મનોવિજ્ઞાની મિશેલ ગોઠવેલિને કેટલીક ખ્યાતનામ વ્યક્તિઓના વ્યવસાયને તેમની રાશિ સાથે સંબંધ છે કે કેમ તે જાણવાનો એક અભ્યાસ કર્યો હતો. એમને આવો સંબંધ જણાઈ પણ આવ્યો હતો. પરંતુ પાછળથી એમના અભ્યાસની પદ્ધતિથી વૈજ્ઞાનિકતા વિશે ઘણી ટીકાઓ થઈ હતી અને એમણે સ્પષ્ટપણે આવો સંબંધ હોવાનો પોતાનો દાવો પાછો ખેંચ્યો હતો. માણસના વ્યક્તિત્વ અને વ્યવસાયને નક્કી કરનારાં ઘણાં જ્ઞાત તેમ જ અજ્ઞાત પરિબળો હોય છે. તેમાં માત્ર એની જન્મરાશિ જ ભાગ ભજવે છે એવું સ્થાપિત કરવું વધુ પડતું છે. ત્યારપછી થયેલા બીજા અનેક અભ્યાસોમાં જન્મરાશિ અને વ્યવસાય વચ્ચે આવો કોઈ સંબંધ પુરવાર થઈ શક્યો નથી. પૃથ્વીથી ઘણે અંતરે આવેલા ગ્રહો અને તેમના પરસ્પરના સ્થાનની અસરથી રાષ્ટ્રના રાજકીય અને આર્થિક પ્રવાહો, ચૂંટણીનાં પરિણામો, ધરતીકંપ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ, તેમ જ એક એક વ્યક્તિના જીવનમાં કેવી ઘટનાઓ બનવાની છે તેની જ્યોતિષીય અટકળો કરવી તે કેવળ તર્કહીન ગતકડું છે. ન્યુટનના ભૌતિકશાસ્ત્રના યાંત્રિક મૉડેલને અનુસરનારા વિજ્ઞાનીઓ તેના વૈજ્ઞાનિક નિયમોને આધારે વિશ્વમાં આજ પહેલાં થઈ ગયેલી અને આજ પછી થનારી કેટલીક ભૌતિક ઘટનાઓનું અનુમાન કરવાનો દાવો કરતા હતા. પણ પરમાણુ વિજ્ઞાન (ક્વૉન્ટમ ફિઝિક્સ) ના ઉદય પછી એ સ્પષ્ટ થયું છે કે વિશ્વ મુક્ત ગતિને અનુસરે છે અને કોઈ ભૌતિક ઘટનાઓ પૂર્વનિર્મિત નથી. આજની ક્ષણ એની પહેલાં વીતી ગયેલી એક જ ક્ષણને આભારી છે અને એ પોતે માત્ર એના પછીની એક જ ક્ષણનું નિર્માણ કરે છે. પરમાણુઓ સ્વયંસ્ફુર્તિથી વર્તે છે અને એના પર કોઈનું બળ લાગતું નથી. કોઈ નિયતિ કે નિયમ નથી કે જે આજ પછી દસ કે સો વર્ષ પછી બનનારી ઘટનાઓનું આયોજન કરીને વર્તે છે. ગ્રહો કેવળ સુંદર અવકાશી પદાર્થો છે. વ્યક્તિગત જીવનમાં દખલ કરવાનું તેમનું કામ નથી. સાહિત્યમાં નોબેલ પારિતોષિક મેળવનાર વિખ્યાત લેખક ગેબ્રિએલ ગાર્સિયા માર્કવેઝની એક વાર્તાનું કોઈ પાત્ર કહે છે, હું ઈશ્વરને માનું છું, પણ એને એક એક ઈન્સાનની જિંદગીમાં દખલ કરવાની પડી નથી. એને તો સૃષ્ટિમાં કરવા લાયક બીજાં ઘણાં મોટાં કામો છે.

## • જ્યોતિષની લોકપ્રિયતાનું કારણ:

જનમાનસે પૂર્વજન્મ, ભૂતપ્રેત, જ્યોતિષની મદદથી ભવિષ્યની ઘટનાઓની અટકળો બાંધવી, વગેરે કેટલાંક વિષયોરૂપી કેટલાંક ગતકડાં શોધી કાઢ્યાં છે. સૈકાઓથી તે પોષાતાં રહ્યાં છે. એક રીતે આવા વિષયો પરનો સંવાદ બે પાત્રો વચ્ચેનો માત્ર 'ટાઈમ પાસ' છે. લગ્ન ક્યારે અને કોની સાથે થવાનાં છે, સંતાનયોગ ક્યારે છે, શનિની પનોતી ક્યારે શરૂ થાય છે અને ક્યારે ઊતરે છે, ધંધામાં બરકત ક્યારે આવશે, વગેરે પ્રશ્નોનું કુતૂહલ પોષવા માટે જન્માક્ષર કે હથેળી આગળ લંબાવનાર કે એના આધારે ગણતરી માંડીને જવાબ આપનાર જ્યોતિષી - આ બન્નેમાંથી કોઈ પોતાની ચેષ્ટા નિષ્ઠાથી કરતું હોતું નથી. માનવ સ્વભાવને આવું ગમતું આવ્યું છે. છાપાઓમાં દૈનિક, અઠવાડિક અને વાર્ષિક રાષિ ભવિષ્યની કટારો છપાય તે કુતૂહલપૂર્વક વાંચી જવામાં આવે, પણ એમાં લખેલી વિગતોને આધારે કોઈ પોતાની તે દિવસની, અઠવાડિયાની કે વર્ષની દિનચર્યા ગોઠવતું કે બદલતું નથી. કોઈ આને ગંભીરતાથી લે નહીં અને ઝાઝું મહત્ત્વ આપે નહીં. ગમે તેવી બુદ્ધિશાળી અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી વ્યક્તિ પણ ક્ષણવાર માટે તર્ક ભૂલીને જ્યોતિષ કથનમાં વહેતી થઈ જતી હોય છે. જ્યોતિષમાં માનનારા લોકોને એમના ભણતર કે પદની આણ નડતી નથી. આલિયા ભટ્ટથી માંડીને અમિતાભ બચ્ચન અને સલમાનખાનથી માંડીને સ્મૃતિ ઈરાની સુધીના કહેવાતા બધા મહાનુભાવો જ્યોતિષ, મંત્રતંત્ર અને શુકન-અપશુકનમાં માને અને એમના કિસ્સાઓને જાહેર માધ્યમોમાં બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવે છે. અબૂધ જનમાનસ આવી વાતોને અજ્ઞાતપણે ઝીલી લે છે અને ઝાઝો તર્ક વાપર્યા વિના એને સૈકાઓથી અનુસરતો રહ્યો છે. વિજ્ઞાન અને વિશુદ્ધ તર્કવાદના આધુનિક સમયમાં પણ સમાજમાં એક એવો વર્ગ છે કે જે જગતમાં કોઈ અગોચર, અજ્ઞાત તત્ત્વ કામ કરે છે એમ માને છે.

## • જ્યોતિષમાં માનવાના લાભ ખરા?

માનવજાતે હંમેશાં અજ્ઞાનથી જ્ઞાન તરફ અને માન્યતાથી વિજ્ઞાન તરફ પ્રગતિ કરી છે. પ્રારંભિક સભ્યતાનો માનવી જ્યોતિષમાં માનતો થયો તેમાંથી જ એણે સદીઓથી ગ્રહો, નક્ષત્રો, અને રાશિઓની ગતિ અને વર્ષ દરમિયાન આકાશમાં તેમના સ્થાનનો રોચક અભ્યાસ કર્યો. આમાંથી ખગોળશાસ્ત્રનો જન્મ થયો. ખગોળવિજ્ઞાનનો પાયો માન્યતા અને અંધશ્રદ્ધાથી ભરેલા જ્યોતિષમાંથી થયો છે એવું નિર્વિવાદપણે સ્વીકારવું પડે.

આજે પણ આપણા દેશમાં જ્યોતિષને સામાજિક પ્રસંગો અને ઘટનાઓ સાથે સાંકળવામાં આવે છે. શુભાશુભ દરેક પ્રસંગમાં જ્યોતિષનો આશરો લેવામાં આવે છે. જન્માક્ષરો મેળવ્યા વિના જોડાં ગોઠવાતાં નથી. હસ્તામેળાપનું શુભ ચોઘડિયું જોવામાં આવે છે. કન્યાવિદાયની પળો જોશીને પૂછીને નક્કી કરવામાં આવે છે. આટઆટલી બારીકાઈથી બધું આયોજન કર્યા પછી પણ પરણેલાં પાત્રોને એકબીજા સાથે ફાવે નહીં અને છૂટા પડવાનો વખત આવે ત્યારે મનના મેળનો નહીં, નસીબનો દોષ કાઢવામાં આવે. આ આપણી સંસ્કૃતિ છે.

## • જ્યોતિષ કથનથી થતી માનસિક હાનિઓ :

નાનામોટા નિર્ણયો લેવા માટે આપણે રસ્તે પોપટ પાસે ચિઠ્ઠી ઉપાડાવીએ. હસ્તરેખા બતાવીએ. ટેરો કાર્ડ્સના આધારે ભવિષ્ય પૂછીએ. કેટલાક લોકો પોતાની ગૂઢ શક્તિઓનો ઉપયોગ કરીને આપણા જીવનમાં બનનારી કે બની ગયેલી ઘટનાઓનું અનુમાન કરી આપે. શુદ્ધ તર્કબુદ્ધિને આધારે જીવનના નાજુક નિર્ણય લેનારા લોકોની સંખ્યા ઘણી જૂજ છે; અધિકતર લોકો મંત્રતંત્ર અને જ્યોતિષનો આશરો લેતા જોવા મળે છે. જનમાનસે પરંપરાગત રીતે પોતાની શક્તિઓમાં વિશ્વાસ નથી કેળવ્યો તેનું આ પરિણામ છે. ત્રાહિત વ્યક્તિની પોકળ શક્તિમાં આપણને વિશ્વાસ આવે છે. જ્યોતિષીઓ આપણા મનને મનોરંજન સાથે આશ્વાસન પૂરું પાડે છે. પણ આ ઉપાય આપણને ગેરમાર્ગે લઈ જનારો છે. આધ્યાત્મિક ગુરુઓ અને જ્યોતિષીઓ એ સમાજે ઊભા કરેલા પોકળ આધારસ્તંભો છે. મૂંઝવણની ઘડીમાં અઘરો વ્યક્તિગત નિર્ણય લેવામાં જાત ડગુમગુ થાય ત્યારે આ લોકો આપણી ચિંતાનું ભારણ થોડું ઓછું કરી આપવાના બહાને આપણી પોતાની શક્તિઓમાંથી આપણો વિશ્વાસ કાયમ માટે દૂર કરી દે છે. આ રીતે કેળવાયેલું જનમાનસ સમાજને પ્રગતિશીલ ન બનવા દે.

જ્યોતિષીઓ વ્યક્તિગત સ્વાર્થને કારણે આપણને અવળું-સવળું કહે અને અમુક-તમુક વિધિઓ કરવાની કે નંગ પહેરવાની સલાહ આપે ત્યારે એ ખતરનાક પરિણામો આપી શકે છે. યુનિવર્સિટીમાં અધ્યાપન કાર્ય કરતાં ભણેલાં-ગણેલાં એક બહેનને એક જ્યોતિષીએ એવું કહ્યું કે તમારા જીવનમાં લગ્નયોગ જ નથી; જો તમે લગ્ન કરશો તો તમને અકાળે વૈધવ્ય આવશે. આજે બે દસકા પછી પણ આ બહેન આજે એકલવાયું જીવન ગાળી રહ્યાં છે અને પોતાની હતાશામાંથી બહાર આવી શક્યાં નથી. ઘણા જ્યોતિષીઓ અને તાંત્રિકો ચાલાક હોય છે. એ પોતાના કાર્યસ્થળે ચોક્કસ પ્રકારનું વાતાવરણ પેદા કરે છે અને પોતાની વાતને રજૂ કરવાની અમુક છટા કેળવે છે. અગાઉ કેટલા લોકોને પોતાના ભવિષ્યકથનની લાભ થયા અને કેટલા કિસ્સામાં પોતે ખરા ઠર્યા હતા એનું બિલકુલ મનોવૈજ્ઞાનિક ઢંગથી વિવરણ રજૂ કરીને એમને આંગણે આવનાર વ્યક્તિને આંજી દે છે. આવા ઢોંગી જ્યોતિષીઓ, ગુરુઓ અને તાંત્રિકોની પકડમાંથી મુક્ત થવું અઘરું છે.

*એ/૬, અભિષેક બંગ્લોઝ, વિશ્વામિત્રી રોડ,*
*માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.*
*મોબાઈલ : ૯૪૨૬૩ ૯૨૮૮૮*

# ભારતમાં અદાલતી ન્યાયમાં થતો વિલંબ

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

થોડા સમય પહેલાં ભારતની ન્યાયદેવીની ગરિમાને ઠેસ પહોંચે એવો અત્યંત દુઃખદ, ક્ષોભયુક્ત અને પીડાજનક બનાવ બની ગયો.

ભારતની સુપ્રીમ અદાલતના ચીફ જસ્ટીસ, અદાલતોમાં પડી રહેલ ગંજાવર કેસોનો ભરાવો, નિકાલમાં થતો અસહ્ય વિલંબ અને ન્યાયાધીશોની ઘટ સંખ્યાના મુદ્દા પર, શ્રી ટી.એસ. ઠાકુર વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં, ન્યાયાલયોની અનાજ ભરવાની ગોદી જેવી હાલતનું બયાન આપતાં ગદ્‌ગદિત થઈ ગયા અને તેમની આંખોમાં આંસુ આવી ગયા. બેશક, આ અત્યંત શરમજનક ઘટના ગણી શકાય.

રાષ્ટ્રપતિની સમકક્ષાની પંક્તિમાં ગણી શકાય તેવી સુપ્રીમ વડાને આ હાલતમાં મુકાઈ જવું, એ ભારત સરકારની ઘોર નિંદ્રા અને ઉપેક્ષા ન ગણી શકાય? સરકારશ્રીએ આ પ્રશ્નને હલ કરવા, કોર્ટોની બેહાલ દશા સુધારવા રોકેટ ગતિથી ઠોસ કદમ ઉઠાવવાની ઘડી આવી પહોંચી છે તે સમજી લેવાની ઘંટી બજી ચૂકી છે.

લેખમાં આગળ વધીએ તે પહેલાં - કોર્ટોમાં પડતર રહેલ કેસો અને ન્યાયાધીશોની ઘટ અંગે નજર દોડાવીએ તો, કચ્છનું આધારભૂત વર્તમાનપત્ર 'કચ્છ મિત્ર'ના તા. ૨૨-૫-૨૦૧૬ની રવિ પૂર્તિમાંથી ભદ્રાયુ વછરાજાનીએ કેસોના વિગતવાર આંકડા આપેલા છે તે અનુસાર અત્યારે ભારતની વિવિધ અદાલતોમાં પડતર કેસોની હાલ જોઈએ તો —

ઉત્તર પ્રદેશની કોર્ટોમાં : ૫૦૯૨૬૦૯, મહારાષ્ટ્રમાં : ૨૯૨૨૬૭૬, પશ્ચિમ બંગાળમાં ૧૩૯૦૨૨૪, રાજસ્થાનમાં : ૧૩૦૦૦૫૨ કેસો માત્ર આ ચાર રાજ્યોમાં પડતર પડ્યા છે. આ આંકડો કરોડોને આંબી જાય છે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો અમદાવાદની અદાલતોમાં : ૧૯૦૮૩૩, વડોદરા રાજ્યમાં : ૩૯૭૭૨૮, સુરતમાં : ૩૩૯૯૭૯ અને રાજકોટ કોર્ટોમાં ૨૦૨૨૫૪ કેસોનો ભરાવો છે.

આ વાત થઈ કોર્ટોમાં પડી રહેલ પડતર કેસોની. પરંતુ તે સામે ન્યાયાધીશોની ખાલી જગ્યાની વાત કરીએ તો એ પ્રશ્ન પણ અત્યંત જટીલ અને પેચીદો છે. ગુજરાતમાં હાઈકોર્ટ જજોની ૫૨ (બાવન) જગ્યાઓ મુકરર થયેલ છે. તેની સામે બાવીસ જગ્યાઓ ખાલી પડી છે. હાઈકોર્ટનાં ઓફિસર્સ જગ્યામાં ૪૨ ટકાની ઘટ રહેવા પામેલ છે.

સામાન્ય રીતે કાયદાકીય જોગવાઈની રીતે જોઈએ તો કોઈ પણ ફોજદારી કેસનો નિકાલ છ માસની અંદર થઈ જવો જોઈએ. એ જ રીતે દીવાની દાવાનો નિકાલ બે વર્ષના ગાળામાં થઈ જવો જોઈએ. આ જોગવાઈનો કોઈ જ અમલ આપણી અદાલતોમાં જોવા મળતો નથી. અને ઘણા કિસ્સાઓમાં ત્રીજી પેઢી લગી કેસો નિકાલની રાહ જોતાં પેન્ડિંગ પડ્યા રહ્યાના દાખલા મોજૂદ જોવા મળે છે. આપણે એ હકીકત કબૂલ કરીએ કે વસ્તી વધારાની સાથોસાથ કેસોનું લીટીગેશન પણ વધતું રહે. પરંતુ કેવળ એ જ માત્ર વિલંબનું કારણ હોઈ શકે એમ માની ન શકાય પરંતુ જે પ્રમાણમાં કોર્ટોમાં ન્યાયાધીશોનો વધારો થતો રહે, એક કોર્ટની જગ્યાએ ૩-૪ કે કેપીટલ શહેરોમાં ૧૦ કે ૧૨ કોર્ટો કાર્યશીલ હોય ત્યાં કોર્ટોના પ્રમાણમાં કેસો નિકાલમાં પણ ગતિશીલતા આવવી જોઈએ. જે વસ્તુનો અભાવ દષ્ટિગોચર થયા વિના રહેતો નથી.

આ લેખના લખનાર, કચ્છ ન્યાય ખાતાનાં જવાબદાર અધિકારી તરીકે ચાર દાયકા લગી સેવા બજાવી ચૂક્યા છે. જેથી અનુભવ અને કાર્યપદ્ધતિથી માહિતગાર હોઈ એટલું જરૂર કહી શકે કે ભારતની અદાલતોમાં કેસો નિકાલમાં થતા વિલંબમાં કેવળ ન્યાયાધીશોની ઘટ કે કેસોના ભરાવા માટે બીજા અનેક નાના મોટા ફેક્ટર્સ કામ કરતા હોય છે. દાખલા તરીકે ક્ષુલ્લક કારણો રજૂ કરી વકીલો તરફથી મુદતો માંગવામાં આવે છે. કેસને લંબાવવા માટે કોઈ બેબુનિયાદ અરજી મૂકી, તે અરજીનો નિકાલ ન થાય ત્યાં લગી કેસની આગળની કાર્યવાહી ન ચાલે તેવી તજવીજ! ઘણા કિસ્સાઓમાં આવી બેબુનિયાદ અરજીનાં નીચલી અદાલતોએ ફરમાવેલ હુકમ પર અપીલ કોર્ટમાં જવું. આ ઉપરાંત અન્ય કારણોમાં વકીલોની - કર્મચારીઓની અને જજોની લેથાર્જિકતા પણ નિકાલના વિલંબનું કારણ બની શકે. લાગવગ, ભ્રષ્ટાચાર અને અંદરો અંદરની ગુપ્ત રીતે થયેલ મિલીભગત પણ વિલંબનું કારણ બની શકે છે.

આપણી એ કમનસીબી છે કે છેલ્લા કેટલાક વર્ષોથી કહેવાતા પ્રજાનાં સેવકો આપણા રાજકીય નેતાઓના બેસુમાર અને બેફામ ભ્રષ્ટાચારના કૌભાંડો બહાર આવ્યા છે. આવા ભ્રષ્ટાચારી નેતાઓ પર દાખલ થયેલ કેસોમાં કોર્ટમાં ચાર્જશીટો તો દાખલ થાય છે, ભ્રષ્ટાચારી નેતાશ્રીઓની ધરપકડ પણ થાય છે. પરંતુ યેનકેન પ્રકારે જામીન પર છૂટી જાય છે અને આવાઓ ઉપર કરવામાં આવેલ કેસોનો વર્ષો સુધી નિકાલ જ નથી આવતો. આવા કેસો સાયનાડાઈની રીતે જાણે કે અભેરાઈ પર મુકાઈ જાય છે અથવા લાંબી લાંબી મુદતો પર મુકાય છે.

રાજકીય ચંચુપાત એટલી હદે વધી ગયો છે કે રાષ્ટ્રપતિશ્રીની સહી કરેલ વટહુકમને પણ કોર્ટે બદલવાની અશોભનીય જવાબદારી બજાવી સરકારશ્રીને શરમજનક સ્થિતિમાં મુકાવું પડે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૯ ઉપર)**

વાર્તા

# સેક્ટર ઓગણીસ

• કેશુભાઈ દેસાઈ •

ફૂલીને સમજાતું નહોતું કે શું કરવું.

એકર જેટલી ભોંયમાં પથરાયેલો બંગલો. સામે વૈશાખની લૂ ખમીનેય લીલોછમ રહેતો બગીચો. ચાર ગાડાં સાથે જોતરી શકાય તેવો પાધર પટ રોડ. સાંકડું તો કશું નજરે જ નથી ચડતું, સિવાય આ પાછલી પછીતે આવેલું નેળિયું સરકારી બંગલાઓની પૂંઠ પાછળ જતો પગરસ્તો. અંધારું હતું છતાં આંખ ટેવાયા પછી અંદાજે બધું કળી શકાય એમ હતું. આટલી મોડી વેળાએ એ સર્વન્ટ ક્વાર્ટરની બહાર નીકળે તો ય ઊહાપોહ મચી જાય. ઘોડેસવાર પોલીસ રોડ વચોવચ થંભી જાય. કશીય લેવાદેવા વગર કુટાઈ મરે. બૂમ પાડવા જાય તે પહેલાં તો બરડો રાતોચોળ થઈ જાય. સાહેબલોકોની રખેવાળી કરનારા પૂછપરછ કરવા થોડા ઊભા રહે? સીધા જ મંડે દેવાડવા. અને બૂમ પાડીએ તોય સાંભળવા કોણ નવરું હોય રાતના અઢીવાગે? સર્વન્ટ ક્વાર્ટરમાં રહેનારાંને તો ખાખીવાળા શરૂથી જ શંકાની નજરે જોતા હોય. અહીં ચોરી કરવા કોઈ ડભોડિયા થોડા આવવાના હતા? ચોમેર કિલ્લેબંધી છે. તણખલું આઘું-પાછું કરવાની કોઈની તાકાત નથી, સિવાય કે ઘરકામ કરનાર નોકરચાકરની નજર બગડે. બાકી ચોકીપહેરો ભરનાર પોલીસવાળાને પણ બંગલાના દરવાજે જ ખોડાઈ રહેવું પડે છે પાળિયાની જેમ. સાહેબ ક્યારેક એમના કૂતરાને હવાફેર કરાવવા પૂરતી સર્કલ સુધી આંટો મારી આવવાની છૂટ આપે તે માફ.

આવા બંધિયાર વાતાવરણમાંથી બહાર કેમ નીકળવું એ જ મોટો ડુંગરા જેવડો સવાલ હતો. પણ કોઈક રસ્તો તો શોધવો જ રહ્યો. ગરજને ગધાડી અમથી નથી કીધી. આવતાં આવી જાય તો જવાયું, હવે બહાર નીકળવાનું અઘરું હતું. ફૂલીએ મણભારનો નિસાસો મૂક્યો. બંગલાના પાછલા દરવાજા ભણી નજર માંડીને બેસી રહી. લાઈટ કરવાની હિંમત પણ ન થઈ. જે બની ગયું હતું તે ન-બન્યું થોડું થવાનું છે? સાહેબ આખરે સાહેબ છે ને પોતે મામૂલી નોકરડી. ધારે તો કાળી રાતે ધક્કા મારીને કાઢી મૂકે, કશાય વાંકગુના વગર. પણ પોતે નીકળી જવા માગતી હોય તો ન જવા દે! મનમાં ચોર ખરા ને! શી ખાતરી કે ઠાકરડાની જાત બહાર જઈને પોતાની પોલ ઉઘાડી નહીં પાડે? એક વાર બાંધી મૂઠી ઊઘડી ગઈ તો આખી જિંદગી લગી એ ડાઘ ભૂંસાય નહીં. ભલે કશી સાબિતી ન રહેવા દે, કાગળ ઉપર દૂધે ધોયેલા બની બહાર નીકળી જાય પણ જે જાણી જાય એ વખત આવ્યે વગોવણું કર્યા વગર રહે ખરા? રાજકારણીઓના હાથમાં તો જાણે લાડવો જ આવી ગયો માનવો. કામ કઢાવવા કાજે દુખતી રગ દબાવ્યે રાખે. બહુ ફિશિયારી સારી નહીં, અડધી રાતે કેવા ધંધા કરો છો એની અમને ખબર નથી એમ રખે માની બેસતા!

એક તરફ એને સાહેબની દયા આવતી હતી, ને બીજી તરફ... ફૂલીની આંખો અંધારું ફંફોસી રહી. રાંડને આવી અવળી મત સૂઝી ત્યારે ને? નહીંતર આપણે મજૂરિયા મનેખને વળી આવા મોટા માણસને મોઢે ચડવાની શી જરૂર? મૂઈ હાથે કરીને કૂવામાં પડી છે - જાણતી હોવા છતાં કે પડ્યા પછી ડૂબ્યે જ છૂટકો થવાનો. ગમે તેટલી રાડો નાખશે તોય એને બહાર કાઢવા કોઈ હરિનો લાલ નવરો નથી. હજી તો પૂરાં સત્તર વરસ પણ થયાં નથી ત્યાં સાહેબ લોકોની આંખે ચડી ગઈ, મૂઈ પાર કઈ પેરે પડશે? ને સામો માણસ જાણશે એ દહાડે રાતે પાણીએ તગેડી નહીં મેલે કે! આ તો કોળીની જાત.

કેટકેટલું કરગરી હતી ત્યારે સરતાનપુરવાળા દલસંગજીના વંઠેલ છોકરા હારે સગાઈના ચાંલ્લાનો વેત બેઠો હતો. છ મહિના લાગલગાટ હડિયાપાટી કરી હતી. રૂપિયો ઝાલતી વેળાએ પાછું મેણું તો મણભારનું માર્યું હતું. જાણે મોટા દાનેશરી ન હોય, એમ પુછાતાં પંચાતિયાઓની હાજરીમાં જ વેવાઈએ ચાબખા માર્યા હતા : મરનારનું ભીખાજીનું માન રાખું છું. ફૂલબૈ! નક' હરતાંનપુરના ઠાકેડા હેઈડામાં નહીંઈ પડ્યા હોં કે!

એમના છોકરાને જુએ તો મારી પકુડી એના પટાવાળા તરીકે ય રાખવા તૈયાર ના થાય. એનો બાપ જીવતો હોત તો કાચની ઢીંગલી જેવી લાડકી માટે મોટો રાજકુંવર શોધી લાવત. આવા આડા ઊતરે તોય અપશુકન થાય એવા કાળા બિલાડાની કોટે તો હરગીજ ના વળગાડત બાપડીને. એનાંય કરમ કાઠાં, નહીંતર આવા આઈએએસ અમલદાર જેની પૂંઠળ લાળ ટપકાવતા હોય એવી ઇંદ્રના દરબારની અપ્સરા જેવી પકુડી એ તેતરાં મારી ખાનારા ભીલના ઓરડે શોભે ખરી? વગર લાઈટે આ બે વીઘાના બંગલામાં એનાં પગલાં પડતાંવેંત અજવાળું થઈ જાય છે, એની તો મોંકાણ છે! અમથો થોડો બોલાવી ગયો હશે, અડધી રાતની બસૂરી વેળાએ? સરગાપુરીમાં સરખી સાહેલીઓ સાથે કૂકા રમતાં ભૂલી પડી ગયેલી પકુડી કોઈ દેવાંશી બાળ હતી. પણ 'પરભવની વેરવણ કોઈ જાણે શું કામ મારા મજૂરણના કોઠે અવતરી' એનો ખુલાસો ફૂલીને લાખ મથામણ પછીય નહોતો મળ્યો.

એને થયું : હવે મારે આ વંતરીને વહેલી તકે વિદાય કરવી જ રહી. વાઘ લોહી ચાખી જાય તો એને માણસ સિવાયનો ભરખ ભાવતો નથી. સાહેબ પેંધો પડી જાય એ પહેલાં પણ સાહેબને તો માણસના લોહીથી જ મતલબ ને? એના મગજમાં વિચારોનું વાવાઝોડું ફૂંકાઈ રહ્યું. આ બંગલામાં પગ મૂક્યો તે જ દિવસે જાણે કબીરજી કાનમાં ફૂંક મારી ગયા હતા. આઈએએસ અને

આઈપીએસનાં પૂંછડાવાળા સાહેબ લોકો વિશે એણે ભાતભાતની વાતો સાંભળી હતી. અમુક જૂની પેઢીના દયાળુ જીવ નોકરચાકરને પંડની પ્રજા જેવાં લાડ કરતા હોવાનું પણ સાંભળેલું. ઘરમાં માથા સમાણી દીકરી હોય, અરમાનોનો અંબાર લઈને આવી ચડેલી ગભરુ પારેવડી જેવી વહુ હોય, ધણી-ધણિયાણી બેઉ ઊંચાં પદ પર પહોંચ્યા પછી રિટાયર થવાની તૈયારી કરતાં હોય - એવા અધિકારીના બંગલામાં નોકરી મળે તો શાનું જોખમ? ઊટલાનું સુખ જ સુખ, મહિને દહાડે કોઈને કોઈ બહાને બંગલામાં વાજાં વાગે, ખાણીપીણી ચાલે. કોઈની બર્થડે ઊજવાતી હોય તો કોઈની ઍનિવર્સરી. દીકરીને જિયાણે તેડી હોય તો એની સારસંભાળમાં ગોઠવાઈ જવાય. નોકરચાકરને પારકું લાગે જ નહીં. બલકે લાલપીળી લાઈટોના ઝબકારા ને લબકારા મારતી મોટરોમાં કાચ બંધ કરી મડમડીઓ હારે શૉપિંગમાં એમનાં બચકાં ઉપાડવા જવાનુંયે ગૌરવ જ લાગે. ધોમધખતા ઉનાળામાં એ લાખેણી લાડીઓ સમાણી ગાડીઓમાં પોષ મહિના જેવી ટાઢ વાય. નસીબદાર હોય એનો જ નંબર લાગે આવા સરકારના જમાઈઓની ચાકરીમાં...

રાંડ ફૂલી, લાખોમાં કોક એકાદ-બે જણને લાગે એવી લૉટરી લાગી છે તને તો. એ મનોમન પોતાના કિસ્મતના હિસાબ-કિતાબ માંડી રહી. પકુડીનો બાપ જીવતો હોત તો પોતે પીપળજના વગડામાં રઝળતી હોત. ભેંસો કાજે ચારના ભારા ઉથામી ઉથામીને ટાલ પડી ગઈ હોત. ઠાકોરભૈના આંગણામાં હાડકાંના માળા જેવી ગાભણી ભેંસની જેમ ખીલે બંધાઈને જીવતી હોત, મરવાના વાંકે. પકુડી આવી ત્યારે એની દાદીએ કેવા ચાબખા માર્યા હતા : માગતું લેણું વસૂલ કરવા પધાર્યાં છંઅ જોગમાયા...વાંહેને વાંહે કુળનો કંધોતર લઈ આવે ત્યારે ખરાં! નકર આ તો પારકા પાદરનું ધન. જીવશો ને જાગશો ત્યાં લગી એની આળપંપાળ કર્યામાંથી નવરાં જ નહીં પડો.

નસીબમાં કુળનો કંધોતર નહીં લખાયો હોય ત્યારે જ ને! ડોશીએ એમની કૂખે જનમતાં છોકરાં જીવતાં નહોતાં એટલે છેલ્લે અવતરેલા દીકરાને ભિખારવો કરીને રાખ્યો હતો. ભીખાજીને ભલ્લે ઠેકાણે પરણાવ્યા અને પરણાવ્યા પછી પૂરા બાર મહિનાય વીત્યા ન વીત્યા ત્યાં સરગાપુરીની અપસરા સમી પકુડીનાં પગલાં થયાં. 'પહેલા ખોળે લખમીજી પધારે એ તો શુકન ગણાય...' માડીએ મન વાળ્યું હતું અને પછી કાગ ડોળે વહુના પેટ સામે ટીકી રહેતાં - એ આશાએ કે પકુડીની પાછળ ને પાછળ એની રાખડીનો રખેવાળ પધારશે. વરસ વીત્યાં પણ રણુજાના રાજાએ એમની લાજ ના રાખી. ઊલટાનો એમનો અમી પિયાલો અડધે રસ્તે ઢોળાઈ ગયો.

સાસુનાં છેલ્લાં વરસ સાંભરતાંની સાથે ફૂલીની આંખોમાં આંસુનાં પૂર ઊમટી પડ્યાં. અરેરે, એવા ખાનદાન ઘરની વહુને આજે કેવા દહાડા જોવાના આવ્યા છે! સારું થયું કે બિચારું ઘરડું માવતર વેળાસર પલાણી ગયું. એ જીવતાં હોત તો પોતે પીપળજનો સીમાડો જ ન વળોટી શકી હોત. મરચું ને રોટલો ખાઈને જીવતાં હોત- કાઠા કરમનાં બેઉ મા-દીકરી. ચકુબેન સુખ લખાવીને આવ્યાં હશે ત્યારે જ ને! સાહેબ કહે છે : તને તો મારે કલેક્ટર બનાવવી છે કલેક્ટર. અને મૂઈને એને પણ સાયબાણી થવાના અભરખા જાગ્યા છે. ઘેર બેઠે કૉલેજની પરીક્ષાઓ આપે છે ને સારા ટકે પાસ પણ થઈ જાય છે. કોણ જાણે કેવડું મોટું નસીબ લખાવીને આવી હશે! નકર બંગલાની નોકરડી તે કચરાપોતાં કરે કે એને આમ અડધી રાતે સાહેબ આવીને એના બેડરૂમની રાણી બનાવવા લઈ જાય? જૂના જમાનામાં રાજા-બાદશાહ હતા. આજકાલ એમની જગ્યા આવા સાહેબલોકોએ ઝૂંટવી લીધી છે. ઈડરનો રાજકુંવર એની રાજવણ ઘોડી પલાણીને ડુંગરામાં રમવા નીકળતો. રસ્તે આવતાં ગામડાંમાં ખેતર શેઢે ચાર વાઢતી કોઈ રૂપાળી અલ્લડ છોકરી નજરે ચડે તો એનોય શિકાર થઈ જતો. આમ જુઓ તો આખી પુરુષજાત જ શિકારી. જેની જેવી પહોંચ.

અચાનક બંગલાનો પાછલો દરવાજો અડધોપડધો ઊઘડ્યો.

'ચાલ નીકળ હવે... રસના ચટકા હોય, કૂંડાં ના હોય!' એ હીબકાં ભરી રહી હતી.

'મને કાંઈ થઈ જશે તો? દુનિયા આગળ મોઢું કઈ રીતે બતાડીશ?' એ ડીમલાઈટના અજવાશમાં પકુડીએ હિંમત કરીને પૂછી નાખ્યું : 'બોલો, તમે જવાબદારી લેશો?'

ફૂલી કાન માંડીને બેઉનો મીઠો વિવાદ સાંભળી રહી હતી. 'તમે રહ્યા મોટા આઈએએસ અધિકારી. મામૂલી કામવાળીની છોકરીને-' એ વધુ કંઈ કહે એ પહેલાં પુરુષનું આશ્વાસન કાને પડ્યું : 'કહું છું અત્યારે આ શી મોંકાણ માંડી છે? તને મારી ઈજ્જતની તો કશી પડી જ નથી.'

ફૂલીથી ન રહેવાયું. એ સર્વન્ટ ક્વાર્ટર્સનું બારણું ખોલીને બહાર આવી ગઈ. 'ઈજ્જત તો અમારે ગરીબ લોકોનેય હોય છે સાહેબ!' એટલું કહીને એણે હાથ લંબાવીને પકુડીને ધધેડવા માંડી : 'ચાલ હવે છાનીમાની સૂઈ જા' ક્ષણવાર પૂરતો સન્નાટો છવાઈ ગયો. સાહેબ ચોર પગલે બંગલામાં સરકી ગયો.

ને ફૂલી એની લાડકીને છાતીમાં ઢબૂરી મૂંગાં આંસુ સારી રહી.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

# મર્સીકિલિંગ?

• ડૉ. સતીષ પટેલ •

બબ્બે દિવસ સુધી સતત અને ગહન મનોમંથન કર્યા બાદ ડૉ. કશ્યપ દેસાઈ પાંચમી વાર એ જ નિર્ણય પર આવ્યા : મર્સીકિલિંગ! એમના સંસારમાં અણધારી જન્મેલી અજીબોગરીબ સમસ્યાનો અંત આ શબ્દમાં જ નિહિત છે એવું એમને ઊંડેઊંડે પ્રતીત થતું હતું, એટલે જ તો એમનું મન ચકરાવા ખાઈખાઈને ગીધપક્ષીની જેમ આ શબ્દ પર વારંવાર ઉતરાણ કરતું હતું.

ઊંઘની દવાનો મરણતોલ ડોઝ ઈન્જેક્શન દ્વારા એ કમનસીબને આપવામાં આવે... એ ચિરનિદ્રામાં સરી પડે અને નિદ્રા જ એને મૃત્યુના મુખ સુધી દોરી જાય. મર્સીકિલિંગની આવી મોડસ ઓપરેન્ડી એમણે ઘડી કાઢી હતી અને ઘૂંટીઘૂંટીને દિમાગમાં અંકિત કરી હતી. એક ડૉક્ટરની હેસિયતથી આ કરતૂતને અંજામ આપવો એ એમના માટે રમત વાત હતી એ ખરું, પરંતુ એ રમત ન હતી એ પણ એટલું જ ખરું. તેથી જ તો એમનું મન ઢચુપચુ થયા કરતું હતું. એમના ખોળિયામાં વસવાટ કરતો ડૉક્ટર એમને ડારતો હતો. વળી, મર્સીકિલિંગ એ તો દયામૃત્યુ છે - એવા સુંવાળા ઓઠા હેઠળ કોઈનું જીવન ઝૂંટવી, અંગત સમસ્યાને ખતમ કરવાનું આ ઑપરેશન એમના ઉમદા તબીબી વ્યવસાય સાથે સુસંગત નથી, એવું એમને ઊંડેઊંડે ખટક્યા કરતું હતું. તેથી જ તો એમના હાથ હેઠા પડતા હતા અને પગ પાછા પડતા હતા.

પરંતુ મર્સીકિલિંગનો વિકલ્પ પણ ક્યાં હતો? તો પછી વિલંબ અને વિટંબણા શા માટે?

ચકરાવે ચડેલ ડામાડોળ મનને શાંત કરવા એમણે ડાબે-જમણે ગોથાં ખવડાવતી રિવૉલ્વિંગ ચેરને સ્થિર કરી. આંખો બંધ કરી એકાગ્રતા સાધી, કૃતસંકલ્પ બની, કેસરિયાં કરવાના હોય એમ કમર કસી અને મર્સીકિલિંગને યથાર્થ સ્વરૂપે અમલમાં મૂકવા મનમાં વાળેલ ગાંઠ ઉપર બીજી ગાંઠ વાળી.

એમની નજર સમક્ષ ટેબલ પર આહ્વાન આપતી હોય એમ સીરીંજ પડી હતી. તેઓ ઊભા થયા અને સીરીંજ પકડવા હાથ લંબાવ્યો, પરંતુ વીંછી પકડવા જતા હોય એમ હાથ કંપવા લાગ્યો. ક્ષણવારમાં તો કંપનનું મોજું વીજળીવેગે અંગેઅંગને લખલખાવી ગયું. કુસ્તીના પ્રથમ દાવમાં જ ચીત થઈ ગયેલ પહેલવાનની જેમ તેઓ ઢીલાઢફ થઈ ખુરશીમાં ફસડાઈ પડ્યા. નિરાશા ખંખેરવા એમણે માથું ધુણાવ્યું અને ખુદની અક્ષમતાની દાઝ ટેબલ પર ઠાલવતા હોય એમ મુક્કીઓ પછાડી અને પછી ટેબલની ધાર પર માથું ટેકવી પડ્યા રહ્યા. તેઓ તો પાણીમાં બેસી ગયા હતા, પરંતુ એમના ખોળિયામાં ભરાયેલ શેતાન એમને પારોઠનાં પગલાં ભરતાં રોકતો હતો. ધૂંસરી સમેત ઝૂકી પડેલ ઢાંઢાને ઊભો કરવા ખેડૂત ઘોંકાવે એમ શેતાની વિચારો એમને ડચકારવા લાગ્યા : આવા પડકારયુક્ત કાર્યમાં વેવલાવેડા ન ચાલે... સમસ્યા સાથે સંતાકૂકડી રમવાનો આ વખત નથી. સમયમર્યાદામાં આ કાર્ય આટોપી લેવું જોઈએ, નહીં તો બધું ઉઘાડું પડી જશે.

આજ્ઞાવશ થઈ એમણે ધડ પર મણ ગોઠવતા હોય એમ બોઝલ માથું ઊંચક્યું, ઊંડા-ઊંડા શ્વાસ લઈ સ્વસ્થતા પ્રાપ્ત કરી અને ઘવાયેલ સૈનિકની જેમ પ્રયત્નપૂર્વક ટેબલનો ટેકો લઈ ઊભા થયા. અને શકરો શિકાર પર તરાપ મારે એવી ચીલઝડપે સીરીંજ પકડી. પણ વર્ષોથી જેને રમકડાની જેમ રમાડતા હતા એવી ત્રણ તસુની કચકડાની સીરીંજ આજે એમને ગાંડીવ ધનુષ્ય જેટલી ભારે લાગી. આ પૂર્વે કદી નહીં ને આજે એકાએક એમને વીર અર્જુન પર માન થઈ આવ્યું. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર વિષાદમુક્ત થયા પશ્ચાત એણે ભાઈ-ભત્રીજાઓની લોથો ઢાળી કેવું અદ્‌ભુત શૌર્ય પ્રદર્શિત કર્યું હતું! અને હું! તેઓ સ્વયંની તુલના અર્જુન સાથે કરી બેઠા. મારે તો માત્ર એક જ જીવાત્માને નિષ્પ્રાણ કરવો છે અને તે પણ લોહીનું એક ટીપું વહાવ્યા વગર, તો પછી કાપુરુષની જેમ હાથ કેમ ધ્રૂજે છે? સરી જતા સંકલ્પને ટકાવી રાખવા એમણે સીરીંજ પરની પકડ મજબૂત કરી અને ધનુષ્ય પર તીર ચડાવતા હોય એમ નીડલ ચડાવી, સંકલ્પની પ્રત્યંચા ખેંચી મન મક્કમ કર્યું. ખાનગી કબાટ ખોલી એમાંથી ઘેનની દવા ફિનોબાર્બિટોનનું વાયલ સરકાવી હાથમાં લીધું અને એની સામે મીટ માંડી.

અંગૂઠા જેવડા વાયલમાં પ્રવાહી સ્વરૂપે અનેક મૃત્યુ ઠાંસીઠાંસીને ભર્યાં હતાં! એમણે આદતવશ વાયલને હલાવ્યું. મૃત્યુ તળે ઉપર થવાં લાગ્યાં! એ જોઈ એમના ચહેરા પર યમદૂતનું હાસ્ય પ્રગટ્યું. આવા તંગ વાતાવરણ વચ્ચે પણ એમના મનમાં એક મલિન વિચાર ઉદ્‌ભવ્યો : કહેવાય છે કે મૃત્યુ ઈશ્વરના હાથમાં હોય છે; પરંતુ એ અર્ધસત્ય છે. હા, કોઈ એમ કહે કે મૃત્યુ ડૉક્ટરના હાથમાં છે, તો એ પૂર્ણ સત્ય છે. પુનઃ એમણે વાયલ સાથે દિમાગને ડહોળ્યું. તળિયેથી ઊઠી એક ડહોળો વિચાર સપાટી પર આવ્યો : આજદિન સુધીની મારી પ્રેક્ટિસ દરમિયાન મેં કેટકેટલાં દર્દીઓને જિંદગી ભેટમાં આપી છે! એક-બે નહીં, સેંકડો...હજારો! બદલામાં એકાદ મૃત્યુનો અધિકાર મને પણ બોનસમાં મળે કે નહીં?

"ના!" ગેબી અવાજ સંભળાવ્યો.

તેઓ ચોંક્યા. ત્વરિત ઝડપે દવાનું વાયલ ઍપ્રનના ખિસ્સામાં સરકાવ્યું અને

સીરીંજ ટેબલ પર જૈસે થે મૂકી, છોભીલા થઈ આસપાસ કુતૂહલવશ નિરીક્ષણ કરવા લાગ્યા. કોઈ ન દેખાયું, તેથી તેમને થયું : ભ્રમણા થઈ કે શું?

તેઓ કાંઈ સમજે ત્યાર પહેલાં ગેબી અવાજે વાતનો તંતુ જોડ્યો : "સહસ્રો દર્દીઓનાં જીવનમાં પ્રાણ ફૂંકે, તથાપિ ડૉક્ટરને એક પણ હત્યા કરવાનો અધિકાર પ્રાપ્ત ન થાય, ડૉક્ટર કશ્યપ દેસાઈ!"

ડૉક્ટર દેસાઈને હવે એ સમજાઈ રહ્યું હતું કે આ સંવાદ અંતરાત્મા સાથે રચાઈ રહ્યો છે.

"તમે જે કૃત્ય કરવા જઈ રહ્યા છો તે હત્યા ન કહેવાય?"

"ના, એ મર્સીકિલિંગ કહેવાય." સંવાદમાં શેતાન જોડાયો.

"તમારું એથિક્સ તમને મર્સીકિલિંગની પરવાનગી આપે છે?"

આ પ્રશ્નનો ઉત્તર ડૉ. દેસાઈ પાસે 'ના' માં હતો, એટલે તેઓ નિરુત્તર રહ્યા.

"તમે સર્જનહાર દ્વારા નિર્મિત કાનૂનનો ભંગ કરવા જઈ રહ્યા છો."

"સર્જનહાર! ઠીક યાદ દેવડાવ્યું તમે." અંદરથી આક્રોશ ઊઠ્યો : "સર્જનહારે જ તો કાનૂનભંગ કર્યો છે અને તેની સજા હું ભોગવી રહ્યો છું તેનું શું?"

"એ વળી કઈ રીતે, ભલા?"

"મેં અને સુધાએ સંતાનપ્રાપ્તિની ઝંખના સંતોષવા પથ્થર એટલા દેવ પૂજ્યા હતા. સુધાએ તો સર્જનહારને રીઝવવા ખોળો પાથરી પાથરી આજીજી કરવામાં કોઈ મણા રાખી ન હતી. પણ સર્જનહારે અમારી પ્રાર્થનાનું ફળ કેવું આપ્યું? જે આપ્યું તેને શું કહેવાય? કહેશે કોઈ?" આવેશમાં ભાન ભૂલી એમણે તાબોટા પાડ્યા. એમના દૃષ્ટિપટ પર સુધાની સોડમાં સૂતેલું નવજાત શિશુ તરવરવા લાગ્યું. એમને કમકમાં આવી ગયાં. આંખોમાં રક્તની ટશરો ફૂટી આવી અને તેઓ ખરેખર બરાડી ઊઠ્યા : "શું કહેવાય એને? છોકરો કે છોકરી? આવી મજાક!"

ક્રોધાવેશે એમના સંકલ્પને ઉશ્કેર્યો. એથિક્સની ઐસી કી તૈસી કરતો હોય એમ એમની અંદરનો બંડખોર બેઠો થયો. વિવેકબુદ્ધિને તાળું મારતા હોય એમ એમણે કન્સલ્ટિંગ રૂમનાં બારણાંને સ્ટોપર મારી અને ખિસ્સામાં સરકાવેલું દવાનું વાયલ બોચીમાંથી પકડી બહાર કાઢ્યું. સીરીંજ ઉઠાવી અને એની નીડલ વાયલના બૂચમાં ઘોંચી...ખચ! નીડલ એમની ખુદની માંસપેશીઓમાં ભોંકાઈ હોય એવો એમણે થડકો અનુભવ્યો. હૃદય એક ધબકાર ચૂકી ગયું અને બીજી જ ક્ષણે બમણા વેગથી ધબકવા લાગ્યું.

ઘેનની દવાયુક્ત પ્રવાહી ખેંચાઈને સીરીંજમાં એકઠું થવા લાગ્યું. જાણે કે મૃત્યુ કૂવામાંથી સિંચાઈને ઘડામાં ભરાયું. સીરીંજ બે મિ.લિ. દવા ગટગટાવી ગઈ એટલે એમણે હાઉં કર્યું અને મનોમન બબડ્યા : આટલું તો બસ થઈ પડે, એને ચિરનિદ્રામાં પોઢાડવા માટે... થોડાં તરફડિયાં... થોડાં વલખાં... થોડી ક્ષણો અને પછી ૐ શાંતિ!

એમણે તીક્ષ્ણ નજરે વિષકન્યા જેવી સીરીંજ સામે જોયું. જોયા જ કર્યું... અચાનક ડિસ્પેન્સરીની બગલમાં થતો ગોકીરો એમના કાને પડ્યો. માણસોનું ટોળું વાહનવેગે ધસી આવતું હોય એવા હાકલા-પડકારા એમના કાને અથડાયા : "પકડો... એને... પકડો... મારો... મારો..." એમના દિમાગમાં કાગારોળ મચી ગઈ. ગોકીરો ખંખેરતા હોય એમ તેમણે આમથી તેમ માથું ધુણાવ્યું અને પછી બરાડ્યા : "બંધ કરો આ બધું..."

કન્સલ્ટિંગ રૂમમાંથી ઊઠેલી રાડના પડઘા શમે ત્યાર પહેલાં કોઈએ બારણું ઠોક્યું. દુઃસ્વપ્નમાંથી સફાળા જાગ્યા હોય એમ ડૉ. દેસાઈ ચમક્યા. કપાળ પરનો પરસેવો લૂછ્યો. દવા ભરેલ સીરીંજ ઝટપટ ટેબલ પર ગોઠવી અને બારણું ખોલ્યું. જુએ છે તો સામે કમ્પાઉન્ડર ચિંતિત વદને ઊભો હતો. એણે લાગલું જ પૂછ્યું : "મને બોલાવ્યો, સાહેબ?"

"આટલો શોરબકોર શાનો થાય છે?" ડૉ. દેસાઈના શબ્દોમાં ઉગ્રતા છતી થતી હતી.

જવાબ આપવાની ફરજ ચૂકી કમ્પાઉન્ડર ડૉ. દેસાઈનો ચહેરો વાંચતો હોય એમ ઊભો રહ્યો. એની નજરથી ડૉક્ટરના ચહેરા પર ક્રોધની આડમાં છુપાયેલો ભય અછાનો ન રહ્યો. થોડી વારે દબાતા સૂરમાં એ બોલ્યો : "સાહેબ! પાછલી ગલીમાં એક મવાલી ખુલ્લી છરી હારે પકડાયો છે. લોકો કે' છે, સગા દીકરાનું ખૂન કરવા આવ્યો' તો, કસાઈ! માણસોએ એને ઢીબીઢીબીને અધમૂઓ કરી નાખ્યો છે."

કમ્પાઉન્ડરનું આ વૃત્તાંત સાંભળી ડૉક્ટર દેસાઈના મોઢા પર શાહી રેડાઈ ગઈ. એમણે ચહેરાના ભાવ છુપાવવા પીઠ ફેરવી અને હાથથી ઈશારો કરી કમ્પાઉન્ડરને જવાનો સંકેત કર્યો. કમ્પાઉન્ડરે બારણું ધીરેથી ટેકવ્યું. એટલી વારમાં તો કોઈ તમાશો જોવામાં મોડી પડી હોય એમ આયા અધ્ધર શ્વાસે આવી પહોંચી અને પૂછ્યું : "શું થયું, પરસોત્તમ?"

કમ્પાઉન્ડરે કોઈ પ્રતિભાવ ન આપ્યો અને શૂન્યમનસ્ક નીચી મૂંડીએ જ બેઠો રહ્યો, પણ આમ વાતનો કેડો મૂકે તો એ

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

આયા શાની! એણે કમ્પાઉન્ડરનું મોઢું ખોલાવવા એને ઉશ્કેર્યો :

"મોઢામાં મગ ભરીને બેઠો છે મીંઢો! એલા ઈ તો કે, સાહેબને સૂરે તો છે ને?"

"આપણાથી એવું પુછાય? અક્કલમઠાં છો તમે તો! જાઓ, કામ કરો કામ."

પરસોત્તમે લગભગ વડચકું જ ભર્યું, પરંતુ મરેલા પશુ પાસેથી કૂતરું ખસે નહીં એમ નીંભર આયા ચીટકી જ રહી. વાતનો તાગ મેળવવા એણે પરસોત્તમને સંકોર્યો :

"હેં પરસોત્તમ! હું એમ પૂછું છું કે, તારે ત્યાં ઘોડિયું બંધાણું તયેં આપણા સાહેબે આખા સ્ટાફને આઈસક્રીમ ખવડાવ્યો હતો કે નંઈ?" આટલું પૂછી એ પરસોત્તમનો પ્રત્યુત્તર જાણવા એના મોઢા સામે તાકી રહી, પણ પરસોત્તમે મોઢું સીવેલું જ રાખ્યું, એટલે એ આગળ બોલી : 'આવા દુલા રાજા, સુધા મૅડમને ડિલિવરી આવી તોય આપણને મીઠું મોઢુંય નો કરાવે એમ નો બને, હો! ઊંહું... તું ભલે નો માન, પણ મારું મન કે'છે : કાંઈક તો છે, હો ભાઈ! નકર સાહેબ આમ ખોવાયેલા-ખોવાયેલા નો લાગે હોં!" કહેતાં આયાએ બળપૂર્વક ઉચ્છ્‌વાસ ફેંક્યો અને ઝાડુ ફેરવવાનું નાટક કરવા લાગી. થોડી વારે એણે ત્રાંસી નજરે પરસોત્તમ સામે જોયું, પણ એ મોઢે તાળું મારીને બેઠો હતો, એટલે એણે પરસોત્તમનું મોઢું ખોલાવવા ચાવી ચડાવી : "એલા બોઘા! સાહેબે તને નાના ભાઈની જેમ રાખ્યો છે ઈ તો વિચાર..." પણ પરસોત્તમ બુત બની બેઠો રહ્યો. આખરે આયાએ સીધું તીર ફેંક્યું :

"હેં, પરસોત્તમ! સુધા મૅડમને શું આવ્યું : બાબો કે બેબી?"

આ પ્રશ્નથી પરસોત્તમ વીફર્યો. એણે ડોળા કાઢ્યા અને ગર્જ્યો : "તમે જ પૂછી આવો ને? પારકી પંચાત કરો છો તે?"

આખરે આયાએ વાતનો તંત પડતો મૂકવો પડ્યો અને નિરાશ થઈ એણે પીઠ ફેરવી.

ડૉ. દેસાઈના દિમાગમાં આવેલો આવેગોનો ઊભરો પણ શમી ગયો હતો. એમણે ઊભા થઈ ફ્રીજમાંથી બોટલ કાઢી પાણી પીધું અને બારી ખોલી ખુલ્લી હવા શ્વાસમાં લેવા ઊભા રહ્યા. ઘર અને ડિસ્પેન્સરી અલગબગલમાં એક જ કમ્પાઉન્ડમાં આવેલાં હતાં. બારીમાંથી ઊડી એમની નજરે સીધું ઘર પર ઉતરાણ કર્યું. ઘરમાં પથરાયેલ સૂમસામ શાંતિ ડરામણી લાગી એટલે નજર ફફડતી ઊડી અને કમ્પાઉન્ડમાં ઊભેલા ગુલમહોરના વૃક્ષ પર ઊતરી. ગુલમહોરને જોઈ તેઓ ઝંખવાણા પડી ગયા. કુટુંબના બુઝુર્ગની નજરે કોઈ કુકર્મ કરતાં પકડાઈ ગયા હોય એમ શરમિંદા બની ગયા. એમના દિમાગમાં ગુનાઈત ભાવ પ્રગટ્યો.

ડૉ. દેસાઈના પરિવાર માટે આ ગુલમહોર માત્ર વૃક્ષ નહીં, પરંતુ એ ઉપરાંત ઘણું બધું હતું. આ વૃક્ષે ડૉ. દેસાઈના બાળપણને છાંયો કરી, હેતે રમાડી વડીલની ગરજ સારી હતી. સુધાનું આગમન ડૉ. દેસાઈના જીવનમાં થયા પશ્ચાત્‌ બંનેએ લગભગ દરેક સાંજ આ વૃક્ષની છાયામાં બાંકડા પર બેસી યાદગાર બનાવી હતી. સાંજ પણ ગુલમહોરને પૂછીને જ ઢળતી હતી!

એમના દાંપત્યજીવનના શિલાલેખ જેવું આ વૃક્ષ આજે સ્થિતપ્રજ્ઞ ઋષિની જેમ મૂક તો પણ ગમગીન બની ઊભું હતું. એ વ્યથિત છે એટલું સમજી શકે એટલી સૂઝબૂઝ તો ડૉ. દેસાઈમાં બચી હતી. એમનું હૃદય પણ ખિન્ન થઈ ગયું. એમના ચિત્તપટ પર ગુલમહોરની સાક્ષીએ ભૂતકાળમાં ભજવાયેલ એક ચિરંજીવ દૃશ્ય તાજું થઈ આવ્યું.

નિત્યક્રમ મુજબ તે સાંજે તેઓ અને સુધા ગુલમહોર નીચેના બાંકડા પર બેઠાં હતાં. અલકમલકની અને આનંદપ્રમોદની વાતો કરવાનો શિરસ્તો છોડી સુધાએ એક નવો જ વિષય છેડ્યો હતો :

"કશ્યપ!"

"હં."

"ગુલમહોરનું આ વૃક્ષ તમે જોયું?"

"વર્ષોથી જોઈએ છીએ, એમાં નવું શું છે?"

"છે. તમે આજ સુધી એનું બારીકાઈથી નિરીક્ષણ નથી કર્યું. હું તમને એના અસલ સ્વરૂપનાં દર્શન કરાવું."

સુધાનો તે દિવસનો રંગ મેઘધનુષ્યના રંગોની બહારનો રંગ હતો. એના શબ્દોમાં ઘેરું ઊંડાણ હતું. એ ફિલસૂફની અદાથી બોલતી હતી : "તમે એ નોંધ્યું કે જેમજેમ એ વૃદ્ધિ પામતું જાય છે તેમતેમ આપણો પ્રેમ દિન-પ્રતિદિન મહોરતો જાય છે."

"તારી એ વાત સાથે હું સંમત છું, પરંતુ એમાં પાનખર આવે છે ત્યારે એ ગરીબડું થઈ જાય છે!"

"ઊંહું...પાનખરમાં તો મને એ ઔર ગૌરવશાળી લાગે છે!"

સુધાના એ કથનમાં ગર્ભિત ઈશારો પામવા પૂછ્યું હતું : "એ કઈ રીતે વળી?"

"પ્રકૃતિ પાસે એણે આપણા જીવનની બધી જ પાનખર માગી લીધી હશે અને એના હિસ્સાની સઘળી વસંતો આપણને ભેટ ધરી હશે! નહીં તો આપણું આવું અતિપ્રસન્ન દાંપત્ય ન સંભવે! આજે આ ઋષિતુલ્ય ગુલમહોરની સાક્ષીએ તમારી પાસે વચન માગું છું...આપશો ને?"

Dhiren Shah - Director
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL　WAVES　ULTIMA　voltex　Winner
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

હકારમાં મૂંડી હલાવવા સિવાય ક્યાં કોઈ વિકલ્પ હતો?

તેણે ઊભા થઈ પર્સમાંથી બે દોરા કાઢ્યા હતા : એક લાલ અને બીજો સફેદ! આ કૌતુક જોઈ પૂછ્યા વિના રહેવાયું ન હતું : "આ વળી શું, વૃક્ષપૂજા?"

"તમે બસ જોયા કરો - આગે આગે હોતા હૈ ક્યા..." કહેતાં એણે ગુલમહોરની ડાળે બંને દોરા બાંધ્યા હતા.

કુતૂહલવશ આ કૌતુક નિહાળ્યા બાદ પૂછ્યા વગર રહેવાયું ન હતું : "હવે તો તમારા આ જાદુઈ ખેલનું રહસ્ય ખોલો, મેડમ!"

"જુઓ, આ લાલ દોરો એટલે હું અને સફેદ દોરો એટલે તમે. બાળસહજ નિખાલસતાથી સુધા બોલતી હતી ત્યારે એ કેટલી વહાલી અને ભોળી લાગતી હતી!

"પરંતુ આ કચ્ચે ધાગે ગુલમહોરની ડાળે બાંધવાનું પ્રયોજન?"

ક્ષણેક મૌન સેવી આંખો સામે આંખો માંડી એ ભાવુકતાથી બોલી હતી : "તમે આપેલ વચનનું આ ગુલમહોર સાક્ષી બની રહે એટલે."

સુધા તે દિવસ ન સમજાઈ તે ન જ સમજાઈ, એટલે વાતને આગળ ધપાવવા પૂછ્યું હતું : "બસ! બે જ દોરા - મારો અને તારો? ત્રીજો કેમ નહીં?"

"એ ત્રીજો દોરો તમારે બાંધવાનો છે...દિલ સે."

"કેવા રંગનો?"

"આપણા સંસારમાં પુત્ર જન્મે તો સફેદ અને પુત્રી પગલાં પાડે તો લાલ." આટલું કહી એ મીઠડું-મીઠડું હસી હતી અને પછી નજીક સરકી હાથમાં હાથ લઈ ભીના સ્વરે બોલી હતી : "વચન આપો...બાંધશો ને?"

ઓહ માય ગૉડ! વિષયને ચોટદાર શૈલીથી પ્રતીકાત્મક સ્વરૂપે રજૂ કરવાની કળા તો કોઈ સુધા પાસેથી શીખે. એની શરણાગતિ સ્વીકાર્યા સિવાય ક્યાં છૂટકો હતો, એટલે એના હાથ પર હાથ મૂકી વચન આપ્યું હતું : "લો, આ વચન આપ્યું, બસ! પણ એ દોરો બાંધવાનો છે ક્યારે?"

"સમય આવે ત્યારે."

"એ સમય ક્યારે આવશે?" કોણ જાણે કેમ પણ આવું પૂછતાં દિલમાં ગુદગુદી થઈ રહી હતી!

"તમે તો ભારે અધીરા! નવ માસ પણ ધૈર્ય નહીં ધરી શકો!"

"ધત્તેરીકી...!" પછી તો દિલમાં આવેલી ભરતીમાં ડૂબી જવાયું હતું, એટલે આગળ ક્યાં કાંઈ બોલાયું હતું! તે દિવસે ગાંડાને પણ ડાહ્યો કહેવડાવે એવો મર્યાદા ભૂલીને નાચ કર્યો હતો, કેમ ભુલાય! અને ગુલમહોર! એ પણ મોર બની નાચ્યું હતું. દિલમાં ઊઠેલી પ્રેમાનંદની ભરતી આંખોમાં છલકાતી હતી અને એને સજળ નેત્રે સુધા નિહાળતી હતી.

ડૉ. દેસાઈની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી, પણ તેઓ તો ભૂતકાળમાં ખોવાઈ ગયા હતા. જ્યારે એમનાથી એક ડૂસકું મુકાઈ ગયું ત્યારે વર્તમાનમાં આવ્યા. ફરી એમની નજર સમક્ષ એ ઘર અને ઘરના કમ્પાઉન્ડમાં ઊભેલ ગુલમહોર તાદૃશ જીવંત થયાં. ગરીબડું ગુલમહોર ડાળ લંબાવી, સુધાને આપેલ વચન યાદ દેવડાવતું હતું, પરંતુ ડૉ. દેસાઈના દિમાગને પ્રશ્ન સતાવતો હતો : દોરો તો બાંધું, પણ કેવા રંગનો? તેઓ ક્ષમા યાચતા હોય એમ ગુલમહોર સામે લાચાર વદને ઊભા રહ્યા.

અચાનક ફોનની ઘંટડી રણકી. એમણે રીસિવર ઉપાડ્યું.

"હેલો, કશ્યપ!"

"હા, મોટી બહેન!"

"અરે, ભઈલા! તેં તો ભારે કરી હો! સુધાને ડિલિવરી આવ્યાને બે દિવસ થઈ ગયા અને એ ન્યૂઝ અમને થર્ડ પાર્ટી આપે!"

"બધું અચાનક થઈ ગયું, મોટી બહેન!" આટલું કહેતાં એમનો અવાજ તરડાઈ ગયો.

"પણ, બહેનને એક ફોન તો કરવો જોઈએ ને? કહ્યું હોત તો અમે મારતે ઘોડે આવી, ખડે પગે હાજર રહેત. આવી વેળાએ બહેન જ ખપ લાગે! તારા બનેવી ધોખો કરતા હતા. ઠીક છે, જવા દે એ વાત, તું ચિંતા ન કરજે. અમે અબીહાલ નીકળીએ છીએ...પણ પહેલાં એ તો કહે, શું આવ્યું સુધાને? બાબો કે બેબી?"

આ સવાલ સામે એમની જીભ સિવાઈ ગઈ. એમનામાં જવાબ આપવાના હોશકોશ ન રહ્યા, પણ સામેથી પ્રશ્ન દોહરાયો : "કશ્યપ! કહે તો ખરો, બાબો કે બેબી?"

"મોટી બેએએએએન...." એકાએક ડૉ. દેસાઈના માંહ્યલામાંથી શબ્દવિસ્ફોટ થયો. એમનું સમગ્ર અસ્તિત્વ વેરણછેરણ થઈ ગયું. ઢીંચણ વળી ગયા એટલે તેઓ જમીન પર બેસી ગયા અને બંને ઢીંચણના ટેકે માથું ટેકવી ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યા. જાતને ભૂલીને રડતા જ રહ્યા - રડતા જ રહ્યા અને એમની આંખોમાંથી દડદડતાં આંસુઓ સાથે વિષાદ ઓગળીને ઓસરતો રહ્યો.

રડીરડીને વિષાદમુક્ત થયા એટલે શરીરને એમણે શવાસનમાં ગોઠવ્યું. મનોમંથનોનાં ભૂતોના વળગણમાંથી

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

છૂટ્યાની હાશ હવે તેઓ અનુભવી રહ્યા હતા. મનના ખૂણેખાંચરેથી વિષાદનો ધુમાડો અદશ્ય થઈ ગયો, એટલે એમને એ સ્પષ્ટ સમજાયું કે જે કાંઈ નિર્ણય લેવાનો છે તે એણે ખુદને જ લેવાનો છે. અર્જુન અને કૃષ્ણની બેવડી ભૂમિકા એણે ખુદને જ ભજવવાની છે. મોટી બહેન આવી પહોંચે ત્યાર પહેલાં સમયસીમાની અંદર 'બાબો કે બેબી?' એ સવાલનું અસ્તિત્વ જ ખતમ કરવાનું છે. એ આવી પહોંચે ત્યાર પહેલાં આ કાર્યને આખરી અંજામ નહીં આપવામાં આવે તો એમ સમજવું કે સ્ટે ઓર્ડર આવ્યો.

જાતને મેદાનમાં ઉતારવા તેઓ માથું ઊંચકી સજ્જ થયા અને બંને હાથનાં આંગળાં એકબીજામાં ગૂંથી, બેવડી મુઠ્ઠી વાળી, કપાળ પર ઠપકારી. દિમાગ આંદોલિત થઈ ઊઠ્યું. ભીતર સંકલ્પ-સિદ્ધિનો શંખ ફૂંકાયો : મર્સીકિલિંગ! એમની રગોમાં પ્રાણસંચાર થયો, અર્જુનની બરાબરી કરી શકે એવું શૌર્ય પ્રગટ્યું અને એમણે ટેબલ પર પડેલ સીરીંજ ગાંડીવ ઉઠાવતા હોય એમ ઉઠાવી. આકાશવાણી થતી હોય એમ 'ગીતા' ના કંઠસ્થ શબ્દો એમના કાનમાં ગુંજારવ કરવા લાગ્યા : જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત છે. "જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ...એનું મૃત્યુ તારા હાથે થશે તો પણ તું તો માત્ર નિમિત્ત છે." "ગીતા" ના આ શબ્દોમાં એમણે અંગત મંતવ્યોનો સૂર પુરાવ્યો : જેમાં પુરુષત્વ કદી પાંગરે નહીં અને સ્ત્રીત્વ કદી મહોરે નહીં એવું જીવન હોય કે ન હોય, શો ફરક પડે? આમ પણ એને જીવીને સિદ્ધ શું કરવાનું છે? હાંસીપાત્ર બનીને હસતા રહેવાનું અને તાબોટા પાડીપાડી અંદરની પીડાને ઉડાડ્યા જ કરવાની ને!

અને...એમણે માનવીય મર્યાદાઓ અને ડિસ્પેન્સરીનો ઉંબરો ઓળંગ્યો. આગળ ધપ્યા. ગુલમહોર પાસેથી દબાતાં પગલે નતમસ્તક પસાર થયા અને સુધાના બેડરૂમનાં બંધ બારણાં પાસે આવી ઊભા. બારણું ખોલતાં પહેલાં એમણે દિમાગમાં શબ્દો ગોઠવ્યા : સુધા પૂછે તો એટલું કહેવાનું છે કે એ શિશુને વેક્સીનનું ઈન્જેક્શન આપવાનું છે, બસ! એથી આગળ એ ક્યાં કાંઈ પૂછવાની છે? મક્કમ થઈ એમણે બારણું ખોલ્યું.. અને...

એમણે જે દશ્ય જોયું એનાથી એમના હોશકોશ ઊડી ગયા, ચીસ પડાઈ ગઈ : "સુધા...આઆઆ..."

સુધાના હાથ એ કમનસીબ નવજાત શિશુના ગળાને કપડું નિચોવતા હોય એમ મરડી રહ્યા હતા. તે તરફડિયાં મારી રહ્યું હતું. ડૉ. કશ્યપ સીરીંજનો ઘા કરી પાગલની માફક દોડ્યા, પરંતુ તેઓ કાંઈ કરી શકે ત્યાર પહેલાં તો એ શિશુના શ્વાસ શમી ગયા. "બાયબાય!" કહેતું હોય એમ એના હાથ થોડા ફરક્યા અને પછી નિશ્ચેતન થઈ પડી રહ્યું. એના શરીર પર મોતના ઓછાયા જેવી ભૂરા રંગની ચાદર પથરાઈ ગઈ.

સુધાએ હાથ ખંખેર્યા, માથું ઊંચક્યું અને બોલી : "તમે જે કૃત્ય કરવાના હતા તે મેં કરી આપ્યું છે, કશ્યપ! એના જન્મ પછી તમારા સંતાપભર્યા વર્તનથી મને અંદેશો હતો જ કે તમે આવું પગલું ભરશો. પણ તમે ડૉક્ટર છો, કશ્યપ! તમારા હાથે આવું જઘન્ય કૃત્ય થાય તો તમારા વ્યવસાયને કાલિમા લાગે. તમારી અંદરના ડૉક્ટરને કલંકિત થતો બચાવવા મેં આ પાપ વહોર્યું છે."

અને પછી આખો ઓરડો સુધાની ચીસોથી કંપી ઊઠ્યો.

*૫૦૧, સારથી એપાર્ટમેન્ટ*
*માણેક સોસાયટી, રવાપર રોડ,*
*મોરબી - ૩૬૩ ૬૪૧.*

---

## ભારતમાં અદાલતી ન્યાયમાં થતો વિલંબ

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

બીજું, આપણે — જનતા પચાવી ન શકે તેવી હકીકત એ છે કે ન્યાયતંત્રમાં પણ ભ્રષ્ટાચારે પગપેસારો કરેલ છે અને કેટલાક કિસ્સાઓ એવા વિચિત્ર અને આપણું મન માનવા કોઈપણ સંજોગોમાં તૈયાર ન થઈ શકે તેવા જજમેન્ટ્સ જાણવા મળે છે કે જે સામાન્ય આઈ.ક્યુ. ધરાવતા માનવીના ગળે પણ ન ઊતરી શકે.

એક કહેવત એવી છે કે, 'જેની સરકાર વ્યાપારી, તેની પ્રજા ભિખારી.' કંઈક અંશે આપણી આમ પ્રજાની સ્થિતિ અત્યારે એ કક્ષામાં મૂકાઈ ગઈ છે. ભલે આપણે દોષનો બધો ટોપલો સરકાર પર ન ફટકારીએ, છતાં, સરકારશ્રીની એ પ્રથમ જવાબદારી છે કે સરકાર જાણે અજાણે એવા કદમ ન ઉઠાવે કે જેની પ્રજાનાં માનસપટ પર અવળા પ્રત્યાઘાત પડે.

અહીં મૂળભૂત મુદ્દો ન્યાયમાં વિલંબનો હોઈ તે અંગે આગળ વધીએ તો એટલું કહેવાનું ઉચિત જણાય છે કે, સરકારશ્રીએ આ પ્રશ્નનો હલ નિકાળવા માટે અત્યંત ગંભીરતાથી વિચારી, વિના વિલંબે ઠોસ કદામ ઉઠાવવા જોઈએ. સમગ્ર દેશની અદાલતોમાં જ્યાં ન્યાયાધીશોની ઘટ છે તેને પૂરી કરવા સ્પેશિયલ બજેટ પાસ કરીને પણ પૂરતા પ્રમાણમાં જજશ્રીઓની નિયુક્તિ કરવી જોઈએ. વર્ષો જૂના પડતર કેસોનો નિકાલ થાય તે માટે સાંય અદાલતો, પૂરતો મહેકમ અને ભ્રષ્ટાચારને અવકાશ ન રહે તેટલું વેતન આપવાની જોગવાઈ કરવી જોઈએ.

ન્યાયમાં વિલંબ ટાળવા માટે વકીલો, ન્યાયાધીશો અને કર્મચારીગણે સહિયારો પ્રયાસ કરી, પોતાની જાતને ન્યાય દેવીને સમર્પિત થઈ જવાની ભાવના જાગશે તો આપણા દેશની ન્યાયની ગરિમા અવશ્ય દીપી ઊઠશે તેમાં શંકા લાવવાને કોઈ જ કારણ નથી.

જૂની પુરાણી માન્યતાઓ, જડ માન્યતાઓને જડમૂળથી કાઢી ફેંકી દઈ ન્યાય અદાલતોનું અને ન્યાયદેવીનું ગૌરવ વધારીએ તેવી પ્રત્યેક ભારતવાસી નાગરિક પ્રાર્થના કરે તેવી અપેક્ષા સહ...

*નિવૃત્ત રજિસ્ટ્રાર, સિનિ. સિવિલ કોર્ટ - ભુજ*
*એસ.બી.એક્સ. ૮૨-૮૩,*
*આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*
*ફોન : (૦૨૮૩૬) ૨૬૧૮૮૮*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

# લાક્ષાગૃહ

● માવજી મહેશ્વરી ●

પગથિયાં પરથી નીચે સરતો જતો ઝાંઝરનો અવાજ સંભળાતો બંધ થઈ ગયો. તે સાથે પંડિત શિવશંકર પણ પોતાને સંભળાતા જ બંધ થઈ ગયા. સ્ત્રીની મોહક છબી જેવી સુખડની મીઠી સુવાસ હવામાં તરતી રહી. ઊંડા શ્વાસ લઈને ફેફસાંમાં ભરવી ગમે તેવી સુવાસ અને આ સુવાસ ખરેખર રૂપવતી સ્ત્રીના વસ્ત્રોમાંથી જ ખરેલી હતી. મૃણાલનાં વસ્ત્રોમાંથી. તેણે કપડાં પર સુખડના અત્તરનો છંટકાવ કર્યો હતો.

પંડિત શિવશંકરે પોતાની નબળી પડતી જતી આંખોને ઝીણી કરી ઝરૂખાની બહાર જોયું.

જૂની ઢબની તેમની મેડીના ઝરૂખામાંથી ઉદયપુર શહેર દેખાયું. દેશી મકાનોની ચૂનો ધોળેલી દીવાલો પર સાંજનો કૂણો તડકો રેલાતો હતો. જાણે પંડિત શિવશંકરને એ દીવાલોમાંથી ઉત્તર મળી જવાનો હોય તેમ એકધારું જોઈ રહ્યા. કોઈ સમયે આમ જોઈ રહેવું તેમને બહુ ગમતું. આ ઝરૂખામાં બેસીને તેમણે અનેક ઉકેલો મેળવ્યા છે. ન સમજાતી બાબતોનું ગણિત ત્યાં જ બેસીને માંડ્યું છે. પોતાના સાચા પડેલા શબ્દો ઉપર ગર્વ પણ લીધો છે. ક્યારેક એમને એવુંય લાગ્યું છે કે બ્રહ્માંડમાં રહેલા નવેનવ ગ્રહો, નક્ષત્રો, સૂરજ, ચંદ્ર બધાં જ આ મેડીમાં ફરે છે. તેઓ તેમને અડી શકે છે, માપી શકે છે. ધારે તો આજ્ઞા આપી તાબે કરી શકે છે. પરંતુ આજે એ જ ગ્રહોએ એમની મેડીમાં ઉત્પાત મચાવી દીધો છે. નક્ષત્રો ટોળે વળ્યાં છે. સૂરજ આગ ઓકે છે અને ચંદ્ર કાયરની જેમ વાદળોની પાછળ લપાઈ ગયો છે.

તે બહારથી નજર હટાવી પોતાના બાપ દાદાની સુંદર મેડીને, પોતાના વારસાને જોઈ રહ્યા. એકએક વસ્તુને અડતી નજર પાછી હટતી હતી.

કુશળ કારીગરે બનાવેલો અસલ સીસમના લાકડાનો કબાટ, એમાં જડેલા અરીસા, એ કબાટમાં મૂકેલાં જ્યોતિષ અને આયુર્વેદનાં અમૂલ્ય પુસ્તકો, પીળી પડી ગયેલી, જર્જર થઈ ગયેલી હસ્તપ્રતો, રાજાઓની કુંડલીઓ, સંહિતાઓ, વેદો, ઉપનિષદો જેવા અનેક ગ્રંથો. ચાર ચાર પેઢીઓની આંગળીઓએ ઊથલાવેલાં પાનાંમાં સચવાયેલું અમૂલ્ય જ્ઞાન. પંડિત શિવશંકર કબાટમાં રાખેલાં પુસ્તકોનું એક એક પૃષ્ઠ પી ગયા હતા.

ચાર પેઢીથી રાજજ્યોતિષની સચવાયેલી શાખ પંડિત શિવશંકર સુધી આવીને અટકી હતી.

પંડિત શિવશંકરની આંખો એ કબાટમાંથી બહાર નીકળતી ન હતી. બંધ કબાટમાં મૂકેલાં પુસ્તકોમાં પડેલું જ્ઞાન પંડિત શિવશંકરના મસ્તકને છેદ છેદ કરી રહ્યું હતું. કલાત્મક ટિપોય પર વરિયાળીના શરબતનો ગ્લાસ પડ્યો હતો. જાણે કડવી દવા સામે જોઈ રહ્યા હોય તેવા વિરક્ત ભાવે તેમણે શરબતને જોયા કર્યું. શરબતનો લીલો રંગ જોતાં જ યાદ આવ્યું કે ગઈકાલે સાંજે મૃણાલે લીલું છાયલ ઓઢ્યું હતું. નીચેથી ઝાંઝરનો અવાજ આવ્યો. ધીમો ધીમો! મૃણાલે પહેરેલા ઘૂઘરીવાળા ઝાંઝરનો અવાજ!

થોડીવાર પહેલાં જ મૃણાલ શરબતનો ગ્લાસ મૂકી ગઈ હતી. પંડિત શિવશંકરની પુત્રવધૂ મૃણાલ. મૃણાલનો ચહેરો તેમની આંખો સામે આવ્યો. તેમણે આંખો મીંચી દીધી.

ઊંચી, ગોરી, ધારદાર આંખોવાળી મૃણાલને જોતાં જ લાગે કે તે બંગાળણ હશે. બંગાળ ભૂમિનો ઠસ્સો તેના બોલવામાં, ચાલવામાં, લહેકામાં રહેતો. મૃણાલ પણ આમ તો પંડિતની જ દીકરી હતી. જોકે પંડિત શિવશંકર શર્માનું ચાલ્યું હોત તો કોઈ કાળે તે મૃણાલને સ્વીકારત નહીં. તેમને ખબર હતી કે બંગાળના બ્રાહ્મણો માછલી ખાય છે. પંડિત શિવશંકર ખાવાપીવામાં એટલા ચુસ્ત કે વિદેશી દવા સુધ્ધાં પેટમાં નાખવાનું ટાળતા. પણ તેમનો પુત્ર એવો ન થયો. તે કદી તેમની સાથે સહમત થયો ન હતો. ભણવા માટે બેંગ્લોર ચાલ્યો ગયો હતો. પોતાનો પરિવાર રાજ જ્યોતિષની શાખ ધરાવે છે તે વાતની તેને ખબર હતી. પણ એ વાતનો કદી તેને ગર્વ થયો ન હતો. તે યાદ પણ રાખતો નહીં. પોતાના પિતાજીની મેડીના કબાટમાં સચવાયેલાં પુસ્તકો તેણે કદીય ખોલી જોયાં નહીં. જાતજાતનાં ગણિત માંડતા પોતાના પંડિત પિતાનું ગણિત તેને રુચ્યું નહોતું. પંડિત શિવશંકર તરસતા રહ્યા કે ઇજનેરીનું ભણતો પોતાનો દીકરો કદી પોતાની પાસે બેસે. પૂછે-

‘પિતાજી, મને સમજાવો કે આ ભાવ, ખંડ નીચ, ઉચ્ચ, લગ્ન, ચલિત, નવમાંશ, અંશ, દૃષ્ટિ, માર્ગી, વક્રી...આ બધું શું છે? તમારી આગાહીઓ સાચી જ કેમ પડે છે? કોના જીવનમાં શું શું થશે એ શેના આધારે કહો છો? પિતાજી તમે મારું ભવિષ્ય કહી શકો?’

પોતાનો દીકરો ઝીણું ઝીણું બધું પૂછે. પછી કબાટ ખોલે. જે પુસ્તકોને અને જે ગ્રંથોને પોતાના પરદાદા સ્પર્શ્યા છે તે ગ્રંથોને પોતાનો દીકરો અચરજથી જોયા કરે. પછી અત્યંત નમ્ર ભાવે કહે - ‘પિતાજી, મને પણ આ બધું શીખવું છે. મારે આપણી રાજજ્યોતિષની શાખને જાળવી રાખવી છે. મારે તમારા જ્ઞાનનો વારસો સાચવી રાખવો છે.’

સમુદ્રનાં મોજાંની માફક સદાય ઊછળતી રહેલી આવી કેટલીય ઇચ્છા

આખરે પંડિત શિવશંકરના હૈયામાં ધરબાઈ ગઈ. અંગ્રેજીમાં ભણેલા, એકધારું અંગ્રેજી બોલતા, અંગ્રેજી પુસ્તકો વાંચતા પોતાના પુત્રે કદીય એવું કર્યું જ નહીં જે પંડિત જોવા માગતા હતા. સંસ્કૃત ભાષાના અમૂલ્ય વારસાનો અંત નજીક જોઈ પંડિત શિવશંકર એકલા એકલા હિજરાતા રહ્યા.

જોકે એવું નહોતું કે પંડિત શિવશંકરે દલીલો નહોતી કરી. કોઈ કાળે વારંવાર તેમણે પુત્રને એ વાતની યાદ અપાવી હતી કે એની નસોમાં રાજજ્યોતિષનું લોહી વહી રહ્યું છે. પોતાનું પવિત્ર ઘર, રાજ જ્યોતિષની છાપ. રાજા-મહારાજાઓ પણ દાદા પરદાદાનો ચરણસ્પર્શ કરતા. આવી કેટલીય વાતો તેમણે પોતાના દીકરાને અનેકવાર કહી હતી. છતાં એમના દીકરાએ એકેય વાત યાદ ન રાખી.

ભીતર ભડભડ બળતા શિવશંકરનું સંસ્કૃત જ્ઞાન પુત્રના અંગ્રેજીને અતિક્રમી શક્યું નહીં. તેઓ સમયને સલામ કરીને ચૂપ થઈ ગયા. પોતાના અમૂલ્ય જ્ઞાનનો વારસો લેનાર કોઈ ન રહ્યું તેનો છાનો અફસોસ છાતીમાં દબાવી પોતાના પુત્રનાં થતાં વખાણ સાંભળતા રહ્યા. પુત્રની પ્રગતિની વાત કરતી પોતાની પત્ની સામે ખોટેખોટું હસતા રહ્યા. તેમણે પોતાની જાતને મેડીમાં કેદ કરી લીધી. રોજ મેડી ઉપર બેસી કબાટને જોયા કરે. ક્યારેક એવું લાગે જાણે લાકડાના કબાટને ઉધઈ ખાઈ રહી છે. ધીમે ધીમે ઉધઈ આખા કબાટમાં ફેલાઈ જશે. કબાટ જ ઉધઈના રાફડામાં ફેરવાઈ જશે. કબાટમાં રાખેલાં એક એક પુસ્તક સુધી પહોંચી ગયેલી ઉધઈ બધું જ ખાઈ જશે. ચાર પેઢીનો સ્પર્શ ધરાવતા ગ્રંથો માટીમાં ફેરવાઈ જશે. પોતે કંઈ જ નહીં કરી શકે. ફક્ત જોયા કરશે કોઈ લકવાગ્રસ્ત અપંગ માણસની જેમ લાચારીથી.

હજુ પણ લોકો પંડિત શિવશંકરનું ઘર પૂછતા આવે છે. પોતાની પાસે આવનાર લોકની આંખોમાં ઉત્સુકતા અને ક્યારેક દીનતા જોઈ પંડિત શિવશંકર હલબલી જાય છે. તે છતાં તે કોરા કાગળ ઉપર આડી-ઊભી રેખાઓ આંકે છે. એકબીજાને છેદતી રેખાઓથી બનતા ત્રિકોણોમાં તેઓ પોતાનું જ્ઞાન ઠાલવે છે. જ્યારે કોઈ બાપ પોતાના દીકરાની કુંડલી લઈને ભવિષ્ય જાણવા આવે છે ત્યારે પંડિત શિવશંકર એ વ્યક્તિને એકધારું જોઈ રહે છે. પછી વિરક્તભાવે કુંડલી પર નજર નાખે છે.

પંડિત શિવશંકરના પુત્રે તેમને એક નહીં બબ્બે આઘાત આપ્યા છે. તેણે પોતાના બાપદાદાઓનો વારસો તો ન સ્વીકાર્યો. સાથે સાથે ખાનદાનની પરંપરાને અવગણીને પોતાની રીતે, પોતાની પસંદગીની છોકરી સાથે લગ્ન કરી લીધાં. જ્યારે પંડિત શિવશંકરે જાણ્યું કે તેમના દીકરાએ એક બંગાળી બ્રાહ્મણની છોકરી સાથે લગ્ન કર્યાં છે, એ દિવસે ખાધું નહોતું. તેમની પત્નીએ તેમને સમજાવ્યા ત્યારે તેમણે ધીમેથી કહ્યું હતું - 'તને ખબર છે, બંગાળી પંડિતો માછલી ખાતા હોય છે? આ ઘરમાં પંડિત શિવશંકર શર્માની પુત્રવધૂ હવે માછલી પકવશે? ના. ના. એ મારા ઘરમાં ન આવે એ જ યોગ્ય છે.'

વ્યથિત થયેલા પતિને આશ્વાસન આપવા ખાતર જ તેમનાં પત્ની બોલ્યાં હતા, 'સગો દીકરો ત્યાં શું નહીં ખાતો હોય? તેની સાથે રહી શકો છો તો પુત્રવધૂ સાથે શા માટે નહીં રહો? એ આપણી કુળવધૂ છે. એ જ તમને તમારો વારસ આપશે.'

વારસ શબ્દ સાંભળી પંડિત શિવશંકર ત્યારે ચૂપ થઈ ગયા હતા.

થોડા દિવસ પહેલાં તેમના દીકરાએ ફોન કરીને કહેલું કે અમે બેય જણ આવીએ છીએ. તે વખતે ક્ષણેક પંડિત શિવશંકરની અંદરની બધી કડવાશ મોં પર લીંપાઈ ગઈ હતી. કોર્ટ મેરેજ કરી પોતાની પત્ની સાથે ઘેર આવતા દીકરાને જોવાનો એમને ઝાઝો હરખ નહોતો. પણ મૃણાલ આવનાર છે એ વાત તેમને જરા રાજી કરી ગઈ. એમને પોતાની પત્નીની વાત યાદ આવી ગઈ હતી. સપાટી પર તરી આવ્યો પત્નીનો શબ્દ કુળવધૂ.

પરંતુ જ્યારે બંગડી વગરના હાથ, ચાંદલા વગરનું કપાળ, જીન્સ અને ટી શર્ટ પહેરેલી મૃણાલ આશીર્વાદ લેવા તેમની સામે નમી ત્યારે પંડિતનો હરખ ગળામાં જ રહી ગયો હતો. પોતાની પુત્રવધૂ આવી હોય? પંડિત ફરી એકવાર ડહોળાઈ ગયા. અંગ્રેજીમાં પોતાના પતિ સાથે વાતો કરતી મૃણાલનું સ્વરૂપ પંડિત શિવશંકરને જરાય જચતું ન હતું. પણ અચાનક જ મૃણાલ સાડી પહેરી ઘરમાં ફરવા લાગી તે વાત પંડિતને સમજાઈ નહીં. પોતાની પત્નીએ જ કદાચ મૃણાલને સમજાવ્યું હશે એવું વિચારતા પંડિતને સાડીમાં હરફર કરતી મૃણાલને જોઈ તેમને પોતાની પત્નીના ડહાપણ પર માન જાગ્યું હતું. એટલું જ નહીં, મૃણાલ સેંથામાં સિંદૂર પૂરવા લાગી હતી. પગમાં ઘૂઘરીવાળાં ઝાંઝર પહેરી લીધાં હતાં. પંડિત શિવશંકર રાજી રાજી થઈ ગયા. તેમાંય મૃણાલની સ્નેહ નીતરતી આંખો અને વહાલભરી સંભાળે પંડિત શિવશંકરને સાવ ઓગાળી નાખ્યા. તેમણે પોતાને જ આશ્વાસન આપ્યું 'પંડિતજી! જમાનાને સ્વીકારો. તમે તો જ્ઞાની છો. જો તમે જ નહીં સમજો તો કોણ સમજશે?' પંડિત શિવશંકર શર્માએ પોતાને સમજાવી દીધા. પોતાને પોતાના પક્ષમાં કરી લીધા. છતાં તેમની અંદર રહેતો પંડિત ઝાઝી ધીરજ ધરી શક્યો નહીં. આગલી રાતે તેમણે વાતોવાતોમાં મૃણાલ પાસેથી તેની જન્મ તારીખ, સ્થળ, સમય વગેરે જાણી લીધાં. તેમનો દીકરા તરફનો છાનો રોષ પણ થોડો ઓછો થઈ ગયો.

આગલી રાતે પોતાના અભ્યાસખંડ એવી મેડીમાં મુકાયેલા હીંચકા પર બેસીને પંડિત શિવશંકરે મૃણાલની કુંડલી બનાવવા કાગળ લીધો તો ખરો પણ અચાનક જ તેમનો હાથ અટકી ગયો. તેમણે પોતાને જ પૂછ્યું :

'પંડિત! તું મૃણાલની કુંડલી બનાવી શું જાણવા માગે છે? તું આટલો મોટો

જ્યોતિષી કહેવાય છે તો પછી તારા દીકરાની કુંડલીનો અભ્યાસ અત્યાર સુધી શા માટે નથી કર્યો? જે સામે આવ્યું છે તે તું પહેલેથી જ જાણી શક્યો હોત. શું દીકરાનું ભવિષ્ય જાણવાની તને બીક લાગી? અને મૃણાલનું ભવિષ્ય તારા દીકરા સાથે જોડાયેલું છે. રહેવા દે પંડિત! જે થાય છે તે થવા દે. સમયથી પહેલાં બધું જાણીને તું શું કરી લેવાનો છે?

અચાનક વિચારોનું વાવાઝોડું ફૂંકાયું. પંડિત હા અને ના વચ્ચે ઝૂલતા રહ્યા. આ પહેલાં ક્યારેય પંડિત શિવશંકર કુંડલી બનાવતાં મૂંઝાયા ન હતા. આખરે શિવશંકર હારી ગયા અને જ્યોતિષી જીતી ગયો. તેમણે જરા ધ્રૂજતા હાથે સફેદ કાગળ પર અંકાયેલી રેખાઓ વચ્ચે અક્ષરો માંડ્યા. અત્યાર સુધીનું પોતાનું તમામ જ્ઞાન અજમાવી તેમણે ગણતરીઓ માંડી.

પણ અચાનક જાણે પ્રચંડ વિસ્ફોટ થયો.

દશે દિશાઓ ગાજી ઊઠી. બ્રહ્માંડમાં પડઘા પડ્યા. નવે નવ ગ્રહો પોતાની ભ્રમણ કક્ષા છોડી આમતેમ ભાગવા માંડ્યા. નક્ષત્રો એક પછી એક ખરવા લાગ્યાં. સૂરજ, ચંદ્ર કાળા ધબ્બ બની ગયા. આખીય મેડી ગોળ ગોળ ફરવા માંડી. સફેદ કાગળ ઉપર દોરાયેલા લંબચોરસનાં બારેય ખાનાંઓમાં તેમણે લખેલા અક્ષરો કાળા નાગની જેમ ફેણ ચડાવી પંડિત શિવશંકર સામે ઊભા રહ્યા. બેબાકળા બની ગયેલા પંડિત શિવશંકરે માથું ધુણાવી મનોમન કહ્યું - મારી કશીક ભૂલ થાય છે. આવું ન બને. ન જ બની શકે. તેમણે ફરી ગણતરીઓ માંડી, ફરી બારેય ભુવનમાં વિસ્ફોટ થયો.

પંડિત શિવશંકરે ધ્રૂજતા હાથે કાગળ હીંચકા પર રાખી એને હાંફતી છાતીએ જોઈ રહ્યા. એમને લાગ્યું જાણે કબાટમાંથી કોઈએ અટ્ટહાસ્ય કર્યું. કબાટ સામે જોવાની તેમની હિંમત ન ચાલી.

બહાર રાતનો અંધકાર ફેલાઈ ચૂક્યો હતો. પંડિત શિવશંકર સ્થિર બેસી રહ્યા. તેમણે બનાવેલી મૃણાલની કુંડલીનો કાગળ પંખાની હવાને કારણે ફરફરી રહ્યો હતો. લોકો કહેતા કે, પંડિત શિવશંકર શર્માએ કરેલી આગાહીઓ કદી ખોટી પડતી નથી. એમનું ભાખેલું ભવિષ્ય, સાચું જ હોય. એવી વાતો સાંભળી તેઓ મનોમન રાજી પણ થયા હતા. છતાં જે વિદ્યા ઉપર તેમને સંપૂર્ણ શ્રદ્ધા હતી, તે જ વિદ્યા પંડિત શિવશંકરને નાગચૂડની જેમ ભરડો લઈ રહી હતી. તેમની પાસંળીઓ તૂટું તૂટું થઈ રહી હતી. તેમણે આકાશમાં ફરતા ગ્રહો, નક્ષત્રો, સૂરજ-ચંદ્રની સામે હાથ જોડ્યા. મનોમન કહ્યું પણ ખરું કે, 'તમે બધા આ કુંડલીમાંથી ખસી જાઓ. જ્યાં છો ત્યાંથી હટી જાઓ!'

કબાટ પર નજર જતાં જ તેમને વિચાર આવ્યો, ભલે આ કબાટને ઉધઈ ખાઈ જાય, ભલે બધું નાશ પામે. મારી વિદ્યા ખોટી સાબિત થતી પણ એ ન જ થાય જે આ કુંડલીમાં મને દેખાય છે.

ઝાંઝરવાળા પગ પગથિયાં ચડતા હોય તેવું તેમને લાગ્યું. મૃણાલ સામે આવીને ઊભી રહી. ટિપોય ઉપર શરબતનો ગ્લાસ જેમને તેમ પડેલો જોઈ તે બોલી, 'પપ્પા! તમે શરબત ન પીધું? હું ખાસ તમારા માટે લઈ આવી છું. એમણે મને કહેલું મારા પપ્પાને વરિયાળીનું શરબત બહુ ભાવે છે. તમને ન ગમ્યું? બીજું બનાવી આપું? તમે આજે સવારથી બહુ દુઃખી દેખાવ છો? નીચે પણ નથી આવ્યા, તમારી તબિયત સારી નથી પપ્પા?'

પંડિત શિવશંકર એકીટસે મૃણાલને જોઈ રહ્યા. તેમની બેબાકળી આંખો જોઈ મૃણાલે પૂછ્યું 'પપ્પા, શા માટે તમે હજુય આ થોથાં ઊથલાવે રાખો છો? આ થોથાંઓનો કશો અર્થ નથી. હવે તો કોમ્પ્યુટરવાળાય કુંડલીઓ બનાવી આપે છે.'

પંડિત શિવશંકરના ગળામાંથી માંડ માંડ અવાજ નીકળ્યો, 'બેટા મૃણાલ, તમે મને તમારા જન્મનો સમય કહ્યો તે સાચો છે?'

'યેસ એક્ઝેક્ટલી.' પછી પોતાની ભૂલ થઈ હોય તેમ શરમાતાં બોલી, 'બિલકુલ સાચો છે. કેમ કંઈ કામ હતું?'

મૃણાલને સાડી પહેરવાનો બહુ અનુભવ ન હતો. સાડી સંભાળવામાં તેને અગવડ પડતી હતી. શરબતનો ગ્લાસ લેવા નમેલી મૃણાલની સાડીનો પાલવ ખસી ગયો. રેતાળ નદી જેવું પેટ ખુલ્લું થઈ ગયું. પંડિત શિવશંકરની આંખો મૃણાલના પેટ પર ચોંટી રહી.

અચાનક પંડિત શિવશંકરને જેસલમેરનું રણ યાદ આવી ગયું. નજર જાય ત્યાં સુધી દેખાતી નકરી રેતી. એક તણખલુંય ન ઊગે તેવી લીલપ વગરની વાંઝણી ધરતી.

મૃણાલ શરબતનો ગ્લાસ લઈને ચાલી ગઈ. પંડિત શિવશંકર મૃણાલની પીઠ પાછળ ન જોઈ શક્યા. તેમણે ફરી ઝરૂખા બહાર જોયું. સૂરજ નમવા જઈ રહ્યો હતો. થોડીવાર પછી રાત આવવાની હતી. શહેર અંધારાની ચાદર હેઠળ ઢંકાઈ જવાનું હતું. પંડિત શિવશંકરની હવેલી અને તે પોતે પણ અંધારાથી બચી શકવાના ન હતા. તેમણે પોતાની કમજોર થતી જતી આંખો પર પોપચાં ઢાળી દીધાં.

*અંજાર, કચ્છ.*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# તો?

• હરેશ ધોળકિયા •

ડાઘુઓ નીચે નમ્યા અને ડોલરબહેનની નનામી ઉપાડી અને 'રામ બોલો ભાઈ રામ' બોલતા ઘરની બહાર નીકળ્યા અને સ્મશાન તરફ ચાલ્યા ગયા.

ઘરનો બધો સ્ત્રીવર્ગ હળવો થયો. થોડીવાર તો પુત્રીઓ અને પુત્રવધૂઓ રડી, પણ પછી શાંત થઈ ગઈ. આવેલાં બધાં પણ ઊભાં થયાં અને છૂટાં પડ્યાં. વડીલોએ પુત્રીઓને આશ્વાસન આપ્યાં અને ધીરજ ધરવા કહ્યું. પિતાને પણ સંભાળવાની સલાહ આપી. બે-ત્રણ વડીલ બહેનો પતિ પાસે પણ ગયાં. તે તો આરામ ખુરશી પર ઢીલા થઈને બેઠા હતા. તેમના ખભા પર હાથ મૂકી આશ્વાસન આપ્યું. તેમણે ધીમેથી મસ્તક હલાવ્યું અને આકાશ તરફ આંગળી ચીંધી નિયતિ પર છોડી દીધું. બધાંએ મસ્તક હલાવ્યું અને 'ભગવાનની ઈચ્છા' કહી રજા લીધી.

ગૌરીબહેન પણ ઊભાં થયાં. તે પણ જેઠ પાસે ગયાં અને બે-ચાર મિનિટ ઊભાં. પછી "કાલે આવું છું" કહી રજા લીધી અને બહાર નીકળ્યાં. બહાર ઊભેલ શૉફરને ઈશારો કર્યો અને ઊભાં રહ્યાં. બે-ત્રણ મિનિટમાં બી.એમ.ડબલ્યુ. ગાડી આવી અને તેમની પાસે ઊભી રહી. ધીમેથી તે પગથિયાં ઊતર્યાં અને હળવેથી નમીને ગાડીમાં બેઠાં. શોફરે દરવાજો બંધ કર્યો અને પછી ગાડી ચાલુ કરી અને ઘર તરફ લીધી.

ગૌરીબહેન પણ લગભગ એંસી વર્ષનાં હતાં. ડોલરબહેન જેવડાં જ. તે ભલે તેમનાં જેઠાણી હતાં, પણ બન્નેની ઉંમર લગભગ સરખી જ હતી. તેથી બન્ને બહેનપણીઓ જેમ જ રહ્યાં હતાં. ડોલરબહેન થોડાં વર્ષોથી વિવિધ તકલીફોથી થાકી ગયાં હતાં અને વારંવાર માંદાં પડી જતાં હતાં. છેવટે શરીર સહન ન કરી શક્યું અને તે મૃત્યુને વશ થઈ ગયાં. તેની તુલનામાં ગૌરીબહેન હજી પૂરાં સ્વસ્થ હતાં. ટટ્ટાર ચાલતાં હતાં. હા, ચાલ ધીમી પડી ગઈ હતી, ઉંમરના કારણે, પણ શરીરમાં માંદગી ન હોવાથી સ્વસ્થ જીવતાં હતાં અને સક્રિય પણ હતાં. અત્યારે પણ ચારેક કલાક બેસવા છતાં ખાસ થાક અનુભવતાં ન હતાં.

ગૌરીબહેને ટેકો લીધો અને થોડાં લંબાઈને બેઠાં. આંખો બંધ કરી.

આંખો બંધ કરતાં જ ડોલરબહેન આંખ સામે આવ્યાં. તરત જ થોડા સમય પહેલાં બધાં બેઠાં હતાં ત્યારે એક બહેને આપેલો અભિપ્રાય તેમના કાનમાં ગુંજવા લાગ્યો : "ઓહો! ડોલરબહેન કેટલાં ભાગ્યશાળી! ભર્યુંભાદર્યું કુટુંબ છોડી ગયાં. અહાહા! મરવા ટાણે સૌભાગ્યવતી થઈને ગયાં. ચુંદડી ઓઢી ગયાં. છ સંતાનો, પુત્રવધૂઓ, જમાઈઓ, પોતરાં, દોહિત્રો બધાને છોડીને ગયાં. અદેખાઈ આવે એવું સુખી જીવન જીવી ગયાં, નહીં?' અને ગૌરીબહેનને એ પણ યાદ આવ્યું કે આ બોલાયું ત્યારે બે ચારની નજર પોતા પર પણ પડી હતી. અલબત્ત, ઝડપથી ખેસવી પણ લીધી હતી.

આમ તો ખોટું નથી જ! ગૌરીબહેને વિચાર્યું. અને પોતા સામે જોયું તે પણ ખોટું ન હતું. ડોલરબહેન ભર્યાભાદર્યા કુટુંબમાં ગયાં અને પોતે એકલાં રહેતાં હતાં. આજે છ દાયકાથી વિધવા હતાં. બે જ સંતાન હતાં. એક સાથે હતો, પણ અત્યારે તો અમેરિકા હતો. તો પુત્રી તો મુંબઈમાં મોટા હોદ્દા પર કામ કરતી હતી. સંતાનો છતાં પોતે એકલાં જ રહેતાં હતાં.

સ્વાભાવિક તુલના થઈ ગઈ. ગૌરીબહેન સ્મૃતિમાં સરી ગયાં.

સત્તરમે વર્ષે ગૌરીબહેનની સગાઈ થઈ ગઈ અને થોડા જ વખતમાં રસેશ સાથે લગ્ન થઈ ગયાં. તેની બહેનપણીઓએ તો અદેખાઈ કરી કે તેનો પતિ તો સરકારમાં હતો. કાલ ઊઠીને અધિકારી થઈ જવાનો. "તું તો અલી, અમને ભૂલી જ જવાની!" કોઈ બહેનપણી કહેતી. ગૌરી શરમાતી, પણ અંદર મલકાતી. પોતે ભલે આઠ ધોરણ સુધી જ ભણી હતી, પણ તેનો વર તો કૉલેજમાં ભણ્યો હતો. ફટાફટ ઇંગ્લિશ બોલતો હતો. "તું તો હીંચકામાં ઝૂલીશ અને મોટરમાં ફરીશ, હોં!" બીજી બહેનપણી કહેતી.

લગ્ન બાદ ગૌરી સાસરે ગઈ. વર પણ સરસ સ્વભાવનો હતો. ઘર પણ મોટું હતું. બે જેઠ અને બે દેર હતા. નાના દેર સિવાય બધા પરણેલા હતા. (દેર પોતા સાથે જ પરણ્યા હતા). સાસુ હતાં. બે નણંદો હતી, તેમનાં લગ્ન બાકી હતાં. સસરાનાં બહેન વિધવા હતાં. તે સાથે રહેતાં હતાં. આમ બધાં સાથે જ રહેતાં. પરિણામે સમય ક્યાં પસાર થઈ જતો હતો તેની ખબર પણ પડતી ન હતી.

બીજા વર્ષે ગૌરીને પુત્ર જન્મ્યો. બધાં તો હરખમાં આવી ગયાં. વાહ! પહેલો જ પુત્ર. ગૌરીનું માન વધી ગયું. વર પણ ખુશ હતો. જો કે તે તો પોતાના કામમાં ડૂબ્યો રહેતો. માત્ર રાતે જ મળી શકતાં. પણ ખુશ હતાં. ચાર વર્ષ પછી પુત્રી જન્મી. ગૌરીનું કુટુંબ પણ વધતું જતું હતું. સમય દોડ્યો જતો હતો.

અચાનક વર માંદો પડ્યો. ડૉક્ટરોને ખબર ન પડી કે કઈ બીમારી હતી. જાતભાતના પ્રયોગો શરૂ થયા. ડૉક્ટરો બદલાતા રહ્યા. તે તો પથારીવશ થઈ ગયો. બહારગામ જઈ ચેક કરાવ્યું. પણ ખબર પડતી ન હતી. માંદગી વધતી જ ગઈ. બધા અસ્વસ્થ થઈ ગયા. અને એક દિવસ તે બધાંને છોડીને ચાલ્યો ગયો.

ત્યારે તેની ઉંમર ત્રીસ વર્ષની જ હતી. અને ગૌરીની સત્યાવીસ વર્ષ! હાહાકાર મચી ગયો. ગૌરીની અદેખાઈ કરતી બહેનપણીઓ તો રડતી થાકતી જ ન હતી. હવે તે તેની દયા ખાવા લાગી. ગૌરી પણ અવાચક થઈ ગઈ. તે તો સમજી જ ન શકી કે અચાનક આ શું થઈ ગયું! તે પણ રડતી અટકતી ન હતી. બધાં તેને આશ્વાસન આપતાં હતાં, પણ તેઓ પણ સમજતાં હતાં કે જુવાનજોધ વર ફાટી પડે તો રડે નહીં તો શું કરે!

ગૌરી અનાથ થઈ ગઈ. થોડા દિવસ તો પસાર થઈ ગયા. પછી કુટુંબમાં ધીમે ધીમે ચર્ચા શરૂ થઈ કે ગૌરીનું શું કરવું? વર તો નાનો હતો. હજી બચત પણ નહોતી કરી. ગૌરીને કેમ પાળવી! જેઠ-દેર ખસવા લાગ્યા. તેમણે હાથ ઊંચા કરી દીધા. સાસુ પણ લાચાર હતાં. તે ચૂપ હતાં. તે પોતે જ દીકરાઓ પર અવલંબિત હતાં.

મોટા જેઠ થોડા સ્વાર્થી હતા. તે નાના ભાઈની પ્રગતિની અદેખાઈ પણ કરતા હતા. તેમને એક પુત્ર હતો. પછી પત્નીની બીમારીના કારણે બીજું સંતાન થવાની શક્યતા ન હતી. તેથી પણ ધૂંધવાતા હતા. બીજા જેઠને ત્રણ બાળકો હતાં. મોટા જેઠે તો સ્પષ્ટ કહી દીધું કે હવે ગૌરીનું સ્થાન સાસરામાં ન હતું. તેણે પોતાની વ્યવસ્થા કરી લેવી. તેણે તેનો રૂમ પણ ખાલી કરવાનું કહી દીધું. બીજા જેઠ-દેર સંમત ન હોવા છતાં ચૂપ રહ્યા. સાસુ પણ બોલી શકતાં ન હતાં.

ગૌરી માટે તો કટોકટી ઊભી થઈ ગઈ. ક્યાં જવું? કેમ જીવવું? છોકરાં કેમ ઉછેરવાં? એક આઠનો, બીજી ચારની. તેને પાળવાં કેમ? તે તો મૂંઝાઈ ગઈ. સદ્‌ભાગ્યે તેના પિતા અને મામા હાજર થઈ ગયા. મામાએ જેઠને ધમકી આપી કે જો ગૌરીને ઘરમાંથી કાઢી છે, તો તેઓ સહન નહીં કરે. લડશે. તેથી જેઠ ચૂપ થઈ ગયા અને ગૌરીનો એક રૂમ હતો તેમાં તેને રહેવાની રજા આપી. ગૌરી હળવી થઈ ગઈ.

પણ આર્થિક સ્થિતિનું શું? તેમાં કોણ મદદ કરશે? અહીં તેના પિતા મદદે આવ્યા. તે નિવૃત્ત હતા. તેમને થોડું પેન્શન મળતું હતું. તે તેના પુત્ર સાથે રહેતા હતા. તેણે પુત્રની રજા લઈ દર મહિને પેન્શન આપવા માંડ્યું. ભલે થોડી, પણ આર્થિક સ્થિતિ તાત્કાલિક તો હળવી થઈ ગઈ.

પણ ગૌરી સમજતી હતી કે પિતા તો વૃદ્ધ હતા. કેટલું જીવશે? અને તો પછી પેન્શન પણ બંધ થશે? લાંબા ગાળાનો વિચાર કરવો જ પડશે. પણ શું કરવું? પોતે તો આઠ ધોરણ જ ભણી હતી. શું કરી શકે? મોટા કુટુંબની હતી તેથી નાનાં કામ પણ ન કરી શકે. ખાનદાનીનો સવાલ હતો. તે મૂંઝાઈ ગઈ.

ફરી પિતા મદદે આવ્યા. તે શિક્ષક હતા. તેણે ગૌરીને કહ્યું કે તેણે મેટ્રિક પાસ કરવી જોઈએ.

"પણ બાપુજી, વર્ષો વીતી ગયાં ભણ્યે. આ ઉંમરે કેમ ભણાય? અને સીધું મેટ્રિક કેમ કરાય? અને, મોટી વાત, તેમાં ગણિત છે. તે તો મને નહીં ફાવે. તો?"

પિતાએ ધીરજથી જવાબ આપ્યો, "બેટા, ફાવવા ન ફાવવાનો હવે સવાલ જ નથી. ભણવું જ પડશે."

"પણ સાસરાંવાળા ભણવા દેશે?"

"તો પછી દર મહિને મદદ કરશે?" ગોરીએ નકારમાં માથું હલાવ્યું.

"તો તેમની ચિંતા ન કર. અને હા, હું તને બધા જ વિષયો શીખવીશ. તું જરૂર પાસ થઈ જઈશ."

અને ગૌરીએ અણગમતા મને પણ ભણવાનું શરૂ કર્યું. છોકરાંના કામમાંથી નવરી પડે કે પિતા પાસે ભણવા બેસે. વર્ષોથી ટેવ નીકળી ગઈ હતી એટલે ખૂબ તકલીફ પડતી હતી, પણ ગૌરીએ નિર્ણય કર્યો હતો કે આર્થિક રીતે સ્વાવલંબી તો થવું જ પડશે. રાત-દિવસ મહેનત કરવા માંડી અને છેવટે મેટ્રિક પાસ કર્યું.

બધાં તો તેની મહેનત જોઈ જ રહ્યાં. મેટ્રિક પાસ થતાં જ તે પ્રાથમિક શિક્ષક તરીકે જોડાઈ ગઈ. પગાર ચાલુ થઈ ગયો. હવે તે વધારે હળવી થઈ ગઈ. તેણે પિતાનું પેન્શન લેવાનું બંધ કર્યું. હવે તેનાં બાળકો પણ ભણવા માંડ્યાં હતાં. અને બન્ને હોશિયાર હતાં. હવે તે તેમનામાં રસ લેવા લાગી.

એકાદ વર્ષ પછી તેણે શિક્ષકની તાલીમ લઈ લીધી અને એસ.ટી.સી. થઈ ગઈ. હોશિયાર હતી એટલે શાળાના આચાર્ય અને વિદ્યાર્થીઓ પણ તેને માન આપતા હતા. થોડા સમય પછી તે આચાર્ય થઈ ગઈ. પગાર વધ્યો. હળવાશ વધી. સમય દોડતો હતો.

પછી તો પગાર વધતો ગયો. તે પણ આગળ વધતી ગઈ. કેળવણી નિરીક્ષક થઈ ગઈ. અધિકારી કક્ષાએ પહોંચી ગઈ. આ તરફ પુત્ર પણ સારા નંબરે પાસ થયો અને બહાર ભણવા ગયો. પુત્રી પણ આગળ વધતી હતી. તેને પણ બહાર ભણવા મોકલી. બન્ને ખૂબ સારું ભણ્યાં. પુત્ર ભણીને ખૂબ મોટી જગ્યાએ નિમાયો અને વિશ્વમાં ફરવા લાગ્યો. દીકરી પણ કૉલેજમાં પ્રાધ્યાપક બની. પરણી પણ ગઈ. તે પણ પોતાના જીવનમાં પડી ગઈ. દીકરો-દીકરી બન્ને ગોઠવાઈ ગયાં. ગૌરીબહેન પણ નોકરી કરતાં રહ્યાં.

હવે દીકરાએ આગ્રહ કરવા માંડ્યો કે "બા, હવે નોકરી છોડી દો. હવે તમને નોકરી કરવાની જરૂર નથી. આરામ કરો." પણ ગૌરીબહેન ન માન્યાં. થાય ત્યાં સુધી નોકરી કરવી તે તેમનો નિશ્ચય હતો. તે પુત્રવધૂ પાસે નવરાં બેસવા માગતાં ન હતાં. સ્વતંત્ર રહેવા માગતાં હતાં.

પુત્રનો આગ્રહ વધતો જ ગયો. તે પણ હવે દેશમાં આવીને સ્થિર થઈ ગયો હતો. મોટા શહેરમાં રહેતો હતો. હવે તેણે અને પુત્રવધૂએ પણ દબાણ કરી નોકરી છોડાવી. હવે ગૌરીબહેન પુત્ર સાથે શહેરમાં રહેવા ચાલ્યાં ગયાં.

નોકરી દરમ્યાન તે એકલાં હોવાથી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં હતાં.

મહિલા મંડળ, રિટાયર્ડ લોકોનું મંડળ, વૃદ્ધાશ્રમ જેવી અનેક પ્રવૃતિઓમાં રસ લેતાં હતાં. બધે જ લોકપ્રિય હતાં. નિવૃત્તિ પછી આ કામ ચાલુ રહ્યાં. પુત્ર સાથે શહેરમાં રહેવા ગયા પછી પણ ત્યાં પણ આવી જ પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયાં અને વ્યસ્ત રહેવા લાગ્યાં. પોતા પાસે પણ બચત હતી એટલે થોડા સમયે ફરવા પણ જતાં. આમ તેઓ ખૂબ જ સુખ અને મસ્તીથી જીવન પસાર કરતાં હતાં. અને આમ કરતાં કરતાં આઠમો દાયકો આવી ગયો હતો. તે સ્વસ્થ, સુખી અને આનંદમાં જીવતાં હતાં. બધાનું સન્માન મેળવતાં હતાં. ગાડીમાં ફરતાં હતાં.

આજે તેણે પોતાનાં જેઠાણી કહો કે બહેનપણી ગુમાવ્યાં હતાં.

પણ, તેના મનમાંથી વિચાર પસાર થતો હતો, બેમાંથી કોણ સુખી હતું? પોતે કે જેઠાણી?

આમ તો જેઠાણી જ સુખી કહી શકાય. મરવા વખતે સૌભાગ્યવતી, છ સંતાનોનું પણ કુટુંબ હાજર. ભર્યુંભાદર્યું કુટુંબ! આનાથી વધારે એક સ્ત્રીને શું જોઈએ?

પણ તે હકીકતે સુખી હતાં?

ગૌરીબહેનને યાદ આવ્યું તેમનું જીવન. પરણીને સાસરામાં આવ્યાં. આવીને ગોઠવાઈ ગયાં. એક પછી એક બાળકો આવતાં ગયાં. એકને ઉછેરે ત્યાં બીજું આવતું. નવરાં જ ન પડતાં. આમ જ જીવન પસાર થઈ ગયું. બાળકો મોટાં થયાં તો તેમને પરણાવ્યાં. વહુઓ આવી. તેમને ઘડી. તેને છોકરાં થવા લાગ્યાં. દીકરીઓને પરણાવી. તેના રિવાજોનું પાલન કરવામાં સમય ચાલ્યો જતો. તેનાં બાળકો! ક્યાં સવાર પડતી અને ક્યારે રાત પડી જતી તેની તેમને ખબર જ ન પડતી. જે સમય વધતો તેમાં વરની સેવા હોય. વર નિવૃત્ત થયા પછી માંદા રહેવા લાગ્યા. એટલે તેની સેવામાં બાકીનો સમય ચાલ્યો જતો. તેમના પણ આ બધામાં આઠ દાયકા વીતી ગયા. કામના બોજમાં તે ખખડી ગયાં. ઘસાતાં ગયાં અને આજે ચાલ્યાં ગયાં.

તેમનું જીવન કેવું ગયું? કેવળ સેવા. કેવળ કામ. એક મિનિટ નવરાં ન પડ્યાં. છ છ સંતાનો ઉછેરતાં જ જીવન વીતી ગયું. બીજા માટે જ જીવ્યાં. પોતા માટે એક પળ પણ ન જીવી શક્યાં. પોતાનું કોઈ જ વ્યક્તિત્વ ઊભું ન કરી શક્યાં. વર સામે એક શબ્દ પણ બોલી ન શકતાં. મૂંગાં મૂંગાં કામ કર્યા કરતાં. વરને ''સંતોષ'' આપવામાં જ જીવન ખર્ચી નાખ્યું. શરીર ઘસી નાખ્યું. વરને સ્વસ્થ રાખવામાં પોતે અસ્વસ્થ થતાં ગયાં. અને છેવટે શહીદ થઈ ગયાં.

પણ સૌભાગ્યવતી!

અને આવું જ બીજાં દેરાણી જેઠાણીના જીવનમાં પણ ન હતું? બધાં આમ જ છોકરાં - છૈયામાં જ બુઢ્ઢાં ન થઈ ગયાં? અને પોતે તો વિધવાનું જીવન જ જીવ્યાં. સૌભાગ્યવતીનો લાભ ન મળ્યો.

ગૌરીબહેનને અચાનક વિચાર આવી ગયો કે પોતાના વર આજે હોત તો? પોતે પણ સૌભાગ્યવતી ન હોત?

એ વિચારમાં ગાબડું પડ્યું...પણ આજે જે રીતે સ્વતંત્ર જીવે છે તે જીવી શકત? તેમને પણ પાંચ-છ છોકરાં થયાં ન હોત? અને તો? તેને ઉછેરવામાં તેની જિંદગી પણ પસાર થઈ ન ગઈ હોત? ભણવાનો, નોકરીનો આનંદ, પ્રગતિનો આનંદ, કમાવાનો આનંદ, અને,મોટી વાત, સ્વતંત્રતાનો આનંદ મળત? વર હોત તો? તે આ બધું કરવા દેત? સારો હોવા છતાં?

ગૌરીબહેન અસ્વસ્થ થઈ ગયાં. પડખું ફેરવ્યું.

વર હોત તો પોતે પણ જેઠાણીની જેમ જ ન જીવત? કામ... કામ... કામમાં જ લાઈફ વેડફાઈ ન જાત? પોતાનું વ્યક્તિત્વ ખીલવી શકત? જાહેરમાં આવી શકત? સ્વતંત્ર રહી શકત? ભલે કદાચ વિધવાની તકલીફો, સંઘર્ષો, અતૃપ્તિઓનો સામનો કરવો પડ્યો તેમાંથી બચી જાત, પણ બદલામાં વ્યક્તિત્વ વિકાસનો લાભ ન મળ્યો? જીવનનો આનંદ ન મળ્યો? પોતે જીવ્યાનો આનંદ ન મળ્યો?

શું સારું? સૌભાગ્યવતી રહેવું કે સ્વતંત્ર વિકાસ કરવો?

તો વિધવા થયાં તે સારી બાબત કે કમભાગ્ય?

ગૌરીબહેન પડખાં ફેરવતાં રહ્યાં.

ઘર આવી ગયું. ગાડી ઊભી રહી. શૉફરે બારણું ખોલ્યું. હળવેથી ઊતરીને નીચે ઉતર્યાં. ઘરમાં ગયાં. પુત્રવધૂ સામે આવી. ગૌરીબહેન બાથરૂમમાં ગયાં અને તાજાં થયાં. પછી ટેબલ પર આવી બેઠાં. પુત્રવધૂએ ચા આપી. સાથે નાસ્તો કર્યો.

ગૌરીબહેન ઊભાં થયાં અને પોતાના બેડરૂમમાં ગયાં. સામે વિશાળ શેટી પડી હતી. તેના પર લંબાવ્યું.

તેમની નજર સામે લટકાવેલ પતિના ફોટા પર પડી. બે-ચાર મિનિટ પ્રશ્નાર્થ નજરે તાકીને જોઈ રહ્યાં.

પછી તેના સામે જોઈ બોલ્યાં, ''સૉરી.''

અને આંખ મીંચી દીધી.

*ન્યુ મિન્ટ રોડ*
*પેરીસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** **વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ**

- *ગઢવાલ*
- *કોરા કોટન*
- *સુપરનેટ કોટા*
- *ટીસ્યુ કોટા*
- *ફેન્સી કોટા*
- *જૈન સિલ્ક*
- *ચંદેરી ટેમ્પલ*
- *પ્રિન્ટેડ જ્યોર્જેટ*



**''કાંચી''ની સાડી વાહ... વાહ...!!**

**મીનલ દેઢિયા • 09930704743**

**KANCHI** *A Blend of Indian Heritage*

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com **Sunday Closed**

સિંધી વાર્તા

# મા

• લખમી ખિલાણી •

હરિદ્વાર. હિમાલયની જટાઓમાંથી વહેતી ગંગા. હરકી પૌઢી. બરફીલું શીતળ જળ! સ્વચ્છ પાણીની અંદરથી ડોકાતા ગોળ ચીકણા પથ્થર! સપાટી પર તરતી માછલીઓ. પાણીના તેજ પ્રવાહમાં સાંકળો પકડીને શ્રદ્ધાળુઓ દ્વારા લગાવવામાં આવતી ડૂબકીઓ. 'માત ગંગે, હર હર ગંગે', જળની વચ્ચોવચ્ચ ગંગામાતાનું મંદિર. તન-મનનો મેલ સાફ કરવા દૂર દૂરથી આવેલા હજારો તીર્થયાત્રીઓ. સાંધ્ય આરતી ટાણે ઘંટારવ તથા શંખધ્વનિ. મોજાંઓ પર તરતા દીવડાઓમાંથી રેલાતો પ્રકાશ, સંસ્કૃત શ્લોકની ધ્વનિ-ઓમ પૂર્ણમદઃ, પૂર્ણમિદ... ઓમ શાંતિઃ, શાંતિઃ, શાંતિ!

પુલ પર ઊભા ઊભા ઘણી વાર સુધી તે હરિદ્વારના આ અલૌકિક વાતાવરણનો આનંદ માણતો રહ્યો. 'હર કી પૌઢી' ના સંગેમરમરથી બનેલા ઘાટની સામે ગંગા નદીની વચ્ચોવચ્ચ એક દ્વીપ છે, જે એક પુલ થકી બન્ને કિનારાઓ સાથે જોડાયેલો છે. આ ટાપુ પરના ટાવરની ઘડિયાળમાં સાંજના સાત વાગ્યા હતા. સાંધ્યકાળે અનેક પરિવારો આ દ્વીપના પાકા પટ પર શેતરંજી પાથરીને ઠંડી હવાનો આનંદ લઈ રહ્યાં હતા. પોતાની સાથે તેઓ ખાવાનું પણ લઈ આવ્યા હતા.

આજે સવારે જ તે અહીં આવ્યો હતો. રાતની ગાડી દ્વારા તેણે પાછા પણ વળવાનું હતું. એક વર્ષથી તેની મા અહીં સ્વામી બ્રહ્માનંદજીના આશ્રમમાં રહેતી હતી. છેલ્લા ચારેક માસથી વેપારની ચિંતાઓ તેને એટલી બધી ઘેરી વળી હતી કે તેની મા હજુ સુધી જીવિત છે કે કેમ એ જાણવાની દરકાર પણ તેણે નહોતી કરી. ઘણા લાંબા સમયથી તેણે માને મનીઓર્ડર પણ નથી મોકલાવ્યું. આજે સવારે માને સ્વસ્થ જોઈને તેનો ઉત્સાહ વધ્યો હતો. હવે તે અહી માને નામે બેંકમાં જ ખાતું ખોલાવીને બે-ચાર હજાર રૂપિયા જમા કરાવી દેશે. પછી નિરાંત! એક ફેરિયા પાસેથી લોટની ગોળીઓ લઈને, તેણે પણ અન્ય બાળકોની જેમ એક એક ગોળી પાણીમાં ફેંકી. મોટી-મોટી માછલીઓએ ગોળીઓને મેળવવા માટે પરસ્પર ઝપાઝપી કરી. માછલીઓની આ કૂદાકૂદે બાળકોને પ્રસન્નતા આપી. ક્યાંક દૂરથી હવામાં લહેરાતા આવતા સિંધી સ્વરે તેનું ધ્યાન ખેંચ્યુ - 'સિંધ મારી મા, તારા સૌંદર્ય વિશે શું લખું? હું શું લખું?'

સ્વયંભૂ તેના પગ સ્વરની દિશા તરફ ઊપડ્યા. હૃદય સોંસરવો ઊતરી જતો સ્વર! નીચે બેઠેલાં નવયુગલો પૈકી એકના ટેપ રેકોર્ડરમાં આ મધુર ગીત વાગી રહ્યું હતું. દૂર ઊભા રહીને કેટલીયેવાર સુધી, ગુમસૂમ થઈને તે ગીત સાંભળતો રહ્યો. તેના મનના સિતારને ઝંકૃત કરી નાખ્યું હતું, લાગણીઓને જગાડી હતી. તે સ્વયંને રોકી ન શક્યો અને નજીક જઈને યુગલને પૂછી બેઠો, 'આ ગીત કોણે ગાયું છે?'

'આબિદા પરવીને.'

'ખરેખર આ ગીત નહીં પણ કોઈ અતૃપ્ત આત્માનો અવાજ છે, જે તેના મનના સ્તરો વીંધીને બહાર આવી રહ્યો છે.' થોડી વાર ગીત સાંભળ્યા પછી, 'શું તમે સિંધથી આવ્યા છો?' સિંધી પહેરવેશ જોઈને તેને શંકા પડી.

'હા ભાઈ! એક માસનો વિઝા લઈને ભારત ફરવા આવ્યા છીએ.'

'અરે ભાઈ ઊભા કેમ છો? આવો બેસો! સાથે મળીને નાસ્તો કરીએ.'

તેની સામે વાનગીઓના ડબલાઓના ડબલાઓ ખુલ્લા પડ્યા હતા. સ્નેહથી ભરપૂર સિંધી કન્યાની વિશાળ આંખો! તેણે કહેલા 'ભાઈ' ના ઉચ્ચારણમાં કેટલી આત્મીયતા અને સ્નેહ સમાયેલાં હતાં.

'હા ભાઈ! આવોને! અમારી સાથે બેસીને કંઈક ખાઓ!' પુરુષની આંખોમાં પણ એ જ સિંધુ સાગર લહેરાતો હતો. તે ના ન પાડી શક્યો. કેરીની એક ચીરી ઉપાડીને સિંધના ખબર અંતર પૂછવા માંડ્યો.

'શું આજે પણ ત્યાં 'સલાધબેલા' ઘાટ પર બાળકો માછલીઓને લોટની ગોળીઓ ખવડાવે છે? કેરીઓના ટોપલા લઈને નવયુવાનો સિંધુનદીમાં તરવા જાય છે ખરા? ચાંદની રાતે અલબેલી સિંધુ નદી શું આજે પણ એ જ મસ્તી અને જોશથી વહે છે? સિંધુ નદીના ખળખળ સાથે માછીમારોના ગીતના બુલંદ ધ્વનિ શું આજે પણ ગુંજે છે, ભાઈ?'

તેને લાગ્યું કે આ નવપરિણીત દંપતી છે. નવવધૂ તેની તરફ જોઈને સહેજ શરમાતાં અને સ્મિત વેરતાં બોલી 'ભાઈસાબ! વતન માટે તમારા દિલમાં આટલો પ્રેમ છે તો એક વાર સિંધ આવીને તમારી સગી આંખ જોઈ કેમ નથી લેતા? હવે તો વિઝા પણ સહેલાઈથી મળી જાય છે!' પછી પતિ તરફ જોતાં બોલી, 'તમે આપણું સરનામું એમને આપોને!'

'હા, ભાઈ તમે જરૂર આવજો. અમે તમને સમગ્ર સિંધ બતાવીશું.'

તેઓનાં હૃદય સાગર જેવાં છે. તે નિમંત્રણનો સ્વીકાર કરીને સરનામું મેળવીને પાછો વળે છે. ગંગાકિનારે આંટા મારતાં મારતાં કંઈક વિચારે છે. સિંધુના ખોળે ઊછરેલાં આ સિંધવાસીઓમાંથી પેલી માટીની સુગંધ તથા માનવતાની સોડમ આવે છે. તેઓના સુંદર ઉજ્જવળ મનડાનું પ્રતિબિંબ! આથી વિપરીત, આપણે પોતાનું વતન છોડીને આવેલા સિંધી કેટલા રૂક્ષ બની ગયા છીએ. આપણો પહેરવેશ જ

નહીં, પણ વાતચીત, ખાન-પાન, સૌ કૃત્રિમ બની ગયાં છે. આપણી ઈચ્છાઓ, અનુભૂતિઓ અને વિચારો પણ લાભ-હાનિના ત્રાજવામાં જોખનારા સાંસારિક તથા વહેવારુ બની ચૂક્યાં છે. આપણા 'અંદર' અને 'બાહ્ય' માં કોઈ મેળ નથી બેસતો.

તેની ઈચ્છા દૃઢ બની. મૃત્યુ પહેલાં એકવાર તો તે પોતાની માતૃભૂમિનાં દર્શન જરૂર કરશે. સખ્ખર, બખર, રોહિડી, શિકારપુર આ સર્વ સ્થળો તે પોતાની સગી આંખે જોવા જશે. આ સ્થળો સાથે ક્યારેક તેનું જીવન સંકળાયેલું હતું. હવે મુંબઈના વ્યસ્ત જીવનમાં તે પોતાની માને પણ વિસારી બેઠો છે! તટના એક ખૂણે જઈને બૂટ કાઢીને, પાણીમાં પગ નાખીને તે બેસી જાય છે. એક ફેરિયા પાસેથી 'ફૂલ-છાબ' ખરીદે છે, એમાં વચ્ચે એક દીવડો પણ છે. દીવાસળી વડે ધૂપ પ્રગટાવીને ફૂલની છાબને તે પાણીના પ્રવાહમાં તરતી મૂકી દે છે. અન્ય દીવડાઓની જેમ તેનો દીવડો પણ ટમટમિયાં કરતો દૂર દૂર ક્ષિતિજ તરફ ગતિ કરી જાય છે. ના! આ દીવડા નથી, આત્માઓ છે! સમયનાં મોજાંની સાથે આગળ વધતા વધતા સાગર તરફ પ્રયાણ કરે છે.

આકાશમાં અસંખ્ય તારાઓ નજરે ચડ્યા. નદીનો ખળખળ ધ્વનિ હવે સ્પષ્ટ સંભળાતો હતો. હજુ દોઢેક કલાકની વાર હતી. તે પોતાના શરીરને ઢીલું મૂકીને આડો પડ્યો. ગાડી તો રાત્રે અગિયાર વાગે હતી.

આજે સવારે તે રેલવે સ્ટેશનથી રિક્ષા કરીને સીધો કનખલમાં આવેલા મુનિ બ્રહ્માનંદજી આશ્રમ પર ગયો હતો તેને જોઈને મા ઘણી આનંદિત થઈ ઊઠી હતી.

'ભગવાનનો આભાર કે તને મારી સારસંભાળ લેવા માટે મોકલ્યો તો ખરો! હું ચોવીસે કલાક મારાં બાળકોને મળવા માટે ભગવાનને પ્રાર્થના કરતી રહું છું. જ્યાં પણ રહો, સુખી રહો! હું તો હમેશા આશીર્વાદ આપું છું કે તમારા પર ક્યારેય પણ દુઃખનો ઓછાયો ન પડે.' પહેલાં કરતાં મા હમણાં કંઈક દુર્બળ બની ગયાં હતાં. આંખોની દૃષ્ટિ પણ ઘટી ગઈ હતી. વાળ સફેદ ઊન જેવા થઈ ગયા હતા. કમર પણ વળી ગઈ હતી. લાકડીને ટેકે ચાલતાં હતાં. સૌ કુટુંબીજનોના ક્ષેમકુશળ જાણ્યા બાદ મા એ કહ્યું હતું, 'બેટા! ગંગામાં ડૂબકી મારીને નાહી આવ, ત્યાં સુધી હું તારા માટે જમવાનું તૈયાર કરી નાખું.'

ગંગામાં સ્નાન કરવાથી, મનુષ્યનાં સૌ પાપ ધોવાઈ જાય છે, એવા અંધવિશ્વાસમાં તેને કોઈ આસ્થા નહોતી તો પણ માનું માન રાખવા ખાતર તે સવારે અહીં હરકી પૌઢી પર સ્નાન કરવા આવ્યો હતો. કેટલોક સમય તે ઉઘાડા ડિલે સીડી પર બેસીને બાળકોને પાણીમાં રમતાં જોતો રહ્યો. તેને ઠંડા પાણીમાં ઊતરતાં બીક લાગતી હતી. છેવટે સાહસ કરીને તેણે ઝડપથી એક ડૂબકી લગાવી. એવું લાગ્યું જાણે લુહારે લોખંડના ગરમ ટુકડાને ઠંડા પાણીમાં ડુબાડી દીધો હતો! એના શરીરમાંથી ગરમી બાષ્પ બનીને બહાર આવી ગઈ. એને રાહતનો અનુભવ થયો.

બે-ચાર ડૂબકીઓ બાદ તો સમગ્ર થાક ઊતરી ગયો. નાક બંધ કરીને પાણીમાં બેસતાં તેને આનંદ આવતો હતો. તેનું ભારેખમ શરીર, વજન ગુમાવીને પાણીમાં ગોળ-ગોળ ફરતું હતું. તે પણ અન્ય બાળકોની સાથે તરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. ગંગામાતાની મૂર્તિ પર અંજલિ ભરીને જળનો અભિષેક કર્યો. નાહક તે ડરી જઈને કિનારે આવી બેઠો હતો. હવે પાણી તેને ઘણું ઠંડુ નહોતું લાગતું. તેની દૃષ્ટિ સામે જ નહાતી સ્ત્રીઓના સુડોળ પયોધરો પર જઈને અટકતી હતી, જે ચંચળ બાળકની જેમ શરીર સાથે ચોંટેલી ભીની સાડીમાંથી ઝાંકી રહ્યા હતા. ટાવરમાં નવના ટકોરા પડ્યા અને તે પાણીમાંથી બહાર આવ્યો. મા નાસ્તો બનાવીને દરવાજે રાહ જોતી બેઠી હતી.

માએ પીરસેલી થાળીમાં દાળ, બટેટાનું શાક, સેવઈયા, તથા માખણમાં બનાવેલું ચૂરમું મૂકેલાં હતાં. ગરમ ગરમ રોટલી ઉતારીને તે પર માખણ અને ખાંડ મૂકીને માએ આપી. મા આજે પણ એને નાનું બાળક માનતી હતી, જેને બાળપણમાં આ બધી વસ્તુઓ ગમતી હતી.

'બસ મા! આટલું કોણ ખાશે? મારા માટે તો આ નાસ્તો જ બપોરના જમણ બરાબર છે. હવે બીજી કોઈ કડાકૂટ ન કરશો.' 'અરે, બપોરની વાત બપોરે. હવે તું એકાદ કલાક સૂઈ જા. મુસાફરીનો થાક લાગ્યો હશે.'

માએ એના માટે પલંગ મંગાવીને પાથરણું કરી આપ્યું. કોગળા કરતાં કરતાં તેણે જોયું કે માએ તેના થેલામાંથી મેલા કપડા કાઢીને ધોઈને, દોરડા પર સુકવવા પણ નાખી દીધાં હતાં. આવી ઝંઝટ કરવા બદલ તેણે માને ઠપકો આપ્યો, 'તમારે મારા થેલાને અડવાની શી જરૂર હતી?'

'તો શું મેલાં કપડાં લઈને ફરત? સાંજ સુધીમાં ધોબી પાસેથી પ્રેસ થઈને મળી જશે. ચિંતા ના કર.' તે પોતાનો ગુસ્સો ગળી જઈને પલંગ પર આવીને આડો પડ્યો. મા પણ વાસણો ગોઠવીને પાસેના પલંગ પર હાથમાં પંખો લઈને બેઠી. એવું લાગતું હતું કે અહીં જાણે વીજળી બંધ થવાની બીમારી ફેલાયેલી હતી. માએ પંખો કરતાં પૂછ્યું, 'સોની અને નરેશ માટે કોઈ ઘર કેમ નથી શોધતો? ધોળાં પડ્યા પછી તેઓનાં લગ્ન કરાવશો શું?' 'સારાં પાત્રોની શોધમાં તો છું. મા આજકાલ સારું પાત્ર ક્યાં મળે છે?'

નરેશ અભ્યાસ માટે અમેરિકા ગયો હતો. તે ત્યાં ઠરીઠામ થઈને અમેરિકન મેમ સાથે લગ્ન કરવાનો નિર્ણય આ લોકોને જણાવી ચુક્યો હતો. સોની ઘર છોડીને એક ફિલ્મ નિર્માતા સાથે રહેવા ચાલી ગઈ હતી. પણ આ બધું માને જણાવવું તેને જરૂરી ન લાગ્યું.

'રાહુલ કેમ છે? દાદીમાને ક્યારેક યાદ કરે છે ખરો?'

'તમારી યાદમાં તો રોઈ-રોઈને સુકાઈને કાંટો થઈ ગયો છે.'

'મશ્કરી ના કર! વહુ તો મજામાં છે ને?'

'હા, મા બહુ મજામાં છે. એ તો ટૂંકા વાળ અને જિન્સમાં આજકાલ કોઈ ફિલ્મી નટી જેવી લાગે છે. હવે તો તમે એને ઓળખી પણ નહીં શકો.'

'તારી મશ્કરી કરવાની ટેવ ગઈ નથી કેમ?'

હવે તે માને કેવી રીતે સમજાવે કે આ નવા નવા શાહુકાર બનેલા સિંધી સૌ ફિલ્મી કલાકારો જ બની ગયા હતા. આપણાં ઘર ફિલ્મી સેટ જેવાં છે. આપણી વાતચીત પણ ફિલ્મી સંવાદોની જેમ ચુસ્ત છે. આપણું ઊઠવું, બેસવું, ફરવું કેમેરાની સામે જ થાય છે. સુપર સ્ટાર જેવી છાપ અને વ્યક્તિત્વમાં આપણે જિંદગીની સફળતાનું રહસ્ય શોધી લીધું છે, જેને બજારમાં ઊંચા ભાવે વેચી શક્યા છીએ.

તેણે પોતાની આંખો બંધ થતી અનુભવી. થાકને કારણે ઊંઘ આવવા માંડી હતી. ખેંચેલી સ્પ્રિંગ જેવું શરીર ધીમે ધીમે ઢીલું પડતું જતું હતું. જાણે તેના શરીરનાં બધાં અંગો જુદાં પડી જઈને હવામાં આમ તેમ તરી રહ્યાં હતાં - આંખ, નાક, કાન, હાથ, પણ માત્ર ધડ, કાપેલી માછલીની જેમ બિસ્તર પર તરફડતું હતું. શરીરનાં સૌ અંગો તેના કાબૂ બહાર હતાં. તેને જોરથી રાડ પાડવાની ઈચ્છા થઈ, પણ અવાજ કંઠમાં જ રૂંધાઈ ગયો. કોઈ એની છાતી પર બેસી જઈને જાણે એનો શ્વાસ નિચોવી રહ્યું હતું. તેનું સમગ્ર શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. એની બેચેની જોઈને મા તેને જોરજોરથી પંખો નાખવા માંડી. તેણે પડખું ફેરવીને માની ચારે તરફ હાથ ફેલાવી દીધા.

જાગ્યો ત્યારે હળવાશ અનુભવતો હતો. લાંબા ગાળા બાદ, 'કામ્પોઝ' વગર તેણે આવી ગાઢ નિદ્રા માણી હતી. ફળ કાપીને મા પ્લેટમાં લઈ આવી. ચાયનું પાણી પણ સ્ટવ પર ચઢાવ્યું હતું. આશ્રમમાં રહેનાર કેટલીક મહિલાઓ મા પાસે આવી પહોંચી.

'કેમ છો બેન? સત્સંગ સાંભળવા જવું છે ને?'

'આવો, અંદર આવો મારા દીકરાને તો મળો.'

માને ઈશારે તેણે ઊભા થઈને સૌના ચરણસ્પર્શ કરીને આશીર્વાદ લીધા. માએ પરિચય કરાવ્યો. 'આ દાદન, આ પારી, આ રૂકમણી, અને આ નંદની મા.' મા એ ફળની તાસક સૌની સામે ધરી. કાળા દોરામાં પરોવાયેલાં લાલ મોતી બે મહિલાઓનાં નાકમાં નાખેલાં હતાં. દાઢ વગરની દાદનને કેળું ચાવતાં જોઈને તે માંડ માંડ હસવું રોકી શક્યો હતો. એટલે જ તો તેઓનાં સંતાનો આ હાડપિંજરોને આવી ગૌશાળામાં છોડી જઈને તેઓના દાણા પાણીની વ્યવસ્થા કરી જાય છે! લોથના જીવનનો કોઈ અર્થ પણ નથી ને! 'દીકરા આજે સાંજનું વાળુ મારે ત્યાં' નંદની મા એ કહ્યું. 'અને આવતી કાલે બપોરનું ભોજન મારે ત્યાં', રૂકમણી બીજા કરતાં પાછળ કેમ રહે?

'આજે રાતની ગાડીથી પાછો જવાનો છે,' મા એ ઉત્તર આપ્યો. 'સવારે આવ્યો છે ને રાત્રે જતો રહેશે? તમે એને બે-ત્રણ દિવસ રોકાઈ જવાનું કેમ કહેતાં નથી?' રૂકમણી બોલી, 'આ ધંધાવાળા (વેપારી) ઓ વધુ સમય બહાર રોકાશે જ નહીં.' મા બોલી, 'રોકાઈ જાવ દીકરા! માની ખાતર બે દિવસ તો રોકાઈ જાવ,' પારીએ મૃદુ સ્વરે કહ્યું.

સત્સંગ શરૂ થવાનો ઘંટ સાંભળીને સૌ ઊભાં થઈ ગયાં. 'મા તમે પણ સત્સંગમાં જાઓ. દરમ્યાન હું થોડી વાર 'હરકી પૌઢી' જઈ આવું છું,' તેણે માને કહ્યું.

માની ઈચ્છા તો નહોતી કે દીકરો તેની આંખોથી દૂર જાય. થોડીક ચુપ્પી બાદ તે બોલી, 'ભલે ત્યારે, જઈ આવ પણ જલ્દી પાછો આવજે.'

આ તો સારું થયું કે સંત બ્રહ્માનંદજી મસૂરી ગયેલા હતા. નહીં તો તેને પણ સત્સંગમાં પરાણે બેસવું પડત. 'ગુરમુખ, આ લોક માટે તો સૌ જીવે છે. મનુષ્ય એ છે જે પોતાનો પરલોક સુધારે. પ્રભુએ આ હીરા જેવો દેહ વ્યર્થ જવા દેવા નથી આપ્યો. આ જગત તો મિથ્યા ભ્રમ અને સ્વપ્ન સમાન છે. આંખો પર ચઢેલા માયાના પડદાને લીધે આપણે આને સાચું માની બેઠા છીએ. ગુરમુખ, લાખો-કરોડો ભલે કમાઓ, પણ મનને સદૈવ પ્રભુમાં પ્રવૃત્ત રાખો. ઈશ્વરનું નામ જપો, તે જ તમને ભવસાગર પાર કરાવશે.' ઘસાઈ ગયેલી રેકોર્ડની માફક વાગીને આ ઉપદેશ પણ આજે પોતાનો અર્થ ખોઈ બેઠો હતો.

ટાવરમાં રાતના નવના ટકોરા પડ્યા. હવે તેણે ચાલવું જોઈએ. જમ્યા પછી ગાડી પકડવાની હતી. એ સત્ય છે કે પોતાના જીવનમાં તેણે આજના જેવો ભયમુક્ત અને તાણવિહીન દિવસ અગાઉ ક્યારેય નથી વિતાવ્યો. આકાશમાં હજારો તારાઓ આટલા ચમકદાર અને આટલા નજીક કે હાથ લંબાવીને અડી શકાય, આ પહેલાં ક્યારેય જોયા નહોતા. ગંગાનાં મોજાંઓની સાથે ઈમારતી લાકડાના ટુકડાઓ પણ વહી રહ્યા હતા, તેમની પર સફેદ ચમકીલાં કબૂતરો બેઠાં હતાં. સમયનાં મોજાં પણ એની જિંદગીને આમ જ ધકેલતાં પોતાની સાથે ઢસડી રહ્યાં હતાં. સવાર ઊગી, સાંજ પડી, દિવસો આવ્યા ને ગયા. ઋતુઓ બદલાઈ. વસંત પછી પાનખર આવી, પણ તેને આ બધાની અનુભૂતિ ક્યારેય નહોતી થઈ. તેના માટે જિંદગી યાંત્રિક રૂટીન જેવી થકવી દેનાર હતી. તેણે ક્યારેય પર્વતો વડે ઘેરાયલા શાંત ઝરણામાં નીલ કમળ જોયું હોય કે વૃક્ષ નીચે બેઠેલા કોઈ ગોવાળિયાની વાંસળીમાંથી વાતાવરણમાં ગૂંજતો કોઈ આલાપ સાંભળ્યો હોય કે ઘાસિયા મેદાન પર કોઈ ગોવાળિયાને ગાય ચરાવતો દીઠો હોય કે ગોધૂલિ ટાણે ઘંટડી વગાડતા ધણને ગામમાં વળતાં જોયું હોય તેવું કંઈ પણ સ્મરણમાં નથી. સવારની ચાંદનીમાં ઝાકળમાં ભીંજાયેલા ચમેલીના ફૂલની સુગંધ લીધી હોય કે કોઈ મધુર સંબંધોની છાયામાં બેસીને કોઈ નમણી અંગુલિઓના કોમલ સ્પર્શને પોતાના મસ્તક પર અનુભવ્યો હોય કે કોઈના હોઠની અતૃપ્તિએ તેના અંદરની અતૃપ્તિને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)**

લલિત નિબંધ

# વરસાદ

• નીતિન વડગામા •

'વરસાદ' આ શબ્દ ઉચ્ચારતાં, સાંભળતાં કે વાંચતાંવેંત જ ભીતરમાં ભીનાશ ઊગી નીકળે. ચોમાસું બેસવાની સત્તાવાર જાહેરાત થાય કે તરત જ માનવહૈયું પુલકિત થઈ ઊઠે, ચોમાસાની છડી પોકારનાર વરસાદનું ધરતી પરનું આગમન, જગતના તાતને આનંદિત કરે છે, તો માનવહૈયાંને પણ હિલોળે ચઢાવે છે. ઋતુરાણી વર્ષાનું અમીવર્ષણ, એકબાજુ ધરતીને અંદર-બહાર શાતાનો શીળો અનુભવ કરાવે છે, તો એ જ વર્ષારાણી, માનવના દેહને ભીંજવવાની સાથોસાથ માનવમનના કોઈ અગોચર ખૂણાને પણ ભીંજવે છે. આમ, વરસાદ અને વરસાદી વાતાવરણનો પ્રકૃતિ અને માનવપ્રકૃતિ ઉપર પ્રચંડ પ્રભાવ પડે છે.

ચોમાસું બેસે ને વાદળમાંથી વરસાદ વરસે એ તો થઈ સરેરાશ માણસની સમજ, પરંતુ કવિ કંઈ એવી સામાન્ય સમજથી સંતુષ્ટ ન થાય. તો કવિ એવું સમીકરણ આપે કે, કોઈ પ્રેમીના હૃદયની વ્યથા વાંચીને ગગનનું રોઈ પડવું એટલે જ વરસાદનું વરસવું! કવિશ્રી મનહરલાલ ચોકસીના એક મુક્તકમાં, વરસાદ વિશે આવી કાવ્યાત્મક કલ્પના થઈ છે.

*એક પ્રેમીથી હૃદયની વેદના*
*વાદળીના દેહ પર અંકાઈ ગઈ,*
*પત્ર વાંચીને ગગન રોઈ પડ્યું,*
*ને ધરાની ચૂંદડી ભીંજાઈ ગઈ!*

વરસાદ એટલે શું? એનો સીધોસાદો, એક જ અને અંતિમ ઉત્તર કવિ તો ન જ આપે. આ પ્રશ્નનો ઉત્તર તો કવિએ કવિએ જુદો જુદો હોઈ શકે. કવિશ્રી ધૂની માંડલિયા પણ, વરસાદને વ્યાખ્યાબદ્ધ કરતી વખતે 'આંસુઓના નવા અવતાર' રૂપે વરસાદને ઘટાવે છે.

*આમ તો વરસાદ બીજું કૈં નથી,*
*આંસુઓનો એ નવો અવતાર છે.*

સચરાચર સૃષ્ટિને ઘેલું લગાડવાનું કામણ અને કૌવત છે વરસાદમાં, વરસાદમાં છુપાયેલી મનોહારિતા અને માદકતા માણસજાતને જ નહિ, પ્રાણીમાત્રને પણ સ્પર્શે છે ને આકર્ષે છે. આવા મસ્ત અને માદક વાતાવરણને વર્ણવે છે કવિશ્રી આદિલ મન્સૂરી.

*કેટલી માદકતા સંતાઈ હતી વરસાદમાં!*
*મસ્ત થઈ સૃષ્ટિ બધી ઝૂમી ઊઠી વરસાદમાં!*

ક્યારેક ધીમી ધારે વરસાદનાં અમીછાંટણાં થયાં કરે, તો ક્યારેક વળી, અનરાધારે વરસતા વરસાદની હેલીથી સઘળી સૃષ્ટિ વરસાદમય થતી અનુભવાયા કરે. ધીમી ધારના વરસાદનું લાવણ્ય નિરાળું છે, તો ધોધમાર વરસતા વરસાદનો ઠસ્સો વળી કંઈક જુદો જ છે. જાણે જળપ્રવાસ કરી દે એવો અંધાધૂંધ વરસાદ વરસતો હોય એ વેળાની વાત કરે છે કવિશ્રી રવીન્દ્ર પારેખ.

*ડૂબવાનું હોય જાણે કે જગત,*
*એટલો વરસાદ વરસે છે સખત.*
*બારણાં, બારી બધું વરસાદનું,*
*ને ઉપર વરસાદની એકાદ છત.*

અનરાધાર વરસતાં વરસાદની અસર થાય એ તો ઠીક, પરંતુ પ્રથમ વરસાદનો એકાદ છાંટો પણ હથેળીમાં ઝિલાય ને રોમેરોમ ધસમસતું ઘોડાપૂર ઊછળવા લાગે, ત્યારે એ વરસાદનાં છાંટાનો પણ કેવો જાદુ સમજવો? કવિશ્રી મનોજ ખંડેરિયાની ગઝલના એક શે'રમાં, પ્રથમ વરસાદના એકાદ છાંટાની આવી જાદુઈ અસર આ રીતે ઝિલાય છે.

*ઊછળવા લાગ્યું ઘોડાપૂર ધસમસતું રગેરગમાં,*
*ઝીલ્યો જ્યારે પ્રથમ વરસાદનો છાંટો હથેળીમાં.*

પ્રથમ વરસાદના થોડાક પણ છાંટા, સંજીવનીનું કામ કરે છે. એ છાંટા ઝિલાય છે ને જીવિતવ્યમાં સૂક્ષ્મ સંચાર અનુભવાય છે, અને એવે સમયે ને એટલા સમય પૂરતું જ તો ખરા અર્થમાં જીવી શકાય છે! મનોજ ખંડેરિયાનો જ એક અન્ય શે'ર છે.

*બે'ક પળ જીવી લઉં હથેળીમાં,*
*પ્રથમ વરસાદના ઝીલી છાંટા.*

વરસાદ વરસે ને જેમ સંવેદનશીલ માણસના ભીતરમાં ભીનાશનો છંટકાવ થાય, તેમ વરસાદી વાતાવરણથી નિસર્ગશ્રીમાં પણ ચેતનાનો સંચાર થતો અનુભવાય! વૈશાખના કાળઝાળ તાપથી સુક્કી ધાકોર થઈ ગયેલી ધરતી ઉપર વરસતાં વાદળાંનું આક્રમણ થાય, ત્યારે ધરતીમાં ધરબાયેલો ઉકળાટ ઓસરી જાય ને સુક્કાભઠ્ઠ વૃક્ષોને જાણે કે લીલપવરણાં વસ્ત્રો પહેરાવાય! મૃતઃપ્રાય બની બેઠેલાં વૃક્ષો પણ, વરસાદના ઓક્સિજનની સહાયથી કેવાં તો જીવંત ને ચેતનવંતાં થઈ જાય છે એ વાત, કવિશ્રી શોભિત દેસાઈના શે'રમાં સુંદર રીતે રજૂ થાય છે.

*વૃક્ષ પાછું બની જશે લીલું,*
*પહેલો વરસાદી શ્વાસ પહેરીને.*

આમ, વરસાદના માધ્યમથી આભ અને ધરતીનું મિલન થાય ને નિસર્ગશ્રીનું સૌંદર્યમંડિત એવું રૂપ રચાય, તો સાથોસાથ કુંવારા અંતરમાં પણ વરસાદ અને વરસાદી વાતાવરણનો પ્રચંડ

પ્રભાવ પથરાય. વરસાદની મોસમ એટલે જ વરસવાની મોસમ. પરંતુ પ્રિયપાત્રની અનુપસ્થિતિમાં, વરસવાનું રૂપાંતર તરસવામાં પણ થઈ જાય, તેથી જ તો વરસાદી મોસમમાં વરસવાની સાથે તરસવાની તૈયારી રાખવી પડે! કવિશ્રી હરીન્દ્ર દવેનો આ મતબલનો શે'ર છે.

*ચાલ, વરસાદની મોસમ છે, વરસતાં જઈએ,*
*ઝાંઝવાં હો કે હો દરિયાવ, તરસતાં જઈએ.*

વરસતાં વરસાદનો ચમત્કાર સર્જાય ને વૃક્ષો પર કૂંપળ ફૂટે અનરાધાર, અને એમ સુક્કુંભઠ્ઠ ઝાડ થઈ જાય લીલું કુંજાર! વર્ષાના આગમનથી વૃક્ષ અને વનરાઈ લીલપવરણા વાઘા પહેરી લે, તો બીજી બાજુ, વરસાદના પ્રતાપે માણસના અંતસ્તલમાં પણ કશુંક પાંગરી ઊઠે. અને એ પાંગરવાની સાથે જ આંગણમાં પથરાય ઝળાંહળાં અજવાળાં. સુરેન ઠાકર 'મેહુલ,' વરસાદના આવા પ્રચંડ પ્રભાવને શબ્દસ્થ કરે છે.

*પાંગરે પોતાપણું વરસાદમાં*
*ઝળહળે છે આંગણું વરસાદમાં*

આવી જાદુઈ અસરથી નિર્મિત વાતાવરણનો પ્રભાવ સંવેદનશીલ માણસ પર ન પડે તો આશ્ચર્ય! હૈયાંને ભારોભાર ભીંજવતું ભીનુંભીનું વાતાવરણ હોય ત્યારે ઘરમાં પડ્યા રહેવું પણ કેમ પાલવે? આવા ભીનપવરણા વાતાવરણમાં તો ચાર દીવાલની બહાર નીકળીને મુક્ત રીતે મહાલવામાં જ મજા! તેથી જ તો કવિશ્રી મનોજ ખંડેરિયા, મોસમને અનુરૂપ એવી અપીલ કરે.

*પડ્યા રહેવું ન ઘરમાં પાલવે વરસાદી મોસમમાં,*
*ભીના વાતાવરણનો હાથ ઝાલીને જરા નીકળો.*

આમ, આવા વરસાદી વાતાવરણમાં સંવેદનશીલ માણસ, ઘરના ખૂણામાં બેસીને જાતને કોરી ધાકોર રાખવાને બદલે બહાર નીકળી પડીને જાતને કૃતાર્થ કરવાનું જ વિચારે! અલબત્ત, માણસ વરસાદમાં નીકળીને ભીંજાવાના મનસૂબા તો સેવે, પણ પલળવાનું એ સદ્નસીબ બધાંને કપાળે ક્યાં લખાયું હોય છે? માણસની એ મનીષાને અને કેટલાક લોકોની કમનસીબીને એક સાથે તાકે છે કવિશ્રી રમેશ પારેખ :

*બહુ મન થાય છે વરસાદમાં નીકળવાનું.*
*બધાંના ભાગ્યમાં હોતું નથી પલળવાનું.*

અલબત્ત, ભીતરને ભીંજવવા માટે કેવળ વરસાદ કે પાણી પણ પર્યાપ્ત નથી. પલળવા માટે તો અપેક્ષિત છે શિશુસહજ મુગ્ધતા અને મહોરાંથી મુક્ત એવું પારદર્શક વ્યક્તિત્વ. બાકી, મોટાપણાનાં મહોરાં પહેરીને ફરીએ કે છત્રી ને રેઈનકોટ જેવાં આવરણોથી સજ્જ થઈને નીકળીએ, તો લાખોની એ મોસમ ક્યાંથી માણી શકીએ? વરસતા વરસાદમાં પણ પંડને પલાળવાને બદલે કોરા રહેવા માટે માનવીએ, કેવી કેવી ને કેટલી કેટલી ભીંતો ચણી છે એ ગણાવીને, કટાક્ષનો કોરડો વીંઝે છે કવિશ્રી આદિલ મન્સૂરી :

*રેઈનકોટ, છત્રીઓ, ગમશૂઝ, વોટરપ્રૂફ હેટ્સ*
*માનવીએ કેટલી ભીંતો ચણી વરસાદમાં!*

હાથે કરીને ઊભી કરેલી આવી ભીંતોને કારણે કોરાં રહી જવાય તો એમાં વાંક વરસાદનો કે વ્યક્તિનો? વ્યક્તિ જાણી જોઈને કમનસીબી વહોરે એમાં કોઈ શું કરે? આવે વખતે એ પોતાની જાતને તો કોરીકટ્ટ રાખે, સાથે વરસાદનો પણ અનાદર કરે એ વધારામાં! કવિશ્રી શેખાદમ આબુવાલાને સાંભળો

*ચાલ્યા છો તમે હાથમાં છત્રી લઈ આદમ,*
*વર્ષામાં કર્યો છે તમે વર્ષાનો અનાદર.*

વરસાદમાં ભીંજાઈને ધન્ય થવાની પ્રવૃત્તિમાં ક્યારેક, કશુંક વ્યવધાન પણ નડે. ઘરનું છજું, છત્રી કે રેઈનકોટ તો ઠીક, ક્યારેક તો પોતાનું શરીર પણ આવરણ સમું ભાસે. બાકી, વરસાદ તો રૂડા અવસરની અનુભૂતિ જ કરાવે. વરસાદી વેળાના પુરાણી છત્રીને થતા અવસરજન્ય આનંદના અનુભવને તેમજ બદનસીબ શરીરને, બખ્તર સમા નડતરને પરિણામે થતા અકળામણના અનુભવને એકસાથે આલેખે છે કવિશ્રી ઉદયન ઠક્કર :

*ભીંજાવામાં નડતર જેવું લાગે છે.*
*શરીર સુદ્ધાં બખ્તર જેવું લાગે છે.*
*મને કાનમાં કહ્યું પુરાણી એ છત્રીએ,*
*"ઊઘડી જઈએ : અવસર જેવું લાગે છે."*

જાતે જ આવી ભીંતો ચણીને સલામત રહેવાનો દાવો કરતો માણસ કે પછી હાથે કરીને અનેક આવરણોમાં બખ્તર પહેરતો માણસ, ભીંજાવું હોય તોય કેમ ભીંજાઈ શકે? અને કોરા રહેવા બદલ વરસાદનો વાંક કાઢવો પણ કેટલો વાજબી? સ્વેચ્છાએ અડચણો ઊભી કરીને કોરા રહીએ ત્યારે સ્વીકારવું જોઈએ કે વાંક વરસાદનો નથી, પણ ખુદ આપણો જ છે. કવિશ્રી રમેશ પારેખ ખેલદિલીપૂર્વક કહે છે :

*આજ વરસાદ નથી એમ ન કહેવાય, રમેશ,*
*એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.*

જો કે, સ્થૂળદેહે વરસાદમાં નીકળીને પલળી ન શકીએ તો પણ, કેટલીકવાર વરસાદી મોસમમાં ભીતરમાં તો ભીનાશ અવશ્ય ઊગી શકે. દૂર ઊભા રહીને નિહાળાયેલો વરસાદ પણ દેહમાં ભીનાશને નોતરી શકે, શરત એટલી જ કે આપણામાં સંવેદનશીલતા બચી હોવી જોઈએ. શેષ રહેલી સંવેદના તેમજ વરસાદનો પ્રતાપ-પ્રભાવ કવિશ્રી અમિત વ્યાસને આવી પ્રતીતિ કરાવે છે.

*આજ મેં વરસાદ બારીમાંથી જોયો,*
*ને કશું ભીનું થયું અંદર ફરીથી!*

શું પ્રત્યક્ષ કે શું પરોક્ષ, કોઈપણ રીતે માણેલા વરસાદી વાતાવરણમાં સ્થૂળ-સૂક્ષ્મ કે આતંર-બાહ્ય સઘળું ભીંજાય છે ને વિયોગી પ્રિયજનની યાદ પણ સહજ રીતે જ આવી જાય છે. વરસાદી મોસમમાં પ્રિયજનનાં સ્મરણનાં પતંગિયાંઓ આંખોમાં ને અંતરમાં ઊડાઊડ કરતાં જણાય છે. આવે વખતે પ્રિયપાત્ર સાથેના અનેક સંદર્ભો ટોળે વળે છે ને પછી સ્નેહીનાં સોણલાં આવે છે, સ્નેહીનાં સંભારણાં બતાવે છે. લાખ પ્રયત્ન કરીએ તો પણ, પ્રિયજન અને પ્રિયજન સંલગ્ન સ્થળ-કાળનું સાંભરણ પીછો છોડતું નથી. ચોમાસું બેસતાં જ આ સાંભરણની સૃષ્ટિ સાબદી થાય છે ને જાત એમાં ખોવાઈ જાય છે. વળી, પ્રિયપાત્રના પત્રો-પ્રેમપત્રો એ સ્મરણોની સુગંધને વધુ બહેલાવે છે. કવિશ્રી ભવતીકુમાર શર્મા, આ સંદર્ભે આખીયે ગઝલ- 'ચોમાસુ ગઝલ' રચે છે. એ ગઝલના બે'એક શે'ર :

*બેસતે ચોમાસે ટહુકો સાંભર્યો.*
*મેઘનો જરિયાન સાફો સાંભર્યો.*
*બારીઓ, નેવાં, અગાસી તરબતર*
*તારો કાગળ ભીનોભીનો સાંભર્યો.*

હા, વરસાદ ને પ્રિયજનના સ્મરણને સીધો સંબંધ છે. ને સાંબેલાધાર વરસાદની સાથે જ, સ્મરણોનુ ઘોડાપૂર પણ બેકાંઠે આવે છે. વરસાદ વરસવાની સાથોસાથ જેમ જળાશયોની સપાટી વધતી રહે છે, તેમ પોતાનાથી છેટું રહેલું પ્રિયપાત્ર પણ તીવ્રતાથી સાંભરી આવે છે. વરસાદની સાથે જ બળવત્તર બનતાં જતાં પ્રિયજનનાં સ્મરણની વિલક્ષણ વાત કરે છે કવિશ્રી મનોજ ખંડેરિયા :

*ભયસૂચક થઈ આ સપાટી સ્મરણોની,*
*ક્યાંક બહુ વરસાદ જેવું લાગે છે.*

ઈચ્છા તો હોય વરસાદમાં પલળવાની કે પ્રેમમાં પરિપ્લાવિત થવાની. પરંતુ છેતરામણો વરસાદ હંમેશાં હાથતાળી દઈને છટકી જાય ત્યારે કેવું થાય! એમાંય વળી, વાદળ ગોરંભાય ને છતાંય વરસાદ વરસે નહિ ત્યારે તો બળતામાં ઘી જ હોમાય! વરસાદ, ક્યારેક છળ-કપટ પણ આદરે ને કોઈને દુઃખી દુઃખી પણ કરી મૂકે! કવિશ્રી અમિત વ્યાસ, આવી વિષમ સ્થિતિને તાકે છે.

*રોજ ગોરંભાય છે વાદળ અહીં,*
*ને છતાં વરસાદ એ બાજુ પડે!*

આમ, વરસાદનું કોઈ પણ રૂપ માણસને ગમે અને એને માણવા એ આતુર પણ બને. કહીએ કે, આ મોસમ જ માણસને ભીંજાઈને તરબતર થવા માટે મજબૂર કરે. તો પછી સ્વાભાવિક રીતે જ, એ ક્યાંક ચોરી-છૂપીથી સંતાવાને બદલે બહાર નીકળીને જાતને કૃતાર્થ કરવાનું જ વિચારે! કવિશ્રી યોસેફ મેકવાનને, ભીંજાવાની આવી ઉત્સુકતા કે તત્પરતા તરફ નિર્દેશ કરવો છે.

*ચોતરફ વરસાદનું વાતાવરણ,*
*છે ભીંજાવું તેથી સંતાતો નથી.*

વરસાદમાં, અંદર-બહાર ભીંજાવું સૌ કોઈને ગમે, પરંતુ પ્રિયપાત્રની સંનિધિનો અભાવ હોય ત્યારે વરસતા વરસાદનું માહાત્મ્ય પણ કેટલું? ને એકલપંડને ભીંજવવાનું એનું સામર્થ્ય પણ કેટલું? એટલે વરસાદની સાથે, પ્રિયવ્યક્તિના સહવાસની સોડમ પણ ભળે તો જ ભીંજાવાથી કશો અર્થ સરે! આવા નિદાન ઉપર આવે છે કવિશ્રી એસ.એસ. રાહી

*એકાંતમાં ને એકલા ભીંજાવું હોય તો,*
*આ શ્રાવણી વરસાદ કશા કામનો નથી.*

'ચોમાસુ નભ વચ્ચે લથબથ સોળ કળાએ ખીલે' એ સ્થિતિ તો ગમે જ ગમે. ને વરસાદી વાતાવરણ ઘણીવાર ઉદ્દીપન વિભાવ તરીકેની ભૂમિકા પણ ભજવે. આવા ભીનાછમ વાતાવરણમાં પ્રિયપાત્રની ઉપસ્થિતિ હોય ને એમાં વળી, એકાંતની મહેક ઉમેરાય પછી તો સંયમની પાળ તૂટ્યે જ છૂટકો! અને એને માટે જવાબદાર તો છે વ્યક્તિ કરતાં પણ વિશેષ એવું પેલું વાતાવરણ જ! કવિશ્રી બાલુભાઈ પટેલ, આવા જોખમી વાતાવરણની વાત કરે છે.

*આમ તો બંનેને વરસાદ ગમે છે કિન્તુ,*
*સાથે બેસીને પલળવામાં છે જોખમ જેવું!*

વરસાદ હંમેશાં ભીનાશનું વહન કરે છે અને એના થકી સદાય શાતા વળે છે એવું માનવાને પણ કારણ નથી. વરસાદ, એકલતાની વાટને જાણે કે સંકોરે છે અને વિયોગી અવસ્થાને ઉત્તેજે છે, ઉશ્કેરે છે. આવે વખતે વરસાદ, વ્યક્તિને દઝાડે પણ છે, એ વખતનો વરસાદ, બળબળતા ડામનો અનુભવ પણ કરાવે છે. કાસમ જખ્મી નામના કવિ, વરસાદનું આવું નિરાળું રૂપ પણ કલ્પે છે.

*વરસાદ તારા શહેરનો તારાથી કમ નથી,*
*જ્યારે ગયો છું ઝીલવા, દાઝી ગયો છું હું.*

તો કવિશ્રી ભગવતીકુમાર શર્મા પણ, ધોધમાર વરસાદ વરસી ગયા છતાં પણ, અંતરનો ધખારો અકબંધ રહ્યો છે એની વેધક વેદનાને, આ રીતે શબ્દરૂપ આપે છે.

*હમણાં પડી ગયો હતો વરસાદ ધોધમાર,*
*તો યે ધખે છે ચૈત્રની બપ્પોર છાતીએ.*

આમ, પ્રિયપાત્રની ગેરહાજરીમાં અકળામણ અનુભવતી વ્યક્તિની વેદનામાં ઉમેરો કરવાનું કામ પણ વરસાદ કરે છે. વરસાદ આવે કે થંભે, એની સાથે જ, યાદોનાં કમાડ પણ ઊઘડે છે. વરસાદી હવાના નીતરવાને પગલે પગલે યાદ પણ, ઘરમાં ભેજ બનીને વિસ્તરતી રહે એ વાત, કવિશ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' ના શે'રમાં થઈ છે.

*વરસાદ બ્હાર થંભ્યો હવા નીતરી ગઈ.*
*ને યાદ ઘરમાં ભેજ બની વિસ્તરી ગઈ.*

અલબત્ત, વરસાદ દરેક વખતે ને દરેક વ્યક્તિને ગમે જ એવું પણ નથી. વરસાદને માણવા કે પ્રમાણવા માટે તો જીવતી સંવેદના જોઈએ, જે સંવેદનાશીલતા કે લાગણીશીલતાનું વરદાન બધાંને મળેલું નથી હોતું. લાગણીજડ કે સંવેદનબધિર વ્યક્તિ વરસાદના સૌંદર્યને શી રીતે પિછાણી શકે? તેથી જ તો કવિશ્રી હેમેન શાહ કહે છે

*એક વરસાદના સઘળા પ્રપંચો પ્રિય છે,*
*તો બીજો આ બી ઋતુ કપડાંઓ સંભાળી ગયો.*

કોઈ આમ, વરસાદના પ્રપંચોને પસંદ કરે ને પરિણામ સ્વરૂપ એના અંતરમાં રોમાંચક આહ્લાદ વરસે અનારાધાર. જો કે, વરસાદના સ્થૂળ ઝાપટાને મિલિમિટરમાં કે ઇંચમાં માપવું સહેલું છે, એને મુકાબલે મનની વૃષ્ટિને માપી મૂલવીને આંકડા આપવા તો દુષ્કર જ! કવિશ્રી સંજુવાળા, આવી દુષ્કરતાને નિર્દેશે છે.

*ઝાપટું વરસાદનું ઝીલી શકો ને આંકડા આપી શકો એ શક્ય છે,*
*મન વરસતું હોય ત્યાં ભીનાશના જથ્થા વિશે પૂછો તો શું પૂછી શકો?*

શુષ્ક કે નીરસ જણાતો માણસ કે પછી લાગણીજડ કે સંવેદનશૂન્ય ભાસતો માણસ પણ, વરસાદના પ્રચંડ પ્રભાવથી પર ન રહી શકે. રોજિંદી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત એવા માણસનું ભીતર ભીંજવીને જ વરસાદ તો જંપે! કવિશ્રી હિતેન આનંદપરા, અંદરથી ઊથલપાથલ મચાવતા વરસાદના કામણને ચીંધે છે.

*સાવ રોજિંદા જીવનમાં, શુષ્ક થઈને જીવતો*
*આપણી અંદરનો માણસ ખળભળે વરસાદમાં.*

વરસાદની આવી તાકાતનું રહસ્ય શું? એની શીતળતા ઉપરાંત એની મૂલ્યવત્તા પણ પ્રભાવ પાથરવામાં કારણભૂત બને. વરસાદનો પ્રત્યેક છાંટો એવો તો બહુમૂલ્ય હોય કે એની મોંઘી મિરાત પાસે બીજું બધું જ જાણે કે ક્ષુલ્લક! કવિશ્રી હર્ષદ ચંદારાણા, વર્ષાના બિંદુનું આ શબ્દોમાં બહુમાન કરે છે.

*બરાબર એક સોનામ્હોર જેવો એક છાંટો છે.*
*ખજાનો એનો છલક્યો છે, વરસતું નાણું છે વર્ષા.*

*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,*
*રાજકોટ.*

## મા

**(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)**

વધારી હોય એવું કશું યાદ નથી. કશું જ નહી! જિંદગી આવી અને બારણે ટકારો મારીને જતી રહી, પણ તે સૂતો જ રહ્યો!

અચાનક જ બત્તીઓ ગુલ થઈ ગઈ. સમગ્ર હરિદ્વાર અંધકારમાં ડૂબી ગયું. ન લોકોના ચહેરાઓ દેખાતા કે ન તો તેમનો કોલાહલ સંભળાતો હતો. ચારેય બાજુ શાંતિનું વાતાવરણ હતું. તારાઓથી ભરપૂર રાત્રે પર્વતોના પડછાયાઓ હાથમાં હાથ પરોવીને ગોળ ઘેરો બનાવીને ઊભા હતા. વચ્ચે આ દૂધ જેવી ધારા વહી રહી હતી. ગંગાના વક્ષ સાથે ચોંટેલા ટમટમ કરતા હજારો દીવડાઓ ઝૂલી રહ્યા હતા. આકાશગંગા ધરતી પર ઊતરી આવી હોય એવું લાગતું હતું. ધરતી અને આકાશની વચ્ચે કોઈ વિભાજન રેખા નથી રહી! શૂન્યમાં હજારો - લાખો ગ્રહો - ઉપગ્રહો ભમરડાની જેમ ફરી રહ્યા હતા. સૌ લય-તાલમાં નૃત્ય કરી રહ્યા હતા. સૃષ્ટિમાં ક્યાંય પણ કોઈ અલગાવ નથી. માત્ર તાલમેલ છે, સમતોલન છે, સમાયોજન છે.

તેને એમ લાગ્યું કે તે પણ એક પ્રકાશિત દીવડામાં પરિવર્તિત થઈ ગયો હતો. પ્રકૃતિ સાથે એકાકાર થઈ ગયો હતો. અન્ય દીવડાઓની જેમ તે પણ લય-તાલમાં નૃત્ય કરતો હતો. પોતાની પૂર્ણતા અને અસ્તિત્વની અનુભૂતિ કેટલી શાંતિ પ્રદાન કરે છે. તેને લાગ્યું કે વિચારોનાં સૌ દ્વાર ખૂલી ગયાં હતાં. તેનો આત્મા પ્રકાશિત થઈ ઊઠ્યો હતો. અચેતન અવસ્થાની આ મુક્ત, સ્વચ્છંદ અવસ્થામાં વિચરણ કરતાં તેને પોતાની પૂર્ણતાનો અનુભવ થયો.

બત્તીઓ પુનઃ સળગી ઊઠતાં તેની નિદ્રા તૂટી. જીવનની વાસ્તવિકતામાં તે પાછો ફર્યો. એ જ હરિદ્વાર છે. એ જ મકાનો અને એ જ લોકો. તેઓની ભાગમભાગ શોરગુલ એ જ! મનુષ્ય જીવન યથાર્થ છે! હમણાં તેણે જે કંઈ જોયું હતું, અનુભવ્યું હતું, તે આંખોની ભ્રમણા હતી કે અવાસ્તવિકતા હતી?

આશ્રમેથી આવ્યા બાદ મા એ આગ્રહપૂર્વક કહ્યું, 'દીકરા! બે-ચાર દિવસ અહીં રોકાઈ જા, થાક દૂર થઈ જશે. આટલી બધી દોડાદોડ પણ સારી નથી. જીવ છે તો દુનિયા છે. અરીસામાં તારો ચહેરો તો જો! કેટલો ઊતરી ગયો છે!'

માના ચરણ સ્પર્શ કરીને વિદાય લેતાં તે બોલ્યો, 'ના મા! આવતી કાલે દિલ્હીમાં એક પાર્ટી પાસેથી મારે પાંચ લાખ રૂપિયા વસૂલ કરવાના છે. પરમ દિવસે એ પૈસા મુંબઈની અન્ય પાર્ટીને આપવાના છે. જો સમયસર નહીં પહોંચું તો મારો સમગ્ર કારોબાર બેસી જશે. માત્ર મારો જ નહીં, મા! પણ સમગ્ર દુનિયાનો કારોબાર ઠપ્પ થઈ જશે.'

*૬, મલીર, વોર્ડ-૪/એ, આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.*

**સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....**

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

**(CHA No. 11/374)**

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

જેની કલમે મા શારદાના ખમકારા સંભળાતા એવા કુંવારી કલ્પનાના કવિ કાગબાપુ કરાવે છે

# વર્ષાઋતુનું પ્રકૃતિદર્શન

• જોરાવરસિંહ જાદવ •

'કાગવાણી' નાં ગીતો દ્વારા ગુજરાતનાં લોકહૈયાંને ગાંડાતૂર કરી મૂકનાર ફાટેલ પિયાલાના ચારણ કવિ દુલાભાયા કાગ, જૂનાગઢના રા'ડિયાસનું માથું માગનાર તુંબેલ ચારણ બીજલના કરમી વંશજ ભાયા કાગના પુત્ર. સંવત ૧૯૧૮ના કારતક વદ અગિયારસને શનિવારના રોજ માતા ધાનબાઈની કૂખે એમનો જન્મ. ભાવનગર જિલ્લાનું મજાદર (કાગધામ) એમની જનમભોમકા.

નાનપણમાં ઉઘાડા પગે ગાયો ચરાવવાના અને કૂવામાંથી ઢેંકાળા વડે પાણી ખેંચી સાઠ સાઠ ગાયોને સ્વહસ્તે પાણી પાવાના નીમધારી ભક્તકવિ દુલા કાગને ગુજરાત આખું ભગતબાપુના નામે ઓળખે છે. એકલહાડીનો દેહ, રૂપાના પતરારોખી ધોળી બાલકા જેવી દાઢી. એ દાઢીવાળા દેવીપુત્રની જીભે મા સરસ્વતીનાં અખંડ બેસણાં. એમની કલમે મા શારદાનાં સદાય ખમકારા સંભળાય. એમના રચેલા લોકઢાળનાં ગીતો અભણ માનવીના અંતરને સ્પર્શી ગયાં. એમનાં ભાવવાહી ભજનો ભાવિક ભક્તોના તંબૂરના તાર પરથી ટપકવા માંડ્યાં.

મારે આજે અહીં કુંવારી કલ્પનાના કવિ 'કાગબાપુ' ના એક કલ્પનાસભર વર્ષાગીત 'સાગરના જાયા' ની વાત કરવી છે. બહુ ઓછા લોકો આ વાત જાણે છે. વર્ષો પૂર્વે રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલિ' ને પારિતોષિક મળેલું તેમાંથી વિવિધ ભાષાના સર્વોત્તમ કાવ્યોને ઈનામ આપવાની એક યોજના શાંતિનિકેતન તરફથી જાહેર કરાઈ હતી. કવિહૃદયી પ્રભાશંકર પટ્ટણીને આ વાતની જાણ થતાં 'કાગબાપુ' ની ઉત્તમ રચના 'સાગરના જાયા'નું અંગ્રેજી ભાષાંતર કરી વિવેચન સહિત સ્પર્ધામાં મોકલી આપ્યું. ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કાવ્ય તરીકે ભગત બાપુને ૨૨ રતલ ચાંદીની ગાયનું સ્મૃતિચિહ્નરૂપે પારિતોષિક મળ્યું. ત્યારે ગુજરાતના શિષ્ટ સાહિત્યકારોએ પણ જાણ્યું કે, ગોહિલવાડના એક ખૂણામાં પડેલો, ચાર ચોપડી ભણેલો લોકકવિ પ્રકૃતિનું કેવું કાવ્યમય દર્શન કરે છે ને ભાવકોને કરાવી જાણે છે.

આ વાત છે સને ૧૯૭૦ ના દાયકાની. જાણીતા લોકગાયક શ્રી રતિકુમાર વ્યાસ કાગબાપુના પટ્ટશિષ્ય. એ કાળે કાગબાપુ અમદાવાદ પધારે ત્યારે એમનો ઉતારો આંબાવાડીમાં ૨, ઉત્કર્ષ સોસાયટી ખાતે એમના આ શિષ્યને ત્યાં રહેતો. રતિકુમારભાઈ ભારે માણહુલા. તેઓ એ પ્રસંગે અમદાવાદના મિલમાલિકો અને શ્રેષ્ઠીઓથી માંડીને અમને બધા મિત્રોને પોતાને ત્યાં ખાસ બોલાવતા. એ વખતે કાગબાપુના કંઠે એમનાં ગીતો, ભજનો ને લોકવારતાઓ સાંભળવાનો અમને લહાવો મળતો. એકવાર ચોમાસાની ભીની મોસમમાં રતિકુમારભાઈના આગ્રહથી ભગતબાપુએ અમને 'સાગરના જાયા' ગીત સંભળાવ્યું. એમાં એમની કલ્પનાઓ જાણે કે સોળેય કળાએ ખીલી ઊઠી. એ વર્ષાવર્ણન મારા સ્મૃતિપટ પર એવું ને એવું આજેય લીલુંછમ છે. ભગત બાપુએ એમના કલ્પના-વૈભવનાં કમાડ ખોલી નાંખી ગીતની ભૂમિકા બાંધી વર્ષાનું વર્ણન શરૂ કર્યું.

ઋતુગીતો એ હિંદુસ્તાનમાં વેદકાળ જેટલું જૂનું સાહિત્ય છે. વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ એમ છ યે ઋતુઓ જગતના ઉત્પત્તિકાળથી રાસમંડળ રૂપે ફર્યા કરે છે, છતાં હજી સુધી આગળ કે પાછળ થઈ નથી. એક ચોમાસા સિવાયની બીજી બધી ઋતુઓ ધીરે ધીરે ચોરની જેમ એકબીજાના ઘરમાં પ્રવેશ કરે છે. સેંકડે નવ્વાણું ટકા માણસોને ખબર નહીં હોય કે શિશિર ક્યારે ગઈ ને વસંત ક્યારે આવી? પવન જેવી પાતળી એ પાંચ ઋતુઓનાં કવિઓ વર્ણન કરે ત્યારે જ ખ્યાલ આવે.

પણ વર્ષા તો જેઠ મહિનો આવતાં જ શરમનો પડદો અને ઉનાળાનો ભૂરો અને ગરમ પડદો ફેંકીને ફફડાટ કરતી બહાર આવે. આખું આભામંડળ વાદળાથી ઘેરાઈ જાય. વરુણદેવનાં કટક ખળભળી ઊઠે. બાર બાર મહિનાનાં વિજોગી વાદળાં છાતી ભીડી ભીડીને આકાશમાં ભેળાં થાય. કાળા ઝભ્ભા પહેરેલી મેઘ મહારાજાની ફોજ તૈયાર થાય. નેપાળના પહાડોનાં ખોપરાં પર (ઈશાન) વીજળી શરીરના આઠ આઠ કટકા કરી માથાં પછાડે. આભ-ધરતી પર ઈન્દ્ર મહારાજની મશાલનાં અજવાળાં થાય. હૈયામાં સાત રંગના સાથિયા પૂરી ઈન્દ્રધનુષ પૂર્વ-પશ્ચિમ બેઉ દિશામાં હસી નીકળે, સમુદ્ર ગાંડોતૂર બની જાય. એના અનંત લોઢનો આંતરવિગ્રહ સળગે. દરિયાકાંઠે તો કાન પડ્યું કંઈ સંભળાય નહીં. ઠંડા હિમાળા જેવા સાગરનાં નીર આંધણ મૂક્યું હોય તેવાં ઊનાં થઈ જાય. મોરલા મેઘ મહારાજની સવારી નીરખી ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરી, 'કેહૂક... કેહૂક... કેહૂક...' કરી ટહુકાર કરે. બપૈયાઓ ઘેરા વાતાવરણમાં 'પિયુ... પિયુ...' બોલી ઊઠે, ચકલીઓ ધૂળમાં નાહવા માંડે, બગલા, પારેવા વગેરે પાંખો પહોળી કરી હાંફવા માંડે. ગાયો અને ભેંસો વરસાદનું આગમ સમજી જાય અને પૂંછડાના ઝંડા માથે લઈ હુંકાર કરતી નાચવા, કૂદવા માંડે. ગીરના જંગલ સામે મોં રાખી ભેંસો રણકવા માંડે. ધરતી ગજ ગજ ઊંચી આવી જાય.

ધણીના આગમનની રાહે બીજી કોઈ ઋતુના મોઢામાં જીભ જ નથી. જાણે જન્મી ત્યારથી અત્યાર સુધી મૂંગી ને મૂંગી જ રહી હોય નહીં! પણ વર્ષા તો કિકિયારા, પડકારા અને હાકોટા કરતી આવે. તે દિ' રામ અને લખમણ ગેડીદડે રમે. એક ખૂંટો ઉત્તર ધ્રુવ, બીજો ખૂંટો દક્ષિણ ધ્રુવ : એવડા મોટા આકાશ મેદાનમાં એ દૂધમલિયા છડીઓટ દડાને ઉઠાવે. એમના પગની ધમધમાટીથી અને દડા પરના ગેડીના ઘાથી આખું આભ ધણેણી ઊઠે. ધરતી કડકી જાય એવી 'કડાક કડ કડ ધણણણણ' ગર્જના થાય. વર્ષાઋતુ આવવાની હોય ત્યારે મૂર્ખથી માંડીને પંડિત સુધી સૌને તુરત ખબર પડે છે. એ વર્ષાને કવિઓ પંડિતોએ અને લોકગીતકારોએ અનેક રીતે રમાડી છે, બિરદાવી છે અને નમન કર્યાં છે.

આપણાથી મોટી ચીજ જોઈ આપણને કદીયે એની ઈર્ષા આવી નથી. આપણે તેની સ્તુતિ કરી છે, એનું વર્ણન કર્યું છે. એની મોટાઈ કબૂલી એને પ્રણામ કર્યા છે. સાગરને, પહાડોને, જંગલોને, વનસ્પતિઓને, નદીઓને, પશુપંખીઓને, નક્ષત્ર મંડળોને અને અદશ્ય એવી દેવીસૃષ્ટિને ભારતભૂમિનો માનવી નમી પડ્યો છે અને એમની મોટાઈના વર્ણનને એણે જીવનનો એક લહાવો ગણ્યો છે. વેદકાળમાં ઋતુવર્ણનો છે. માઘ, કાલિદાસ વગેરે મહાકવિઓએ ઋતુઓને અનેક રીતે શણગારીને હસાવી છે. ચારણોએ તો મિત્રવિરહમાં પણ ઋતુગીતોને ગૂંથી લીધાં છે. છંદો અને ચારણી ગીતોને એનાં વાહન બનાવ્યાં છે. ત્યારે આપણાં લોકગીતો જરાય પાછા રહ્યાં નથી, પણ એક ડગલું આગળ આવે છે. રાસડાઓમાં અને રાસોમાં વિવિધ રીતે રોવાનું મન થઈ જાય, એવી રીતે ઋતુઓને લોકગીતોમાં વર્ણવી છે.

નીચે આપેલા 'સાગરના જાયા' વર્ષાગીતનો ભાવાર્થ એવો છે કે જાણે પૃથ્વી એ વરસાદની સ્રી છે. વાયદા પ્રમાણે ધણી ન આવ્યો એટલે દીનવદને આકાશ સામી મીટ માંડી સ્રી સ્વામીને આરાધે છે, પણ 'સાગરના જાયા' એમ કહીને બોલાવે છે. કારણકે ગ્રામ્ય રૂઢિમાં સ્રી ધણીનું નામ ન લે. ધરતી પોતાની વિટંબણા ગાય છે, 'હે નાથ! આપણને કેટલાં બધાં છોકરાં છે! પશુ, પંખી, વૃક્ષો અને માનવી : એ બધાં હવે ખોરાક વિના તલપે છે અને મારાં હાડકામાંથી રસ (પાતાળકૂવા દ્વારા) ચૂસે છે. અરે મારા પંડ માથેનું ઓઢવાનું ય ફાટી ગયું (દુષ્કાળની સ્થિતિ) છે. સૂર્ય જે આપના આશ્રય પિતા અને મારા સસરા થાય એ હવે મારું મોઢું જોઈ જશે. મારે ઘૂંઘટ શેનો કાઢવો? વરસાદની આશા મટી જાય છે ત્યારે ભૂખ્યા માણસો કૂવા ગાળવા માંડે છે અને મારા અંગો પર ઘણના ઘા ઝીંકે છે. હું ભલા ઘરની નારી, એની લાજ જવાનો સમય આવ્યો છે. નદીઓમાં પાણી રૂપી તેલ પણ ખૂટી ગયાં છે. એમાં શેવાળ અને ઘાસ ઊગી નીકળ્યાં છે. એ નદીઓરૂપી મારી વેણીની લટો વેરાગણની લટો જેવી તેલ વિના ભૂખરી થઈ ગઈ છે.'

આટલું કહેતાં તો જગ-સમ્રાટ મેઘરાજની સવારી આકાશમાં તૈયાર થાય છે. એને આવતો ભાળીને ધરતી બોલી ઊઠે છે કે વાવડા (વાયરા) એ શેરીઓ વાળીને સાફ બનાવી છે. વનના મોર એ સમ્રાટની છડીઓ પોકારવા લાગ્યા છે. તળાવોરૂપી ડેલીઓમાં દાદુરરૂપી કવિઓ ગહેકી ઊઠ્યા છે. મારા સ્વામીએ વાયુરૂપી અશ્વને પલાણ્યો છે. એના ડાબલાના પડઘાઓથી બ્રહ્માંડ થરથરી ઊઠ્યું છે, પણ એનો વેગ કોઈ જોઈ શકતું નથી. મારો પ્રિયતમ વાજતે-ગાજતે આવી પહોંચ્યો છે. ઘેર આવતાં મેઘમહારાજે પહેલાં કોને બોલાવ્યાં? સ્ત્રીને કે છોકરાંને? પહેલા નબાપાં એવા અધભૂખ્યાં બાળકો (વૃક્ષો) ને એણે બોલાવ્યાં. પછી વિજોગણ નારીને ભેટતાં જ એની આંખમાંથી ચોધાર આંસુ વરસાદરૂપે ખાબકી પડે છે.

સ્વામીઘેલી પત્ની ઝીણી નજરે પતિને જુએ છે અને બોલે છે : 'વાહ મારા પ્રીતમ! તમારો કેવો રૂડો શ્યામ વર્ણ છે! અને માથે આ પીળી પાઘડી (વીજળી) છે એ તેમાં કેવી ભળે છે! વળી ખભે રંગબેરંગી રૂડો ખેસ (ઈન્દ્રધનુષ) રાખેલ છે, તે તો તમારા રૂપમાં ઓર વધારો કરે છે, અને તમારી રૂડી નેહભીની લીલી આંખો માંહેથી તમારા હૈયાની ઉજળાશ (પાણીરૂપે) ટપકી રહે છે.'

હરખઘેલી પત્ની (પૃથ્વી) હવે હળવે રહીને સ્વામીને પૂછે છે : 'એ ય...તમે મારા માટે શું શું ભેટ લાવ્યા? પતિના પચરંગી ખેસમાં બાંધેલ વસ્તુઓ છોડીને જોવા માંડી છે અને બોલી ઊઠે છે : 'વાહ! આ છે તેલની કટોરી-કચોળું (તળાવ), આ છે કાંગસી (ખેતરાઈ ઓજારો, સાંતી વગેરે), આ છે ફૂલના હારો (વનસ્પતિનાં ફૂલડાં) અને વાહ! આ છે લીલી ઓઢણી (ધરતી પર પથરાયેલ લીલાં ઘાસ).' આટલા વર્ણન પછી 'ભગત બાપુ' એ હલકદાર કંઠે, આંગળીઓના ટપાકાના તાલ સાથે આ વર્ષાગીત રજૂ કરી અમને સૌને મુગ્ધ કરી દીધા. આ રહ્યું એ કલ્પનાસભર ગીત :

*આવો આવો એકલધાર?*
*સાયબા વરસો મુશળધાર*
*સાગરના જાયા ક્યારે આવશો રે?*
*મહાજળના મોભી ક્યારે આવશો રે?*
*છોરુંડાં તલખે રે ઘરનાં સામટાં રે,*
*થાને ખૂટ્યાં સરવાણ*
*હોમે બાળુડાં મારા હાડને રે...આવો.*
*અંગડાં સળગે ને ફાટ્યાં ઓઢણાં રે,*
*સ્વામી શેની કરું લાજ (૨)*
*સસરોજી વહુનાં મોઢાં ભાળશે રે...આવો.*
*અંગડાં ખોદે છે ભૂખ્યાં માનવી રે,*
*ઝીંકે ઘણ કેરા ઘાવ*
*લાજુ લૂંટાય છે ઘરની નારની રે...આવો.*

*આઠ આઠ મહિનાના વિત્યા વાયદા રે,*
*ખૂટ્યાં તેલ ધૂપેલ*
*નદીઓની લટ થઈ, સાયબા!*
*ભૂખરી રે... આવો.*
*વાજતે ને ગાજતે સાયબો આવિયોરે,*
*નજરું રાખો મહેરબાન(૨)*
*ધીમા ધીમા મહેરબાન,*
*એવી છડીઉં પોકારે વનના મોરલા રે...આવો.*
*વાહોલિયે વાળ્યા શેરી ચોવટાં રે,*
*દીધાં બાપે સન્માન (૨)*
*કવિઓ ગહેક્યાં રે દાદુર ડેલીએ રે...આવો.*
*હંસલો પલાણ્યો ધણીએ હાથથી રે (૨)*
*વેગ જોયા નવ જાવ,*
*ડાબલે પ્રેમંડના પડ ડોલિયાં રે...આવો.*
*પહેલાં બોલાવ્યાં છોરું વાછરું રે,*
*પછી ઘરડાની નાર (૨)*
*આંસુડા ખાબક્યાં રે એની આંખથી રે...આવો.*
*પંડે કાળોને પીળી પાઘડી રે,*
*ખભે પચરંગી ખેસ (૨)*
*નજરું હરિયાળી હૈડાં ઊજળાં રે...આવો.*
*લાવ્યો કટોરો લાવ્યો કાંગસી રે,*
*લાવ્યો ફૂલડાંનો હાર (૨)*
*મારો સાયબો લાવ્યો રે લીલી ઓઢણી રે...*
*આવો આવો એકલધાર,*
*સાયબા વરસો મૂશળધાર રે,*
*સાગરના જાયા ક્યારે આવશો?*
*મહાજળના મોભી ક્યારે આવશો?*

***સૌજન્ય : "ગુજરાતધારા"***

## મેઘ

મેઘ શબ્દનો અર્થ વરસાદ થાય છે. ગુજરાતી લોકસાહિત્ય પ્રમાણે ૧૨ પ્રકારના મેઘનું વર્ણન કરવામાં આવેલ છે. તેના ઉપરથી કહેવત પણ બનેલ છે. 'બારે મેઘ ખાંગા થવા,' જ્યારે ખૂબ વરસાદ પડે અને બારે પ્રકારના મેઘ જોવા મળે, ત્યારે આ ઉકિત વાપરવામાં આવે છે. લોકસાહિત્યમાં મનાતા બાર પ્રકારના મેઘ નીચે મુજબ છે.

૧. ફરફર : જેનાથી માત્ર હાથપગનાં રૂંવાડાં જ ભીનાં થાય તેવો નજીવો વરસાદ.

૨. છાંટા : ફરફરથી વધુ વરસાદ.

૩. ફોરા : છાંટાથી વધુ - મોટાં ટીપાં.

૪. કર : ફોરાથી વધુ પણ જેનું તરત જ બરફમાં રૂપાંતર થઈ જાય તેવો વરસાદ.

૫. પછેડીવા : પછેડીથી રક્ષણ થાય તેવો વરસાદ

૬. નેવાધાર : છાપરાનાં નેવાં ઉપરથી (નળિયા ઉપરથી) પાણી વહે તેવો વરસાદ.

૭. મોલ મેહ : મોલ એટલે પાકને જરૂરી હોય તેવો વરસાદ.

૮. અનરાધાર : એક છાંટો, બીજા છાંટાને સ્પર્શી જાય અને ધાર પડે તેવો વરસાદ.

૯. મુશળધાર : અનરાધારથી તીવ્ર વરસાદ (મુશળ - સાંબેલું). આ વરસાદને સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.

૧૦. ઢેફાભાંગ : વરસાદની તીવ્રતાથી ખેતરોમાં માટીનાં ઢેફાં નરમ થઈ તૂટી જાય તેવો વરસાદ.

૧૧. પાણ મેહ : ખેતરો પાણીથી છલોછલ ભરાઈ જાય અને કૂવાનાં પાણી ઉપર આવી જાય તેવો વરસાદ.

૧૨. હેલી : ઉપરના અગિયાર પ્રકારના વરસાદમાંથી કોઈને કોઈ વરસાદ સતત એક અઠવાડિયું ચાલે તેને હેલી કહેવામાં આવે છે.

'મેઘવાળા' નામના પુસ્તકમાં બાર મેઘ આ પ્રમાણે ગણાવાયા છે : સુબુદ્ધિ, નંદશાલિ, કન્યદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વદ, હેમશાલી, જલેન્દ્ર, વજ્રદંષ્ટ્ર અને વિષપ્રદ. જ્યારે 'શ્રાવણી કર્મ' માં તેમનાં નામ કણદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, જલેંદ્ર, વજ્રદંષ્ટ્ર, કેબલ, સુતરામ્બુ, હેમશાલી, સ્વરોધક અને વિષપ્રદ એમ આપેલા છે.

## વરસાદ માપક

વરસાદ એકમ સમય માટે લંબાઈના એકમમાં મપાય છે, સામાન્ય રીતે મિલિમીટર પ્રતિ કલાકમાં કે જે દેશોમાં ઈમ્પિરિયલ એકમોનો વપરાશ છે ત્યાં ઈંચ પ્રતિ કલાકમાં જેમાં 'લંબાઈ' કે વધુ સ્પષ્ટતા પૂર્વક કહીએ તો, ઊંચાઈ મપાય છે તે સપાટ, આડી અને અભેધ સપાટી પર એક ચોક્કસ સમયગાળા, સામાન્ય રીતે કલાક દરમિયાન પડેલા વરસાદના પાણીની ઊંચાઈનું માપ હોય છે. એક મિલિમીટર વરસાદ એટલે એક ચોરસ મીટર સપાટી પર પડેલું એક લિટર પાણી એમ ગણાય છે.

વરસાદ માપવાનો પ્રમાણભૂત રસ્તો 'પ્રમાણભૂત વરસાદ માપક' છે. જે ૧૦૦ મિ.મિ. (૪ ઈંચ) પ્લાસ્ટિક બનાવટના એક ૨૦૦ મિ.મિ. (૮ ઈંચ) ધાતુ બનાવટના મળે છે. અંદરનો નળાકાર ૨૫ મિ.મિ. (૦.૯૮ ઈંચ) વરસાદથી ભરાય છે. પછી ઉભરાતું પાણી બહારના નળાકારમાં આવે છે. પ્લાસ્ટિકના માપકમાં અંદરના નળાકારમાં નીચે તરફ ૦.૨૫ મિ.લી. (૦.૦૦૯૮) સુધીનું માપ લખાયેલું હોય છે, જ્યારે ધાતુના માપકમાં નીચે તરફ ૦.૨૫ મિ.મિ. (૦.૦૦૯૮ ઈંચ) સુધીનું માપ લખાયેલી એક પટ્ટીની જરૂર પડે છે. વરસાદમાપક દ્વારા એકઠા થતા આંકડાઓ હવામાન ખાતાની કચેરીઓ કે મધ્યસ્થ હવામાન સંસ્થાઓને મોકલાય છે જ્યાં તેનો રેકોર્ડ રાખવામાં આવે છે.

તીર્થ

# જૈનોની શ્રદ્ધા અને આસ્થાની જલધારી મા ભગવતી પદ્માવતી દેવીનું કચ્છમાં એકમાત્ર સ્વતંત્ર મંદિર

• હીનાબેન એચ. સંઘવી •

## મા પદ્માવતી દેવી ભુવનપતિમાં બિરાજે છે અને જાગૃત દેવી છે

જૈન શાસનદેવી મા પદ્માવતી દેવીનું મધુર મહાત્મ્ય આંકવામાં આવ્યું છે. તેમનો મહિમા ગુણાતીત છે. તેનું વર્ણન અદ્‌ભુત છે. એક વખત પાર્શ્વકુમારે અવધિજ્ઞાનના ઉપયોગથી જણાવ્યું કે, આ અગ્નિમાં કાષ્ઠ મધ્યે એક નાગ - નાગણીની જોડ ભડભડ સળગી રહી છે. નાગ-નાગણના યુગલને બળતાં નિહાળીને પાર્શ્વકુમારનું મન પીગળી ગયું અને તાપસ કર્મઠને બોધ આપ્યો. છતાં ગર્વિષ્ઠ કર્મઠ માન્યો નહિ. ત્યારે પાર્શ્વકુમારે સેવકો દ્વારા નાગ યુગલને કાષ્ઠમાંથી બહાર કાઢ્યાં અને નવકાર મહામંત્ર ભણ્યો. જૈન ધર્મ પ્રમાણે શાસન દેવી અત્યારે ભુવનપતિ માં બિરાજે છે તેમનું સ્મરણ ઈચ્છિત પરિણામ લાવે છે. તેવાં સાક્ષાત્ શ્રી પદ્માવતી દેવીનું સ્વતંત્ર મંદિર એકમાત્ર કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના જખણિયા ગામના સીમાડે "શાંતિવન"માં સમગ્ર ગુજરાતમાં આ પ્રથમ સ્વતંત્ર અલૌકિક મંદિર આવેલું છે. જેનું તા. ૨૩-૧-૨૦૦૯ ના રોજ રાષ્ટ્રીય સંત આચાર્ય શ્રી સંજયમુનિ દ્વારા ભૂમિ શુદ્ધીકરણ તથા શિલાન્યાસ થયેલ છે.

જલધારી માતાજી ચાર ભુજાળીના બે જમણા હાથમાં પદ્મ અને પાશ છે; ડાબા હાથમાં અંકુશ અને બીજોરા ફળ છે. મસ્તક પર સર્પની સાત ફણા છે અને આસન કમળ ધારણ કરનાર અદ્‌ભુત હસમુખી ભાવવાળી પ્રતિમા છે.

શ્રુત ઉપાસક - ભાષાવિદ્ સંત શ્રી જંબુવિજય મહારાજ સાહેબના સ્વમુખે તા. ૨૬-૧૧-૨૦૦૬ના "શાંતિવન" એવું નામાભિધાન અપાયેલ. આ પાવનભૂમિમાં યુવા સંત સંજયમુનિ જેઓ અહિંસા અભયદાન અભિયાનના પ્રણેતા છે તેઓશ્રીની નિશ્રામાં માતાજીના મંદિરાર્થે ભૂમિપૂજન ઉપરાંત ખાતમુર્હૂત એવમ્ પ્રતિષ્ઠા થયેલ છે.

આ પાવનભૂમિ ઉપર આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી, આચાર્ય શ્રી કલાપ્રભસૂરીશ્વરજી, શ્રી વિદ્વાન મુનિ શ્રી કીર્તિચંદ્ર મહારાજ, પ્રખર વકતા અને શિવમઅસ્તુ તીર્થના સ્થાપક શ્રી પૂર્ણભદ્રસાગરશ્રી મહારાજ, ગણિવર્ય યશોવિજય મહારાજ સાહેબ, માનવ મંદિરને સાક્ષાત કરનાર શ્રી દિનેશ મુનિ, શ્રી ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા., શ્રી કુશલ મુનિ મ.સા., શ્રી ભાસ્કર મુનિ, શ્રી જયધર્માજી, શ્રી જયશેખરસૂરીશ્વરજી મહારાજ તેમજ મહારાષ્ટ્રના સંતકૃપા આશ્રમના સ્થાપક મહામંડલેશ્વર શ્રી જનાર્દન મહારાજ ઉપરાંત જૈન-જૈનેતર સંતો-મહંતો-સાધુઓ પવિત્ર પગલાં પાડી ગયા છે.

આ સાદગીસભર પરંતુ ભવ્ય આધ્યાત્મિક મા પદ્માવતી દેવીના સુંદર મંદિરના નિર્માણ વાસ્તે વાસ્તુકળાની એક ઉત્કૃષ્ટ રચના માટે જૈન ભૂગોળ આધારિત ૧૪ રાજલોક (સમગ્ર બ્રહ્માંડનો નકશો) ના આધારિત આ મંદિરની બાંધણી કરવામાં આવેલ છે, જે ભક્તો અને યાત્રિકોના સતત દર્શનાર્થે અવરજવરને કારણે તીર્થભૂમિ બની રહી છે.

આ ભવ્ય તીર્થના દર્શનાર્થે સાહિત્યકારો, સંગીતકારો અને વિદ્વાનો જેવા કે જાણીતા સંગીતકાર શ્રી આસિત દેસાઈ, જાણીતા નાટ્યકાર અને અભિનેતા શ્રી દર્શન જરીવાલા, પારસી અભિનેત્રી જહાંબક્ષ તેમજ અનેક ઊગતા કલાકારોએ દેવીશ્રીનાં દર્શન, પૂજા, અર્ચના, આરતી, ઘંટારવ વગેરે કરીને આધ્યાત્મિક લાભ લીધો છે.

સંઘવી ઝવેરબેન ચુનીલાલ ભુલાણી ચેરિટેબલ ટ્રસ્ટની રચના કરી આ ટ્રસ્ટની રચના કરી આ ટ્રસ્ટના તળે વિકાસ પામતું આ દર્શનીય સંકુલ કે જેના ચેરમેન પદે હર્ષદ સંઘવી તથા ટ્રસ્ટી જુગલ વી. સંઘવી છે.

ભુજ-માંડવી હાઈવે પર જખણિયા ગામની દખણાદે અને જાણીતી શૈક્ષણિક સંસ્થા વીરાયતન વિદ્યાપીઠની ઉત્તરાદે આ રળિયામણા પ્રાકૃતિક સ્થાનકે ખાસ કરીને દર શુક્રવારે કચ્છ-ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર - મ.પ્રદેશ - રાજસ્થાન અને દિલ્હીથી ભક્તજનો માના આશીર્વાદ લેવા આવે છે. ઉપરાંત મંદિરની આસપાસના નજીકના ગામોમાંથી સંકલ્પ કરીને પગપાળા ભક્તોનો મોટો સમૂહ પણ આવતો રહે છે. આ મંદિર પાંચ વરસ પૂર્ણ કરીને છઠ્ઠા વર્ષમાં ધ્વજારોહણ કરીને મંગલપ્રવેશ કરી રહેલ છે.■

## મુસ્લિમ બિરાદરોનો કૃષ્ણપ્રેમ

(અનુસંધાન : પાના નં.-૪૭ ઉપરથી ચાલુ)

*હૈ ઈસ તરાને મેં ગોકુલકી બાંસુરી કી ગુંજ*
*ખુદા કરે કી યહ મકબૂલ આમ હો જાયે.'*

મહામાનવીનાં જીવનકવન જ તેમને ભક્તમાંથી ભગવાન બનાવે છે, અને ત્યારે એવા મહામાનવો કોઈ એક કોમ કે ધર્મની જાગીર નથી રહેતા પણ સમગ્ર માનવજાતનો પ્રેમ, આદર અને વંદનીય સ્થાન પામે છે. શ્રીકૃષ્ણ પણ એવી જ એક વિભૂતિ બની ગયા છે. મુસ્લિમ કવિઓ, શાયરો અને સંતોના હૃદયમાં તેમણે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે અને એટલે જ તેનો મહિમા હંમેશાં તેમની કલમમાંથી ધર્મ, જાતિ કે કોમના વડાઓને તોડીને પ્રગટ થતો રહ્યો છે અને પ્રગટતો રહેશે.

*ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.*

ધર્મ

# મુસ્લિમ બિરાદરોનો કૃષ્ણપ્રેમ

• ડૉ. મહેબૂબ દેસાઈ •

એક રમજાન માસના અંતિમ રોજાના દિવસે જ શ્રાવણ માસનો આરંભ થયો હતો. મુસ્લિમ બિરાદરોએ ઈબાદત પૂર્ણ કરી, અને હિંદુ બિરાદરોએ ઈબાદતનો આરંભ કર્યો. આ જ સાચું હિન્દોસ્તાન છે, જ્યાં ધર્મના આચરણમાં ભિન્નતા ભલે હોય પણ દિલોના તારોમાં એક જ સૂર અને તાલ છે. વર્ષો પૂર્વે હું અને આપણા જાણીતા સાહિત્યકાર ડૉ. નિરંજન રાજ્યગુરુ મુંબઈથી મુંબઈ જૈન યુવક મંડળની વ્યાખ્યાનમાળામાં સાથે થઈ ગયા. એક જ હોટલમાં એક જ રૂમમાં સાથે રહ્યા હતા. ત્યારે સાંજનું ભોજન મિયાં અને મહાદેવે એક જ થાળીમાંથી સાથે લીધું હતું. મારા વ્યાખ્યાનના આરંભમાં એ ઘટનાનો મેં ઉલ્લેખ કર્યો ત્યારે આખો હોલ તાળીઓથી ઊભરાઈ ગયો. આવી જ એકબીજાના ધર્મ અને સંસ્કારો પ્રત્યેની શુદ્ધ અને માનની ભાવના આપણી સંસ્કૃતિના મૂળમાં છે.

"મેં હર કોમ માટે એક રાહબર પેદા કર્યો છે. દરેક કોમ માટે એક માર્ગદર્શક ગ્રંથ આપ્યો છે."

આવા રાહબરો અને ગ્રંથોએ જ દરેક યુગમાં માનવીને એખલાસનું માર્ગદર્શન આપ્યું છે. તેના કારણે જ સમાજના સામાજિક, આધ્યાત્મિક અને રાજનૈતિક મૂલ્યોનું જતન થયું છે અને એટલે જ આવા ગ્રંથો કે મહાનુભાવોનો મહિમા ગાવો, વ્યક્ત કરવો કે સ્વીકારવો એ માનવસહજ ગુણ છે. વેદવ્યાસે કૃષ્ણ ભગવાનને કેન્દ્રમાં રાખી ગીતા જેવો અદ્‌ભુત ગ્રંથ આપી માનવ સમાજને કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. એ જ કૃષ્ણ ભગવાનને ચાહનાર અને માનનાર માત્ર હિંદુઓ નથી. ઈતિહાસનાં પાનાંઓ પર અનેક મુસ્લિમોએ કૃષ્ણ ભગવાન પ્રત્યેની મહોબ્બત વ્યક્ત કરી છે.

*મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે...*
*કંકરિયા મોહે મારી ગગરિયા ફોર ડારી...*

આજે પણ મારી સ્મૃતિમાં અંકિત છે. એ ગીતમાં રાધાના સ્વાંગમાં મુસ્લિમ અભિનેત્રી મધુબાલાને નૌશાદમિયાંના સ્વરોમાં અભિનય કરતી જોવી એ હિન્દુ મુસ્લિમ સંસ્કૃતિના સમૃદ્ધ સમન્વયનું વાસ્તવિક અને કલાત્મક પાસું છે.

ભગવાન શ્રીકૃષ્ણનો આ મહિમા માત્ર અર્વાચીન યુગના મુસ્લિમોમાં જ જોવા મળતો નથી પણ છેક મધ્યકાલીન યુગમાં પણ આ ઘેલછા પ્રસરેલી જોવા મળે છે. ભારતમાં મોગલશાસન મધ્યાહ્ને હતું ત્યારે કૃષ્ણનો મહિમા ગાવા અને તેને વ્યક્ત કરવા ખુદ બાદશાહ અકબર તરફથી પ્રજાને પ્રોત્સાહન આપવામાં આવતું હતું.

મોગલ સમ્રાટ અકબરના ફોઈના પુત્ર અને મંત્રી નવાબ અબદુર્રહીમ ખાનખાના શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા. શ્રીકૃષ્ણની શાનમાં તેમણે ઘણાં સુંદર ગીતો રચ્યાં હતાં. આવા જ એક અન્ય કૃષ્ણભક્ત હતા દિલ્હીના શાહી ખાનદાનના સૈયદ ઈબ્રાહીમ. એક વાર સૈયદ ઈબ્રાહીમ ધૂનમાં રસ્તા પર ચાલ્યા જતા હતા અને તેમના કાને શબ્દો પડ્યા, 'રસો વૈ સઃ' અર્થાત્ 'ઈશ્વર, ખુદા તો રસની ખાણ છે.'

સૈયદ ઈબ્રાહીમને આ વિચાર ગમી ગયો. તેણે એ વિધાનના ઉચ્ચારનાર પંડિતને પૂછ્યું. 'રસની ખાણ જેવા ઈશ્વર-ખુદા કયા માર્ગે મળશે?' અને પંડિતજીએ સૈયદ ઈબ્રાહીમને શ્રીકૃષ્ણનો પરિચય કરાવ્યો અને એ જ ક્ષણથી સૈયદ ઈબ્રાહીમ કૃષ્ણનો મહિમા ગાનારા રસખાન બની ગયા. પછી તો રસખાનની કલમે ઈતિહાસ સર્જ્યો. આવા જ એક કૃષ્ણચાહક શાયર હજરત નફીસ ખલીલ હતા. તેમણે પોતાના કાવ્યમાં કૃષ્ણ ભગવાનના બાલ્યકાળનું સુંદર વર્ણન કર્યું છે.

*'કન્હૈયાકી આંખે હિરન-સી નશીલી,*
*કન્હૈયાકી શોખી કલી-સી રસીલી,*
*કન્હૈયાકી છબી દિલ ઉડાને વાલી,*
*કન્હૈયા કી સૂરત લુભા દેને વાલી*
*કન્હૈયા કી હર બાત મેં રસકી ફુહારી.'*

આગ્રાના એક શાયર મિયાં નઝીર અકબરાબાદી પણ શ્રીકૃષ્ણના ચાહક હતા. તેમણે કૃષ્ણની બાળલીલાને પોતાના સુંદર શબ્દોમાં વ્યક્ત કરી છે. કૃષ્ણની વાસળી અંગે તેઓ લખે છે :

*'જબ મુરલીધરને મુરલીકો અપને અધર ધરી*
*કયા કયા પ્રેમ પ્રીતિ ભરી ઉસમેં ધૂન ભરી.'*

શ્રીકૃષ્ણ મહાભારતનું એક એવું અદ્‌ભુત કિરદાર છે જેના આચરણમાં દુષ્ટોનો નાશ અને સત્યનો વિજય છે. જેમાં ધર્મનું પાલન અને અધર્મનું નિકંદન છે. અને એટલે જ પંજાબના મુસ્લિમ નેતા મૌલાના ઝફર અલી ખાં સાહેબ શ્રીકૃષ્ણના ઉપદેશોને આજના યુગમાં અમલી બનાવવા પર ભાર મૂકતાં લખે છે.

*'અગર કૃષ્ણકી તાલીમ આમ હો જાયે*
*તો કામ ફિતનાગારો કા તમામ હો જાયે*
*વતનકી ખાકકે જર્રોં સે ચાંદ પૈદા હો,*
*બુલન્દ ઈસ કદર ઈસકા મકામ હો જાયે.*

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)**

આસ્વાદ

# સતજુગી માણસની કથા
# "પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો" પુસ્તક વિશે

• મનુભાઈ પંચોળી 'દર્શક' •

ડૉ. હરગોવિંદદાસ લક્ષ્મીશંકર ત્રિવેદી, જાણીતી ઓળખ ડૉ. એચ. એલ. ત્રિવેદી. આ ડૉક્ટર સાહેબના પરિચય માટે વધુ શબ્દોની જરૂર નથી. કિડની પ્રત્યારોપણમાં અમદાવાદથી લઈને એશિયા સુધી તેમની ખ્યાતિ પ્રસરેલી છે. વર્ષ ૧૯૯૭ માં પ્રકાશિત તેમની આત્મકથા Tryst with Destiny ની સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ અને તેનો ગુજરાતી ભાવાનુવાદ હાલમાં જ નવજીવને પ્રકાશિત કર્યો. આત્મકથાની પહેલી આવૃત્તિને પોંખી હતી — પ્રસ્તાવના લખી હતી દર્શકે. 'પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો' નામે પ્રકાશિત આ આત્મકથાની પ્રસ્તાવના.

ગુજરાતમાં આત્મકથાઓનો સારો ફાલ છે. ગાંધીજીની આત્મકથા તો શીશટોચ છે, કારણ કે કોઈએ ન આપ્યું હોય તેવું એમણે 'સત્યના પ્રયોગો'માં આપ્યું.

ડૉ. ત્રિવેદીની આત્મકથા આ હારમાળામાં અગ્રહરોળમાં સ્થાન લેશે, કારણ કે એ પણ ભગવાન ભરોસે કરેલ સાહસભર્યા પ્રયોગોની કથા છે.

સૌરાષ્ટ્રના એક ધૂળિયા ગામડામાં જન્મેલ બ્રાહ્મણનો છોકરો, ઊંચે માથે અમેરિકા જાય અને ત્યાં આપઅભ્યાસના બળે માર્ગ જ ન કાઢે પણ યુ.એસ.એ. માં ને કેનેડા જેવા દેશનાં વિદ્યાધામોમાં માનપાન મેળવે, કોઈ ધનપતિ કે રાજકીય આગેવાનોની ભલામણ નહીં, પણ પોતાના કામથી જ પોતે જમાવેલી ભલામણ. ઊંડો-કદી ન થાક જાણનાર અભ્યાસ, ને સૌને ઉપયોગી થવાની ઇચ્છા.

આ બે બળે તે દાક્તરવિદ્યાના નવા અને અજાણ્યા ક્ષેત્રે કિડની બેસાડવાની વિદ્યામાં પંકાયા, ઍવોર્ડ, માન, સદ્ભાવ પામ્યા. સુખસગવડો પણ મળ્યાં, પણ તે ભોગવવાનો વખત ક્યાં હતો? 'મારા દરદીઓ'નું પ્રકરણ વાંચો, કોઈ મૃત્યુ સામે ઝૂઝતો યુવાન, કોઈ દુખાતી સગર્ભા યુવતી-પોતાની બંધ પડેલી કિડની મળી જાય તો બચી જાય. કિડની ક્યાંક હંગેરી કે જર્મનીમાં છે, યુ.એસ.એ. માં છે. દાક્તર ને હોસ્પિટલ છે કેનેડામાં, પણ તારનાં દોરડાંને ફેફસાના સંદેશા છે, ઉજાગરો કરી રાતને દિવસ કરનારો માયાળુ-હાર ન સ્વીકારનારો દાક્તર છે. ને તે યુવાન બચી જાય છે, સગર્ભા યુવતી પ્રસન્ન બને છે, ને એથીયે પ્રસન્ન બને છે દાક્તર પોતે, કારણ કે તેને અનુભવ થાય છે કે શ્રીકૃષ્ણે કહ્યું છે તે અફર સત્ય છે. "तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम्" – તેઓ જે મારી સાથે નિત્ય જોડાયેલા છે તેની સારસંભાળ હું લઉં છું.

દાક્તર કાંઈ પૂજાપાઠના બ્રાહ્મણ નથી. તેનું કામ તે જ તેમનાં સંધ્યા-પૂજા. ભગવાનનેય ભાવની જ પડી છે.

આ વિદેશમાં બાંધવ સમા, મિત્રો, રસ્તો ચીંધનારા ગુરુઓ મળી રહે છે. હૃદયમાં હામ પૂરનાર અનન્યા ગૃહિણી તો છે જ. નામ પણ કેવું યથાર્થ - 'શારદા.'

આ કીર્તિ ને માનપાનની ટોચે પહોંચેલ દાક્તરને એક દિવસે સાદ થાય છે મા ભૂમિનો. જ્યાં આ વિદ્યાના જાણનારા જૂજ છે, ને તેનો લાભ તો અતિજૂજ ગરીબોને મળે છે. આ ગરીબોની આંતરડીનો કકળાટ તેને સંભળાય છે, ને બધી માયા સંકેલી પ્રભુને નામે - ગરીબીએ, અજ્ઞાને, કુસંપે ગૂંગળાતા દેશમાં આવે છે.

સાથીદારો તેને કહે છે કે - 'તારે જ્યારે પાછા આવવું હોય ત્યારે અહીંનાં બારણાં ખુલ્લાં છે.' પણ ડૉ. ત્રિવેદીએ કદી પાછા વળીને જોયું નથી. તેનું સ્વપ્નું ગુજરાતમાં એક એવું કિડની સંસ્થાન ઊભું કરવાનું છે, જેની જોડ દેશમાં ક્યાંય ન હોય - કાંઈ ઓળખાણ નથી - ભલામણ નથી - એક વાર જમીન નથી - બેંક બેલેન્સ નથી, અને દસ કરોડનું મકાન ને વર્ષે અરધો કરોડ માગે તેવું સંસ્થાન ઊભું કરવાનું સ્વપ્ન છે.

આ ઘેલા સ્વપ્નને સિદ્ધ કેમ કર્યું તેની આ કથા છે.

હિંદનાં વડાં પ્રધાન, ધાર્યું કરે તેવાં, હા પાડે છે મદદરૂપ થવાની-સહી કરી આપે છે, ફાઈલ પર — પણ કાંઈ થતું નથી.

ગુજરાત સરકાર સહાનુભૂતિ બતાવે છે પણ તેની પાસે પૈસા નથી. રાજ્ય પાસે અને કેન્દ્ર પાસે પૈસા નથી ને તે આ બ્રાહ્મણે મેળવવાના છે. ને તે પ્રભુ પ્રતાપે સુદામાને દ્વારિકામાં મળ્યું તેમ મળી રહે છે. મુંબઈથી ફોન આવે છે. "ત્રિવેદી, હું મુંબઈથી રસિક દોશી બોલું છું - આપણે સાથે ભણતા તે યાદ છે?" ડૉક્ટર કહે છે, "કેમ યાદ ન હોય."

રસિક દોશી કહે છે, "હું થોડું કમાયો છું ને પૈસા ખરચવા છે.' આ બાળપણનો ગોઠિયો તેને પચાસ લાખ રૂપિયા આપે છે ને મફતકાકા પાસેથી બીજા પચાસ લાખ અપાવે છે.

આનું નામ જ મારી સાથે જોડાનારની 'હું સારસંભાળ લઉં છું' તેવો કોલ. પણ પૈસાથી જ ન ચાલે. આ તો અદ્યતન વિજ્ઞાનનું કામ. તજજ્ઞ મિત્રો જોઈએ - તેય મળી રહે છે. ડૉ. સૂર્યકાંત, ડૉ. વીણા શાહ, ડૉ. પ્રવીણા શાહ, ડૉ. શૈલેષ શાહ, ડૉ. તેજાંશુ શાહ, ડૉ. કીર્તિપાલ, ડૉ. ખેમચંદાની પોતપોતાના ક્ષેત્રમાં વડેરાં. આ સૌ ડૉ. ત્રિવેદીને મળી રહ્યાં. આ કેમ

બન્યું? આનો કાંઈ કોઈ જવાબ નથી. પણ દાક્તરે અમેરિકાની સુખસગવડો માનપાન, ભારતીય રંક દરદીઓ માટે છોડ્યાં ને તેને મળી રહ્યું.

વલ્લભભાઈ, તે વખતના આરોગ્યખાતાના પ્રધાન - સહકારી આગેવાન. ધગશ તો એમની જ — જમીન કાઢી આપે છે. વાત સાંભળીને તરત જ શીંગલુ - સચિવ સાંભળીને તરત સ્વાયત્તતા આપે છે — ને નવી સ્વાયત્ત સંસ્થાના નિયામક બનાવે છે. દાક્તર ઘરે જઈને શારદાબહેનને કહે છે — 'નિયામકને વધાવી લે.' કેવો કોમળસભર પ્રેમ છે.

દસ કરોડ રૂપિયા ભેગા કરવાનું કામ સહેલું નથી - એટલે મકાન એ જ પણ કરકસરથી બાંધવાનું ઠરાવે છે. સિમેન્ટવાળા, લોખંડવાળા, સૌને સમજાવી સસ્તા ભાવે માલ મેળવે છે ને દસ કરોડનું મકાન અઢી કરોડમાં બાંધે છે. ચમત્કાર જ, બસ ચમત્કાર.

અડચણો નથી તેવું નથી; ખટપટો નથી તેમ નથી. ધાકધમકીઓ, જાસા નથી મળતા તેમ નથી, આડા પાણા નથી નખાતા તેવું નથી, પણ દાક્તર તેને પોતાના કામનો જ જાણે ભાગ ગણે છે. પરદેશી મિત્રો કહેવરાવે છે "તારા દેશમાં તારી કદર નથી થતી - અહીં આવતો રહે."

પણ પાછું વાળીને જુએ તે દાક્તર ત્રિવેદી નહીં.

***"દીવાલો દુર્ગની તૂટે, તમારા કેદખાનાની***
***તૂટે જંજીર લોખંડી, તમારી આત્મશ્રદ્ધા તો."***

***— સ્નેહરશ્મિ***

ગુજરાતમાં નહીં-ભારતમાં દાક્તરનું સન્માન થાય છે. નેફ્રોલૉજી, કિડની પ્રત્યારોપણની દેશવ્યાપી સંસ્થાના પ્રમુખ નિમાય છે અને પરદેશના નામાંકિતો તેમાં સાથ આપે છે.

પણ આ બધા પછી પણ તેમનો આરાધ્ય તો દરદી જ છે.

રોજ દરદીઓને મળવું-સાંભળવા-સાંત્વન આપવું-તેની સગવડો ઊભી કરવી. ૨૫૦ પથારીની આ કિડની સંસ્થાની લેબ, ઑપરેશન થિયેટર, દરદીઓની પથારી બધું જ રોજ જોવાનું જ.

ભક્ત એના ભગવાનનીયે એટલી બધી કાળજી નહીં કરતા હોય.

એમણે જ પોતાના જીવનસારરૂપે આ વાત લખી છે. એમના જ શબ્દોમાં, કારણકે તેમાં અનુભવની સચ્ચાઈનો રણકો છે :

મારી ધર્મની માન્યતાઓમાંની એક માન્યતા એવી છે કે જો તમે જરૂરતમંદ, ગરીબ અને પીડિત લોકોની સેવા કરશો, અને સેવા ખરા દિલથી કરશો તો તમે સર્વોચ્ચ શક્તિ (ઈશ્વર) ની વધુ નજીક પહોંચી શકશો. આ ખ્યાલ મારા બૌદ્ધિક માનસને વાજબી લાગે છે. મારે કહેવું જોઈએ કે કટોકટીના સમયમાં જિંદગીમાં તદ્દન અણધાર્યા ક્ષેત્રમાંથી મને મદદ મળતી રહી છે. આને આપણે શું કહીશું? ચમત્કાર અથવા/અને નસીબ. આ બધા બનાવોનો વધારે અર્થ તારવવો એ મારી બુદ્ધિમત્તાની હદ બહારની વાત છે તેમ છતાં મારે કહેવું જોઈએ કે હું જેટલું આપી શકું એ કામ મેં પૂર્ણપણે આપ્યું છે. અને હું ત્યાં સુધી આપતો રહ્યો છું જ્યાં સુધી કમભાગી લોકોની સેવા કરવાનું આ કાર્ય મને તેમ જ મારા કુટુંબને સહનશક્તિની હદ સુધી પહોંચી ગયું હોય.

માણસ આથી વધારે શું કરી શકે? શું કહી શકે? દાક્તર ત્રિવેદી એ સતજુગિયા માણસ છે. જે સતજુગની વાતો કરવામાં નહીં પણ અહીં સતજુગ ઉતારવામાં માને છે.

સતજુગ આવતો નથી, પણ સતિયા લોકોએ લાવવાનો છે. ગાંધીની આત્મકથાનો આ જ સારાંશ છે. દાક્તરે જાણ્યેઅજાણ્યે તેને પચાવ્યો છે.

તેમનું યોગક્ષેમ ભગવાને સંભાળ્યું છે ને સંભાળશે. તેના ટેકા વિના કામ કરવું શક્ય જ નથી. તે ટેકો તેમને મળતો રહે તેવી શુભેચ્છા.

*૧૫મી ઓગસ્ટ, ૧૯૯૭*
*લોકભારતી - સણોસરા.*

## દિલાવર ભાઈ

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

"જો, જો, ચિરાગભાઈ, આ શું બોલ્યા? ઘરનાં પોતાનાં જ સ્વજનો માટે કરેલું કામ કે સેવા તે વૈતરું ન કહેવાય" ભાભીએ કહ્યું.

"આ કુટુંબની ઈમારતને અડીખમ ખડી રાખવા માટે તમારા બંનેનો અમૂલ્ય ફાળો છે. ભાભી તો ફુરસદનાં સમયે નાનાં-મોટા કામો શોધી લાવી આવક પણ કરતાં. આવા ભાઈ-ભાભી માટે જેટલું કરીએ તેટલું ઓછું" ચિરાગે કહ્યું.

"આ બંગલો બાપુજીએ જોયેલો જ છે. ભાડાની ઓરડીમાં પડી રહેવાનું નથી. મેં સેવા તનથી નથી કરી તો ધનથી કરવા દો. બાપુજીની ઈચ્છા છે ને પ્રભુએ મને આપ્યું છે, હું તો બીજો બંગલો પણ લઈ શકીશ. જો ભાઈ, ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જ આ દુનિયા છોડી જવાનું છે. તો પછી સંપત્તિનો સદ્ઉપયોગ મારા શ્રવણ જેવા ભાઈ માટે કરું કે મા-બાપ જેવા ભાઈ-ભાભી માટે કરું તો તે યોગ્ય જ ગણાશે. સાદગીભર્યું જીવન જીવીને, પોતાની આકાંક્ષાઓને તિલાંજલિ આપીને ઘરને મંદિર બનાવ્યું, આ કાંઈ નાનીસૂની વાત ન ગણાય. તમારે આ બંગલો લેવો જ પડશે. ભલે પૈસા મારા પણ નામ તમારું પછી શો વાંધો? અત્યારે શ્રાદ્ધના દિવસો ચાલી રહ્યાં જ છે, પણ બાપુજીની હાજરીમાં જ ચાવી તમને સોંપું છું, બધી વિધિ પછી કરીશું." ભાઈ ના કહેતા રહ્યાં અને બાપુજીના હસ્તક બંગલાની ચાવી સોંપાઈ. અને બાપુજી તુરત હંમેશ માટે ચિરનિદ્રામાં પોઢી ગયા. જાણે આ સુખદ ક્ષણ માટે જ જીવ્યા.

સૌની આંખોમાં આંસુ આવી ગયા. "બાપુજીની પહેલી પુણ્યતિથિએ આપણે પરિવારને નવા બંગલામાં ભેગાં કરી સાથે જમીશું ત્યારે જ સાચું શ્રાદ્ધ કર્યું ગણાશે." ચિરાગે કહ્યું.

નાના ભાઈની દિલદાર દિલાવરી જોઈ મોટા ભાઈ-ભાભી પ્રભુને વંદી રહ્યાં. કેવો દિલાવર ભાઈ! ■

સમાજ ચિંતન

# તસવીરો

• પ્રવીણ ગઢવી •

અભય અર્થશાસ્ત્રમાં પ્રથમ વર્ગમાં ગ્રેજ્યુએટ થયો. હવે આગળ શું કરવું? મેં એને ચાર વિકલ્પ ચીંધ્યા. એમ.એ. કરીને પ્રોફેસર થવાય કે ઇન્ડિયન ઇકોનોમિક્સ સર્વિસ (આઈ.ઈ.એસ.) માં પ્રયત્ન કરી શકાય, તો બેંકમાં મોટા મોભાની જોબ મળે. મનમોહનસિંહ આપણા વડા પ્રધાન આઈ.ઈ.એસ. છે. બીજો વિકલ્પ છે એલ.એલ.બી. કરી વકીલ થવાનો. ત્રીજો વિકલ્પ છે પત્રકાર થવાનો. આજકાલ ઇલેક્ટ્રોનિક મીડિયામાં જોબનું માર્કેટ સારું છે. ચોથો અને અઘરો વિકલ્પ છે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપી આઈ.એ.એસ. થવાનો કે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા આપી જી.એ.એસ. થવાનો. 'હવે તું જ જાતે નિર્ણય કર!'

'તો તો ઓફિસર જ થવાય ને!' ગીતાંજલિએ ટાપસી પુરાવી! 'બાવા થવું તો સ્વામિનારાયણના અને ઑફિસર થવું તો આઈ.એ.એસ.!'

'કેમ? સરકારમાં મજા પડી ગઈ છે?'

'હાસ્તો, સાત વાર ને આઠ રજા!'

'રાત દિવસ હું દોડાદોડ કરું છું, ઉજાગરા કરું છું ને સવારે વહેલો ભાગું છું, તે તને દેખાતું નથી?' મેં ગીતાંજલિની મજાક કરી.

'એ તો તમે કલેક્ટર છો, એટલે કરવી પડે. પણ માન-મોભો, ગાડી, બંગલા, લાલ લાઈટ, હૂટર, પોલીસની સલામી-એ બધું કેટલું!'

અભયે પણ એના જન્મથી જ મને સરકારી અધિકારી તરીકે જોયો છે. એને હું લાડકોડ કરી રમાડી શક્યો નથી, પરંતુ એને રમવા - ભણવાની કોઈ સગવડમાં ઊણું આવવા દીધું નથી.

હુંય ગ્રેજ્યુએટ થયો ત્યારે દ્વિધામાં હતો, 'એલ.એલ.બી. કરું કે એમ.એ.?' મને થયું, પ્રૉફેસર થવું વધારે સારું. મોટાભાઈ કૉલેજના પ્રિન્સિપાલ હતા એટલે પ્રોફેસરની સુંવાળી જિંદગી જોયેલી. અંગ્રેજીના પ્રોફેસર થઈએ તો બે લેક્ચર આપી છૂટા. સીધા ઘેર. થોડું વાંચન-લેખન. મારા પ્રોફેસર પિનાકિન દવે સાહેબ તો સ્ટાફ રૂમમાં બેસી, નોટબુકમાં નવલકથા લખ્યા કરતા. નવલકથા લખવાનું મને બહુ મન. એ ઇચ્છાય પૂરી થાય. સાંજે પ્રો. હસમુખ પટેલની જેમ માર્ક્સવાદી પાર્ટીની ઑફિસ અને રાજકારણની ગપશપ સાથે કટિંગ ચાય અને સિગારેટ. કદીક ઈરાની રેસ્ટોરાંમાં કવિ અબ્દુલ કરીમ શેખની ગઝલનું શ્રવણ ને સાથે મસ્કાબન અને ચાય! વળી વૅકેશનનો લાભ. કોઈને કોઈ નવલકથા લખવાનો મનસૂબાનો પ્રોજેક્ટ લઈ ખારવાઓ વચ્ચે કે નટ - બજાણિયાઓ વચ્ચે એમના દંગામાં ઘૂસી જવાનું. એમની દિનચર્યા અને બોલીનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાનું ને એમની કથા-વ્યથાનું નિરૂપણ કરતી નવલકથા લખવાની. કેવી મજા પડે!

એમ.એ. થયો, ત્યાં કોલેજોમાંથી પ્રીવિયસ યર નાબૂદ થયું ને નવી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સરકારે તે બારમા તરીકે આપ્યું. કૉલેજની અલકાપુરીમાં વિહરતા યક્ષ જેવા પ્રૉફેસરોને દૂર દૂર અંતરિયાળ રામગિરિ પર્વતો વચ્ચેનાં ગામોની ધૂળિયા હાઈસ્કૂલોમાં જવાનો વારો આવ્યો. એમનાં સપનાંની ને સુંવાળા જીવનની ધૂળધાણી થઈ ગઈ. બારમાએ તો એમનું બારમું કરી નાંખ્યું!

સ્કૂલમાં શિક્ષક થવાના ઈરાદે બી.ઍડ. કર્યું, તો અગિયારમું ધોરણ ઉચ્ચત્તરમાં જતાં શિક્ષકો જ ફાજલ થયા! ફાજલનું ઠેકાણું ન પડે ત્યાં નવાને તો કોણ લે? સાત વર્ષના ઉચ્ચ શિક્ષણને અંતે બેકારી નામની રાક્ષસીએ એનું વિશાળ મોં ખોલ્યું હતું જાણે. મોટાભાઈ પ્રિન્સિપાલ હતા એટલે એમની લાગવગ ને ભલામણથી એક અંગ્રેજી મીડિયમની સ્કૂલમાં - પ્રસૂતા ટીચર પાછી ન આવે ત્યાં સુધી - એક વર્ષ માટે ફિક્સ પગારમાં નોકરી મળી.

ત્યાં પી.એસ.સી. ની જાહેરાત આવી એક મિત્રે ફોર્મ ભરવાની સાથે બક્ષીપંચનું સર્ટિફિકેટ જોડવા માર્ગદર્શન આપ્યું.

'એ શું?' મને તો કંઈ ખબર નહીં.

'એમાં આપણને ૧૦% અનામતનો લાભ મળે.'

'અનામત એટલે શું?'

'સરકારમાં સો જગ્યા ખાલી પડે તો ૧૦ જગ્યા ઓ.બી.સી. માટે અનામત રહે. એમાં ફક્ત ઓ.બી.સી. જ લેવાય.'

'ઓ.બી.સી.' એટલે શું?'

'પહેલાં બી.સી. કહેવાતા. હવે એસ.સી, એસ.ટી., ઓ.બી.સી. એવા ભાગ પાડ્યા છે.' મિત્રે સમજ પાડી, એસ.સી. એટલે હરિજન - દલિત, ઓ.બી.સી. એટલે પછાત જાતિઓ, એસ.ટી. એટલે આદિવાસી.

'પણ તેમને એસ.સી. કેમ કહેવાય છે?' મેં પૂછ્યું.

'એ તો શી ખબર!' મિત્રને એ ખબર નહોતી.

મામલતદાર ઑફિસમાંથી સર્ટિફિકેટ મેળવ્યું. મિત્રનો ઓળખીતો પટાવાળો હતો, તે સાહેબની સહી લઈ આવ્યો. એને બક્ષિસ આપી. 'ચા-પાણીના!' એ ખુશ થઈ ગયો. કરપ્શનનાં શુકન કર્યાં! પરીક્ષા આપી. અંગ્રેજી, ગુજરાતી, ઇતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્રમાં પહેલેથી રસ. નાનપણથી જનરલ નોલેજની ચાણસ્માથી પ્રગટ થતી 'જ્ઞાન જ્યોત' વાંચવાનો શોખ. પરીક્ષામાં ધનધનાવીને લખ્યું - ઘસડ્યું. આશા તો કંઈ નહોતી પણ સ્વપ્ન હતું! સરકારમાં ઑફિસર થઈએ એટલે જાણે

સરકારના જમાઈ! ભગવાન વિષ્ણુની જેમ કાયમ સાસરે જ રહેવાનું!'

ઇન્ટરવ્યૂ આવ્યો. મોટાભાઈએ થોડું માર્ગદર્શન આપ્યું. ગભરાયા સિવાય, આવડે તો સાચું બોલવાનું.

ઇન્ટરવ્યૂ થયો. મને ગભરાવી નાંખવા, પાડી દેવા મેમ્બરોએ ઘણા પ્રયત્ન કર્યા; પણ યુરોપિયન ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર અને ગુજરાતી સાહિત્યના મેં ટૂંકા મુદ્દાસર જવાબ આપ્યા. કુસ્તી પૂરી થઈ. 'કેન્ડિડેટ ઓ.બી.સી. કેટગરીનો છે. એને કટ ઑફ લાઈન નીચે રાખીએ!' ચૅરમૅન એવું કંઈક બોલ્યા. પાવર્ટી લાઈન વિશે તો વાંચેલું, પણ આ કઈ લાઈન? મને કંઈ સમજાયું નહીં.

'ઓ.કે.! યુ કેન ગો નાઉ.'

'થૅન્ક યૂ સર!' કહી ખુશખુશ થતો બહાર આવ્યો. બહાર રાહ જોતા બીજા ઉમેદવાર મને વીંટળાઈ વળ્યા. 'કેવો રહ્યો ઇન્ટરવ્યૂ?' કયા પ્રશ્નો પૂછ્યા? મેં કહ્યું, 'કુસ્તી કરવા જેવું છે. યોગ્ય દાવ લગાવજો.'

હું નીકળ્યો, ત્યાં પાછળ કોઈ બોલ્યું, 'આ અનામતિયાઓને તો નોકરી મળવાની જ છે ને? મુસીબત આપણને સવર્ણોને જ છે!'

રિઝલ્ટ આવ્યું, હું પાસ થયો. સીધો વર્ગ-૧ નો અધિકારી- નાયબ કલેક્ટર! મારા તો માન્યામાં આવતું નહોતું, પણ પાસ થયેલા ઉમેદવારોના માર્ક જોયા તો લેખિત પરીક્ષામાં મારા માર્ક સૌથી વધારે હતા; પણ અનામત ઉમેદવાર હોવાથી, મને ઇન્ટરવ્યૂમાં ઓછા માર્ક આપીને પાછળ એડ્જસ્ટ કરવામાં આવ્યો હતો. આ મને અન્યાય હતો. એને કારણે મને આઈ.એ.એસ. માં પ્રમોશન સવર્ણ ઉમેદવારો પછીથી મળવાનું હતું. અને થયું પણ એમ જ. ઉપરના લગભગ બધા સવર્ણ આઈ.એ.એસ. થઈ ગયા ત્યારે મારા એક્સલન્ટ સી.આર.ને કારણે બે-ચારને કૂદીને હું વીસ વર્ષે આઈ.એ.એસ. ની ગૌરવયુક્ત મહાન કેડરમાં સ્થાન પામ્યો. 'આઈ એમ સુપ્રીમ!' થયો!

જી.એ.એસ. માં સ્થાન પામ્યો ત્યારે ખબર પડી કે યુ.પી.એસ. ની પરીક્ષા આપીએ તો સીધી ભરતીના આઈ.એ.એસ. થવાય તો ઝડપી પ્રમોશન મળે, પણ મને ૨૮ વર્ષ થઈ ચૂક્યાં હતાં. જાગ્યા ત્યારે મોડા જાગ્યા. વળી અંગ્રેજી કોન્વેન્ટ સ્કૂલોમાં ભણેલાઓ જેવું ફ્લુઅન્ટ અંગ્રેજી થોડું હોય? અંગ્રેજી અને સાયન્સ ટેકનોલોજીવાળા જ આઈ.એ.એસ. થાય છે. વળી બધા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી અને દૂન સ્કૂલમાં ભણેલા હોય છે એમાં ગોમતીપુરની ડેમોક્રેટિક અને વિવેકાનંદ કૉલેજવાળાનો ક્યાંથી નંબર લાગે? વળી કેન્દ્રમાં ફક્ત એસ.સી., એસ.ટી. ને જ અનામતનો લાભ મળે. જિંદગીભર ડાયરેક્ટ આઈ.એ.એસ. ન થયાનો રંજોગમ રહી ગયો. આખી જિંદગી સેકન્ડ સીટીઝન - અછૂત જેવા રહ્યા.

'લાભ બધા આઈ.એ.એસ. ને વૈતરાં જી.એ.એસ.ને' એવી કહેવત બૅચમાં કહેવાતી.

અભયનો જન્મ થયો ને ભણવાલાયક થયો ત્યારે મેં એને ઇંગ્લિશ મીડિયમમાં દાખલ કરાવ્યો.

'તમે સાહિત્યકાર, ગુજરાતી ભાષા પ્રેમી અને છોકરો અંગ્રેજી મીડિયમમાં?' કવિ મિત્રોએ ટોણો માર્યો.

'શું થાય? માતૃભાષાને પ્રેમ કરવા રહીએ તો દીકરો બેકાર રહે. વાસ્તવિકતા ન સ્વીકારીએ તો સર્વાન્ટિસના ડોન કિહોટે જેવી હાસ્યાસ્પદ દશા થાય.'

મને અંગ્રેજી ફ્લૂઅન્ટ ન હોવાનો જે વસવસો રહ્યો હતો, તે મેં અભયમાં પૂરો કર્યો. અભય મારી જેમ ગણિત વિજ્ઞાનમાં થોડો નબળો રહ્યો, એટલે બારમા પછી એને આર્મિની નેશનલ ડિફેન્સ ઍકેડેમિમાં મોકલવાની ઈચ્છા અધૂરી રહી. થોડી મહેનત મેથ્સમાં કરી હોત તો આર્મિનો ક્લાસ વન ઑફિસર થઈ શક્યો હોત. આર્મિને તો આઈ.એ.એસ. કરતાં પણ વધુ પર્કસ છે. રોજ સાંજે ડ્રિંક પાર્ટી અને બડા ખાના! સવારે વહેલાં ઊઠી પરેડ અને ઢળતી સાંજે ટેનિસ કૉર્ટ!

હું સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ તરીકે બી.એસ.એફ., આર્મિના સંપર્કમાં આવેલો. એમના કેમ્પસ માટે જમીનો આપેલ. બડા ખાનામાં મિજબાની માટે મને કમાન્ડર બોલાવતા.

અભય કહે, 'યુ.પી.એસ.સી. નો પ્રયત્ન કરું. કદાચ ન થવાય તો એલ.એલ.બી. તો પછીથીય કરી શકાય.'

'ઓ કે.! તો તું પહેલાં યુ.પી.એસ.સી. ની તૈયારીમાં લાગી જા. મનગમતા અને માર્ક્સ મેળવી આપે તેવા વિષય નક્કી કર. યુ.પી.એસ.સી. માં દર વર્ષે રેગ્યુલર ભરતી થાય. ટાઈમટેબલ પ્રમાણે જ ચાલે, જ્યારે આપણી પી.એસ.સી. ને કોઈ ટાઈમટેબલ જ નથી. છતાં સરકારમાં પચાસ ટકા જગ્યાઓ ખાલી છે. ભર્યા વગર છૂટકો થવાનો નથી, તેની જાહેરાત આવશે જ.'

અભય અર્થશાસ્ત્રમાં ફર્સ્ટ ક્લાસ લાવ્યો હતો, પણ તેને લાગ્યું કે તેમાં માર્ક્સ બહુ ખેંચી નહીં શકાય, તેણે મારી જેમ જ આખરે ભારતનો ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર જ વિષયો રાખ્યા.

'ઑન લાઈન દિલ્હીની ચાણક્ય કે કૌટિલ્ય ઍકેડેમિનો સંપર્ક કર અને ઍડમિશન મેળવી લે અને દિલ્હી જા.' મેં સૂચવ્યું.

'પપ્પા એની તો પચાસ હજાર રૂપિયા ફી છે.'

'ભલે હોય, પરીક્ષા આપવાની બેઝિક ટેકનિક એ લોકો સારી શીખવાડે છે. મારા બધા આઈ.એ.એસ. બૉસ તેમાંથી જ ટ્રેનિંગ લઈને આવેલા છે!'

અભયને મેં દિલ્હી મોકલ્યો. છ માસ કોર્સ કરીને આવ્યો. પછી બિહારી પંડિતોની જેમ ચોટલી ખીંટીએ બાંધી મંડી પડ્યો. ખૂબ મહેનત કરી, પ્રિલીમમાં ઍપિયર થયો.

અફસોસ! પહેલા ટ્રાયલે પ્રિલીમ ક્લિયર ન થઈ. રડવા લાગ્યો. મેં સાંત્વના આપી, 'મારા પરિચિત કોઈ આઈ.એ.એસ. પહેલા ટ્રાયલમાં નીકળ્યા

નથી. તારે નોકરીની ચિંતા કરવાની નથી, હું રિટાયર થાઉં ત્યાં સુધી મહેનત કર, મહેનતનો કોઈ વિકલ્પ નથી. અપના હાથ જગન્નાથ.' મેં આશ્વાસન આપ્યું.

બીજા ટ્રાયલની તૈયારી શરૂ કરી, ત્યાં જી.પી.એસ.સી. ની જાહેરાત આવી. યુ.પી.એસ.સી. માં તો અંગ્રેજી અને ગુજરાતી બેઉ માધ્યમ પરંતુ જી.પી.એસ.સી. માં તો ફક્ત ગુજરાતી માધ્યમ. અભય આઈ.એ.એસ. થાય એટલા માટે અંગ્રેજી મીડિયમમાં મૂક્યો; તો હવે બધે ગુજરાતી મીડિયમ થઈ ગયું. આ પણ આપણા દેશની કઠણાઈ છે. સૌ માતૃભાષાનાં ગુણગાન ગાય છે પરંતુ વ્યવસ્થા હોચપોચ ખીચડી જેવી રાખે છે. સરકારો બદલાય તેમ શિક્ષણનીતિ બદલાય. બીજાં રાજ્યો પહેલા ધોરણથી અંગ્રેજી શિખવાડે, જયારે ગુજરાત આઠમાથી! એટલે લોકો હવે બાળકોને અંગ્રેજી મીડિયમમાં મૂકે છે. કમ્પ્યૂટર ટેકનોલોજીના યુગમાં અંગ્રેજી વિના ચાલે તેમ નથી. અંગ્રેજી નબળું હોય તો હવે તો દરેક ક્ષેત્રમાં મુશ્કેલી પડે તેમ છે.

અભયની ગુજરાતી ભાષા પર બહુ પકડ નહીં. કહે, 'ગુજરાતી સાહિત્ય રાખું. તમારી લાઈબ્રેરીમાં ઘણાં પુસ્તકો છે.' પણ મેં કહ્યું 'ગુજરાતીમાં જોડણીની મહારામાયણ છે. અને જોડણી તો ઉમાશંકરનીય ખોટી હતી! સાહિત્ય વિષયમાં તો જોડણીનો આગ્રહ રહે જ. આખરે ભારતનો ઈતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિષયો જ રાખ્યા.'

અભય પી.એસ.સી. ની પરીક્ષાની તૈયારીમાં પડ્યો. ફૉર્મ ભર્યું.

'પપ્પા, મને ઓ.બી.સી.નો લાભ મળે?'

'ના, આપણે વર્ગ એકમાં સીધી ભરતીમાં આવ્યા અને આઈ.એ.એસ. થયા એટલે ક્રિમિલેયર લાગુ પડે.'

'ઓ.બી.સી. માં ક્રિમિલેયર અને એસ.સી., એસ.ટી. માટે કેમ નહીં?'

'એસ.સી., એસ.ટી. ને બંધારણમાં વિશેષ રક્ષણ આપ્યું છે. ઓ.બી.સી. માટે એવું નથી. થોડાં વર્ષ ૧૦% અનામત રહી પછી માંડલ પંચે અનામતનો ક્વોટા વધાર્યો એટલે તોફાનો થયાં, ઓ.બી.સી. નો જ વિદ્યાર્થી ગોસ્વામી જીવતો સળગી ગયો. ઊહાપોહ થયો. વી.પી. સિંહને જવું પડ્યું. ઉપલા વર્ગોના દબાણમાં સરકાર આવી અને બીજી પેઢીને લાભ ન આપવા નક્કી થયું. એ જ ક્રિમીલેયર!' મેં સમજાવ્યું. 'એ લોકોની સો પેઢીઓ મલાઈ ચાટી ગઈ એનું કંઈ નહીં અને ગરીબ ઓ.બી.સી. ના લોકોને બીજી જ પેઢીથી અટકાવ્યા. રાજ્યશાસ્ત્રમાં તું જાણે છે, મારે તેની તલવાર. બહુમતી ઓ.બી.સી. ની પણ સંગઠન નહીં - ગરીબ - તેમનો દર્દભર્યો અવાજ સરકારના કાને ન સંભળાય; પણ ઉપલા વર્ગોની અમથી આહ પણ તેને સંભળાય. વસ્તી પ્રમાણે ખરેખર તો પછાતવર્ગોને ૫૦% અનામત મળવી જોઈએ'

ખેર, અભયે રાતદિવસ ઉજાગરા કરી પ્રિલીમની પરીક્ષા આપી. રિઝલ્ટ આવ્યું. પાસ થઈ ગયો. મેઈનમાં ગયો, પાછો રાતદિવસ મચી પડ્યો. ત્યાં એમાંય પાસ થઈ ગયો. હવે ઈન્ટરવ્યૂનો સ્ટેજ આવ્યો. 'નિર્ભય બની આવડે તેટલા સાચા જવાબ આપજે. નો બ્લફિંગ. મેં સલાહ આપી. ઉત્સાહથી ઈન્ટરવ્યૂ આપ્યું અને ખુશ થતો આવ્યો. 'ફક્ત એક જ સવાલનો જવાબ ન આવડ્યો, પપ્પા!' રિઝલ્ટ આવ્યું. તે પાસ થઈ ગયો હતો. મારી અને ગીતાંજલિની આંખમાં હરખનાં આંસુ ઊભરાયાં. સ્ટાફવાળા કહે, 'સાહેબ, તમે ખૂબ નસીબદાર કહેવાઓ. તમે રિટાયર થવાના ને દીકરો સરકારમાં અધિકારી થવાનો.' 'ભગવાન પ્રામાણિકતાનો બદલો અચૂક આપે જ છે હોંકે!'

'થેન્ક યુ.' મેં આંસુ લૂછ્યાં. ઘરે આવ્યો. અભયને ભેટીને શુભેચ્છા અને આશીર્વાદ આપ્યાં. મોં મીઠું કરાવ્યું, પણ એનો ચહેરો ઊતરી ગયેલો હતો, એની આંખમાં આંસુ તગતગતાં હતાં.

'કેમ, બેટા, રિઝલ્ટથી ખુશ નથી?'

'ના, પપ્પા, આ અનામત પ્રથા ન હોત તો હું ડી.વાય.એસ.પી. ક્લાસ વન થયો હોત. મારા કરતાં ઓછા માર્કસવાળા ક્લાસ વન થશે ને હું?'

'શું થાય બેટા, અનામત ન હોત તો તું આજે જે જમ્પિંગ પેડ પર ઊભો છે તે ન હોત. તું આઈ.એસ.એસ. નો દીકરો ન હોત.'

'પણ આ અનામત ક્યાં સુધી? ગાંધીજી અને આંબેડકરે અનામત પ્રથા લાવીને ખૂબ જ અન્યાય કર્યો છે.' એમ બોલી ડૂસકું મૂકી એની રૂમમાં જતો રહ્યો.

હું અને ગીતાંજલિ પણ ઉદાસ થઈ ગયાં. ત્રણ માર્ક વધુ આવ્યા હોત તો ક્લાસ વનમાં હોત. પણ જે નથી તેનો અફસોસ શું કરવો?

બીજા દિવસે હું ઘરે આવ્યો, તો વોલ ક્લૉકની પાસેની દીવાલ ઉજ્જડ જણાઈ. મને તરત ખ્યાલ આવી ગયો. ત્યાં હું ગાંધીજી અને આંબેડકરની તસ્વીરો રાખતો હતો. તે ઊતરી ગઈ હતી.

'કોણે ખસેડી ગાંધીજી - આંબેડકરની તસવીરો?' હું ગુસ્સામાં ત્રાડ પાડવા જતો હતો, ત્યાં ગીતાંજલિએ મને રોક્યો.

'હશે, ગુસ્સે ન થશો, થોડો સમય જવા દો. એનું મન શાંત થવા દો. પછી પાછી મૂકી દઈશું.'

હું સમસમીને માથે હાથ મૂકી સોફામાં ફસડાઈ પડ્યો.

*સેક્ટર-૮, ગાંધીનગર.*


**GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
**CUSTOM HOUSE AGENT**

# કૂવાનો દેડકો

• પુષ્પા અંતાણી •

કહેવાય છે કે કૂવાનો દેડકો કૂવામાં જ રહે. એ કૂવો છોડી બીજે રહેવા જાય નહીં. એનું કારણ તમે જાણો છો, બાળદોસ્તો? ચાલો, આજે હું તમને એ વિશે એક વાર્તા કહું.

વાત જાણે એમ બની કે સનાભાઈ ઉંદરને એકવાર યાત્રા કરવા જવાનું મન થયું. એ તો નીકળી પડ્યો યાત્રા કરવા. એણે વિચાર્યું કે દેશનાં બધાં જ મંદિરોની યાત્રા કરવામાં તો મહિનાઓના મહિના લાગી જાય. એમાં શિયાળોય આવે અને ચોમાસું પણ આવે. એથી સનાભાઈ ઉંદરે ટાઢથી બચવા એક કોટ અને વરસાદથી બચવા એક છત્રી પોતાની સાથે લીધાં. ખાવાપીવાનો તો કોઈ સવાલ જ નહોતો, જે મંદિરમાં દર્શન કરે તે મંદિરમાં ચઢેલો પ્રસાદ પેટ ભરીને ખાઈ લેવાનો.

આમ તેણે પોતાના ગામનાં બધાં મંદિરનાં દર્શન થોડાજ દિવસોમાં કરી લીધાં. પછી એ બીજે ગામ જવા નીકળ્યો. વચ્ચે નાનું જંગલ આવતું હતું. એ જંગલનો રાજા શેરસિંહ ખૂબ સારો અને ન્યાયી હતો. એના રાજ્યમાં બધાં પ્રાણીઓ કોઈ પણ જાતના ભય વિના સુખેથી રહેતાં હતાં. સનો ઉંદર આ જંગલના એક ઝાડ નીચે થોડી વાર આરામ કરવા રોકાયો. એ બહુ થાક્યો હતો એથી એને ઊંઘ આવી ગઈ. એનાં કોટ અને છત્રી એની બાજુમાં પડ્યાં હતાં.

આ જંગલમાં બે મસ્તીખોર વાંદરા રહેતા હતા. એમણે સનાને ઊંઘતો જોઈ એનાં કોટ અને છત્રી ઉપાડી લીધાં. વાંદરાઓએ વિચાર્યું, આ ઉંદરભાઈ જાગે તે પહેલાં આનાથી થોડી વાર મજા કરી લઈએ, પછી આપણે બંને વસ્તુ જ્યાં હતી ત્યાં પાછી મૂકી દઈશું. એકે પહેર્યો કોટ અને બીજાએ ઓઢી છત્રી. બંને વટથી ચાલતા જતા હતા. ત્યાં બે સિપાઈ વરુ કુબો અને જુબો સામે મળ્યા. તેઓનું કામ જંગલની ચોકી કરવાનું હતું. એમણે બંને વાંદરાને ઊભા રાખી કડકાઈથી પૂછ્યું : ‘આ કોનાં કોટ અને છત્રી લઈને ચાલ્યા?’ વાંદરાઓએ કહ્યું : “એ તો પેલા ઉંદરભાઈનાં છે. અમે થોડી વાર રમવા માટે લીધાં છે, હમણાં જ પાછાં મૂકી દઈશું.”

કુબો-જુબોને પણ કોટ અને છત્રી ગમી ગયાં હતાં. બંનેએ એકબીજા સામે જોઈ કોટ અને છત્રી પડાવી લેવાનું નક્કી કર્યું. કુબો બોલ્યો : ‘કોટ અને છત્રી અમને આપી દો, નહીંતર. અમે રાજા શેરસિંહને કહીશું કે તમે ચોરી કરીને ભાગતા હતા.’ વાંદરા ગભરાઈ ગયા. એમણે કોટ અને છત્રી સિપાઈઓને આપી દીધાં. બંને એવા ડરી ગયા હતા કે ચુપચાપ પોતાના ઝાડ ઉપર ચઢી ગયા.

એ ઝાડની સામે એક કૂવો હતો. એ કૂવામાં એક દેડકો રહેતો હતો. એ હંમેશાં કૂવામાં જ રહેતો, ક્યારેક જ તાજી હવા ખાવા કૂવાની પાળી પર આવીને બેસતો. એ જેવો કૂવાની પાળી પર આવીને બેસે કે વાંદરા એની મસ્તી કરે. વાંદરા કહેતા : “ભાઈ, આખો વખત કૂવામાં જ શું ગોંધાઈ રહે છે? જરા બહાર નીકળીને ફરતો ખરો. બહારની દુનિયા જો, બહુ મજા આવશે.’ દેડકો કહેતો : “ના, ભાઈ, ના! બહારની દુનિયામાં તે વળી શું જોવાનું? મારા કૂવા જેવું મજાનું બીજું કંઈ નથી. હું તો આ કૂવામાં જ બરાબર છું.”

આજે દેડકો કૂવાની પાળી પર આવ્યો ત્યારે વાંદરાઓએ એની સામે જોયું પણ નહીં, એ બંને પેલા સિપાઈઓ પર ચિડાયેલા હતા. વળી એમને થતું હતું કે ઉંદર જાગશે અને પોતાનાં કોટ-છત્રી નહીં જુએ તો બિચારાનું શું થશે?

બન્યું પણ એવું જ. ઉંદરે જાગીને જોયું તો એનાં કોટ અને છત્રી ક્યાંય દેખાયાં નહીં. એ સમજી ગયો કે ચોક્કસ કોઈ ચોરી ગયું છે. એ તો ઊપડ્યો રાજા શેરસિંહને મળવા. એણે રાજાને ફરિયાદ કરી : “મેં સાંભળ્યું છે કે તમારા જંગલમાં બધાં સુખી છે અને તમે ખૂબ ન્યાયી રાજા છો, તો પછી તમારા રાજ્યમાંથી મારાં કોટ અને છત્રીની ચોરી કેમ થઈ? મને મારી વસ્તુઓ પાછી અપાવો.”

ઉંદરની વાત સાંભળી શેરસિંહ બોલ્યો : ‘મારા રાજ્યમાં એવું બને જ નહીં. હું હમણાં જ તપાસ કરાવું છું.’ એણે કુબો-જુબો સિપાઈઓને બોલાવ્યા અને હુકમ કર્યો : ‘આ ઉંદરનાં કોટ-છત્રીની કોણે ચોરી કરી છે તેની તપાસ કરો અને ચોરને મારી પાસે હાજર કરો.’

રાજાનો હુકમ સાંભળીને કુબો-જુબો ફફડી ઊઠ્યા કારણ કે કોટ અને છત્રી તો એમણે જ વાંદરા પાસેથી પડાવી લીધાં હતાં. ઉંદર રાજા પાસે જઈને ફરિયાદ કરશે એવું તો એમણે ધાર્યું જ નહોતું. બંને વિચારવા લાગ્યા, હવે શું કરવું? રાજાને સાચી વાતની ખબર પડશે તો આપણને જીવતા નહીં છોડે. કંઈક કરવું તો પડશે જ. પછી બંનેએ નક્કી કર્યું કે રાતે અંધારું થશે ત્યારે કોટ અને છત્રી કૂવામાં ફેંકી દઈશું, જેથી કોઈને ખબર નહીં પડે. વાંદરાઓને પણ રાજાએ કરેલા હુકમની ખબર પડી. એથી તેઓ સિપાઈઓની જાસૂસી કરવા લાગ્યા. રાત્રે કુબા અને જુબાએ કોટ અને છત્રી કૂવામાં નાખ્યાં તે વાંદરા જોઈ ગયા.

બીજા દિવસે સવારે દેડકાએ કૂવામાં કોટ અને છત્રી જોયાં. એને બહુ નવાઈ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)**

# પત્નીનું દૃઢ મનોબળ પુરુષનું વ્યસન છોડાવી શકે છે!

ઍચિવર્સ ઓફ પીડિયાટ્રીક્સ નામની જર્નલમાં એક રસપ્રદ તારણ પ્રમાણે બેથી બાર વર્ષનાં બાળકો હંમેશાં માતા પિતાની ટેવોને અનુસરે છે. તેમાં વિશેષ કરીને ધૂમ્રપાન અને નશાની ટેવોનો પ્રભાવ તેમના પર વધારે હોય છે. બેથી બાર વર્ષનાં બાળકોને બે ટુકડીમાં વહેંચી નાંખવામાં આવ્યાં. એક ગ્રુપને તેમની ઢીંગલીઓ માટે ગ્રોસરીઓ લેવાની સૂચના આપવામાં આવી ત્યારે પાંચમાંથી ચાર બાળાઓએ સિગરેટ પસંદ કરી અને બીજા ગ્રુપના છોકરાઓએ બિયરની બોટલ પર પસંદગી ઉતારી. ત્યાંના માનસશાસ્ત્રીઓએ તારણ કાઢ્યું કે નાનપણમાં બાળક માતા-પિતાને વ્યસન કરતાં જુએ તો તેની અસર બાળકોના માનસ પર ગાઢ પડે છે, અને તેમાંનાં ઘણાં મોટપણે આ ટેવોને અનુસરે છે. આજના આધુનિક ભારતમાં આપણે તાદશ્ય ચિત્ર યુવાપેઢીમાં જોઈ શકીએ છીએ કે તેઓમાં સિગરેટ અને દારૂના સેવનનું પ્રમાણ વધી રહ્યું છે. જેના મૂળમાં ઘરના વડીલો પણ કંઈક અંશે જવાબદાર છે.

આ વડીલોમાં પુરુષ અને સ્ત્રીની સરખામણી કરીએ તો સ્ત્રીઓ કરતાં પુરુષોમાં દારૂ, સિગરેટ, પાન, મસાલા વગેરે વ્યસનોની માત્રા વધુ જોવા મળે છે. માનસશાસ્ત્રીઓ એવું તારણ કાઢે છે કે સ્ત્રીઓની સરખામણીમાં પુરુષોમાં વધુ સહનશક્તિ અને જાત પર કાબૂ (સેલ્ફ કંટ્રોલ) ઓછો હોય છે. આથી તેઓ જલ્દી સંજોગોને આધીન થઈ જાય છે અને વ્યસનોના ભોગ બને છે. મોટા ભાગના ઘરમાં દારૂ કે સિગારેટ પીતા હોય છે. બહુ નહિવત્ કેસમાં માતા તે વ્યસન છોડાવતી જોવા મળે છે. એકવાર સિગરેટ કે દારૂની ટેવ પડે પછી પુરુષ જલ્દી તે છોડી શકતો નથી. તે હંમેશાં પહેલાં પોતાની પરિસ્થિતિનો વિચાર કરે છે, પછી કુટુંબીજનોનો. જ્યારે ઘરમાં પતિ, ભાઈ કે પિતા કોઈ વ્યસનના આદી હોય તો ઘરની સ્ત્રી માટે પરિસ્થિતિને પહોંચી વળવું અઘરું પડે છે. આ વ્યસનો વ્યક્તિની શારીરિક અને કુટુંબની આર્થિક પાયમાલી કરે છે. અને સામાજિક રીતે પડતી નોતરે છે. આથી સ્ત્રીએ દૃઢ સંકલ્પ કરી તે છોડાવવા પ્રયત્ન કરવો પડે છે. આ ઘણું અઘરું કામ છે. પણ સઘન પ્રયત્ન સફળતા પણ અપાવી શકે છે.

જાણીતા એક્ટર સંજય દત્તની કહાનીથી સૌ વાકેફ છીએ. જ્યારે તેઓ ડ્રગ એડિક્ટ થઈ ગયા ત્યારે તેમની સિનેમાની કારકિર્દી અને લગ્નજીવન બન્ને હોડમાં મુકાઈ ગયાં. પહેલાં નરગીસે ધીરજથી પ્રયત્ન કર્યો અને પછી સુનીલ દત્તે રિહેબિલીટેશન સેન્ટરની મદદ વડે આ ટેવ છોડાવી. સૌથી મોટામાં મોટું રિહેબિલીટેશન સેન્ટર ન્યુયોર્કમાં છે. આજે તેઓની જિંદગી સુધરી ગઈ છે.

પુરુષોને વ્યસનો પડવાનાં અનેક કારણો હોય છે. પ્રથમ છે મિત્રતા. શરૂઆતમાં શોખ ખાતર સિગરેટ પીવી, તમાકુ ખાવું કે એક-બે પેગ પીવા લાગે છે. પછી ઘણાને ટેવ પડી જાય છે. ગાંધીજીના જીવનમાં માંસાહારનો પ્રસંગ બન્યા પછી તેઓનું મિત્રતા વિશે તારણ હતું કે અંગત મિત્રતા ઘણી વાર અનિષ્ટ બની જાય છે. કારણ કે મનુષ્યો દોષ જલ્દી ગ્રહણ કરે છે. ગુણ ગ્રહણ કરવાને સારું પ્રયાસની આવશ્યકતા રહે છે. જે બહુ જૂજ કરે છે. સિગરેટ અને દારૂની ટેવ પુરુષોને છૂટવી મુશ્કેલ બને છે કારણ કે તેની સાથે ભાવનાત્મક સંબંધ બંધાઈ જાય છે. ચેન સ્મોકરોને પોતાની ટેવ છોડવી અઘરી હોય છે. બીજા કારણમાં આજે આધુનિકતા દર્શાવવા બિઝનેસ મિટિંગો, કોન્ફરન્સો વગેરેમાં શરાબના પેગ સામાન્ય છે. આથી વ્યક્તિ ન લે તો જુનવાણી ઠરે છે, આથી ત્યાંથી પણ ટેવ પડે છે. ઘણીવાર પુરુષોને ભાવનાત્મક ઠેસ પહોંચી હોય જેમાં પ્રેમમાં નિષ્ફળતા, દાંપત્ય જીવનમાં તિરાડ કે સંઘર્ષ, કુદરતી કે કૃત્રિમ રીતે પત્નીની ગેરહાજરી, લાગણીનો શૂન્યાવકાશ બનાવી દે છે. વ્યસનો આ શૂન્યાવકાશને ભરી દે છે. આજના કોર્પોરેટ વર્લ્ડમાં મોટા સી.ઈ.ઓ., ડિરેક્ટરો, ઉચ્ચ પદના પુરુષ અધિકારીઓને કામનું અત્યંત ભારણ રહે છે. આ પરિસ્થિતિમાં રિલેક્સ થવા માટે તેઓ વ્યસનના શિકાર બને છે. ઘણીવાર પુરુષની પ્રબળ સેક્સ ઇચ્છા પણ આ ટેવો તરફ દોરે છે.

પુરુષની સિગરેટ કે દારૂ પીવાની ટેવ પ્રથમ તેને શારીરિક નુકસાન પહોંચાડે છે. દારૂથી લિવરના રોગો, પૅન્ક્રિયાટાઇટિસ, અલ્સર, હૃદયના રોગો વગેરે પર અસર થાય છે જ્યારે સિગરેટના સેવનથી નિકોટીન જવાથી કેન્સર, ટી.બી., અસ્થમા, બ્રોન્કાઈટિસ જેવા રોગો થાય છે. ઉપરાંત તેના ધુમાડાથી આસપાસના લોકો, જેને પૅસિવ સ્મોકર કહે છે, તેમને પણ અસર થાય છે. જેમાં સ્ત્રીઓ અને બાળકોનું પ્રમાણ વધુ હોય છે. શારીરિક હાલત કથળતાં કૌટુંબિક હાલત ખરાબ થાય છે. પુરુષની કારકિર્દી પર અસર પડે છે. આર્થિક ભીંસ શરૂ થાય છે, પૈસાની તંગી વર્તાય છે અને કુટુંબ મુશ્કેલીમાં આવે છે. આ સંજોગોમાં સ્ત્રીએ પુરુષને વ્યસનોમાંથી મુક્ત કરવાનો સઘન પ્રયાસ કરવો પડે છે. તે છોડવાની દિશામાં પગલાં ઘરની સ્ત્રી જ લઈ શકે છે. આ કામ ઘણું અઘરું છે. તેમાં સફળતા મળે કે નિષ્ફળતા પરંતુ ગૃહિણીએ તે માટે પ્રયત્ન કરવો જરૂરી બને છે.

સ્ત્રીના પ્રથમ પ્રયત્નમાં તેનો રવૈયો ભાવનાત્મક હોવો જરૂરી છે. ગૃહિણીએ

સાયકોલોજિકલ ઍપ્રોચ લઈ વ્યસન હોય તે વ્યક્તિને સમજાવટ માટે મહેણાં-ટોણાં મારવાં, કે ગુસ્સો કરવાથી આખી બાજી બગડી જાય છે. જાહેરમાં ટીકા કરવાને બદલે, તે વ્યક્તિને શું શારીરિક નુકસાન થાય છે, આર્થિક હાલત ભવિષ્યમાં કેવી થશે વગેરે પાસાઓની વારંવાર હકીકત રજૂ કરવી જોઈએ. ગુસ્સો કે ટીકા કરવાથી પુરુષોના અહંને ઠેસ પહોંચે છે, આથી તે વ્યસન તરફ વધારે ઢળતો જાય છે. જ્યારે તેને જાણમાં આવે છે કે પતિ, ભાઈ કે પિતા વ્યસનના આદી બન્યા છે ત્યારે પ્રેમ અને ધીરજથી કરેલો પ્રયત્ન ઘણીવાર કામ લાગે છે. જેમ કેન્સરનું નિદાન પ્રાથમિક અવસ્થામાં થાય તો ઘણીવાર ઑપરેશનથી સારું થઈ જાય છે, તેમ વ્યસનની શરૂઆતના ગાળામાં સ્ત્રીના પ્રેમની સમજાવટ આદત છોડાવી શકે છે. સ્ત્રી પાસે દૃઢ સંકલ્પ અને નિર્ણાયક શક્તિ છે. આ આદતો ઈચ્છાશક્તિ પર આધારિત છે. એટલે હકારાત્મક ઈચ્છાબળ હોય તો છૂટી શકે છે. આ માટે ન્યુયોર્કના મનોચિકિત્સક ડૉ. બ્રુટનું કહેવું છે કે, વ્યસન ઈચ્છાશક્તિ પર આધારિત છે. આથી ઈચ્છા શક્તિ પ્રબળ બનાવાય તો જલ્દી જાત પર છોડવા માટે કાબૂ મેળવી શકાય છે. આથી સ્ત્રીએ હકારાત્મક માહોલ ઉત્પન્ન કરવો જરૂરી બને છે. મિત્ર બની, વ્યસનની આદતો અંગે નકારાત્મક વાતો કરી છોડાવવાની કોશિશ કરવી પડે છે. જો ના માને તો કડક પગલાં લેવાં યોગ્ય છે. પુરુષ જલ્દી લાગણીઓ રજૂ કરી શકતા નથી. આથી પત્નીઓએ દાંપત્ય જીવનમાં હઠ, જીદ કે દલીલબાજી કરવા કરતાં શાંતિ, ધીરજ રાખવી જોઈએ જેથી આજના આધુનિક સમયમાં ઓફિસોમાં કામના ભારણ તનાવમાં ઘરમાં વધારો ન થાય.

સ્ત્રી બધા જ પ્રયત્નો કરી છૂટે અને સફળ ના થાય તો મનોચિકિત્સકની મદદ લેવી જરૂરી બને છે. ખાસ કાઉન્સેલિંગ ઘણીવાર આદતો છોડાવવામાં મદદરૂપ બને છે. આ ઉપરાંત વ્યસનો છોડાવવા માટે રિહેબિલીટેશન સેન્ટરો (પુનર્વસવાટ કેન્દ્રો) આવેલાં હોય છે જેમાં વ્યક્તિને જેનું વ્યસન હોય તેનાથી મુક્ત થવાની રીતો બતાવાય છે. આ પુર્નવસવાટ કેન્દ્રોનો સ્ત્રી સંપર્ક કરી શકે તો ઘણી અનુકૂળતા રહે છે. ભારતમાં આવા રિહેબિલીટેશન સેન્ટરોમાં જાણીતાંમાં 'સંતુલન', 'આશરા પરિવાર', 'મુક્તાંગન', 'કુશીવાલી', 'નીમહાન્સ', 'હોપટ્રસ્ટ' વગેરે છે જેની મદદ વડે સ્ત્રી સફળતા મેળવી શકે છે.

દરેક વ્યક્તિ સંજોગોનો શિકાર બને છે. આથી તેના દોષની કબૂલાત નિખાલસપણે અને ફરી ન કરવાનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે તો તે શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત છે. વ્યસન છોડવા માટેના ગાંધીજીના આ વિચારો છે. સ્ત્રી આ વિચારની સહભાગી બની શકે છે. ■

## કૂવાનો દેડકો

**(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)**

લાગી કે આ વસ્તુઓ અહીં ક્યાંથી આવી. પછી એણે વિચાર્યું, પેલા વાંદરા રોજ મને દુનિયા જોવા બહાર નીકળવાનું કહે છે તો ચાલ, આજે હું કોટ પહેરી, છત્રી ઓઢી બહારની દુનિયા જોઈ આવું. મને કોઈ ઓળખી પણ શકશે નહીં.

આમ કોટ પહેરી, છત્રી ઓઢી દેડકો બહાર નીકળ્યો. હજી તો એ થોડે દૂર જ પહોંચ્યો હતો ત્યાં એને બે સિપાઈઓ જૂબો અને કુબો મળ્યા. એમણે કોટ પહેરી, છત્રી ઓઢીને જઈ રહેલા દેડકાને જોયો. એમને થયું કે રાજા પાસે ચોરને હાજર કરવાની આ બહુ સારી તક છે. એથી એમણે દેડકાને પકડ્યો અને રાજા પાસે લઈ જવા લાગ્યા. દેડકાને તો કશું સમજાયું જ નહીં કે આ શું થઈ રહ્યું છે.

સિપાઈઓએ દેડકાને રાજા પાસે હાજર કર્યો અને બોલ્યા : 'નામદાર, આ રહ્યો ચોર. જુઓ, અમે એને ચોરીના માલ સાથે પકડ્યો છે.' શેરસિંહે દેડકાને બહુ ધમકાવ્યો. દેડકો એવો ડરી ગયો હતો કે એ માંડ માંડ બોલી શક્યો : 'મેં ચોરી નથી કરી. મને આ બંને વસ્તુ કૂવામાંથી મળી છે.' રાજાએ દેડકાની વાત માની નહીં અને એને જેલમાં પૂરી દીધો. પછી રાજાએ ઉંદરને બોલાવી એનાં કોટ અને છત્રી એને સોંપી દીધાં. સનો ઉંદર રાજી થઈ ગયો. એણે રાજા શેરસિંહનો ખૂબ આભાર માન્યો અને આગળ યાત્રા કરવા ચાલી નીકળ્યો.

બીજી તરફ જેલમાં પુરાયેલો દેડકો મનમાં ને મનમાં પોતાની જાત પર ગુસ્સે થતો હતો, મને આવી કુબુદ્ધિ કેમ સૂઝી? હું કોઈ દિવસ નહીં ને આજે શા માટે બહાર ફરવા નીકળ્યો. કુબો અને જુબો મનમાં ખુશ થતા હતા કે હવે એમના પર કોઈને શંકા નહીં આવે. એ જ વખતે પેલા બે વાંદરા રાજાના દરબારમાં દાખલ થયા. એમણે રાજાને બધી વાત જણાવી અને કહ્યું "સાચા ચોર તો કુબો અને જુબો છે. એમણે જ અમારી પાસેથી કોટ અને છત્રી પડાવી લીધાં હતાં. પછી તમારાથી ડરીને એમણે એ બંને વસ્તુઓ કૂવામાં નાખી દીધી હતી. દેડકો તો નિર્દોષ છે."

કુબો અને જુબો સિપાઈઓ પાસે એમનો ગુનો કબૂલવા સિવાય બીજો કોઈ રસ્તો રહ્યો નહોતો. શેરસિંહે એમને જેલમાં પૂરી દીધા. રાજાએ દેડકાની માફી માંગી અને એને છોડી દીધો. જેલમાંથી છૂટતાંની સાથે દેડકો આગળપાછળ જોયા વિના ભાગ્યો સીધો કૂવા તરફ. તે દિવસથી એણે પ્રતિજ્ઞા લીધી કે હવે પછી એ કદી પણ કૂવાની બહાર નીકળશે જ નહીં. કૂવાનો દેડકો છે તો કૂવામાં જ રહેશે.

***સૌજન્ય : "ઓળખ"***

***ખીલીના માથા ઉપર જ જો હથોડીના ઘા પડ્યા કરે તો એ ખીલી ભીંતમાં ટટ્ટાર ઊભી રહે છે અને પોતાના કરતાં અનેકગણું વજન ઊંચકી શકે છે.***

# સંબંધોના સથવારે – દિલાવર ભાઈ

• ઇલા કે. શાહ •

બાપુજીની અંતિમ ક્ષણો વખતે પ્રભુસ્મરણ જેટલું થાય તેટલું સારું, તેમ વિચારી તેમનો મોટો દિકરો વિશાલ અને બેટી જેવી વહુ શાલિની ધાર્મિક ગ્રંથોનું વાંચન કરતાં તો ઈશ્વર નામની ધૂન બોલતાં. બાપુજી બોલી શકતાં હતા ને સભાન હતા, પણ શ્વાસોચ્છ્વાસમાં તકલીફ થતી હતી. બંને જણ વારાફરતી જ કામ અંગે ખસે, પરંતુ બાપુજીને એકલાં ન મૂકે.

તેમનાં બીજા ત્રણ દીકરા નરેશ, રાજેશ અને ચિરાગ. પરદેશ તેઓના પરિવાર સાથે સેટ થયેલ હતા. બે દીકરી પણ અમેરિકા હતી. વર્ષે બે વર્ષે ઇન્ડિયા આવી જાય, રહી જાય, સૌની ખબર લેતાં જાય. પણ ખરી સેવાચાકરી સમયે તો મોટાભાઈ-ભાભી જ. વર્ષોથી શાલિની પરણીને આવી ત્યારથી સોનામાં સુગંધ ભળે કે દૂધમાં સાકર ભળે તેમ સાસરિયામાં ભળી ગઈ હતી. સમગ્ર પરિવાર સંયુક્ત કુટુંબ હોય તેમ ભેગાં મળીને આનંદથી રહેતો હતો.

શૈશવકાળથી તે આજદિન સુધી આ ભાઈ-ભાભીએ ઘરની ઈમારતને અડીખમ રાખવા જાત ઘસી નાંખી, ને તેય હસતા મુખે, કાંઈપણ અપશબ્દોના ઉચ્ચારણ વગર. બે વર્ષ પહેલાં બાની પણ એ જ રીતે ચાકરી કરી હતી. બાના ખોળામાં તો સ્નેહ મળે. માતા-પિતાનાં ચરણોમાં તો પ્રભુનો વાસ. તેમને સાચવવા જ પડે. આવું માનનારાં મોટાભાઈ મિલ્કતની કે બાપુજીની મૂડીની અપેક્ષા રાખતાં નહોતા. બાપુજી પાસે તો કાંઈ હતું નહિ. પહેલેથી જ વહેંચણી કરી દીધેલી. બાપુજીને એ જ ચિંતા હતી કે વિશાલની પરિસ્થિતિ પેલા દીકરાઓ જેવી નથી. તે શું કરશે? વિશાલ તો કહે કે, “પ્રભુ આપનાં મૂંગા આશીર્વાદ સાથે કૃપા કરશે, ચિંતા શા માટે? ભાઈઓ વચ્ચેની પરસ્પરની હૂંફ તો છે જ ને!”

“બેટા, ચિરાગ આવ્યો કે આવવાનો છે? તેની તારા તરફ રહેમ નજર છે, તે તને જરૂર મદદ કરશે.” બાપુજી વચ્ચે વચ્ચે આવું બોલતા હતા. ડૉક્ટરે સ્વજનોને બોલાવવા કહ્યું હતું. વિશાલે બધાં ભાઈઓને જાણ કરી દીધી હતી. પણ અમેરિકાથી આવવું દુર્લભ હતું, પરંતુ હોંગકોંગથી મુંબઈ આવવું નજીક હતું. તેથી ચિરાગે તો સંદેશો આવવાની પ્રતીક્ષા કર્યા વગર ફ્લાઈટની ટિકિટ મેળવી લીધી. ને તે આવી પહોંચ્યો. કડકડતી ઠંડી હતી. મોડી રાતનો સમય હોવાથી ડોરબેલ વગાડ્યા વગર બહાર જ બેસી રહ્યો. વિચાર્યું કે જગાડીશ તો મારા ભાઈ-ભાઈની સહેજ આંખ મળી હશે તો આરામ નહિ મળે. બાપુજી પાસેથી ક્ષણવાર ન ખસનાર તેઓ પલકવાર પણ સૂતાં નહોતાં. સવારે છ વાગ્યા પછી બારણું ખોલ્યું તો ચિરાગ બેઠેલો હતો. “આમ શા માટે કર્યું? ભાઈ, આવી ઠંડીમાં બહાર બેસાય? કંઈ ખબર પણ ન આપી તેં તો.” મોટાભાઈએ આવકાર આપતાં કહ્યું.

“હું સેવાચાકરી ન કરું ને વળી તમને જરા આરામ પણ ન કરવા દઉં?” ચિરાગે કહ્યું.

“અરે, પણ બાપુજી તારી પ્રતીક્ષા કરી રહ્યા છે. કદાચ તારા માટે જ એમનો શ્વાસ ચાલુ રહ્યો છે.” મોટાભાઈ વિશાલે કહ્યું.

“બાપુજી, જયશ્રી કૃષ્ણ” બાપુજીએ અવાજ સાંભળતા આંખો ખોલી અને બોલ્યા, ચિરાગ બેટા, આવી ગયો? વિશાલ દીકરાએ અને આ શાલિની વહુએ મારી બહુ ચાકરી કરી. મારી પાસે ફૂટી કોડી પણ ન હોવા છતાં કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વગર બંને જણ મને બેઠો કરવા ઝઝૂમ્યા છે. ડૉક્ટરોના કહ્યા મુજબ હોસ્પિટલ બદલી છે, દવા પિવડાવી છે, પરંતુ મારી ઉંમર પણ થઈ છે ને હવે પ્રભુ મને બોલાવે છે, તો મારી વાત સાંભળ.”

“હા બાપુજી, એટલા માટે તો હું આવ્યો છું. કહો, બોલો શું કહેવું છે?” ચિરાગે માથે હાથ ફેરવતાં પૂછ્યું.

થોડીવાર મૌન રહી, શ્વાસ રોકતાં રોકતાં બોલ્યા : બેટા, તેં જે નવો બંગલો બનાવ્યો છે તે તું તેઓને આપવા માંગતો હતો, તો હવે જરૂર આપી તેમાં રહેવા મોકલી દેજે. શ્રવણ જેવો આ દીકરો છે. શાલિની બેટાએ સમયસર જમવાનું, દવા વગેરે આપ્યા છે. ખૂબ પ્રેમથી મારી સેવા કરી છે.”

“બાપુજી, તમે નિશ્ચિત જ રહો. હું તે બંગલો એમને જ આપીશ. મેં નક્કી કર્યું જ છે.”

“ના, ના, એવું નહિ, મેં તો ફરજ બજાવી છે. મેં કયું મોટું કામ કર્યું છે? ને એમની સેવા એમનો દીકરો ન કરે તો કોણ કરે?” વિશાલભાઈએ વિશાળતા બતાવી.

“અમે બધાં ભાઈઓ તો દૂર રહ્યાં, આર્થિક થોડી મદદ કરનારા, પણ તમે ભાઈ-ભાભી તો અમારે મન માતા-પિતા સમાન છો. શાલિની ભાભીએ કુટુંબ માટે જાત ઘસી નાંખી છે. પરણીને આવ્યા ત્યારથી મોટાભાભી તરીકેની સંપૂર્ણ જવાબદારી નિભાવી છે. દરેક ભાઈ-બહેનોની ક્ષણોને સાચવી છે. બા-બાપુજીની હસતે મુખે કાળજી સાથે સેવા કરી છે. તમારાં બાળકોની સંભાળ પણ સાથે જ રહીને રાખીને પરદેશ મોકલ્યાં. તમે આપણા પરિવાર માટે શું નથી કર્યું? આટલાં વર્ષોમાં તમારાં મુખ પર ગ્લાનિ કે કટુભાવ જોયાં નથી. ભાભીએ સ્વઇચ્છા અને મનોકામનાને માણ્યા વગર પરિવારની ઈમારતમાં પ્રેમનાં પાણી સીંચ્યાં છે. ભાભીએ તો વૈતરું જ કર્યું કહેવાય.” ચિરાગ બોલે જતો હતો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૯ ઉપર)**

શિક્ષણ ચિંતન

# સ્કૂલ, બાળક, ઘડતર અને ફી?

• ભીમજી નાકરાણી •

તાજેતરમાં અમદાવાદની એક શાળાએ ૧૩% જેટલો ફી વધારો એકદમ જ કરી દીધો. વાલીઓ ધન્યવાદને પાત્ર છે કે તેમણે સતત લડત આપી અને ફી વધારો પરત ખેંચાયો! પણ ક્યાં સુધી? જિલ્લા શિક્ષણ અધિકારીઓ અને રાજ્ય સરકારનું શિક્ષણ ખાતું મહેરબાન રહેશે ત્યાં સુધી.

હમણાં હમણાં જ મારા ઘરમાં મારી પૌત્રીના શિક્ષણ બાબત (કેળવણી નહીં) મારાં આધુનિક પુત્રવધૂ અને દીકરો તેમના મિત્રગ્રુપમાં કોણ ક્યાં ભણે છે તેની ચર્ચા કરે છે. આ બધા માને છે કે અઢી વર્ષે 'બેબી સીટર', યુરો કીડ્સ એટલે કે નર્સરી પહેલાં જ તેને બે કલાક માટે પણ ક્યાંક મોકલવી, પછી નર્સરી, પછી જુનિ. કે.જી., સિનિ.કે.જી., પછી પ્રાથમિક શિક્ષણ – પણ માધ્યમ અંગ્રેજી જ જોઈએ અને સી.બી.એસ.સી. જ જોઈએ. અને એ પણ મોંઘામાં મોંઘી સ્કૂલ-નહીંતર એના મિત્રોમાં વટ કેવી રીતે પડે?

બીજી બાજુ ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે સંબંધીના દીકરાઓને મોકલવા છે. આર્થિક સ્થિતિ સામાન્ય છે. અને આવી ધોરણ ૧૧, ૧૨ સાયન્સની સેલ્ફ ફાઈનાન્સ શાળાઓનો રાફડો ફાટ્યો છે. ધો. ૧૨ માટે બે વર્ષના રૂ. ૨ લાખથી માંડી રૂ. ૩ લાખ ૩૦ હજાર સુધી ફી હોસ્ટેલ સાથે લેવામાં આવે છે. હવે આમાંયે શાળાની પસંદગી કરવાની છે. બાળકને ખાસ ખ્યાલ નથી, વાલી ફીની ચિંતામાં છે. દેખાદેખીનો સવાલ છે. તે ફલાણાનો દીકરો - ફલાણી સ્કૂલમાં છે અને પછી પ્રારંભ થાય છે ફીના ચક્કર દેવું કરીનેય બાળકને ભણાવવાનો છે. શાળાઓમાં પાછું ટકાનું ધોરણ તો ખૂબ ઊંચું જોઈએ. આ સમાજમાં ૩૫% લોકો એવા છે, બાળમંદિરથી માંડી કૉલેજ સુધી આવી તગડી ફી ભરીને બાળકોને ભણાવી શકે છે. બાકીના ૬૦ થી ૬૫% પ્રજાના બાળકોના શિક્ષણની ચિંતા કોણ કરશે? સરકાર અને સમાજના આગેવાનો તો એક જ છે. બન્નેને ખાનગીકરણમાં રસ છે. શાળાની પસંદગી તો હવે બાળક જન્મે તે સાથે જ ચિંતાનો વિષય છે. અને તગડી ફી ઊઘરાવી ખાનગી શાળામાં આર.ટી.ઈ. મુજબ ૨૫% સંખ્યા લેવાતી નથી. અને લાભાર્થી માબાપને આ બાબતે કોઈ રસ નથી. સ્કૂલ માટે નવી પેઢી શા માટે હાઈફાઈ છે તે સમજ બહાર છે. સૌથી મોટી વાત માત્ર દેખાદેખી અને સોસાયટી છે. સ્કૂલમાં બાળક માત્ર અક્ષરજ્ઞાન લે છે, કેળવણી, કોઠાસૂઝ કે જ્ઞાન લેતો નથી. સ્કૂલ બાળકના જીવન ઘડતરમાં માત્ર ૩૦% ભાગ ભજવે છે. બાકીના ૭૦% માટે તો બાળક અને વાલીએ મહેનત કરવાની છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, બિરલા સ્કૂલ કે પછી કે.જી. પ્રાથમિકમાં વાર્ષિક રૂા. ૩ લાખ સુધીની ફી ઊઘરાવતી અનેક સ્કૂલોમાં બાળકનું ઘડતર આકાર પામતું નથી, માત્ર શિક્ષણ મેળવી ઉપલા ધોરણમાં જાય છે. નવી પેઢીના ગાંડપણને કેવી રીતે રોકવું તે અઘરું છે. બાળકના જીવન, ઘડતર, શિક્ષણ, ઉછેર, માધ્યમ બાબતે નવયુવાન મા-બાપ પાસે ન તો જ્ઞાન છે કે ન તો તેની પાસે કોઈ વાંચન છે. ૯૦% બીજા ઉપર, મિત્રો ઉપર, સગા સંબંધીઓ ઉપર આધાર રાખીને બાળક માટે સ્કૂલની પસંદગી થાય છે. એટલી હદ સુધી કે પોતાની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવી પેઢીના મા-બાપ (મમ્મી-પપ્પા, ડેડી) ખાસ કરીને બહેનો-મમ્મીઓ પોતાના બાળક માટે વટ ખાતર તગડી ફીના ધોરણે ચાલતી સ્કૂલો (શિક્ષણની ફેક્ટરીઓ) માં પોતાના બાળકના બાળપણનો બલિ ચડાવી દે છે. જેમાં કોઈ ડહાપણ નથી. જેટલી તગડી ફી અને બાહ્ય સુવિધા વધુ, હાઈફાઈ સ્ટાફ વધુ તે શાળાની ડિમાન્ડ વધુ. ડોનેશન પણ વધુ. કૉલેજ કરતા પણ પ્રાથમિક કે સ્કૂલનું શિક્ષણ મોંઘું છે. સાયન્સ માટે તો ગરીબ મા-બાપ પોતાના દીકરાને ભણવા ક્યાં મોકલે, તે મોટો પ્રશ્ન છે. દરેક સ્થળે ટ્યૂશન ક્લાસ પણ એટલાં જ છે. તેની ફી પણ મોંઘી છે. કે.જી. થી કૉલેજ સુધી ટ્યુશન ફરજિયાત છે. આ આખી શિક્ષણ પદ્ધતિ ફી, ટ્યુશન પ્રથા, ખાનગીકરણ ઉપર ખૂબજ ચર્ચાઓ, સેમિનાર થાય છે. શિક્ષણ વિશે ચર્ચા કરે છે પણ 'વાંજણી' ચર્ચાઓનું પરિણામ મળતું નથી. સરકાર કે સિસ્ટમ પાસે જઈ તે બધા કોઈ ફેરફાર કરાવી શકતા નથી. સામયિકોમાં પણ ચર્ચાઓ થયા કરે છે. પરિણામ શૂન્ય છે. અત્યારે તમામ મોટા ઉદ્યોગ જૂથો પાસે પોતાના આધુનિક શિક્ષણ સંકુલો છે. એટલે આ કહેવાતા શિક્ષણવિદોની પીપુડી સાંભળે કોણ? હવે આ આખી સિસ્ટમને સુધારવા માટે સામાન્ય પ્રજાએ જ જાગૃત થવું પડે, દરેક મા-બાપે પોતાનો આગ્રહ છોડવો પડે. શાળાઓની પસંદગીની સાથે દરેક સ્કૂલોમાં વાલીમંડળ સ્થાપી, રાજ્ય કક્ષાએ પણ આવું એક વાલીમંડળ બને જે સરકાર, સિસ્ટમ, સંચાલકો અને શાળા સાથે સંયોજન કરી કોમન ફી, અભ્યાસક્રમ, ટ્યુશનપ્રથા જેવી બાબતે 'હલ્લાબોલ' નીતિ ઘડી-જરૂર પડ્યે સંચાલકો કે સરકારને બાનમાં લેવા સુધીની કાર્યવાહી કરી શકે તે પ્રકારે નિષ્પક્ષ લોકોને આ વાલીમંડળમાં સમાવવા પડે જેથી મજબૂતાઈ ભરી રજૂઆત કરી શકે. બાકી હવે જો પ્રજા, વાલીઓ, શિક્ષણવિદો જાગૃત નહીં થાય તો આગામી સમયમાં સામાન્ય વર્ગ, ગ્રામીણ પ્રજા અને દલિત સમાજ કે આર્થિક પછાત લોકોના દીકરા દીકરીઓ માટે ભણતર એ સ્વપ્ન બની જશે. સરકાર આર.ટી.ઈ. જેવા ગમે તેવા કાયદા બનાવે, આ સંચાલકો તેનોયે બાપ છે. તેમની પાસે બધા જ રસ્તા અને વગ છે. કોઈ કાયદો તેને નુકસાન કરી શકે તેમ નથી. અંગ્રેજી માધ્યમ અને મોંઘીદાટ શાળાનો આગ્રહ છોડવો તે પ્રજાના ફાળે આવે છે. આપણે પણ કેટલાંક મોહ છોડીએ તો અતિરેકના આતંકથી બચી શકીએ.

*ઈ-૧૦૩, સહજાનંદ રેસિડેન્સી,*
*હેલ્મેટ સર્કલ પાસે, મેમનગર,*
*અમદાવાદ. મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨*

વિજ્ઞાન ચિંતન

# કુદરત : અક્ષય ઊર્જાનો અખૂટ ભંડાર

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

## વિશ્વમાં વધતી વીજમાંગ અને પ્રાકૃતિક ઊર્જા ભંડાર

દેશદુનિયામાં વર્ષ દરમ્યાન 'ઊર્જા' સંબંધી અનેક વિશેષ દિવસો મનાવાતા રહે છે. વૈશ્વિક સ્તરે ૩જી મે 'વિશ્વ સૌર ઊર્જા દિન' અને ભારતમાં ૧૪મી ડિસેમ્બર 'ઊર્જા સંરક્ષણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તેમ આપણે ત્યાં રાજીવ ગાંધી (૧૯૪૪-૯૧) ની વર્ષગાંઠ ૨૦મી ઑગસ્ટ 'અક્ષય ઊર્જા દિવસ' તરીકે મનાવાય છે. આ મહિને આવતા આ વિશેષ પ્રસંગે પુનઃપ્રાપ્ય ઊર્જાના અખૂટ ભંડાર વિશે જાણવું ગમશે.

**• વૈકલ્પિક ઊર્જાસ્રોતોનું મહત્ત્વ :**

ઊર્જા-પ્રાપ્તિના બે માર્ગો છે : ભૂમિગત અને પ્રકૃતિદત્ત. મર્યાદિત પુરવઠો ધરાવતા ભૂગર્ભીય બાળતણોનો સામાન્યતઃ વધુ ઉપયોગ થાય છે. જ્યારે કુદરતના ભંડારમાંથી મળતી ઊર્જા અમર્યાદિત અર્થાત્ અખૂટ છે! ફરી ફરીને ઉપયોગમાં લઈ શકાતી હોવાથી તેને અક્ષય, પુનઃપ્રાપ્ય કે નવીકરણીય (રિન્યૂએબલ), બિનપરંપરાગત (નોન-કન્વેન્શનલ), વૈકલ્પિક (ઑલ્ટરનેટ) કે પછી પ્રાકૃતિક (નેચરલ) ઊર્જાસ્રોત તરીકે પણ ઓળખવામાં આવે છે.

**• વૈકલ્પિક ઊર્જાસ્રોતોનું મહત્ત્વ :**

ઊર્જા-પ્રાપ્તિના બે માર્ગો છે : ભૂમિગત અને પ્રકૃતિદત્ત. મર્યાદિત પુરવઠો ધરાવતા ભૂગર્ભીય બળતણોનો સામાન્યતઃ વધુ ઉપયોગ થાય છે. જ્યારે કુદરતના ભંડારમાંથી મળતી ઊર્જા અમર્યાદિત અર્થાત્ અખૂટ છે! ફરી ફરીને ઉપયોગમાં લઈ શકાતી હોવાથી તેને અક્ષય, પુનઃપ્રાપ્ય કે નવીકરણીય (રિન્યુએબલ), બિનપરંપરાગત (નોન-કન્વેન્શનલ), વૈકલ્પિક (ઑલ્ટરનેટ) કે પછી પ્રાકૃતિક (નેચરલ) ઊર્જાસ્રોત તરીકે પણ ઓળખવામાં આવે છે.

ઊર્જા મેળવવાના આ વિકલ્પનો ઉપયોગ કરવાની શરૂઆત ૧૯૬૦-૭૦ ના દાયકામાં પર્યાવરણ બચાવવા માટે ચાલેલાં આંદોલનોને પગલે કરવામાં આવી હતી. આજે જીવાશ્મ બળતણો આધારિત પરંપરાગત સ્રોતો (પેટ્રોલ, ડીઝલ, ગેસ, કેરોસીન, કોલસો વગેરે) ઝડપથી ઘટતા જાય છે. ત્યારે બિનપરંપરાગત સ્રોતોનું મહત્ત્વ વધતું જાય છે. વળી, 'વૈશ્વિક તાપમાન' અને 'હવામાન પરિવર્તન' જેવી સમસ્યાઓના કારણે પણ ઊર્જા-વપરાશના આ વિકલ્પનો વધુ ઉપયોગ થાય તેમાં સમજદારી છે.

વર્તમાન સમયમાં આપણે ખનિજ પેદાશોની અછત અનુભવી રહ્યા છીએ. કુદરતને આવા અશ્મિભૂત અવશેષો બનાવતાં હજારો વર્ષ લાગ્યાં હતાં. પરંતુ તેના બેફામ ઉપયોગના પરિણામે આજે ઊર્જાના આ કુદરતી ભંડારો વધતી વીજમાંગને પહોંચી શકે એમ નથી. તેનો જથ્થો સીમિત હોવાથી આગામી સમયમાં તે ખલાસ થઈ જવાની શક્યતા પણ છે.

**• વધતો વપરાશ - ઘટતો પુરવઠોઃ**

આજે કોઈ પણ પ્રદેશના આર્થિક વિકાસ માટે 'ઊર્જા' પાયાની જરૂરિયાત છે. અર્થતંત્રના દરેક ક્ષેત્ર (કૃષિ, ઉદ્યોગ, પરિવહન, વાણિજ્ય અને ખાનગી) ને ઊર્જાસ્રોતોની નિરંતર ખપત રહે છે. ભારતમાં આઝાદી પછી કાર્યાન્વિત અનેક આર્થિક વિકાસ યોજનાઓ માટે ઊર્જાની મોટા પ્રમાણમાં અને અનિવાર્ય જરૂરત રહી છે. પરિણામે દેશભરમાં દરેક પ્રકારની ઊર્જાનો વપરાશ સતત વધતો રહ્યો છે.

આમ, ઊર્જાનો વધતો ઉપયોગ દેશને જીવાશ્મ બળતણો પર વિશેષ અવલંબિત પણ બનાવતો જાય છે. તેલ-વાયુના વધતા ભાવો અને તેની અછતે આપણી આર્થિક પ્રગતિ ટકાવવા માટે જરૂરી એવા ઊર્જા-પુરવઠાની સલામતી બાબતે ચિંતા જગાવી છે. વળી, ખનિજ બળતણોનો વધતો વપરાશ સ્થાનિક અને વૈશ્વિક પર્યાવરણીય સમસ્યાઓ પણ સર્જે છે.

ઔદ્યોગિકીકરણ, વસતિ વધારો, વિકાસ ઘેલછાં; વૈભવી જીવન જેવાં અનેક કારણોસર પણ ઊર્જા વપરાશ અનેકગણો વધી ગયો છે. બીજી બાજુ પુરવઠો ઘટતો જાય છે. આ પૃષ્ઠભૂમિ સંદર્ભે દેશને ઊર્જાવિકાસનો કોઈ ટકાઉ ઉપાય વિકસાવવાની ખાસ જરૂર છે. આમ, વિશ્વવ્યાપી ઊર્જા-કટોકટીને ધ્યાનમાં લઈ ઊર્જા-પુરવઠો અવિરત મેળવવા અને જાળવી રાખવાના આ ત્રણ ઉપાયો છે : નિત્ય નવાં ઊર્જાસ્રોતોની શોધ, તેનો અસરકારક ઉપયોગ અને ઊર્જા સંરક્ષણ (બચત) ને પ્રોત્સાહન.

**• સુગમ વિકલ્પ : કુદરતી સ્રોતો**

તેના ઉચિત વિકલ્પો માટે સંશોધકો અવનવા અખતરા કરી રહ્યા છે. ઊર્જા-સમસ્યાનો સૌથી આશાસ્પદ ઉકેલ પુનઃપ્રાપ્ય ઊર્જાસ્રોતો જણાયાં છે. આમ જોવા જઈએ તો આવાં પ્રાકૃતિક તત્ત્વો આદિકાળથી આપણાં શક્તિસ્રોતો મનાયાં છે. આધુનિક વિજ્ઞાન દ્વારા તેમાંથી વીજળી ઉત્પન્ન કરીને વ્યવહારિક ઉપયોગમાં લેવાના પ્રયોગો અનેક દેશોમાં થઈ રહ્યા છે.

સદ્‌ભાગ્યે ભારતને વિવિધ પ્રકારનાં અક્ષય ઊર્જાસ્રોતો મળ્યાં છે. તેના મુખ્ય

પ્રકારો આ મુજબ છે : સૂર્ય (સોલર), પવન (વિન્ડ), જળ (હાઈડ્રો), જૈવિક-વનસ્પતિ (બાયોમાસ), સાગર (ઑસન), ભૂતાપીય-પૃથ્વીના પેટાળમાં રહેલી ઉષ્માશક્તિ (જિયોથર્મલ). હવે તેનો બે-ત્રણ લીટીમાં આછેરો પરિચય કરીએ.

પૃથ્વી પરના સમગ્ર જીવન માટે 'સૂર્ય' ઊર્જાનું એક પ્રાથમિક સ્રોત છે. 'સૌર ઊર્જા' સીધી વીજળીમાં રૂપાંતરિત ફોટોવોલ્ટેક અને થર્મલ પદ્ધતિઓ દ્વારા ઉપયોગમાં લેવાય છે. પાણીના ગતિ-ઉત્પાદક બળમાંથી 'જળવિદ્યુત' બને છે. વ્યવહારુ હોય ત્યાં તેની લઘુ અને સૂક્ષ્મ જળવિદ્યુત પ્રણાલી ગામડાંની વીજમાંગ પૂર્ણતઃ પૂરી કરી શકે છે. 'પવનઊર્જા' નો મુખ્યત્વે વીજ ઉત્પાદન અને પાણી ખેંચવા માટે ઉપયોગ થાય છે.

'બાયોમાસ ઊર્જા' પાક, કૃષિગત અવશેષો, ઝાડ, છાણ, શહેરી કચરોપૂંજો વગેરેમાંથી મળે છે. તે ત્રણ રીતે ઉપયોગમાં લઈ શકાય છે : તાપ અને વીજળી ઉત્પન્ન કરવા બાળીને, બાયોગેસમાં બદલીને અથવા આલ્કોહોલ-બાયોડીઝલ જેવાં પ્રવાહી બળતણોમાં રૂપાંતર કરીને. જ્યારે 'મહાસાગરીય ઊર્જા' બાષ્પ ઊર્જા રૂપાંતર, દરિયાઈ ભરતી અને મોજાંમાંથી મળે છે.

## ● 'અક્ષય ઊર્જા દિન' નો આરંભઃ

રાજીવ ગાંધીના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ (૧૯૮૪-૮૯) માં જે કેટલાક નીતિગત નિર્ણયો લેવાયા તેમાં 'ગ્રામ્ય વીજળીકરણ' મહત્ત્વનું પગલું હતું. તે માટે એમણે ઊર્જાના વૈકલ્પિક સ્રોતો ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો હતો. આ સપનું પૂરું કરવા ભારત સરકારના બિનપારંપરિક ઊર્જાસ્રોત ખાતાએ એમની ૬૦મી જન્મજયંતીના વર્ષ ૨૦૦૪ માં ૧૮,૦૦૦ દૂરનાં ગામોની વીજમાંગ પૂરી કરવાનું લક્ષ્ય નિર્ધાર્યું હતું.

આ હીરક જયંતી વરસથી એમના જન્મદિન ૨૦મી ઓગસ્ટને 'અક્ષય ઊર્જા દિવસ' તરીકે મનાવવાની પણ ઘોષણા થઈ. તે સાથે દેશભરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન પણ શરૂ કરાયું. તેનું મુખ્ય કેન્દ્રબિંદુ અક્ષય ઊર્જાના વિવિધ પ્રયોગો દ્વારા ઊર્જા સુરક્ષા પ્રાપ્તિ વિશે શાળેય બાળકોને શિક્ષિત કરવાનું રહ્યું છે. આ માટે નિબંધલેખન, ચિત્રકળા, ચર્ચાસભા, સરઘસો, માનવશૃંખલા, સ્થાનિક લોકકળા સ્વરૂપો - રૂઢિ પ્રયોગોના ઉપયોગ સાથેનાં નાટકો, શેરીનાટકો વગેરે જેવી જિલ્લા સ્તરીય સ્પર્ધાઓનું પણ આ દિવસે આયોજન થતું હોય છે.

*'શિવમ્' ૪૦/બી, વૃંદાવનનગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, જિ.કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મોબાઈલ : ૦૯૪૨૭૨૨૨૩૧૫૦ :*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

ઇતિહાસ કથા

# વીર વનરાજ

ગાઢ જંગલ છે.

જંગલની કેડી પર વટેમાર્ગુ આવ-જા કરતાં હોય છે. એવા એક એકાંત રસ્તા પર એક મોટા ઝાડની ઓથે ત્રણ જણા છુપાયા છે.

એમાંના એકને તો હજી પૂરો મૂછનો દોરો પણ ફૂટ્યો નથી. બીજો આધેડ વયનો છે. જાણે કોઈના આવવાની રાહ જોઈ રહ્યા હોય એમ એ ત્રણ જણા છાનામાના ઊભા છે. કોણ હશે એ ત્રણ મરદો?

એમાંના પેલા કિશોર જેવા જણાતા જુવાનનું નામ છે વનરાજ. કચ્છના રણ પાસે રૂપેણ નામની નદીને કાંઠે પંચાસર નામનું એક નાનકડું ગામ હતું. એ પંચાસરમાં જયશિખરી નામે એક રાજા હતો. જયશિખરીનો દીકરો વનરાજ.

રાજાનો દીકરો શા માટે આમ બહારવટિયાની જેમ વનમાં ભટકી રહ્યો છે? છાનામાના તેઓ શું કરી રહ્યા છે?

વાત એમ હતી કે પંચાસર પર એક રાજાએ ચઢાઈ કરી હતી. પંચાસરના રાજા જયશિખરીએ ખૂબ બહાદુરીથી તેના લશ્કરનો સામનો કર્યો. બાવન દિવસ સુધી દુશ્મનોએ પંચાસરને ઘેરો ઘાલ્યો. નગરના કિલ્લાના દરવાજામાંથી ન કોઈને જવા દે કે ન તો આવવા દે. બહારથી અનાજ પાણી આવી શકે નહિ. નગરજનોને ભૂખે મરવાના દિવસો આવ્યા.

એ દરમિયાન જયશિખરી રાજાની રાણી રૂપસુંદરીને બાળક આવવાનું હતું. લડાઈમાં હારી જવાય તો દુશ્મનો બધાને મારી નાખે. પોતાના વંશનું નામ-નિશાન ન રહે. તેથી એક છૂપા રસ્તે જયશિખરીએ પોતાના સાળા શૂરપાળ સાથે રાણી રૂપસુંદરીને વનમાં મોકલી દીધી.

રૂપસુંદરીને વનમાં મૂકી શૂરપાળ પાછો ફર્યો. પાછા ફરતાં પંચાસર પહોંચતા પહેલાં તેને સમાચાર મળ્યા કે રાજા જયશિખરીએ બચવાની કોઈ આશા ન જોતાં કેસરિયાં કર્યાં હતાં. લડતાં લડતાં શત્રુની ભારે ખુવારી કરી રાજા જયશિખરી રણમાં ખપી ગયો હતો. આ જોતાં નિરાશ થઈ શૂરપાળ પાછો વનમાં ગયો. દુશ્મનને પંચાસરમાંથી હાંકી કાઢી પોતાનું રાજ પાછું મેળવવાની પ્રતિજ્ઞા લીધી.

પહેલાં વનરાજને ગ્રામ્યજનોએ ઉછેર્યો. માતા રૂપસુંદરી અને વનરાજને ધીમે ધીમે વનમાં સારી એવી ઓથ મળી ગઈ. થોડા સમય બાદ નવમા મહિને રૂપસુંદરીએ કુંવરને જન્મ આપ્યો. એ કુંવર તે વનરાજ.

એક દિવસની વાત છે. વનરાજ ઘોડિયામાં ઝૂલી રહ્યો હતો. ત્યાં થઈને શીલગુણસૂરીશ્વરજી નામે એક જૈન સાધુ નીકળ્યા. તેમની નજર તે બાળક પર પડી. બાળકનું તેજ જોઈને તે થંભી ગયા. એટલામાં રાણી ત્યાં આવી પહોંચી. ગામડાંની સ્ત્રીના કપડાં પહેર્યાં હોવા છતાં સાધુથી તેનો રાજવંશ છૂપો ન રહ્યો. તેમણે ભવિષ્ય ભાખ્યું. આ બાળકના ભાગ્યમાં રાજગાદી છે. તે એક પ્રતાપી રાજા થશે.

અણહિલ વનની વાટોનો, વનની ગલીકૂંચીઓનો, ખીણકોતરોનો ભારે ભોમિયો હતો. તેની મદદ લઈ આ મામો-ભાણેજ પરદેશી રાજ સામે બહારવટે નીકળ્યા છે. લોકોને લૂંટીને તેમને રાજને બદનામ કરવું છે.

આજે પણ કોઈ લૂંટના શિકારની રાહ જોતા એ ત્રણ જણ સંતાઈને ઊભા છે. થોડીક વારમાં વનરાજની નજર દૂરથી ચાલ્યા આવતાં એક વાણિયા પર પડી. તેણે ખભે ઘીનો ઘડો લીધો હતો ને હાથમાં કામઠું હતું. એ જોતાં વનરાજ બોલ્યો.

'મામા, પેલો કોક વાણિયો આવે છે. શુકન ઠીક થયાં લાગે છે!'

'હા, વનુ, બીજું કંઈ નહિ તો ઘીનો ઘડો તો મળશે.' હસતો હસતો શૂરપાળ બોલ્યો.

'ચાલો ત્યારે મામા.' ઝાડની ઓથેથી બહાર પડતાં વનરાજ બોલ્યો.

'ઊભો રહેજે વાણિયા, ખસ્યો તો મર્યો સમજજે.' વનરાજે પડકાર કર્યો.

'આ ઊભો છું, આવો જેને મોત જોઈતું હોય તે.' એમ બોલતાં વાણિયાએ પોતાના ખભા પરના ભાથામાં પાંચ તીર હતાં તેમાંના બે ભાંગી ફેંકી દીધાં અને એકને ચાપ પર ચઢાવવા માંડ્યું.

આ જોતાં ત્રણ જણા સડક થઈ ગયા. શૂરપાળે પૂછ્યું : 'અલ્યા જરા ખમી જા. તારી પાસે તીર છે તો અમારી પાસે બરુ નથી, સમજ્યોને? પણ જરાક કહે તો ખરો કે તેં પેલાં બે તીર ભાંગીને ફેંકી કેમ દીધાં?'

'તમે ત્રણ છો. ત્રણ માટે મારે ત્રણ તીર બસ. બે વધારાનાં હતાં એટલે ફેંકી

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

દીધાં.' નવાઈ પામતા ત્રણે જોઈ રહ્યા. કુમાર વનરાજ બોલ્યો. 'વાહ ભાઈ! ભારે બહાદુર છે તું તો! નામ શું છે તારું?'

'ચાંપો.'

'તો ચાંપા, હવે કજિયો પતાવ ને જે કંઈ પાસે હોય તે મૂકી રસ્તે પડ. તું બહાદુર છે તે કબૂલ, પણ અમે ત્રણ છીએ ને તું છે એક.'

'ભલે ને ત્રણ હો, આ પરદેશીઓના રાજમાં તમારા જેવા લૂંટારા બહુ વધી પડ્યા છે, એટલે મારે લડાઈની નવાઈ નથી. આવી જાવ તમારામાંથી જેને મરવાનો શોખ હોય તે સામે.'

'અલ્યા, ઊભો રહે ઊભો.' મામો બોલ્યો, 'તેં કહ્યું પરદેશીઓના રાજમાં લૂંટારા વધી પડ્યા છે. તો શું અગાઉના રાજમાં ન હતા?'

'અગાઉનું રાજ?' ચાંપાએ નિઃશ્વાસ મૂક્યો. 'ભાઈ, તે દી તો વહી ગયા. ત્યારે તો રામરાજ હતું. જયશિખરી અને શૂરપાળની હાક વાગતાં લૂંટારાના હાંજા ગગડી જતા.'

'તો આજે જે રાજ છે તમને ગમતું નથી?'

'ક્યા અભાગીને પરદેશીનું રાજ ગમે?' ચાંપાએ જવાબ આપ્યો.

'તમે સાંભળ્યું છે કે જયશિખરીનો દીકરો લશ્કર ભેગું કરે છે?' 'એ વાત તો આખો મુલક જાણે છે.'

'તો તમે જોડાઓ ખરા તેની સાથે?' મામાએ ઝીણી નજર કરી પૂછ્યું.

'મળે તો જોડાઉં ને?' ચાંપાએ કહ્યું. 'તો જુઓ, આ રહ્યો વનરાજ. તમારો ભાવિ રાજા!' મામાએ કહ્યું.

'કોણ, આ વનરાજ! મારા જયશિખરીનું રતન! મારા પંચાસરનો મુગટ!' ચાંપાના હાથમાંથી હરખથી તીરકામઠાં પડી ગયાં. તેણે રાજાને વંદન કર્યા.

'હા, અને આ મામા શૂરપાળ.' મામા તરફ આંગળી ચીંધતો વનરાજ બોલ્યો.

બધા ભેટી પડ્યા. ચાંપાએ વનરાજને કોલ કરી દીધો કે, પરદેશીને હાંકી કાઢવા માટે જિંદગી આપવી પડે તો તેમ કરતાં પણ તે પાછી પાની નહિ કરે.

હવે શું બાકી રહ્યું? ચાંપા જેવો વીર સલાહકાર, શૂરપાળ જેવો પીઢ સેનાપતિ, અણહિલ જેવો બાહોશ લોકનાયક, શ્રીદેવી જેવી સુશીલ બહેન, શીલગુણસૂરિ જેવા ગુરુ — આટઆટલી ઓથ હોય ને વનરાજ પરદેશીઓને પંચાસરમાંથી હાંકી ન કાઢે તો તેને વનરાજ કોણ કહે?

વનરાજે ભુવડના જ માણસોને રાજભાગ લઈ જતા લૂંટ્યા. એટલે તો ઘણું દ્રવ્ય મળ્યું. તેમાંથી એણે મોટું સૈન્ય રાખ્યું. જમાવટ કરીને સૌને હાંકી કાઢ્યા. પંચાસર પાછું મેળવ્યું. બાપનું રાજ પાછું ઘેર આણ્યું. એના આનંદનો કોઈ પાર મળે નહિ! બાપનું રાજ પાછું આવ્યું હતું ને એ જોવા માટે હજી મા જીવતી હતી! રાણી રૂપસુંદરી એંસી વરસ વટાવી ગઈ હશે. વનરાજ પોતે જ પચાસ વર્ષનો તો થયો હતો. બાપનું રાજ મેળવવા માટે તેને ઘણાં વરસો રાહ જોવી પડી અને ઘણો ભોગ આપવો પડ્યો હતો.

ત્યાર પછી એણે પંચાસરને બદલે નવું શહેર વસાવ્યું. એનું નામ અણહિલપુર પાટણ રાખ્યું. પોતે રાજા થયો એ વખતે એણે પોતાને જાળવનાર જૈન સાધુ શીલગુણસૂરિને ખૂબ માન આપ્યું. પોતાના ઉપર ઉપકાર કરનાર સૌને સંભાર્યા. ચાંપાને પ્રધાન બનાવ્યો. તેના નામ ઉપરથી 'ચાંપાનેર' શહેર વસાવ્યું. અણહિલ ઉપરથી 'અણહિલપુર-પાટણ' નું નામ પડ્યું. હાલ એ પાટણ કહેવાય છે. એક વણિક બાઈ શ્રીદેવીએ એને મદદ કરેલી. એને હાથે પોતે ગાદીએ બેઠો ત્યારે રાજતિલક કરાવ્યું. આવો આ વનરાજ થઈ ગયો. પચાસ વર્ષે એ ગાદીએ બેઠો. તે પછી સાઠ વર્ષ જીવ્યો. એકસો દસ વર્ષની ઉંમરે મરણ પામ્યો.

એણે પાટણનું રાજ સ્થાપ્યું. એનું એક પૂતળું પણ હજી પાટણમાં છે. એમાં એણે કાને કુંડલ પહેર્યાં છે. પગમાં સોનાના તોડા છે, ખભે તીરકામઠું છે.

***(સંકલિત)***

## લઘુ કથા : કમનસીબ

જશુબેનને બે પુત્રી ઉપર એક પુત્રનો જન્મ થતાં મીઠાં મોઢાના ઘેર ઘેર પેંડા વહેંચેલ હતા.

થોડા સમયમાં ઘરનું વાતાવરણ ખૂબ જ ખુશખુશાલ થયું. પરંતુ થોડા દિવસ પછી પુત્રને અચાનક બીમારી થઈ આવી ને સ્વર્ગે સિધાવ્યો.

જશુબેન ચોધાર આંસુએ રડવા લાગી ને કહેવા લાગી, 'પ્રભુ, તે આ શું કર્યું? આપીને ઝુંટવી લીધા કરતાં આપેલ ન હોત તો વધુ સારું હતું...'

જો, મીનાબેનને બે પુત્રી છે પરંતુ સુખી પરિવાર છે. બધે આનંદ છે. એમ કહી જશુ ચોધાર આંસુએ કલ્પાંત કરવા લાગી...

***દિલીપ આચાર્ય - ભુજ (મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮)***

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

લોક કથા

# જગબુડ

• ડૉ. દિનેશ કે. ભોયા •

એક દિવસ ભગવાને વિચાર કર્યો. બધા દેવોને કહ્યું : 'દેવો, બેસો. હું તમને એક વાત કહું. દુનિયા બહુ વધી ગઈ છે. ખૂબ ગીચ થઈ ગઈ છે. દુનિયામાં બેકારી બહુ ચાલે છે તો આપણે કંઈક કરવું પડશે.'

એટલે દેવોએ કહ્યું : 'જેવી આપની મરજી. દુનિયાની ગીચતા ઓછી કરીએ.'

પછી ભગવાને વિચાર કરીને બરમદેવને (બ્રહ્મદેવતા) બોલાવ્યા. ભગવાને કહ્યું : 'બરમદેવ જા, તું પાનદેવને બોલાવી લાવ. બરમદેવે વાટ પકડી ને પાનગઢ ગયા. જઈને પાનદેવને કહ્યું : 'તમને સ્વર્ગમાં ભગવાને બોલાવ્યા છે.'

'શા માટે? પાનદેવે પૂછ્યું.

બરમદેવે કહ્યું : 'ખબર નથી.'

પછી બરમદેવ અને પાનદેવ બંને સાથે જ સ્વર્ગમાં આવ્યા. રામ રામ કરીને કચેરીમાં બેઠા. : 'બેસ દેવ, ભગવાને પાનદેવને કહ્યું. પાનદેવે પૂછ્યું : 'બોલો, ભગવાન, શું કામ હતું?' ભગવાને કહ્યું, 'કશું કામ નથી, પણ દુનિયા વધી ગઈ છે. પાપ ખૂબ વધી ગયું છે. આમાં પાપીને મારવાના છે અને ધર્મીઓને બચાવવાના છે.'

એટલે પાનદેવે પૂછ્યું : 'આમાં પાપી અને ધર્મી બંનેને જુદા કઈ રીતે પાડું?'

ભગવાને કહ્યું : 'એ હવે તું જાણે. આ કામ તારે કરવાનું છે.'

પાનદેવે વિચાર કરીને કહ્યું : 'આ વાત સાચી પણ ધર્મી અને પાપી બંને સાથે હોય છે, તો કઈ રીતે જુદા પાડું? આ કામ મારાથી નહીં થાય.'

આ સાંભળી ભગવાને પાનદેવને એક લાત મારતાં કહ્યું : 'આટલું કામ તારાથી નથી થતું?'

પાનદેવ ખિજાયો અને પાનગઢ તેના ઘેર ગયો. પછી મહાદેવે વિચાર કર્યો કે 'હવે દુનિયા ટકાવવા જેવી નથી. પણ મારે શું કરવું?'

ભગવાને પાનદેવને રિસાવી દીધા. મહાદેવ તો વિચાર કરીને ધરા પર ગયા. ધરા પર જઈ માછલાદેવને કહેવા લાગ્યા : 'જો માછલાદેવ, તું હવે નદીએ જઈને બધા જાણે એવા સ્થળે બેસજે. પછી સહુ તારું માંસ કાપશે. માંસ કાપે તો પણ તું કંઈ જ કરતો નહીં. પછી ત્યાં મહારના છોકરા-છોકરી આવશે. તેઓને તું કંઈક આશીર્વાદ આપજે.'

માછલાદેવ ભગવાનના કહેવા પ્રમાણે નદીમાંથી છીછરા પાણીમાં આવ્યા. મોટું માછલું જોઈ ગામલોકો દોડી આવ્યા. કાપવા લાગ્યા. વાસણો ભરીભરીને માંસ લઈ ગયા, છતાં પણ માંસ ખૂટ્યું નહીં. માછલું વાગોળ કર્યા કરે છે. વધતું પણ નથી અને ખૂટતું પણ નથી. મહાદેવ આ જોઈને ખુશ થયા. હં, બરાબર થાય છે.'

મહારના બે છોકરા ગામની ગાયો ચરાવતા હતા. એની છોકરી ગામમાં રોટલા ઉઘરાવવા ગઈ. જેના ઘરે ગઈ. તેના ઘરે માછલીનું માંસ બન્યું હતું. છોકરીએ પૂછ્યું : 'આવું કેમ?'

ગામલોકોએ કહ્યું : 'નદીમાં માછલું ચડી આવ્યું છે. તે બધા માંસ લઈએ આવ્યા છે.'

છોકરી ઘરે આવી છોકરાને વાત કરી. છોકરો પણ માંસ લેવા ગયો. માછલાને જોયું તો લોકો કાપે છે. છતાં પણ તેને કંઈ દર્દ નથી થતું. છોકરાને જોઈને માછલું હસી પડ્યું. છોકરો ગભરાઈ ગયો. બધા લોકોએ પૂછ્યું : 'માછલી કેમ હસી?'

છોકરો કહે : 'મને શી ખબર!'

માછલીએ કહ્યું : 'મને કાપ.'

છોકરો કહે : 'હું નહીં કાપું, તું તો હસે છે.'

માછલી કહે : 'ના, તારે મને કાપવી જ પડશે.'

એટલામાં માછલીએ ઉલટી કરી. તેમાંથી બે તુંબડીનાં બી નીકળ્યાં. માછલાએ કહ્યું : 'આ બી વાડામાં રોપી દેજે. તેની ઉપર પાણી છાંટજે. તેને એક તુંબડી આવશે, પાકી જાય એટલે કાપી લેજે. તેની અંદર પાણી, કપડાં, ખોરાક અને જીવનઉપયોગી સરસામાન ભરી લઈ અંદર ભરાઈ જઈને લાખથી લીંપી લેજે.

આ વાત સાંભળી છોકરો બોલ્યો : 'દેવ, હું તને....'

માછલું બોલ્યું : 'હા, તારે મને કાપવું જ પડશે.'

આખરે છોકરો એ માછલાને કાપીને ઘરે લઈ આવ્યો. ઘરે જઈ બહેનને આપ્યું : 'લે બહેન, આને તું ખા.'

'હું નહીં ખાઉં કેમ કે મને જોઈને માછલું હસતું હતું; માટે હું તો નહીં ખાઉં.'

અચાનક છોકરાને પેલાં બી યાદ આવ્યાં. રોપી દીધાં. પાણી પિવડાવ્યું. પછી તેને એક વેલ પાંગરી, એક તુંબડી બેઠી. વધવા લાગી. વધતાં ચોમાસું આવ્યું. ગાજવીજ થવા લાગી. પાનદેવ રિસાયા. મુશળધાર વરસાદ પડવા લાગ્યો. ઘરો બેસી ગયાં. ડુંગરાઓ બેસી ગયા. આખી દુનિયા જળબંબાકાર થઈ ગઈ. બંને છોકરા તુંબડીમાં પેસી ગયા. તુંબડી હવે તરવા લાગી. માણસ, ઢોર, પશુ-પંખી, જીવજંતુ બધાં જ ખલાસ થઈ ગયાં. આ જોઈ ભગવાનને ચિંતા થઈ - 'પાનદેવે આ શું કરી નાખ્યું? તેને સતધર્મીઓને રાખવાનું

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)**

સંસ્મરણ

# સાંધ્ય વેળાએ – (૩)

• ડૉ. રશ્મિ શાહ •

અમલ, આનંદભાઈના ઓરડામાંથી તો બહાર નીકળ્યો પણ માનસિક રીતે આનંદભાઈની માનસિક પીડામાંથી બહાર નહોતો નીકળી શક્યો. બાજુના બે ઓરડાઓ બંધ હતા. એણે વિચાર્યું ઠંડીના કારણે કદાચ આશ્રમની ખુલ્લી જગ્યામાં બાંકડા પર બેસી એ લોકો સૂર્યના હૂંફાળા તડકાની મોજ માણી રહ્યા હશે. એટલે એ પણ દાદર ઊતરવા માંડ્યો. દાદર ઊતરતાં પણ એના વિચારો આનંદભાઈ સંદર્ભે ચાલુ જ રહ્યા. શું આનંદભાઈને પૌત્રના કારણે જ ઘર છોડવું પડ્યું? સામાન્ય રીતે પૌત્ર-પૌત્રીઓ હંમેશાં દાદા-દાદીને વહાલ જ કરતાં હોય છે. તો આનંદભાઈના કિસ્સામાં એથી ઊલટું કેમ?શું ચર્ચિતની હરકતો માટે વારંવાર ટોકવું કે સમજાવવો એ એકમાત્ર કારણ હોઈ શકે કે ચર્ચિત દાદા-દાદીથી વિમુખ થઈ ગયો હશે? શું ઉત્કર્ષ માબાપની લાગણીઓ સમજતો નહીં હોય? કે પછી સાચે જ ઘરમાં તંગદિલીની પરિસ્થિતિ ટાળવા વચલો ઉપાય કરી, ઉત્કર્ષે મા બાપને વૃદ્ધાશ્રમમાં મોકલવાનું નક્કી કર્યું હશે?

વિચારોની હારમાળામાં ક્યારે દાદર ઊતરી ગયો એનો અમલને ખ્યાલ જ ન આવ્યો. નીચેના માળે, ભોંયતળિયે ચાર નંબરના રૂમમાંથી જ્યારે એમને આવકારતો અવાજ આવ્યો ત્યારે જ એ વિચારતંદ્રામાંથી જાગ્યો.

'શાહ સાહેબ, ઉતાવળા ઉતાવળા ક્યાં ચાલ્યા? અમને મળવું નથી કે શું?''

ચાર નંબરના રૂમમાં ચેસની બાજી રમતાં રમતાં વિનોદભાઈએ ટહુકો કર્યો.

'ઓહ સૉરી વિનોદભાઈ, મારું ધ્યાન જ નહોતું તમારા રૂમ તરફ.' પછી બંનેને ચેસની બાજી બિછાવી રમતાં જોઈ ઉમેર્યું,

'શું વાત છે આજે સવારે સવારે જ રમત ચાલુ કરી દીધી?'

'શું કરીએ શાહસાહેબ? સવારનો સમય અને વળી પાછી આ ઠંડીની મોસમ. ચેસમાં મજા આવે છે. જમવાના સમય સુધી રમીશું. જમ્યા પછી બધા મિત્રો સાથે ગપ્પાં મારીશું. એકાદ કલાક આરામ કરીશું. ત્યાં સુધી બપોરનો ચા-પાણીનો સમય થશે. વળી પાછો સત્સંગ-ગુફ્તેગો. અને સાંજે જમવાનો સમય. શિયાળાના ટૂંકા દિવસો મજાથી પસાર થઈ જાય છે.' બોલતાં બોલતાં વિનોદભાઈ અને એમના સાથીદાર દીપકભાઈએ રમત બંધ કરતાં, અમલભાઈને આવકાર્યા.

વિનોદભાઈ સંઘવી અને દીપકભાઈ પારેખ બેઉ જણ ત્રણેક વર્ષથી 'સાંધ્ય-દીપ' માં આવ્યા છે. બેઉની કહાણી અલગ અલગ છે પણ બેઉના સ્વભાવમાં સમાનતા છે. બેઉ જણે જીવનને સાહજિકતાથી સ્વીકારી લીધું હતું. તેમના સરળ-હસમુખ સ્વભાવને લઈ સૌ સાથે સારું બનતું. મજાની વાત તો એ છે કે આર્થિક, સામાજિક અને વ્યવહારુ બાબતોએ પણ બંનેના ભિન્ન વ્યક્તિત્વ છતાંય બેઉ સારા મિત્રો બની રહી રહ્યા છે.

વિનોદભાઈ સંઘવીની જ વાત કરીએ તો કહી શકાય કે જન્મથી જ ખાધેપીધે સુખી કુટુંબનું ફરજંદ. પિતાનો જમાનાને અનુરૂપ સૂતરનો વ્યવસાય. વળી વિનોદભાઈ ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાના. એનાથી મોટાં બે ભાઈ અને એક બહેન. એટલે સૌના લાડકવાયા. મા-બાપ, ભાઈ-બહેન સૌનો અઢળક પ્રેમ પામેલાં. આટલા બધા લાડકોડ છતાંય સહેજ પણ જિદ્દી નહીં. હસમુખા, સરળ અને નાનપણથી જ સર્વ સાથે સમભાવ રાખનારા. ભણવામાં પણ હોશિયાર.

વિનોદભાઈ એસ.એસ.સી. પાસ થઈ ફાર્મસીમાં જોડાયા ત્યારે ભાઈ-બહેન સહિત સૌને આશ્ચર્ય થયેલું. કેમ કે એના રસના વિષયો જોતાં સૌને હતું કે એ વિજ્ઞાન વિદ્યાશાખામાં જઈ કદાચ એન્જિનિયર બને. વળી મોટો ભાઈ પણ મિકેનિકલ ઇજનેર હતો. વિનોદભાઈનું માનવું હતું કે ભારત નવું નવું રાષ્ટ્ર હોઈ ફાર્મસી ઉદ્યોગનો વિકાસ ઝડપથી થશે. અને એ પોતે પણ શારીરિક સુખાકારી માટેનાં સંશોધનોમાં રસ ધરાવતા હતા.

વિનોદભાઈ બી.ફાર્મ. થયા અને એક અગ્રણી દવા બનાવતી કંપનીમાં મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે નોકરીમાં દાખલ થયા. એ વરસો દરમિયાન ત્રણે મોટાં ભાઈ-બહેનોનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં. બહેન સાસરામાં સુખી હતી. મોટાભાઈ મિકેનિકલ એન્જિનિયર હોઈ મુંબઈની એક ઔદ્યોગિક કંપનીમાં સારો હોદ્દો ધરાવતા હતા. જ્યારે વચલો ભાઈ શહેરમાં જ એક નાણાકીય સંસ્થામાં અધિકારી હતો. કુટુંબમાં સહુ સુખી અને સંતોષી હતાં.

ત્રણેક વર્ષની નોકરી બાદ વિનોદભાઈએ લગ્ન કર્યાં. પત્ની સારિકા બી.એસસી. થઈ એક લેબોરેટરીમાં નોકરી કરતી હતી. વિનોદભાઈના ઘરના લોકો આધુનિક વિચારસરણીના માણસો હતા. સાઠના દસકામાં પણ સ્ત્રીઓ, ખાસ કરીને લગ્ન પછી નોકરી કરે એવું ઘણાં કુટુંબોમાં સ્વીકાર્ય નહોતું, ત્યારે એમના કુટુંબમાં સૌ ખુલ્લા દિલથી સ્ત્રી સ્વાતંત્ર્ય અને સ્ત્રી સન્માનની ભાવના રાખતાં હતાં. અને એટલે જ લગ્ન પછી જ્યારે સારિકાની કૂખે બે બાળકીઓનો જન્મ થયો ત્યારે એ જન્મને પણ ધામધૂમથી વધાવી લીધેલો. અને બે બાળકીઓના જન્મ પછી પણ દીકરાની લાલસા રાખી નહીં.

થોડાં વરસોના અનુભવ બાદ વિનોદભાઈએ વિચાર્યું કે નોકરીના બદલે દવાઓનો વ્યવસાય કરવામાં આવે તો જીવનમાં વધારે આર્થિક સધ્ધરતા આવે.

સાથે સાથે અનુભવનો લાભ મળે. ઘરના સભ્યોના સહકારથી એમણે સાહસ કર્યું. નસીબે યારી આપી. કેટલીક દવા બનાવતી કંપનીઓની શહેરની એજન્સી પણ મળી. સમયના વીતવા સાથે આર્થિક રીતે મજબૂત થયા. દીકરીઓને પણ સારું શિક્ષણ આપ્યું. પોતાની માલિકીનો સરસ મજાનો બંગલો બનાવ્યો. જીવનમાં સુખ-સાહ્યબી બધું મળ્યું. અને છતાંય એમના પગ જમીન પર જ રહ્યા. પોતાની આવકમાંથી જરૂરિયાતમંદોને મદદ કરતા રહ્યા. ક્યાંય નામ અને કીર્તિનો મોહ નહીં. એક હાથે આપેલ દાનની બીજા હાથને જાણ પણ ન થાય એની ખાસ તકેદારી રાખે.

બંને દીકરીઓ સારું ભણી ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ ગઈ અને ત્યાં જ સ્થાયી થઈ. એક દીકરી ઈંગ્લેન્ડ અને એક અમેરિકામાં સ્થાયી થઈ. બંનેનાં લગ્નજીવન પણ ખૂબ સુખી.

સમયના વહેણ સાથે માતાપિતા સહિત કુટુંબના વડીલો એક પછી એક સ્વર્ગસ્થ થતા ગયા. એક દિવસ અચાનક જ પત્ની સારિકાને હોજરીના કેન્સરનું નિદાન થયું. છ માસની સઘન સારવાર બાદ એ પણ સ્વર્ગે સિધાવી. વિનોદભાઈ સાવ એકલા પડી ગયા. જીવનમાં એકલતાથી ડરીને હારવાવાળા માણસ નહોતા. આમ પણ સિત્તેર વર્ષની વય વટાવી ચૂકેલા. પત્નીના મૃત્યુને લઈ પરદેશમાં રહેતી બંને દીકરીઓ સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ, છ-એક માસમાં વિનોદભાઈએ સઘળો વ્યવસાયનો કારોબાર આટોપી લીધો. આર્થિક રીતે સધ્ધર તો હતા જ. વળી ઑફિસ, ગોડાઉન વગેરે વ્યવસાયિક મિલકતોમાંથી પણ સારી રકમ મળી. ઘણા વિકલ્પોનો વિચાર કર્યા બાદ એકાએક વૃદ્ધાશ્રમમાં રહેવા જવા નક્કી કર્યું ત્યારે બંને દીકરીઓ-જમાઈ વગેરેને આશ્ચર્ય થયું. બંનેએ પોતાની સાથે વર્ષ દરમિયાન થોડો થોડો સમય રહેવા આવવા સૂચન કર્યું જેથી તેઓને એકલતાની પીડામાંથી રાહત મળે. અને ત્યારે હસીને જણાવેલ કે એકલતાની ક્યારેય એમને પીડા થતી નથી. પણ વૃદ્ધાશ્રમ જવા પાછળનો શુભ હેતુ સમવયસ્ક વડીલો સાથે રહી તેમનાં વ્યથા-દર્દ અનુભવવાં છે. કયા સંજોગોમાં સંતાનો માબાપને વૃદ્ધાશ્રમમાં ધકેલે છે એ એક સામાજિક પ્રશ્નને મૂળથી સમજવા માંગે છે. અને એ માટે એમનો હિસ્સો બની એમના અંગત મિત્ર બની, પોતે કઈ રીતે ઉપયોગી થઈ શકે એ સમજવા માંગે છે.

'સાંધ્ય-દીપ' ના મુખ્ય ટ્રસ્ટીને તેઓ સારી રીતે ઓળખતા હોઈ, એક દિવસ એમની મુલાકાત કરી પોતે કયા આશયથી વૃદ્ધાશ્રમમાં સમય વિતાવવા માંગે છે એ હકીકત જણાવી. સાથે સાથે એ પણ જાણ કરી કે ત્યાં એ અન્ય વડીલોની જેમ જ સામાન્ય માણસ તરીકે રહેવા માંગે છે. વળી પોતાના વ્યવસાયના અનુભવના આધારે દવા બનાવતી કંપનીઓ સાથેના સંબંધોને લઈ સંસ્થાને મદદરૂપ થવા માંગે છે. ટ્રસ્ટીએ સંસ્થાના સુંદર વહીવટમાં મદદકર્તા અમલને સઘળી હકીકત જણાવી અને ભલામણ કરી કે વિનોદભાઈ સંઘવી અને એમના બાળપણના મિત્ર દીપકભાઈ પારેખને એક ઓરડો ફાળવવામાં આવે. 'સાંધ્ય-દીપ' માં આવતાં પહેલાં વિનોદભાઈએ અમલ શાહને મળી પોતાની અન્યની જેમ જ સામાન્ય વ્યક્તિ તરીકેની ઓળખ જાહેર કરવા તથા પોતે સંસ્થાને જે કાંઈ મદદ કરે તે ગુપ્ત રાખવા જણાવેલ અને એ રીતે બંને મિત્રો ત્રણેક વર્ષ પહેલાં 'સાંધ્ય-દીપ' માં દાખલ થયેલા.

દીપક પારેખ વિશે વિનોદભાઈએ અમલને સઘળી જાણકારી આપતાં જણાવેલ કે, દીપક પારેખ તેઓના બાળપણના મિત્ર છે. શાળામાં બેઉ સાથે અભ્યાસ કરતા હતા. દીપકને અભ્યાસથી વિશેષ કલા-કારીગરી, ખાસ કરીને ચિત્રકલામાં રસ. નવરાશના સમયમાં ચિત્રો દોર્યા કરે. એમાંય પંદરેક વર્ષની ઉંમર થતાં થતાં તો કોઈ પણ વ્યક્તિના ચહેરાને આબાદ કાગળ પર ઉતારે. પચાસના દસકામાં ત્યારે શહેરમાં એવું ચલણ ખરું કે કોઈ ફિલ્મ આવે એટલે શહેરની મોકાની જગ્યાઓ, જેવી કે બસ સ્ટૉપ, ચાર રસ્તા, ઊંચાં બિલ્ડિંગ વગેરે સ્થળોએ ફિલ્મોનાં હોર્ડિંગ-મોટાં બોર્ડ લાગે. તેમાં જે તે મુખ્ય કલાકારોના ચહેરા દર્શાવવામાં આવે. દીપકને એ બધાનું ઘેલું.

બન્યું એવું કે દીપક જેમ તેમ કરી મેટ્રિક સુધી પહોંચ્યો. પણ મેટ્રિક પાસ કરી ના શક્યો. ઘરની આર્થિક સ્થિતિ પણ સામાન્ય. આગળ અભ્યાસ કરવાની ઈચ્છા નહિવત્. માતાપિતાને સમજાવ્યાં. ઘરમાં એના સિવાય પણ નાના બે ભાઈ. એમને પણ ભણાવવાના. વળી બંને અભ્યાસમાં દિલ લગાવી આગળ વધવાના સ્વપ્ન સેવનારા. માતાપિતાએ બહુ આગ્રહ ન કર્યો. અભ્યાસ છૂટી ગયો.

એ વરસોમાં શહેરમાં ફિલ્મોનાં પોસ્ટર અને હોર્ડિંગ ચીતરવાની ત્રણેક મોટી કંપની. એ પકી એક એ. કુમારમાં દીપકને નોકરી મળી ગઈ. માત્ર સોળ વર્ષની ઉંમરે મનગમતું કામ મળ્યું. ત્રણેક વર્ષમાં તો એની મહેનત અને લગનના કારણે શેઠનો વિશ્વાસુ કારીગર બની ગયો. એ જમાનામાં દોઢસો રૂપિયા કમાતો કારીગર થઈ ગયો. ઘરમાં પણ સૌને સારું લાગ્યું.

ફિલ્મોનાં હોર્ડિંગ બનાવતી કંપની હોઈ ક્યારેક શેઠની ચિઠ્ઠી લખાવી શહેરનાં થિયેટરોમાં મફતમાં ફિલ્મો જોવા મળતી. ક્યારેક માત્ર ટેક્સની નાનીસૂની રકમ ભરવી પડતી. દીપક હંમેશાં વિનોદની સાથે જ ફિલ્મો જોતો. એ રીતે બંનેની દોસ્તી જામતી રહી. વિનોદનાં લગ્ન પછી

With Best Compliments From
43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE
We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India
M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises
Admn. Office : 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in

પણ ઘણી વાર ત્રણે જણ સાથે ફિલ્મો જોવા જતા. દીપક સીધો, સરળ અને અલગારી જીવ. વિનોદ સિવાય અન્ય કોઈ મિત્ર નહીં. ઘરમાં પણ નાના ભાઈઓ કે માબાપ સાથે ખપ પૂરતો બોલવાનો વ્યવહાર. મોટા ભાગે પોતાની મસ્તીમાં રહેવાવાળો જીવ. ઉંમર થતાં ઘેરથી લગ્ન માટે આગ્રહ થવા લાગ્યો. પરંતુ દીપકને લગ્નનો જરા પણ ઉત્સાહ નહીં. ઓછું ભણતર, ઓછી આમદની અને કલાકારનો આત્મા. છતાંય સૌના આગ્રહને લઈ લગ્ન કર્યાં. પણ એ અલગારી અને લગ્ન બાબતે નીરસ માણસનું લગ્નજીવન લાંબું ટક્યું નહીં. માત્ર છ-આઠ માસના ટૂંકા લગ્નજીવનમાં જ છૂટા થવાનું બન્યું. એ કલાકાર આત્માને વરસો સુધી એ વાતનો વસવસો રહ્યો કે એણે કોઈકનું જીવન નષ્ટ કર્યું. જોકે છૂટાછેડા લીધાના થોડા સમયમાં જ એની એ પત્નીએ પુનઃલગ્ન કરી લીધેલ.

દીપકના બંને નાના ભાઈઓ ભણીગણી સારી નોકરીમાં ગોઠવાઈ ગયા. સમયાંતરે બેઉનાં લગ્ન પણ થઈ ગયાં. એક તો ભાડાનું ઘર. ઉપરથી બે ભાઈઓનો સંસાર. એટલે જગ્યાના અભાવને લઈ બંને ભાઈઓ અલગ રહેવા ચાલ્યા ગયા. છતાંય દીપકના મનમાં બંનેમાંથી કોઈ પ્રત્યે કોઈ પ્રકારનો અણગમો નહીં. વધતી ઉંમર સાથે માતાપિતાની જવાબદારી અદા કરતો રહ્યો. નોકરીની સાથે સાથે થોડું ઘણું વધારાનું કામ કરતાં કરતાં જીવન વ્યતીત કરતો રહ્યો.

એંસીનો દાયકો પૂરો થતાં થતાં તો પ્રચાર માધ્યમોમાં ક્રાંતિકારી ફેરફારો થવા લાગ્યા. કમ્પ્યૂટર તથા ઇલેક્ટ્રોનિક્સ મીડિયાને લઈ જાહેરખબરોનું પ્રચલિત માધ્યમ મંદ પડવા લાગ્યું. છતાંય દીપકની નોકરી ચાલુ રહી. પણ પહેલાં જેવી વધારાની આવક કે વધુ મહેનત કરવાનું રહ્યું નહીં. વીસમી સદીના અંત સુધીમાં તો ઉંમર પણ કામ કરવા લાગી. વળી એક પછી એક માતાપિતાના ચાલ્યા જવાથી દીપક સાવ એકલો પડી ગયો. વિનોદ સાથેની મૈત્રી યથાવત્ રહી. એટલું જ નહિ એ મિત્રતા જીવનનો સધિયારો બની રહી. એમાંય વિનોદની પત્નીની માંદગી અને સારવાર દરમિયાન દીપક મિત્રનો પડછાયો બની સાથે રહ્યો. વિનોદની પત્નીના અવસાન બાદ તો વિનોદે દીપકને પોતાની સાથે રહેવા જ બોલાવી લીધેલો. વ્યવસાય અને સ્વભાવની ભિન્નતા સાથેય વિનોદભાઈ અને દીપકભાઈની મૈત્રી બેનમૂન રહી. એનું કારણ જણાવતાં વિનોદભાઈએ કહેલ કે બેઉ જણ દિલથી સરળ હતા. વળી બંનેની મૈત્રીમાં અન્યોન્ય પ્રત્યે અપેક્ષાઓનો ભાર નહોતો. અને એટલે જ જ્યારે વિનોદભાઈ એ 'સાંધ્ય-દીપ'માં રહેવા જવાનું નક્કી કર્યું ત્યારે દીપકભાઈને પણ સાથે લીધા. થોડી આનાકાની બાદ દીપકભાઈ સંમત થયા. આનાકાનીનું મુખ્ય કારણ પોતાના માટે થઈ મિત્રએ વેઠવો પડતો આર્થિક ભાર. અને એ રીતે મિત્રને પણ તકલીફ નહીં આપવાનો ઇરાદો. પણ જ્યારે વિનોદભાઈએ મૈત્રીની રૂએ આદેશ આપતાં જણાવેલ કે મિત્રતામાં કોઈ કોઈને ભારરૂપ નથી થતું. વળી પ્રેમ અને લાગણીના સંબંધોમાં ઉપકાર નથી હોતો. એ જ્યારે પોતાની સંપત્તિનો ઉપયોગ સામાજિક કાર્યોમાં કરવા ઇચ્છે છે ત્યારે મિત્રનો હક્ક પહેલો રહે છે. આમ પણ દીપક ક્યારેય વિનોદની વાતનો વિરોધ નહોતો કરતો. એટલા માટે નહીં કે મિત્ર સંપત્તિવાન હતો, પણ એ મન-હૃદયથી મિત્રના ભાવ સમજતો હતો. અને એટલે જ બેઉ મિત્રો સાથે 'સાંધ્ય-દીપ'માં મુકામ કરવા આવ્યા હતા.

આ તમામ હકીકતોથી વાકેફ અમલે શાંત અને વિચારમગ્ન દીપકભાઈને પ્રશ્ન કર્યો, 'દીપકભાઈ આજકાલ તમારું પેઇન્ટિંગનું કામ કેવું ચાલે છે? ચિત્રો દોરો છો કે નહીં?'

પોતાને જ ઉદ્દેશીને પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં ઓછાબોલા દીપકભાઈએ કહ્યું, 'શાહસાહેબ, હમણાં તો ખાસ કાંઈ કામ થતું નથી. એક તો ઉંમરસહજ નબળાઈને કારણે હાથ થોડા ધ્રૂજે છે એટલે ચિત્રો કરવાની મજા નથી આવતી. બીજું કારણ વિનોદભાઈ અને બીજા મિત્રો સાથે સમય ગાળવામાં ખાસ કાંઈ સૂઝતું પણ નથી.'

વિનોદભાઈએ વાતનો દોર પોતાના હાથમાં લેતાં કહ્યું, 'શાહસાહેબ, અમારા દીપકભાઈને અહીં સારું ગોઠી ગયું છે. છતાંય તમારે અહીં 'સાંધ્ય-દીપ' ને સજાવવા ખાસ કોઈ પ્રયોજન હોય તો જણાવજો. એ પ્રમાણે ચિત્રો દોરશે દીપકભાઈ.'

પછી વાતને દિશા આપતાં જણાવ્યું. 'શાહસાહેબ, આ મહિને ખાસ કોઈ દવાઓ મંગાવવાની હોય તો જણાવજો.'

'જરૂર જરૂર.'

થોડી ઔપચારિક વાતો કરી અમલ શાહ બહાર નીકળ્યા. ઑફિસમાં બેઠાં બેઠાં એ પણ વિનોદભાઈ વિશે વિચારી રહ્યા.

વિનોદભાઈ સાધનસંપન્ન હોવા છતાંય, એકમાત્ર વડીલોની સમસ્યાઓ સમજવા અને મદદરૂપ થવાના આશય માત્રથી એમની વચ્ચે રહેવા આવ્યા. બાકી એમના પોતાના બંગલામાં રહી, રસોઈયા-નોકરચાકર રાખી આરામથી રહી શકે એમ છે. બંને દીકરીઓ અને જમાઈ સાથે આરામથી ઇંગ્લેન્ડ-અમેરિકા જઈ રહી શકે એમ છે. તમામ સુખસગવડો ઉપલબ્ધ

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વીંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

હોવા છતાંય વાસ્તવિકતા જાણવા-સમજવા વૃદ્ધાશ્રમમાં રહે છે. ક્યાંય પોતાનું નામ નહીં જણાવવાની શરતે, વૃદ્ધાશ્રમની ઘણીબધી પ્રવૃત્તિમાં આર્થિક સહકાર આપે છે. શાહસાહેબ મનોમન ઘણીવાર વિચારે છે કે સંસ્થાને દાન આપનાર તો ઘણાં છે, પણ વડીલોની વચ્ચે, એમની જેમ રહી પ્રવૃત્તિમાં સાથ આપનાર વિનોદભાઈ જેવા સજ્જન બહુ ઓછા હોય છે. એમની ઓળખાણોને લઈ ઘણીબધી દવા બનાવતી કંપનીઓનો સહકાર સંસ્થાને મળે છે.

અચાનક એમણે પોતાની અને વિનોદભાઈની મનોમન સરખામણી કરવા માંડી. પોતે પણ એમની માફક સાધનસંપન્ન બંગલાના માલિક. એકલા વિધુર. વિનોદભાઈની બંને પુત્રીની માફક પોતાની એકમાત્ર પુત્રી પરદેશમાં સ્થાયી. પુત્રીઓ જમાઈઓના આગ્રહ છતાંય ભારતમાં રહેવાનું પસંદ કરતા વિનોદભાઈ જેવી જ તેમની પણ પરિસ્થિતિ. પોતે 'સાંધ્ય-દીપ' માં આવી રોજ નિઃસ્પૃહી ભાવે, નિઃસ્વાર્થ સેવાઓ આપે છે. વિનોદભાઈ તો વડીલોની વચ્ચે રહી, તેમની જેમ જ જીવવું, ભોગવવું, એ વડીલોની સાથે એમની માફક એક ઓરડામાં રહેવું, એમના જેવું જ ભોજન લેવું, એમની સાથે સતત હળવું-ભળવું અને તેમનાં સુખદુઃખના સહભાગી બનવું. જ્યારે પોતે ન તો બંગલામાં રહેવાનો મોહ છોડી શકે છે, ન એમની સાથે રહી શકે છે કે ન એમના જેવું ભોજન લઈ શકે છે. માત્ર વડીલોની સંસ્થા સાથે સંકળાયેલા રહી, સમાજસેવા કર્યાનો સંતોષ મેળવી લે છે. સાચે જ પોતાના કરતાં વિનોદભાઈ સાચા સેવાર્થી.

'શાહસાહેબ, ક્યાં ખોવાઈ ગયા છો? બહુ વિચારમગ્ન થઈ ગયા લાગો છો!'

અમલ શાહના વિચારોમાં ખલેલ પહોંચાડતા સંસ્થાના મૅનેજરે સવાલ કર્યો. અમલ શાહ વિચારતંદ્રામાંથી જાગ્યા.

'સાચી વાત છે. હું કાંઈક વિચારી રહ્યો હતો.' અને પછી એકાએક ઊભા થયા. ઘડિયાળમાં બાર વાગ્યા હતા. ઘેર જવાનો સમય થયો હોઈ, તેઓ 'સાંધ્ય-દીપ' માંથી બહાર નીકળ્યા.

ઘેર જતાં રસ્તામાંથી ટિફિનસર્વિસ આપતાં બેનના ઘેરથી ટિફિન લીધું. ઘેર જઈ રસોઈ ગરમ કરી જમ્યા.

જમીને અખબારો વાંચતાં વાચતાં આંખ મળી ગઈ.

દિવસના ઉજાસમાં, અર્ધજાગૃત અવસ્થામાં વિચારો એમને એવી સ્વપ્નસ્થ સ્થિતિમાં લઈ ગયા જેમાં એ પોતે પણ વિનોદભાઈની જેમ 'સાંધ્ય-દીપ'માં રહેવા લાગ્યા. ■

---

## જગબુડ

**(અનુસંધાન : પાના નં.-૬૨ ઉપરથી ચાલુ)**

કહ્યું હતું, પણ તેણે તો બધું જ ખતમ કરી નાખ્યું. પછી મહાદેવ આવ્યા અને ભગવાનને કહ્યું : 'પાનદેવે તો બધું જળબંબાકાર કરી નાખ્યું!' તુંબડી તો પાણી પર તરતાં તરતાં એકાએક સુરગાણામાં કીમ ડુંગર પર જઈને અટકી ગઈ. પાનદેવે કીમ ડુંગરને પાણીમાં ડુબાડ્યો નહીં. બાકી આખી સૃષ્ટિ જળબંબાકાર! ધરતી અને આકાશ જાણે એકાકાર! સ્વર્ગદેવતા બોલ્યા : 'હવે શું કરીશું?'

મહાદેવ પણ વિચાર કરે કે આ તો ખોટું થઈ ગયું. ધરતી ન રહી, માણસ પણ ન રહ્યો. હવે શું કરવું?

પછી નારાણદેવ અને બ્રહ્મદેવ બંને મહાદેવ પાસે આવ્યા. તેમણે કહ્યું : 'અમે તપાસ કરવા જઈએ ક્યાં શું થયું.'

તેઓ ફરતા ફરતા ગયા કીમ ડુંગર પર આવ્યા. આખું જગત પાણીમાં પણ એક ડુંગર પાણીમાં ન હતો. બંને દેવો ડુંગર પર ફરતા હતા. એવામાં ઘર...ર..ર...અવાજ આવ્યો. દેવો ત્યાં ગયા તો તુંબડીમાં બહેન અનાજ દળતી હતી. તેનો અવાજ આવતો હતો. બંને દેવોને ખબર નથી કે આ તુંબડીમાં બે છોકરા છે. દેવો પાછા ગયા.

ભગવાનને કહ્યું : 'આખું જગત જળબંબાકાર છે. પણ કીમ ડુંગર ઉપર એક વસ્તુ પડી છે. એમાંથી અવાજ આવે છે.

ભગવાને દેવોને પાછા જવાનું કહ્યું. તેમને અનાજ ખાંડવાનો અવાજ કાને પડ્યો. દેવોએ આજુબાજુ જોયું, પણ કોઈ દેખાતું નહોતું.

હવે છોકરાને ખબર પડી કે તુંબડી ઊભી રહી ગઈ છે. એટલે ભાઈએ તુંબડીનો દરવાજો ખોલ્યો. બહાર નીકળીને ભાઈ જુએ તો આખું વિશ્વ પાણી પાણી! ઝાડપાન કશું જ નથી. છોકરો વિચાર કરે છે. તેવામાં દેવોએ આ છોકરાને જોયો. છોકરાએ દેવોને જોયા એટલે છોકરો પાછો તુંબડીમાં ભરાઈ ગયો. બહેનને કહે બહાર નીકળીશ નહીં. ડુંગર પર કોઈ આવ્યું છે. બંને તુંબડીમાં લપાઈ ગયા. નારણદેવ અને બ્રહ્મદેવે જોયું. ત્યાં જ રહ્યા. એક દિવસ બહેન તુંબડીમાંથી બહાર નીકળી. દેવોએ તેને કહ્યું, 'બહેન, તું અહીં આવ.'

બહેને કહ્યું : 'તમે કોણ છો? ક્યાં જાવ છો?'

એટલામાં તો ભાઈ બહાર નીકળ્યો. દેવો વિચાર કરવા લાગ્યા - 'આ બંને કેવી રીતે પેદા થયાં હશે?

દેવો પાછા સ્વર્ગમાં ગયા. બધી હકીકત જણાવી. ભગવાને બંનેને સ્વર્ગમાં લઈ આવવાનું કહ્યું. દેવો પાછા ગયા અને બંનેને સ્વર્ગમાં લઈ આવ્યા. હવે આ બંનેને રહેવા માટે ધરતી બનાવવી જોઈએ. પરંતુ ધરતી ક્યાંથી પેદા કરવી? જોશી દેવને બોલાવ્યા. તેમણે જોશ જોઈને કહ્યું કે ઘુંગેરીના પેટમાં માટી છે. ભગવાને બોલાવીને કહ્યું : 'માટી આપ.'

તેમણે ના પાડી એટલે કમરમાં બાંધી માટી બહાર આવી તેથી ઘુંગેરીની કમર પાતળી છે. થાપદેવે ધરતી બનાવી, રચનાદેવે રચના કરી, પથ્થરો મૂક્યા. ડુંગરો બનાવ્યા. આ રીતે ભગવાને ધરતી બનાવી મહારના છોકરાંઓને મૂકી દીધાં. આવી છે જળપ્રલયની રસપ્રદ વાર્તા.

# સિદ્ધ મેડિકલ સિસ્ટમ – એક અનોખી ઉપચાર પદ્ધતિ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

માનવીના જીવનની ઉત્ક્રાંતિ તરફ એક દૃષ્ટિપાત કરીએ તો માનવીના આયુષ્ય કે જિંદગી દરમિયાન અનેક શારીરિક - માનસિક દર્દો તેને ભોગવવા પડે છે. અવનવા રોગો માણસને પોતાની પકડમાં લેતા ગયા. એ રોગોને નાબૂદ કરવા, પારખવા સંશોધનો શરૂ થયા - ઔષધિઓ રચાઈ. અને રોગોને મહાત કરવા, માનવીને જિવાડવા અનેક ઉપચાર પદ્ધતિઓ અસ્તિત્વમાં આવી. જેમાં "સિદ્ધ" ઉપચાર પદ્ધતિ એક છે.

- **અદ્વિતીય ઉપચાર પદ્ધતિ :**

સિદ્ધ ઉપચાર પદ્ધતિનો જન્મ તામિલનાડુના કન્યાકુમારીની આસપાસ થયેલો. ૧૮ જેટલા સિદ્ધ પુરુષોએ અનુભવ તથા જ્ઞાનના આધારે આખું સિદ્ધ શાસ્ત્ર તામિલ ભાષામાં વિકસાવ્યું.

- **ધ્યાનમાં લેવાની બાબતો :**

આ પદ્ધતિમાં કેટલીક બાબતો ખાસ ધ્યાનમાં લેવામાં આવે છે. સ્ત્રી-પુરુષ જાતિ, વ્યક્તિની ટેવો, વ્યસનો, ખોરાક, પાચનતંત્ર, નાડી નિદાન, પેશાબનો રંગ, આંખનો રંગ, વય, શરીરનો બાંધો, વ્યક્તિની જ્ઞાતિ, પૂર્વજોને થયેલા રોગો, વ્યક્તિને અગાઉ થઈ ગયેલા રોગો આદિને લક્ષમાં લઈ નિદાન કર્યા બાદ જ સારવાર અપાય છે.

- **અમુક દર્દોનો સફળ ઇલાજ :**

રૂમેટિક આર્થરાઈટીસ, હરસ-મસા, પેનિક ડિસઓર્ડર, લિવરના રોગો, પ્રોસ્ટેટ કિડનીના રોગો, પેપ્ટિક અલ્સર તથા ચામડીના રોગોમાં સિદ્ધ સિસ્ટમ અસરકારક સાબિત થયેલી છે.

- **દવાઓનું ઉત્પાદન :**

અંદાજે ૮૦૦થી વધુ લઘુ ઔદ્યોગિક એકમો સિદ્ધ સિસ્ટમની દવાઓના નિર્માણમાં કાર્યરત છે. ચેન્નાઈ અને તિરૂનેલ વેલીમાં આવેલી ફેક્ટરીઓ સરકારી હોસ્પિટલોને દવાઓ પૂરી પાડે છે. દવાઓ બનાવવાની અગ્રસર પેઢીઓ તરીકે ઇન્ડિયન મેડિકલ પ્રેક્ટિશનર્સ કો-ઓપરેટિવ ફાર્મસી એન્ડ સ્ટોર્સ, લક્ષ્મી સિદ્ધ સેવા સંઘ, એસ.કે.એમ. સિદ્ધા ફાર્મસી, તામિલનાડુ મેડિસીનલ પ્લાન્ટ કોર્પોરેશન લિમિટેડ સમાવિષ્ટ છે. સિદ્ધ દવાઓના ઉત્પાદન માટે લાઈસન્સ પૂરું પાડવાનું કાર્ય ઔષધ નિયમન તંત્રને અધીન રહે છે.

- **અભ્યાસ પદ્ધતિ :**

હાલમાં સિદ્ધ મેડિકલ સિસ્ટમના શિક્ષણના કાર્યમાં ઘણો વેગ સંપન્ન થયો છે. ચેન્નાઇ ખાતે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિદ્ધની સ્થાપના કરવામાં આવી છે. છ પ્રકારની વિદ્યાશાખામાં એમ.ડી. સુધીનું શિક્ષણ અપાઈ રહ્યું છે. જેમાં ટોક્સીકોલોજી, પેથોલોજી, ફાર્માકોલોજી, પીડિયાટ્રીક્સ સમાવિષ્ટ છે. ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળ "સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ રિસર્ચ ઇન સિદ્ધ" જેવી સંસ્થા સિદ્ધને પ્રોત્સાહિત કરી રહી છે. ઈ.સ. ૧૯૬૪માં તામિલનાડુના તિરૂનેલવેલી જિલ્લાના પલયમ કોટ્ટાઈમાં અલાયદી કૉલેજ ખોલવાનો નિર્ણય મદ્રાસ યુનિવર્સિટી દ્વારા લેવાયેલો. સાડા પાંચ વર્ષનો અભ્યાસક્રમ ચાલે છે. સ્નાતક તથા અનુસ્નાતકની ડિગ્રી અપાય છે.

કેરલમાં એક અને તામિલનાડુમાં પાંચ સિદ્ધ મેડિકલ કૉલેજો કાર્યરત છે. શ્રીલંકામાં જાફના યુનિવર્સિટીએ સિદ્ધ પદ્ધતિના વિકાસમાં ફાળો આપ્યો છે.

- **રિસર્ચ ક્ષેત્ર :**

અજાણી દવાઓના જાણીતા ગુણ તેમજ જાણીતી દવાઓના અજાણ્યા ગુણો પર અભ્યાસ સંશોધનો પ્રાદેશિક સ્તરે જાણીતા બન્યા છે. ઔષધ ઉત્પાદન ક્ષેત્રે ક્લિનિકલ રિસર્ચ અમલી બની છે. કેન્સર, ઍઇડ્સ, ડાયાબિટીસ, વ્યંધત્વ, નપુંસકતા તથા બાળમૃત્યુ ઘટાડવા માટે રિસર્ચ ચાલુ છે. સેન્ટ્રલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિદ્ધ સાથે કૉલેજો જે જોડાયેલી છે ત્યાં રિસર્ચ વર્ક ચાલુ છે.

- **વિશ્વમાં સિદ્ધની લોકપ્રિયતા :**

વિશ્વમાં ચોમેર આ ઉપચાર પદ્ધતિનો ફેલાવો દિન-પ્રતિદિન થઈ રહ્યો છે જેમાં સિંગાપોર, મલેશિયા, શ્રીલંકા, ઇન્ડોનેશિયા આદિ સમાવિષ્ટ છે. સિદ્ધ મેડિકલ સિસ્ટમના ડિગ્રીધારીઓ ત્યાં પ્રેક્ટીસ કરી રહ્યા છે.

- **પેટન્ટ રાઇટ્સ :**

સિદ્ધની પ્રાચીન પદ્ધતિ સચોટ હોઈ દિન પ્રતિદિન આ મેડિકલ ક્ષેત્ર વિકસવા લાગ્યું છે. હાલે તેના ઔષધો આદિ માટેની વિશેષ સુરક્ષા તથા હક્કોના અનુસંધાને પેટન્ટ્સ મેળવવા, એ સમયની માગ છે.

- **સસ્તી અને સફળ સારવાર પદ્ધતિ :**

આજે ઍલોપેથિક સારવાર મોંઘી મહેસુસ થઈ રહી છે. જ્યારે આપણા દેશની સિદ્ધ ઉપચાર સારવાર પદ્ધતિ થોડી સસ્તી છે. સફળતા બક્ષે છે. ઍલોપેથી તથા સિદ્ધને સાંકળી લેવા વ્યવસ્થા કરવાની માંગ ચાલુ છે. સિદ્ધ ઉપચાર પદ્ધતિના વિદ્યાર્થીઓના અભ્યાસમાં ફિઝિયોલોજી, એનેટોમિ, બાયો કેમેસ્ટ્રી, ફાર્માકોલોજી આદિ સમાવિષ્ટ છે. ઍલોપથી તથા સિદ્ધ ઉપચાર પદ્ધતિને સાંકળી લેતી તાલીમ વ્યવસ્થાની માંગ થઈ રહી છે જે વાસ્તવમાં અસ્થાને નથી. દેશના અંતરિયાળ ક્ષેત્રોમાં એલોપેથિક ડિગ્રી ધરાવનાર ડૉક્ટરો સામાન્ય રીતે જતા જોવા ઓછા મળે છે. ત્યાં 'સિદ્ધ' ડિગ્રીધારીઓ આવી તાલીમનો લાભ જનતાને જરૂર આપી શકે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

# આપના ડાયાબિટીસની સંભાળ રાખો

• ડૉ. દિલીપ મોદી •

**ડાયાબિટીસના દર્દીઓએ પોતાના ડૉક્ટરની સલાહનું પાલન કરવું જોઈએ.**

તમારા ડૉક્ટર તમારા ડાયાબિટીસની સંભાળ લેનાર કપ્તાન છે. ડાયાબિટીસના બહેતર નિયંત્રણ માટે તમારા કપ્તાનની સલાહને અનુસરો.

તમારા ડાયાબિટીસ વિશે તમારા ડૉક્ટર જેટલું જાણે છે એટલું બીજું કોઈ પણ જાણતા નથી.

ડાયાબિટીસની સંભાળ એટલે ઉચ્ચ રક્ત શર્કરા સાથે લડત.

તમારા ડૉક્ટર એવા સમૂહના કપ્તાન છે જે ડાયાબિટીસ સામે લડે છે અને એના ગૂંચવાડામાં ટોકે છે.

★ આહાર, કસરત, દવાઓ અને ડાયાબિટીસનાં દરેક પાસાં અંગે તેની સલાહનું પાલન કરો.

★ તમારા ડૉક્ટરને નિયમિત રીતે મળો, તમને કોઈપણ લક્ષણો ન જણાય છતાં પણ...

★ ડાયાબિટીસ મહદ્અંશે એક છૂપો રોગ છે. તમને લક્ષણો વિકસે ત્યાં સુધી તમારા ડૉક્ટરને મળવા થોભશો નહિ.

★ તમારા ડાયાબિટીસની સંભાળ માટે નિયમિત તબીબી તપાસ મહત્ત્વની છે.

★ તમારા ડૉક્ટર ડાયાબિટીસના ગૂંચવાડાઓનાં ચેતવણીનાં ચિહ્નો માટે તપાસ કરવા તમારું સંપૂર્ણ શરીર તપાસે છે અને તમારી પરિસ્થિતિનો તાગ મેળવવામાં મદદ કરવા માટે તમારા લોહી તથા પેશાબનાં પરીક્ષણો મેળવે છે.

★ કેટલીકવાર તમારા ડૉક્ટર પાસે તપાસ કરાવવી જરૂરી છે તે જાણો.

★ તપાસ માટે તમારી તૈયારી ડૉક્ટરની તમારી મુલાકાતનો વધુમાં વધુ લાભ લેવા તમને મદદ કરી શકે છે.

**તમારા માટે શ્રેષ્ઠ રીતે અનુકૂળ શું છે, તે ડૉક્ટર જાણે છે.**

★ દરેક વ્યક્તિ અલગ છે તે જ પ્રમાણે તેની જરૂરિયાતો

★ ડાયાબિટીસ ફક્ત ઉચ્ચ રક્ત શર્કરાનો રોગ નથી પરંતુ એ પોષણ, હૃદય, કિડનીઓ, આંખો તથા મગજ સહિત આખા શરીરને અસર કરે છે.

★ તમારા ડૉક્ટર એવાં પથ્ય ખાનપાન સૂચવશે જે તમને અને તમારા ડાયાબિટીસને બિલકુલ અનુકૂળ રહેશે.

★ બીજા કોઈને માટે સારું હોય, એ તમારે માટે સારું ન પણ હોય.

★ શંકાઓની બાબતમાં તમારા ડૉક્ટર પાસે ખુલાસો મેળવો. તમારી જાતે અથવા કોઈ બીજી વ્યક્તિની સલાહ હેઠળ કોઈપણ ફેરફારો કદી ન કરો.

**ડાયાબિટીસ વિશે જાણવું અને ડાયાબિટીસની સારવાર કરવી એ બંને અલગ બાબતો છે.**

★ પુસ્તકો વાંચીને અને ઇન્ટરનેટ મારફત ડાયાબિટીસ વિશે હકીકતો જાણવી લાભદાયક છે, પરંતુ એ તમને તમારી જાતે ડાયાબિટીસની સારવાર કરવા સજ્જ કરશે નહિ.

★ તમારા ડૉક્ટરે સૂચવેલી સારવારમાં દખલ કરશો નહિ અથવા ફેરફાર કરશો નહિ. જો કોઈ શંકાઓ હોય તો તેનું સમાધાન તેની પાસેથી જ મેળવો.

★ યાદ રાખો, તમે ડાયાબિટીસ વિશે વાંચો તે સર્વ ગૂંચવાડાઓ તમારામાં જોવામાં આવનાર નથી, એના વિશે નિર્ણય લેવાનું તમારા ડૉક્ટર પર છોડો.

★ તમારો સહકાર તમારા ડાયાબિટીસનું બહેતર નિયંત્રણ કરવામાં તમારા ડૉક્ટરને મદદરૂપ થશે.

• **તેમની સલાહમાંથી તમે શું મેળવો છો?**

★ કિડની, આંખો અથવા મજ્જાતંતુને નુકસાન જેવા ડાયાબિટીસના ગૂંચવાડાઓનાં શરૂઆતનાં ચિહ્નો અને લક્ષણો માટે સારવાર.

★ તમારી સારવારની યોજનામાં ફેરફારોની જરૂર જણાય તેવી નિશાનીઓ શોધવા માટે તમારી રક્ત શર્કરાના રેકોર્ડનું પુનરાવલોકન કરવું. તમારી સારવારની યોજનાની દવા, આહાર તથા બીજા ભાગોનું પુનરાવલોકન કરવું અને તે

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072

બંધબેસતું કરવું.

- ★ ડૉક્ટરની સલાહ ફક્ત રક્ત શર્કરાના સ્તરો બાબત હોવા કરતાં ઘણી વધુ છે.
- ★ ડાયાબિટીસ અને ઉચ્ચ લોહીનું દબાણ વારંવાર એક સાથે થાય છે અને હૃદયરોગના હુમલા અથવા પક્ષઘાતનું તમારું જોખમ વધારે છે. તમારા ડૉક્ટર ફક્ત તમારા બ્લડપ્રેશરના દરજ્જા અંગે તમને સલાહ આપી શકે છે અને જો જરૂરી જણાય તો સારવાર શરૂ કરી શકે છે.
- ★ એ તમને તમારી જોખમી ચરબીઓ અને તેઓને કઈ રીતે નિયંત્રણ કરવી જોઈએ એ અંગે પણ તમને સલાહ આપશે.
- ★ તમારા ડૉક્ટર આંખના પડદાને થયેલા નુકસાનની પણ તપાસ કરે છે અને જો જરૂર જણાય તો તમને આંખના વિશેષજ્ઞની મુલાકાત લેવા કહે છે.
- ★ તમારા ડૉક્ટર તમારા પગની પણ સંપૂર્ણ તપાસ કરશે અને તમારા પગની સંભાળ અંગે તમને સલાહ આપશે.

**તમારા ડૉક્ટરની સલાહનો તમે વધુમાં વધુ લાભ કઈ રીતે લઈ શકો? તમારી મુલાકાત દરમિયાન તમારા ડૉક્ટરને નીચેના મુદ્દાઓ અંગે જરૂર પૂછો.**

- ★ તે કઈ લેબોરેટરીમાં પરીક્ષણો કરાવનાર છે?
- ★ શું તમને ડાયાબિટીસના ગૂંચવાડાઓનાં શરૂઆતનાં ચિહ્નો અથવા લક્ષણો છે?
- ★ શું તમને જણાવેલો કોઈપણ ગૂંચવાડો સુધરી રહ્યો છે કે વધુ બગડી રહ્યો છે?
- ★ શું તમારે વજન ઘટાડવાની જરૂર છે?
- ★ રક્ત શર્કરાનો સ્તર એવું શું સૂચવે છે જે તમારે તમારા ડૉક્ટરને તરત મળવાનું જરૂરી બનાવે છે?

**તમારા ડૉક્ટરની સલાહનું બારીકાઈથી પુનરાવલોકન કરવા માટે તેમની મુલાકાત દરમિયાન નીચેની બાબતો વિશે તમારા ડૉક્ટરને જણાવોઃ**

- ★ તમારા ડાયાબિટીસની સંભાળના કાર્યક્રમમાં તમે જ કર્યા હોય અથવા કરવા માગતા હો તેવાં કોઈ પણ એડજસ્ટમેન્ટ વિશે.
- ★ તમને જણાયાં હોય એવાં કોઈ પણ ચિહ્નો અથવા લક્ષણો, જેવાં કે દૃષ્ટિની સમસ્યાઓ અથવા છાતીમાં દુખાવો, જે નવા અથવા પ્રગતિમાં ગૂંચવાડાઓ વિશે સંકેત આપે તેની ચર્ચા કરો.
- ★ તમારા મિજાજ અને પહોંચી વળવાની ક્ષમતા વિશે તમારા ડૉક્ટર સાથે વાત કરો. તમને હોય તેવા કોઈ પણ તબીબી પ્રશ્નો અને તમે લેતા હોય તેવી કોઈ પણ દવાઓની ચર્ચા કરો.
- ★ તમારા આરોગ્ય સંબંધી આદતોમાં ફેરફાર જ તમારી ડાયાબિટીસની સંભાળને અસર કરી શકે. દા.ત.; કસરત અને પ્રવૃત્તિનાં સ્તરો. ટૂંકમાં ડૉક્ટરની સલાહનું પાલન કરવું શાણપણભર્યું છે! ■

*जिस दिन मरोगे अपने साथ*
*एक पेड़ भी लेकर जलोगे।*
*प्रकृति का कर्ज है वो तो चुका दो यारो*
*जीते जी दो पेड़ तो लगाओ यारो।*


**પંચગની હવાફેર**

પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

Prakash®
**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
**MFG. ST. STEEL UTENSILS**

# મીડિયા વિકાસની હરણફાળ ભરતો ભારતનો મીડિયા ઉદ્યોગ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

દેશમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સમાચારના આદાન-પ્રદાનમાં હવે વિકાસનો નૂતન યુગ પ્રારંભાયો છે. અખબારો - સામયિકો આદિ પ્રિન્ટ મીડિયા તરીકે જાણીતા થયા છે. જ્યારે ટેલિફોન, મોબાઇલ, ટી.વી., રેડિયો આદિ ઈલેક્ટ્રોનિક મીડિયા તરીકે જાણીતા થવા પામ્યા છે. માત્ર થોડી ક્ષણોમાં એક સ્થળે બનેલી ઘટના જગતમાં ચોમેર પ્રસરી જવા પામે છે. પરિણામે વિશ્વ નાનું બનવા પામ્યું છે.

મીડિયા પાસે તો આજે સત્તા વગરની શક્તિઓ છે. સમાચાર માધ્યમોમાં આવેલી ક્રાંતિના કારણે જ લોકોમાં નવજાગૃતિ આવી છે. રાજકારણ - અર્થકારણ વિકસતા રહ્યા છે. શિક્ષણ જગતમાં વેગ વિકાસના દર્શન થાય છે. ગુનાહિતોને પકડી પાડવા મોબાઈલ જેવા સાધનો ઘણા ઉપયોગી સાબિત થવા પામ્યા છે.

ભારતનું પ્રથમ અખબાર ઈ.સ. ૧૭૮૦માં કલકત્તામાં આઈરિશ પત્રકાર શ્રી જેમ્સ ઑગસ્ટ હીક્કી દ્વારા પ્રકાશિત થયું. ૨૧મી સદીના પ્રથમ દાયકામાં દેશમાં કુલ મળીને ૮૨,૨૩૭ અખબારો પ્રકાશિત થતા હતા. ભારતમાં સૌથી વધુ ફેલાવો ધરાવતા પ્રથમ પાંચ અખબારોમાં પ્રથમ ત્રણ હિંદી, ત્યારબાદનું મલયાલમ તથા તામિલ ભાષામાં છે. ભારતનો સાક્ષરતા દર વધતો રહ્યો છે. પરિણામે વાંચન કરવાની ભૂખ જાગૃત થઈ છે. પ્રતિદિન ૩૦ લાખ નકલો પ્રગટ કરતો આપણો દેશ જગતમાં ચોથા ક્રમે છે. ચીન, જાપાન, અમેરિકા બાદ ભારતનો ક્રમ આવે છે. ચીનમાં દૈનિક અખબારોનો ફેલાવો ૧૧૮૦ લાખ છે.

મુદ્રિત માધ્યમોના અકલ્પિત વિકાસ સાથે રેડિયો, ટી.વી.નો વ્યાપક વિકાસ થવા પામ્યો છે. ભારતના ૯૯.૧૯ ટકા વિસ્તારને રેડિયો આવરી લે છે. ૪૧૫ આકાશવાણી કેન્દ્રો ભારતમાં કાર્યરત છે. ૧૪૬ બોલીઓ અને ૨૩ ભાષાઓનો ઉપયોગ કરાય છે. ઈ.સ. ૨૦૨૦ સુધીમાં રેડિયો, રેડિયો ઉદ્યોગની રેવન્યુ ક્ષમતા રૂા. ૫,૦૦૦થી ૬,૦૦૦ કરોડની થશે. દેશમાં ૨૦૦ ખાનગી ચેનલો છે. ભારતમાં મુળભૂત ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રાધાન્ય હોઈ આજે પણ રેડિયોનું મહાત્મ્ય જળવાયેલું છે.

ફિલ્મોની સરખામણીએ ટેલિવિઝનનું આગમન થોડું મોડું થયું. પરંતુ છેલ્લા બે દાયકાથી ટી.વી. ક્ષેત્રે એકધારો વધારો નોંધાયો છે. ઈ.સ. ૨૦૧૫માં ભારતમાં ૧૫૩૫ લાખ ઘરોમાં ટી.વી. સેટ છે તેવો આંકડાકીય નિર્દેશ છે. ૧૧૮૦ લાખ ઘરોમાં ડિજિટલ નેટવર્ક કાર્યરત બન્યું છે. ભારતની ૭૫ ટકા વસતિ સુધી ટી.વી. પહોંચ્યું છે. ઈ.સ. ૨૦૨૦માં વિશ્વના ૨૭ ટકા ટી.વી. સેટ ભારત ધરાવતું હશે.

આજે ભારતમાં દેશ વિદેશની ૮૦૦ જેટલી ચેનલો ટી.વી. પર દર્શાવાય છે. જેમાં ચારસો જેટલી ચેનલો સમાચારો પ્રસારિત કરતી રહે છે. ભારતમાં પ્રતિવર્ષ તમામ પ્રાદેશિક ભાષાઓ મળીને અંદાજે હજાર જેટલી ફિલ્મો નિર્માણ પામે છે. ઈ.સ. ૧૯૯૫માં ભારત સરકારે ટેલિવિઝન રેગ્યુલેટરી ઓથોરિટીની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૯૭માં સરકારે 'ટેલિવિઝન રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા' સ્થાપ્યું. પરિણામે આ ક્ષેત્રે પ્રગતિ થતી રહી છે.

"Cell Phone Nation" નામના પુસ્તકમાં વિશ્વના જાણીતા મીડિયા વિશ્લેષણ જણાવે છે તે મુજબ ૨૦મી સદીના અંતિમ દાયકામાં ટી.વી. ક્ષેત્રે અને સમગ્ર ટેલિ કોમ્યુનિકેશન ક્ષેત્રે અસાધારણ પ્રગતિ થવા પામી છે. મીડિયા વિશ્લેષક રોબિન જાફરી વિશ્વાસ વ્યક્ત કરે છે કે આગામી દાયકો આ ક્ષેત્રે સફળતા અને પ્રગતિનો દાયકો બની રહેવા પામશે.

સસ્તા દરના નાનકડા મોબાઈલ ખરીદનારાની સંખ્યા સતત વધતી જ રહી છે. સ્માર્ટ ફોનના આવિષ્કાર પછીથી વૉટ્સ ઍપ, ફેસબુક, યુ ટ્યુબ અને મેઈલ, ટ્વીટર જેવા નેટવર્ક થકી જાણે દુનિયા માનવીની મુઠ્ઠીમાં સમાઈ જવા પામી છે. પ્રતિવર્ષ ૨૫ મિલિયન ગ્રામીણ નાગરિક નેટવર્કનો હિસ્સો બને છે. એક અંદાજ મુજબ ફેસબુકનો સવિશેષ ઉપયોગ કરતો દેશ ભારત છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## પર્યુષણ પર્વ નિમિત્તે સાર્વજનિક ક્ષમા

### ક્ષમા અનુપમ અનુષ્ઠાન છે

ક્ષમા માનવતા અને જીવનની મહત્તાને સમર્પણ થયેલું એક અનુપમ અનુષ્ઠાન છે. અહિંસા અને કરુણાથી ભીંજાયેલા મન દ્વારા ક્ષમાનો પ્રાદુર્ભાવ થાય છે પરંતુ માનસિક સ્વીકારના અભાવમાં તે અર્થવિહીન બની રહે છે. ક્ષમા નામના અનુષ્ઠાનને અનેક યુગોથી માનવજાતને નષ્ટ થતી બચાવી છે. આ એક જ એવો મંત્ર છે, જે માણસને માનવતાની સીમાનું ઉલ્લંઘન કરતા રોકે છે.

જ્યારે મનની ધરતી પર ક્ષમાના બીજાંકુર ફૂટે છે ત્યારે જીવનમાં વિલક્ષણ અનુભવ થાય છે. નસનસમાં નિર્મળતા વહે છે, આનંદની અવર્ણનીય ભાવદશા હોય છે જે આ અનુભવમાંતી પસાર થાય છે તે જીવનમાં આવી રોમાંચકતાને માણે છે.

**।। મિચ્છામિ દુક્કડમ્ ।।**

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી સામે રેંતા સે ગગુબાપા જો પોતરો સત-અઠ વરેજો આય. સે જડેં સામેજે ગ્રાઉન્ડમેં રમેલા વનેતો તેર થોડીવાર ખમેનેં કોઈને કોઈ પોતરે કે હથ જલેને પાછો ઘરે છડે વનેતો. સે જરા તપાસ ત કર પંઢકે રમેજો કંટાળો અચેતો ક ગ્રાઉન્ડમેં ધમાલ કરેતો તેલાં અજાણ્યા માડુ ગગુબાપાજો ઘર ગોતીંધા અચેતા ને પોતરે કે ડે વેનેતા?

બચુડો : (તપાસ કરે ને ચેં) ગગુબાપાજે પોતરે કે કંટાળો નતો અચે પણ વરે પેલા વેનજે રેવ્યો તેર ગગુબાપા અનજો ફોટો વૉટ્સ ઍપ તે રખ્યા વાં ને અપીલ ક્યાં વા હી ફોટોવારો છોરો આંકે ડસાજે ત અંઇ મુંજે સરનામે તે છડે વેનજા... છોરો ત સાંજીજો મડે વ્યો પણ મેસેજ કઢાણું ન તેમેં વચારો જડેં જડેં બારા વેનેતો થોડીવારમેં જ કોઈને કોઈ અનકે ઘરે છડે વેનેતો.

## ખિલજા મ ભલા

છોકરી : (ફોન પર) અરમાન છે?

મગનાજી : ફોન કરવામાં ખૂબ મોડું કર્યું. થોડા વર્ષો પહેલાં ફોન કર્યો હોત તો... ત્યારે જીવનમાં ખૂબ અરમાન હતા. હવે બધા મરી પરવાર્યા છે.

☺ ☺ ☺ ☺ ☺

જગાજી : અરે જસાજી, આ છત્રી લઈને ક્યાં ચાલ્યા?

જસાજી : વરસાદમાં પલળવા માટે.

જગાજી : પણ છત્રી હશે તો પલળાશે કઈ રીતે?

જસાજી : તારે ચિંતા કરવાની જરૂર નથી. છત્રી ઠેકઠેકાણેથી કાણાવાળી છે. એટલે પલળવામાં વાંધો નહીં આવે.

☺ ☺ ☺ ☺ ☺

ચંદુ : અરે આ કાગડાને પીવાના કૂંડા પાસે સ્ટ્રો - કાંકરા બધું કેમ મૂક્યું છે?

બંટી : આ તો મારે કયો કાગડો બુદ્ધિશાળી છે એનો અભ્યાસ કરવો છે.

ચંદુ : કઈ રીતે?

બંટી : કૂંડમાં કાંકરા નાખી પાણી પીએ એ જૂનવાણી અને સ્ટ્રોથી પાણી પીવે એ બુદ્ધિશાળી... ઓછી મહેનતે વધુ લાભ.

☺ ☺ ☺ ☺ ☺

જમનાબેન: માફ કરજો પણ હું જરા વિચારોમાં ખોવાઈ ગઈ હતી.

ગંગાબેન : તો પછી એવા ગજા બહારના પ્રદેશમાં જાઓ છો શું કામ?

☺ ☺ ☺ ☺ ☺

કનુભાઈ : વાહ મનુભાઈ, હવે તમારું શરીર સપ્રમાણ થઈ ગયું છે. ખાસ્સું વજન ઉતાર્યું છે. શું ઉપચાર કરો છો?

મનુભાઈ : ઉપચાર તો કાંઈ કારગત નથી નીવડ્યા પણ આ તો પત્ની બે મહિનાથી પીયર ગઈ છે તેની અસર છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ આદિત્ય, ઓળખીતા અને મિત્ર વચ્ચે શું ફરક હોય છે?

આદિત્ય : ઉછીના આપે તે ઓળખીતા અને ન આપે તે મિત્ર.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : કેમ ચીન્ટુ આ વર્ષે તું નાપાસ થયો?

ચીન્ટુ : શું કરું ખરાબ અક્ષર નડ્યા.

મોન્ટુ : આમ તો તારા અક્ષર બીજા કરતાં ઘણા સારા છે.

ચીન્ટુ : મારા અક્ષર સારા જ છે. પણ મારી આગળ બેઠેલા છોકરાના અક્ષર સારા નહોતા. તેથી લખી શકાયું નહીં.

☺ ☺ ☺ ☺ ☺

જશવંત : આ પોલીસની આંખ અન્ય કરતાં જુદી લાગે છે... બનાવટી લાગે છે.

ગુણવંત : શા પરથી એવું લાગ્યું?

જશવંત : મને એમાં સમભાવ દેખાયો.

☺ ☺ ☺ ☺ ☺

યુવક : (રસ્તે ચાલતી યુવતીને) આઈ લવ યુ...

યુવતી : બસ... બીજું કાંઈ કહેવું છે?

યુવક : ના... આમાં જ બધું આવી ગયું.

યુવતી : સારું. હવે હું પણ તને આઈ લવ યુ કહું તો તું શું કરીશ?

યુવક : તો તો મારું નસીબ ખૂલી જશે. ખુશીથી હું પાગલ થઈ જઈશ.

યુવતી : જો યાર... મને તારી દયા આવે છે. તું પાગલ થઈ જાય એ કોઈને પણ ન ગમે. એટલે હું કહીશ નહીં... તું શાંતિથી જીવી લે...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમદાવાદ સ્થિત કચ્છીઓએ ઉજવ્યો – કચ્છી નૂતન વર્ષ

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ અમદાવાદ સ્થિત કચ્છીઓની સંસ્થા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ શનિવાર, તા. ૯-૭-૨૦૧૬ના રોજ ઉજવાયેલ હતો.

નવનીત પરિવારના શ્રી શાંતિલાલભાઈ ગાલાના પ્રમુખપણા હેઠળ સમારંભની શરૂઆત કરવામાં આવેલ હતી. કચ્છના પૂર્વ ધારાસભ્યશ્રી છબીલદાસભાઈ પટેલ, કચ્છી લેવા પટેલ સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી તથા કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના પ્રમુખ શ્રી જયંતીભાઈ પરબતભાઈ પટેલ અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેલ હતા. અનિવાર્ય સંજોગોના કારણે રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા તથા પૂર્વ ધારાસભ્ય શ્રી જેન્તીભાઈ ભાનુશાળી ઉપસ્થિત રહી શકેલ ન હતા. સમારંભ પ્રમુખ તથા અતિથિ વિશેષશ્રીઓનું સ્વાગત સમાજના વિવિધ હોદ્દેદારો દ્વારા ‘કચ્છનો ઇતિહાસ’ પુસ્તક તથા શાલ ઓઢાડીને કરવામાં આવેલ હતું.

ત્યારબાદ ‘કચ્છીયતની પ્રતિભા’ (આજે સન્માનિત ૬૨ કચ્છી પ્રતિભાઓના જીવન કથનની માહિતી આપતી પુસ્તિકા)નું વિમોચન સમારંભ પ્રમુખશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું.

આ સમારંભમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાયોનિયર અને સેવાભાવી (૧) શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ તથા (૨) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાનું પણ સન્માન કરવામાં આવેલ હતું.




*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સામાજિક કાર્યકર*
*શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહનું બહુમાન કરતા સમારંભ પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ ગાલા*




*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સામાજિક કાર્યકર*
*ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાનું બહુમાન કરતા સમારંભ પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ ગાલા*

***અશોક મહેતા***
***મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## મુંદ્રા તાલુકાના રતાડિયા (ગણેશવાલા) ગામે શ્રી રતાડિયા સ્થાનકવાસી જૈન સંઘના આંગણે ત્રિવેણી મહોત્સવની ઉજવણી

શ્રી રતાડિયા સ્થાનકવાસી જૈન સંઘના ઉપક્રમે પ.પૂ. ગુરૂ ભગવંતોની દિવ્યકૃપા - શુભાશિષ અને દાતાશ્રીઓના ઉદારદિલ સહયોગ એવમ્ સંઘના કાર્યકરોની અથાગ મહેનતથી નિર્માણ થયેલ નૂતન ધર્મસ્થાનક, વિશાળ સેનેટોરિયમ, ભોજનશાળા વગેરે સંકુલના ઉદ્‌ઘાટનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાધ્વીરત્ના શ્રી પ્રભાવતીબાઈ મહાસતીજી આદિ ઠાણાએ નૂતન સ્થાનકમાં ચાતુર્માસ પ્રવેશ કર્યો હતો. આ ત્રિવેણી સંગમ મહોત્સવમાં જૈન શ્રેષ્ઠી અને ગુજરાત રાજ્યના કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌ સંવર્ધન મંત્રી શ્રી તારાચંદભાઈ છેડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે મુખ્ય મહેમાન તરીકે સ્થાકનવાસી છ કોટી લીમડી સંપ્રદાયના પ્રમુખ શ્રી ભરતકુમાર શાંતિલાલ શેઠ, અગ્રણી દાતાશ્રી અને આરતી ગ્રુપના ચેરમેન શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી, સંપ્રદાયના પ્રવક્તા શ્રી ભરતકુમાર

ડેરીવાલા, સામાજિક અગ્રણી ડી.ટી. નીસર વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે કચ્છ બહાર વસતા કચ્છના વતનીઓનો કચ્છ પ્રેમ અજોડ છે. બહાર રહીને પણ પોતાની માતૃભૂમિ અને પોતાના વતન પ્રત્યેનો પ્રેમ અજોડ છે. તેમણે કચ્છના વિકાસના દ્વાર હવે ખૂલ્યા છે ત્યારે આ નજરથી જોવા પણ ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી. શ્રી રતાડિયા જૈન સંઘ દ્વારા શ્રી તારાચંદભાઈ છેડાને "શાસન રત્ન"નું સન્માનપત્રક આપીને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુંબઈથી ૧૦૦૦થી વધુ આવેલા ધર્મપ્રેમી ભાઈઓ દ્વારા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. પ.પૂ. ભાવચંદ્રજી આદિ ઠાણાએ માંગલિક ફરમાવ્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## આદર્શ અમદાવાદ દ્વારા જરૂરિયાતમંદ નાગરિકો માટે વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન

૧. આ ઑપરેશન કરનાર ડૉ. હર્ષદભાઈ શાહ છેલ્લા ૩૫ વર્ષથી આંખના સર્જન તરીકે જાણીતા છે. તેઓ સરકાર ચોક, નવાપુરા, રાણીપ, અમદાવાદ ખાતે આંખની હોસ્પિટલ ધરાવે છે.

૨. મોતિયો ઉતરાવવા માટેનો મોટો ખર્ચ કરી શકે તેમ ન હોય તેવા જરૂરતમંદ લોકો વિનામૂલ્યે આ ઑપરેશનનો લાભ લઈને મોતિયો ઊતરાવી શકે તે આ યોજનાનો હેતુ છે.

૩. ઇંજેક્શન વગરનું અને ટાંકા વગરનું ઑપરેશન કરાશે. એસ.આઈ.સી.એસ. ઇઝરાયલ મેથડથી ઑપરેશન થશે. જેમાં ઇન્ડિયન ફોલ્ડિંગ નેત્રમણિ (લેન્સ) નાંખી આપવામાં આવશે. ઑપરેશન બાદનું ચેક-અપ પણ થશે. આ બધું જ વિનામૂલ્યે થશે.

૪. તે માટે આપશ્રીને મોતિયો છે તેવું લખાણ આંખના ડૉક્ટર પાસેથી લખાવીને લાવવું પડશે. આવું લખાણ લઈને 'આદર્શ અમદાવાદ', નેહલ, જૈન ઉપાશ્રયની બાજુમાં, હોલસેલ હબની ઉપર, મણપ્પુરમ્ ફાઈનાન્સ ઉપર, કોમર્સ છ રસ્તા અને વિજય ચાર રસ્તા વચ્ચે, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૨૬૫૬૫૪૧૬ ખાતે બપોરે ૧૨થી ૫ માં આવવાનું રહેશે. ત્યાંથી ડૉ. હર્ષદભાઈને ચિઠ્ઠી લખી અપાશે. ચિઠ્ઠીના આધારે ડૉક્ટર સાહેબ મોતિયાના ઑપરેશનની તારીખની જાણ કરશે.

૫. આદર્શ અમદાવાદને મળેલા ડોનેશનના આધારે વિનામૂલ્યે ઑપરેશન થાય છે. જરૂરિયાતવાળા વધુ ને વધુ લોકોને યોજનાનો લાભ લેવા વિનંતી છે.

## ભાવનગર કચ્છ સમાજ


દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોએ સમાજની સ્થાપના પછી ૩૦મી અષાઢી બીજની ઉજવણી હર્ષોલ્લાસથી કરી. સાંજે પાંચ કલાકથી એન્કરવાલા સંકુલ, કચ્છી ભુવન સમાજવાડી ખાતે શ્રી જગશી જેઠાભાઈ છેડા કચ્છ લાયજાવાળા સભાગૃહમાં અષાઢી બીજની ઉજવણી આનંદભેર કરવામાં આવી. શરૂઆતમાં સમાજના અગ્રણી શ્રી પૃથ્વીસિંહ બાપુએ દીપ પ્રાગટ્ય કર્યું અને પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ શ્રીફળ વધેર્યું. માં આશાપુરાના જયઘોષ સાથે મંત્રી શ્રી ઇન્દ્ર ગઢવીએ સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરી, બહારગામ વસતા સમાજના શુભેચ્છકો અને પરિવારજનોના શુભેચ્છા સંદેશનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ઉપરાંત શ્રી વિઠ્ઠલભાઈ, દીપકભાઈ ગોહિલ અને શ્રી પી.પી. જોશી સાહેબે પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે કુલ ૯૫ બાળકોને સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત ઇનામો આપવામાં આવ્યા હતા. જેમાં બાલ મંદિરથી કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો.

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - મુંબઈ અને શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈના સંયુક્ત ઉપક્રમે વૈદ્યકીય અને શૈક્ષણિક ક્ષેત્રના દાતાશ્રીઓનું અભિવાદન



મુંબઈ મુકામે શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - મુંબઈ અને શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈના સંયુક્ત ઉપક્રમે વૈદ્યકીય અને શૈક્ષણિક ક્ષેત્રના દાતાશ્રીઓના યોજવામાં આવેલ અભિવાદન સમારોહમાં સમાજના બે વંદનીય મુરબ્બી શ્રી અમરચંદભાઈ રામજી ગાલા અને શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુનું અભિવાદન કરતાં ગુજરાત સરકારના કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ અને ગૌસંવર્ધન મંત્રી શ્રી તારાચંદભાઈ છેડા તસવીરમાં દૃશ્યમાન થાય છે.




આપનું મેગેઝીન રેગ્યુલર મળે છે. ખૂબ ખૂબ આભાર.

વિવિધલક્ષી વિષયોથી ભરપૂર એવું આ મેગેઝીન છેલ્લા ૭-૮ માસથી રેગ્યુલર વાંચનમાં આવી જવાથી હવે તો નવો ઇસ્યુ ક્યારે આવશે તેની રાહ જોવી પડે છે.

પ્રિન્ટીંગ, બાઇન્ડિંગ તેમજ મેઇન પેઈજનો ઉઠાવ પણ અતિ સુંદર છે. જુદા જુદા વિષયો ઉપર સિધ્ધહસ્ત લેખકોના સુંદર માહિતીસભર અને તત્ત્વપૂર્ણ લેખો મેગેઝીનની આગવી વિશેષતા છે. શ્રી રજનીકાંતભાઈનું સંકલન પણ દાદ માંગી લે છે. કારણકે ઘણા ન્યુઝ પેપર વગેરે જે બધા વાચકો ન પણ વાંચી શકતા હોય તે બધી જ વિશેષતાઓ, ૧-૨ પેઈજમાં એક જ બેઠકે વાંચવાનો અગર કહોને, વાગોળવાનો લાભ મળે છે. કચ્છની ભૂમિના ભૌગોલિક, ઐતિહાસિક તેમજ આધુનિક વિષયોનું જાણે કે મિરર હોય તેવું લાગે છે. સિનિયર સિટીઝન ક્લબના સમાચારોથી સતત પ્રેરણા મળે છે. આરોગ્ય, સંસ્કૃતિ, બાળવિભાગ, ચિંતન, ધર્મ, દેશપ્રેમ, લોકકથાઓ, પર્યાવરણ, હાસ્યરસ, નવલકથા, ટૂંકી વાર્તાઓ, ચિંતન કણિકાઓ, સુડોકુ જેવી જ્ઞાનસભર રમતો, વિવિધતામાં એકતા જેવું સંપૂર્ણ મેગેઝીન છે. બીજું તો શું લખું? તમારી આખી ટીમ ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે. Keep it up.

*સુબોધભાઈ બી. શાહ - અમદાવાદ.*
*મો. ૯૩૭૪૦ ૧૯૩૬૨*

★

**સોનેરી ફ્રેમ ચાંદીના વરખ પાનાથી શોભતું અષાઢી બીજનું 'મંગલ મંદિર'**

અષાઢી બીજની લખ લખ વધાઈયુંથી શોભતો 'મંગલ મંદિર'નો અંક વાંચી અનહદ આનંદ થયો. અલકમલકના લેખોથી તમામ લેખકોના લેખ વાંચી અઠવાડિયું રંગબેરંગી પસાર થયું.

બાબુલાલ ગોરનાં લેખો કચ્છની ૪૫૭ વર્ષથી અષાઢી બીજની સંસ્કૃતિ જાણી-માણી, સંજય ઠાકર, ભરતકુમાર, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, માણેક સંગોઈ, કાંતિ ગોર, ખ્વાબનો કેસરિયો કચ્છ, અલ્પનો ચાલો કચ્છ જોવા, ભટ્ટનું પર્યટન, શબાબનો વિ. લેખો વાંચી કચ્છમાં ફર્યા. બાબુલાલ ગોરનાં કચ્છ લોકજીવનના જૂના પત્રોથી અતિ આનંદ સાથે કચ્છ યાદ આવ્યું ને રાજા - મહારાજાઓની ઉપમાઓ વાંચી ભાતીગળ ભોમકા યાદ આવી અને વૃધ્ધ વડીલો ઝુમી ઉઠશે. જયંતી જોશી 'શબાબ'ના મેઘરાજાને વધાવતા ગીતોથી બાળપણની શેરીઓ (ફરીયા) યાદ આવ્યા. અનેક ભાષાનાં જાણકાર એવા 'શબાબ'ને સાંભળતા રાત્રિઓ ઓછી પડે. ધોળકિયા લખપતજીનો કચ્છ પ્રેમ ને કલાનો વારસો વાંચ્યો. હીરજીભાઈ કબાલી પાઇલોટને યાદ કર્યા. જયંત ખત્રીએ અનેક પાત્રોને વણેલ છે. ખ્વાબનો 'લાકડું'માં વણેલ ભતાર, મઢુલી ને ઘેઘૂર વડલો વિ. યાદ આવી.

ખરેખર 'અષાઢી બીજ' જો મંગલ મંદિરજો અંક નવોઢા (નઈં લાડી)કે શણગાર્યું તેડો સજાયા ભદલ વ્યવસ્થાપક અને લેખકે કેં અષાઢી બીજ જ્યું લખ લખ વધાઈયું.

*હીરાલાલ વી. ચોણોંઠવારા - ચીમોર, તિલકનગર*

★

માહે જુલાઈનો કચ્છી નવા વર્ષનો અંક સુંદર અને માહિતીસભર રહ્યો.

કચ્છના જાને માને સાહિત્યકારો, સ્વ.ડૉ. જયંત ખત્રી, ગૌતમ શર્મા, વીનેશ અંતાણીની બેમિસાલ વાર્તાઓનો આસ્વાદ પુરાણી યાદોમાં લઈ ગયો. ખાસ કરીને સ્વ. ડૉ. જયંત ખત્રી અને શ્રી ગૌતમ શર્માની વાર્તાઓ પાંચેક દાયકા બાદ વાંચવા મળી.

'મંગલ મંદિર'નું સાહિત્યિક સ્ટાન્ડર્ડ દિનબદિન પ્રગતિના પથ પર આગળ વધી રહ્યું છે જે આનંદની વાત છે. સંચાલક ભાઈઓને અભિનંદન સાથે શુભેચ્છા.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

## લઘુ કથા : ચાલાકી

*— નટવર આહલપરા*

બહુ કહેવાય નહીં? મારું મન હજીય માનતું જ નથી. શું કળજુગ આવ્યો! આવી લાખેણી વહુ કોને મળે? કેવું એનુ રૂપ! અરે કામની એવી જબરી હો બાપ! ડાહી, હસમુખી! આ એનો કાળ જ, નહીં તો આવું તે કાંઈ થાય?

તે થયું છે શું? નથી ખબર? પાડોશમાં નંદુ બળી મરી! હેં, કેમ કરતાં? ઈ તો કેમ ખબર પડે ભલા? પોલીસપાર્ટી આવી છે.

પાડોશી સ્ત્રીઓની ચર્ચા ધીમી પડી. પોલીસને તપાસવાનું કેન્દ્ર રસોડું ઠર્યું. પોલીસે નંદુની સાસુ, નણંદની તેમજ ઘરના સભ્યોની તપાસ આદરી. ઘણું બધું પૂછ્યું. પછી લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવી.

આમ બધું થાળે પડી ગયું.

'મા, તારે કે મારે કોઈ પણ જાતની ચિંતા કરવાની હવે જરૂર નથી! ભાભીએ પોતે જ શરીર પર કેરોસીન છાંટ્યું હતું એવું પોલીસે લખ્યું છે. હવે તલભારેય કોઈને શક જાય એમ નથી. જોઈને, મારી ચાલાકી? તારી દીકરી છું, જેવી તેવી વાત છે? જેવી ભાભી સળગી કે તરત જ રસોડામાં જઈ મેં સ્ટવ ઊંધો કર્યો. થોડું શાક સુધાર્યું. કેરોસીન ઢોળ્યું. બે-ચાર દિવાસળી આમ-તેમ! એવો તો અદલ તાલતાસીરો ગોઠવ્યો કે...!! ■

# પ્રતિભાવ

## બ્રહ્મચર્ય અને શરીર સંબંધો

માસ મે ના અંકમાં ભાઈશ્રી કીર્તિચંદ્ર શાહને પ્રતિબંધિત જેવા વિષય ઉપર ખૂલીને લખવા માટે અભિનંદન.

તેઓએ ઉઠાવેલા પ્રશ્નોનો જો બ્રહ્મચારીઓ તરફથી નિખાલસ જવાબ આપવામાં આવે તો કહેવાતા બ્રહ્મચર્યનું અસલ સ્વરૂપ સામે આવી જાય. કામવૃત્તિ એ માત્ર મનુષ્યની જ નહીં પણ પ્રાણીમાત્રની આદિમ વૃત્તિ છે જેનું દમન કષ્ટદાયક જ હોય. વધારે શક્તિ કે પ્રસન્નતા તો દૂરની વાત છે, પણ શરીર સંબંધોનો નિષેધ કરનારાની પુષ્કળ ઉર્જા આ વૃત્તિના દમનમાં વેડફાય છે, જે ઉર્જાનો ઉપયોગ કુટુંબ, સમાજ કે દેશના હિતાર્થે થઈ શક્યો હોત.

સ્ત્રી - પુરુષ અથવા સમગ્ર રીતે કહીએ તો નર માદાના જે સંબંધો સિવાય સૃષ્ટિનું અસ્તિત્વ જ શક્ય ન હોઈ શકે અને પાપરૂપ કે અપવિત્ર માનો તો દુનિયાના તમામ ભગવાનો, પયગંબરો, તીર્થંકરો, મહાપુરુષો, સંતો આદિ સહિત સમગ્ર સૃષ્ટિ જ પાપરૂપ અને અપવિત્ર ગણાઈ જાય!

કોઈ વ્યક્તિ સમાજના કે દેશહિતના ઉદાત્ત ધ્યેય માટે સંસારની જંજાળમાં પડવાનું ન સ્વીકારે એ સમજી શકાય, પણ જે સંસારમાંથી પોતે પેદા થયા છે એની બધી જવાબદારીઓને છોડી દઈ માત્ર પોતાના કાલ્પનિક મોક્ષ માટે કરાતા સંસાર ત્યાગ અને સ્થુળ બ્રહ્મચર્ય પાલન દ્વારા કરાતા શારીરિક અને માનસિક દમનને સંસારથી ઊંચું સ્થાન કોઈ રીતે અપાય નહીં.

હકીકતમાં તો બ્રહ્મચર્ય શબ્દનો માત્ર સ્થૂળ અર્થ લેવામાં આવ્યો છે એ જ ખોટો છે. આ બાબત મહાભારતમાં હોવાનું કહેવાતી એક કથા વાંચી હતી એ ટૂંકમાં પ્રસ્તુત છે.

મહાભારતના યુધ્ધ બાદ શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં હતા ત્યારે એક દિવસ સમાચાર મળ્યા કે મહર્ષિ દુર્વાસા શહેરમાં પધાર્યા છે. શ્રીકૃષ્ણે તેમના ઉચિત સત્કાર અને ભોજનની વ્યવસ્થા કરવા દાસીઓને જણાવ્યું. ભોજન તો તૈયાર કર્યું પણ મહર્ષિ તો યમુનાના સામા કિનારે હતા અને યમુનામાં મહા પૂર આવેલ હોઈ નાવ દ્વારા પણ જઈ શકાય એમ ન હતું. આ હકીકત દાસીએ શ્રીકૃષ્ણને જણાવી. થોડું વિચાર્યા બાદ શ્રીકૃષ્ણે કહ્યું, 'તું યમુના કિનારે જઈ તારો ઉદ્દેશ જણાવી યમુનાજીને મારા વતી વિનંતી કરીને કહેજે કે જો શ્રીકૃષ્ણ સદાય બ્રહ્મચારી રહ્યા હોય તો માર્ગ આપવા કૃપા કરે. અને યમુનાજીએ માર્ગ આપ્યો!

સામા કાંઠે જઈ મહર્ષિને ભોજન પીરસ્યું. ભોજન કરીને મહર્ષિએ પ્રસન્નતા વ્યક્ત કરી અને દાસીને કહ્યું — "ભદ્રે, હવે તું પાછી જા અને શ્રીકૃષ્ણને મારા આશિર્વાદ કહેજે." દાસીએ ફરી પોતાની મુશ્કેલી જણાવી અને પોતે કેમ આવી એ વર્ણવી બતાવ્યું. મહર્ષિએ પણ દાસીને કહ્યું, "તું યમુનાજીને વિનંતી કરીને કહેજે કે જો દુર્વાસા સદાય ઉપવાસી રહ્યા હોય તો માર્ગ આપે." અને બીજીવાર માર્ગ મળ્યો!

આ કથાને હકીકત સ્વરૂપે લેવાય નહીં, પણ પ્રતીકરૂપે લેવાય. બ્રહ્મચર્ય અને ઉપવાસની જે અલગ વ્યાખ્યા આમાંથી મળે છે એને ખોટી નહીં કહી શકાય.

ભારતીય સંસ્કૃતિમાં ધર્મ - અર્થ - કામ - મોક્ષ એ બધાને સમાન સ્થાન અપાયેલ છે. શરીર સંબંધોને પાપ ગણવાનું ભારતમાં ક્યારથી શરૂ થયું એ સંશોધનનો વિષય છે.

એકંદરે ભાઈશ્રી કીર્તિચંદ્રભાઈએ સ્પષ્ટ છતાં સભ્ય ભાષામાં કરેલી બધી જ દલીલો સાથે સંમત થઈ શકાય.

***મગનલાલ સંઘવી***
***ફોન : ૨૬૮૭૧૯૨૫***

★

'મંગલ મંદિર'ના જૂન અંકમાં "અંગદાન અને ધર્મ" શીર્ષક હેઠળ પત્ર પ્રગટ થયેલ છે, એ એપ્રિલ અંકમાં આજ વિષય ઉપર આવેલ મારા લખાણના પ્રતિભાવરૂપે આવેલ હોય એમ લાગે છે. સાધુઓની વાત આવે એટલે કેટલાક જૈન ભાઈઓ બચાવ કરવા આવી જાય છે. અહીં બચાવ કરવામાં લેખકશ્રી ક્યાંક વિવેક ચૂકી ગયા છે. એમના લખાણમાંથી નીકળતા અર્થ જોઈએ :

૧. ***ધર્મ એ અતિ ગહન ઊંડા અભ્યાસનો વિષય છે***

હા, છે. પણ સામાન્ય માનવી માટે નહીં. "કોઈનું બુરૂં કરવું નહીં અને શક્ય એટલું ભલુ કરવું." એટલામાં પણ ધર્મનો અર્થ આવી શકે છે. શા માટે ધર્મને અતિ ગહન કરવું જોઈએ? સીધી સાદી રીતે ન કહી શકાય? ઊંડા અભ્યાસુઓએ એકરીતે જોઈએ તો ધર્મના ભાગલા જ પડાવ્યા છે!

૨. ***"સાધુ ભગવંતો આત્માના ઉત્થાનની ઊંચી વાતો જ કરવી જોઈએ અને ભાવના ભાવવી જોઈએ. અંગદાન દ્વારા માનવજીવ બચાવવાનો ઉપદેશ એ તો કરોડપતિ પાસે ૧૦/- રૂા.ના દાનની માંગણી કરવા જેવું તુચ્છ કૃત્ય છે!"***

આનો અર્થ શું કરવો? માનવ જીવન બચાવવાની વાતની કેવી સરખામણી? આ રીતે તો સાધુઓએ માનવસેવા - પશુસેવા તથા જીવદયા વિ.ના અપાતા ઉપદેશો પણ બંધ કરવા જોઈએ. લેખકશ્રીના મનમાં કદાચ આવી વાત નહીં હોય, પણ લખાણમાં વિવેકચૂક થઈ જ છે.

3. ***કયા સાધુઓએ આવો ઉપદેશ આપ્યો કે દેહ - રક્તદાન કર્યું?***

નથી કરતા એની તો વાત છે, અને અફસોસ છે. બધા ધર્મના સાધુઓમાં જૈન સાધુઓનું સ્થાન મુઠ્ઠી ઊંચેરું છે. તેઓ જો પહેલ કરશે તો સમગ્ર જૈન સમાજની આબરૂમાં વધારો જ થવાનો છે. બીજા ન કરતા હોય તો આપણે પણ ન કરવું?

**૪. *રક્તનો તથા કિડનીનો વેપાર થાય છે.***

સાચી વાત છે. આ દેશમાં કઈ વસ્તુનો વેપાર નથી થતો? પણ સાથે એ વધારે સાચું છે કે આજ દેશમાં કરોડો લોકો નિ:સ્વાર્થભાવે રક્તદાન કરે છે. હજારોની સંખ્યામાં માતા-પિતા, પુત્ર-પુત્રી, ભાઈ-બહેન તથા અન્ય સગાઓએ એકબીજા માટે તથા અજાણ લોકોએ અજાણ વ્યક્તિઓ માટે અંગદાન, કિડનીદાન કર્યા છે. વધારે જાણકારી માટે લેખકશ્રીએ એકાદ વખત સિવિલ હોસ્પિટલમાં આવેલ કિડની હોસ્પિટલની અને તેના રૂષિતુલ્ય ડૉ. ત્રિવેદીની મુલાકાત લેવી જોઈએ.

**૫. *જમણા હાથે કરેલ દાનની ડાબા હાથને જાણ ન થાય એ જ દાન.***

બરાબર, પણ આ બાબત નાણાંકીય દાનને જ લાગુ પાડી શકાય. કારણ એમાં શરીરને કોઈ ઈજા નથી થતી. નાણાં આપી દીધા, એટલે કામ પૂરું. આ સિવાયના દાન તથા સેવાઓનો વધારેમાં વધારે પ્રચાર થવો જોઈએ, જેથી અન્યોને પણ પ્રેરણા મળે. હકીકતમાં તો સારા કાર્યોને જરૂરી પ્રસિદ્ધિ જ નથી મળતી. ક્યાંક રક્ત કે કિડની વેચાણનું કૌભાંડ પકડાય ત્યાં છાપાં અને ચેનલો હેડલાઈન બનાવવા તૈયાર જ હોય છે, પણ સત્કાર્યોની નોંધ બહુ ઓછી લેવાય છે, જે લેવાવી જરૂરી છે. ત્યાં ગુપ્તદાન ન ચાલે.

**૬. *રક્તદાન વિ. પ્રસિદ્ધિ માટે થાય છે!***

લેખકશ્રી, આવો આક્ષેપ કરતાં પહેલાં આપે બે વખત વિચાર કરવો જોઇતો હતો. અહીં આપ ફરી વિવેક ચૂક્યા છો. કોઈ નેતા કે સેલિબ્રિટીને બાદ કરતાં કેટલા અને કયા રક્તદાતાના નામ-ફોટા છાપામાં આવ્યા? ૧૦૦ વાર દાતાની ક્યાંય તક્તી લાગી છે? સમાજ આવા સત્કાર્યને બિરદાવે એમાં ખોટું પણ શું છે? અને દેહદાનના નહીં પણ દેહદાતાના ફોટા કદાચ તેમના કુટુંબીઓ છપાવતા હશે એ દેહદાતા જોવાના નથી! ફરી એકવાર - આવા કાર્યોને પ્રસિદ્ધિ મળે એ જરૂરી છે. આમાં વ્યક્તિની કરતાં કાર્યની પ્રસિદ્ધિ થાય છે, અને અનેકોને પ્રેરણા મળે છે.

**૭. *ઉપદેશ સાથે આચરણ જરૂરી છે.***

બિલકુલ સાચું છે. ઉપદેશ આપવાની મારી કોઈ જ લાયકાત નથી. મેં તો સાધુ ભગવંતોને ઉપદેશ આપવાનો અનુરોધ કરેલ છે. વિચારોની અભિવ્યક્તિ એ ઉપદેશ નથી. રહી વાત આચરણની, તો એ તો સમય આવ્યે જ થઈ શકે!

***મગનલાલ સંઘવી***
***ફોન : ૨૬૮૭૧૯૨૫***

## NanoNine™ શબ્દ રમત-૧૧૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ | ■ |
| ૭ | | | ■ | | ■ | ૮ | | ■ | ૯ | | ૧૦ |
| ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | ■ | ૧૬ | |
| | ■ | ૧૭ | | | | ■ | ૧૮ | | ૧૯ | ■ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | | |
| ■ | ૨૬ | ૨૭ | ■ | ૨૮ | ■ | ૨૯ | | | | ■ | ■ |
| ■ | ■ | ૩૦ | | | ૩૧ | ■ | | ■ | ૩૨ | ૩૩ | ■ |
| ૩૪ | | | ■ | ૩૫ | | ૩૬ | ■ | ૩૭ | ■ | ૩૮ | ૩૯ |
| | ■ | ૪૦ | ૪૧ | | ■ | ૪૨ | ૪૩ | | | ■ | ૪૪ |
| ૪૫ | ૪૬ | ■ | | ■ | ૪૭ | | ૪૮ | | ■ | ૪૯ | |
| ૫૦ | | ૫૧ | ■ | ૫૨ | | ■ | ૫૩ | | ૫૪ | | |
| ■ | ૫૫ | | | | ■ | ■ | ૫૬ | | | | ■ |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૮-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. કેસર (અ) (૪)
૪. કલાયુક્ત રચના કરનારો પુરુષ (૪)
૫. કાર્ય, કામ, મોટરગાડી (અ) (૨)
૭. એક કાંટાવાળું વૃક્ષ (૩)
૮. નાશ થયું તે (૨)
૯. નાકાવેરો (૩)
૧૧. રોકવું તે (૨)
૧૨. કારીગરી, કળા (૪)
૧૪. મતિ, નહિ, અભિપ્રાય (૨)
૧૬. એક વાદ્ય, વીણા (૨)
૧૭. ઉપવાસ, આહાર બંધ કરવો તે (૪)
૧૮. અસ્વાભાવિક મોત (૩)
૨૧. સૂર્ય, રવિવાર (૨)
૨૩. પોચું, મુલાયમ (૩)
૨૪. શરાબનો એક પ્રકાર (૨)
૨૫. શપથ (૩)
૨૬. અવાજ, ધ્વનિ (૨)
૨૯. ઈશ્વરકૃપા, સદ્‌ભાગ્ય, સંતોષકારક (અ) (૪)
૩૦. હુકમ, સનદ (૪)
૩૨. સાહેલી, બહેનપણી (૨)
૩૪. પાછું આપવું તે (૩)
૩૫. દૃષ્ટાંત, પુરાવો (૩)
૩૮. પોતાના હાથે માથાના વાળ કાઢવા તે, જૈન સાધુ કરે છે (૨)
૪૦. લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
૪૨. પ્રવાહીથી તરબોળ લોંદા જેવું હોય તેમ (૪)
૪૫. પતિવ્રતા, મૃત પતિ સાથે ચિતામાં ચઢનાર (૨)
૪૭. લોકોમાં નઠારું કહેવાવાનો ડર (૪)
૪૮. લજ્જા, શરમ, મર્યાદા (૨)
૪૯. મુસાફરખાનું (ફા), ઋતુ, મોસમ (૨)
૫૦. ચામડીનો એક રોગ (૩)
૫૨. ______ની દાંડીએ સીધા ચાલ્યા જાવ (૨)
૫૪. ડૂબેલું, મગ્ન (૩)
૫૫. રજવાડાનું કે તેને લગતું (૪)
૫૬. આ છોડને અડવાથી તેના પાન સંકોચાઈ જાય (૪)

### ઊભી ચાવીઓ

૧. આ મોંઘવારીમાં આવક કરતાં ____ વધારે છે. (૩)
૨. પરિણામ (૨)
૩. પાઈની પેદાશ નહીં, ને ઘડીની ____ નહીં (૪)
૪. શ્રમ, દુ:ખ (૨)
૫. કારણ, કામ (૨)
૬. કપ સાથે વપરાય (૩)
૭. વગર પૂછ્યે (૪)
૮. નમેલું (૨)
૧૦. ____, ____, ધનથી કામ કરો (૨+૨)
૧૨. સોનું (૩)
૧૩. સરાસરી, વ્યાજમુદ્દલ (૨)
૧૪. ચિંતન કરો (૩)
૧૫. આપણા વડાપ્રધાનશ્રીને ટૂંકમાં લાડથી આ નામે બોલાવે છે (૨)
૧૮. સુંદર, ચાહવા યોગ્ય (૪)
૧૯. તસતસે એમ, તંગ (૪)
૨૦. અંતઃકરણ, દિલ (૨)
૨૨. સિવાય, વગર (૨)
૨૪. મનોવૃત્તિ, બનૂસ, ધાબળો (૨)
૨૭. કાર્યાલય, વિદ્યાર્થીની ચોપડીઓ રાખવાની થેલી (૪)
૨૮. સિપાઈઓની નાની ટુકડીનો ઉપરી (૪)
૩૧. આંગળીથી ____ વેગળા (૨)
૩૩. ખૂંટો, મેખ (૨)
૩૪. આજુબાજુ, પડોશનો પ્રદેશ, મંદિરની ભમતી (૪)
૩૬. ઘડિયાળમાં લટકતી વસ્તુ (૩)
૩૭. પેદાશ, ઉપજ (૩)
૩૯. ચપળ, ચાલાક (૪)
૪૧. ભોગ (૨)
૪૨. નસીબ (ઈ.) (૨)
૪૩. ચલ અને અચલ, સ્થાવર જંગમ (૪)
૪૪. અમેરિકાના રાષ્ટ્રપતિ ____ ઓબામા (૩)
૪૬. તેતર પક્ષી (૩)
૪૭. જનતા, વર્ગ (૨)
૪૯. પગરસ્તો, માર્ગ, રીત (૩)
૫૧. કંટાળેલું, હારેલું (૨)
૫૨. વૈદ્ય ____ તપાસી દવા આપે (૨)
૫૩. હાલતું ચાલતું, અસ્થિર (૨)
૫૪. કભી ખુશી, કભી ____ (૨)

## NanoNine™ શબ્દ રમત-૧૧૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | મ | દા | વા | દ | ■ | ત | ર | ફ | દા | ર | ■ |
| મા | ■ | સ | ર | ■ | ક | ર | ■ | ર | લ | ■ | પા |
| વ | હુ | ■ | સ | વા | લ | જ | વા | બ | ■ | તા | ન |
| સ્યા | ■ | સ | ■ | ત | ર | ■ | વે | ■ | હ | જ | ■ |
| ■ | ર | વા | ના | ■ | વ | ન | ■ | ચા | લ | ■ | વ |
| ક | ચ | રો | ■ | તા | ■ | ન | જ | રો | ન | જ | ર |
| મા | ન | સ | રો | વ | ર | ■ | ન | ■ | ચ | ર | સ |
| ણી | ■ | વા | ટી | ■ | મા | હ | ■ | કા | લ | ■ | ■ |
| ■ | ઢો | ર | ■ | ઘ | ■ | વા | વા | ■ | ન | ■ | ધુ |
| જ | લ | ■ | સ | ર | સ | મા | ચા | ર | ■ | ઉ | મ્ર |
| મા | ■ | રો | મ | ■ | વા | ન | ■ | ક | લ | ■ | પા |
| ■ | મ | ગ | જ | મા | રી | ■ | હ | મ | વ | ત | ન |

*માસ જૂન-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. તેજસ શાહ - અમદાવાદ
૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૪. કલ્પના શાહ - અમદાવાદ
૫. ચિરાગ શાહ - અમદાવાદ
૬. જશવંત કોઠારી - અમદાવાદ
૭. ડી. એમ. શાહ - અમદાવાદ
૮. લક્ષ્મી ખત્રી - અમદાવાદ
૯. ધ્રુવી મહેતા - અમદાવાદ
૧૦. નીના ગોરજી - અમદાવાદ
૧૧. નેહા પારેખ - અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૩. રંજન શાહ - અમદાવાદ
૧૪. હર્ષ પરીખ - અમદાવાદ
૧૫. અલકા શાહ - અમદાવાદ
૧૬. ભાનુ શાહ - અમદાવાદ
૧૭. વિનોદ મહેતા - અમદાવાદ
૧૮. ચેતના વોરા - અમદાવાદ
૧૯. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૨૦. રૂપલ શાહ - અમદાવાદ
૨૧. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૨૨. ઝરણા પારેખ - અમદાવાદ
૨૩. નવલ શાહ - અમદાવાદ
૨૪. વિરાજ શેઠ - અમદાવાદ
૨૫. સ્મિતા શાહ - અમદાવાદ
૨૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૭. વર્ષા પારેખ - અમદાવાદ
૨૮. મધુરી ડાઘા - અમદાવાદ
૨૯. એન. એચ. શાહ - નાગપુર
૩૦. શોભના દંડ - અંકલેશ્વર
૩૧. હરખચંદ ગડા - અંકલેશ્વર
૩૨. જ્યોતિ પારેખ - સિકંદ્રાબાદ
૩૩. સરોજ ચંદુરા - સુરત
૩૪. નવીનચંદ્ર લાલકા - ગદગ
૩૫. સરોજ શાહ - અગાસ
૩૬. પ્રભા શેઠિયા - વલસાડ
૩૭. કિશોર શાહ - ભુજ
૩૮. જયાબેન ગડા - સોલાપુર
૩૯. હસમુખ દેઢિયા - અડાલજ
૪૦. મુકુંદ મહેતા - આદિપુર
૪૧. દિનેશ મોમાયા - પુના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. શોભના દંડ - અંકલેશ્વર**
**૨. વિરાજ શેઠ - અમદાવાદ**
**૩. ડી. એમ. શાહ - અમદાવાદ**

## લઘુ કથા : ત્યાગ

***– નટવર આહલપરા***

તકિયાને અડીને પલંગ પર પલાંઠીવાળી બેઠેલા સાસુએ કડક મીઠી ચાની ચૂસકી લીધી. સસરાએ આરામ ખુરશી ઉપર લંબાવતાં સિગારેટ સળગાવી. નાસ્તો કરતો દિયર ટેલિવિઝન કાર્યક્રમ જોવામાં મશગૂલ. ચા પીધા પછી પતિએ ડાઈનિંગ ટેબલ ઉપર રૂઆબથી કપ પછાડ્યો.

સાસુએ મહેમાન સાથે ચર્ચા આદરી.

'ત્યાગ-બ્યાગ સાધુ સંતો કરે. સજ્જન માણસોને ત્યાગ શોભે. ઝૂંટવી લેવું એ આપણું કામ! વહુને વહુની રીતે જ રખાય. કામવાળી થોડી રખાય? બધા ભલે કે' જમાનો બદલાયો છે! ખોટી વાત છે. જમાનો બદલાય, પણ સાસુ બદલાય? તમે જાણો છોને એક વહુને...! બીજી આવી બે લાખનાં કરિયાવર લાવી. મારી કડકાઈ જુઓ. ફળિયામાં જુઓ, સસલા જેવી વહુ વાસણ ઊટકે છે ને?'

માસિક ધર્મથી પીડાતી, તાવથી ધગધગતી, ખડકલો વાસણ ઊટકતી વહુ દોડી. ગળા ફાંસો ખાવા તૈયાર નણંદના હાથમાંથી દોરડું પકડી લીધું.

'ભાભી, હું તમારી પીડા જોઈ શકતી નથી. આપણા ઘરના શેતાનોએ ભેગા થઈ, એક ભાભી મારી નાંખી. હવે તમનેય...? હું નણંદ પછી, પહેલાં સ્ત્રી છું. મારે બાને આજે દેખાડી દેવું છે કે, ત્યાગ કોને કહેવાય?' ■

## NanoNine™ Sudoku

**જૂન-૨૦૧૬ના અંકમાં છપાયેલ**
**સુડોકુ-૧૦૭૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૨. અવંતી દંડ - અમદાવાદ
૩. મિતેષ શાહ - અમદાવાદ
૪. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૫. નીના ગોરજી - અમદાવાદ
૬. નેહા પારેખ - અમદાવાદ
૭. શ્રેયા છેડા - અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૯. વિનોદ મહેતા - અમદાવાદ
૧૦. હેમલતા દેઢિયા - અમદાવાદ
૧૧. અલકા શાહ - અમદાવાદ
૧૨. ઝરણા પારેખ - અમદાવાદ
૧૩. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૪. સ્મિતા શાહ - અમદાવાદ
૧૫. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૬. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૭. હર્ષદ ગાંધી - બેંગ્લોર
૧૮. પ્રભા શેઠિયા - વલસાડ
૧૯. નયન મોમાયા - અંકલેશ્વર
૨૦. યશ પારેખ - સિકંદ્રાબાદ
૨૧. સંકેત મહેતા - ભુજ
૨૨. કેતકી ગાલા - મુંબઈ
૨૩. સોનલ શાહ - નાગપુર
૨૪. લતા મોમાયા - પુના
૨૫. સરોજ ચંદુરા - સુરત
૨૬. મૂલકુમારી લાલકા - ગદગ

**૧ ભૂલવાળા જવાબો**

૨૭. ધ્વનિ પટવા - અમદાવાદ
૨૮. હર્ષ પરીખ - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. શ્રેયા છેડા - અમદાવાદ
૨. પ્રભા શેઠિયા - વલસાડ
૩. અવંતી દંડ - અમદાવાદ

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૭૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૮-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓક્ટોબર-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

**ક્રમાંક - ૧૦૭૬**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | | 2 | 5 | | |
| | | 9 | | 3 | 8 | | 6 | |
| 2 | | | 5 | | | 3 | 9 | |
| 8 | 9 | | | 2 | 5 | | | |
| 1 | | 4 | | | | 8 | | 9 |
| | | | 8 | 4 | | | 3 | 5 |
| | 8 | 5 | | | 3 | | | 2 |
| | 3 | | 4 | 5 | | 6 | | |
| | | 1 | 2 | | | 9 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | | 3 | | | 4 | | 6 |
| | 6 | 2 | | | | 8 | | 1 |
| | | | 2 | 6 | 8 | | | |
| | 8 | 6 | | | 7 | | 9 | |
| | | | | 1 | | | | |
| | 1 | | 8 | | | 3 | 6 | |
| | | | 7 | 4 | 5 | | | |
| 1 | | 8 | | | | 2 | 7 | |
| 5 | | 9 | | | 2 | | 4 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | | 2 | | | |
| | | 9 | | | 8 | | 1 | 5 |
| 3 | 4 | | | 9 | | 2 | | |
| | 5 | | 9 | | | 8 | | |
| 2 | | | 8 | | 6 | | | 1 |
| | | 3 | | | 1 | | 2 | |
| | | 2 | | 7 | | | 5 | 6 |
| 4 | 1 | | 2 | | | 7 | | |
| | | | 4 | | | | | 2 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 4 | | | | 3 | | | 7 |
| | | 6 | | | | 4 | | 5 |
| 5 | | | | 2 | 4 | | 8 | |
| | 6 | | | | 5 | 1 | 4 | |
| | | 7 | 3 | | 6 | 2 | | |
| | 5 | 4 | 8 | | | | 6 | |
| | 9 | | 1 | 5 | | | | 6 |
| 7 | | 5 | | | | 9 | | |
| 6 | | | 9 | | | | 7 | 4 |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૭૫**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 9 | 1 | 5 | 4 | 8 | 3 |
| 8 | 3 | 9 | 4 | 7 | 2 | 1 | 6 | 5 |
| 4 | 5 | 1 | 6 | 3 | 8 | 9 | 2 | 7 |
| 5 | 8 | 7 | 1 | 6 | 4 | 2 | 3 | 9 |
| 2 | 9 | 6 | 7 | 8 | 3 | 5 | 4 | 1 |
| 1 | 4 | 3 | 5 | 2 | 9 | 8 | 7 | 6 |
| 9 | 2 | 5 | 3 | 4 | 6 | 7 | 1 | 8 |
| 3 | 1 | 8 | 2 | 9 | 7 | 6 | 5 | 4 |
| 7 | 6 | 4 | 8 | 5 | 1 | 3 | 9 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 6 | 3 | 4 | 2 | 7 | 1 | 9 | 5 |
| 2 | 1 | 9 | 5 | 3 | 8 | 7 | 4 | 6 |
| 7 | 5 | 4 | 9 | 1 | 6 | 3 | 8 | 2 |
| 1 | 2 | 5 | 6 | 4 | 3 | 8 | 7 | 9 |
| 3 | 9 | 7 | 2 | 8 | 5 | 6 | 1 | 4 |
| 4 | 8 | 6 | 7 | 9 | 1 | 5 | 2 | 3 |
| 5 | 7 | 2 | 1 | 6 | 9 | 4 | 3 | 8 |
| 9 | 3 | 1 | 8 | 5 | 4 | 2 | 6 | 7 |
| 6 | 4 | 8 | 3 | 7 | 2 | 9 | 5 | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 6 | 5 | 1 | 8 | 9 | 7 | 4 |
| 4 | 1 | 7 | 9 | 2 | 6 | 8 | 5 | 3 |
| 8 | 5 | 9 | 3 | 4 | 7 | 6 | 2 | 1 |
| 7 | 8 | 5 | 2 | 6 | 1 | 4 | 3 | 9 |
| 9 | 6 | 2 | 4 | 3 | 5 | 7 | 1 | 8 |
| 1 | 4 | 3 | 7 | 8 | 9 | 2 | 6 | 5 |
| 6 | 2 | 4 | 1 | 9 | 3 | 5 | 8 | 7 |
| 3 | 7 | 8 | 6 | 5 | 4 | 1 | 9 | 2 |
| 5 | 9 | 1 | 8 | 7 | 2 | 3 | 4 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 3 | 4 | 2 | 8 | 9 | 7 | 5 |
| 4 | 5 | 7 | 9 | 3 | 1 | 6 | 2 | 8 |
| 2 | 9 | 8 | 6 | 7 | 5 | 3 | 1 | 4 |
| 3 | 6 | 9 | 8 | 1 | 2 | 4 | 5 | 7 |
| 1 | 2 | 4 | 5 | 9 | 7 | 8 | 3 | 6 |
| 7 | 8 | 5 | 3 | 4 | 6 | 1 | 9 | 2 |
| 5 | 3 | 6 | 2 | 8 | 9 | 7 | 4 | 1 |
| 9 | 7 | 2 | 1 | 6 | 4 | 5 | 8 | 3 |
| 8 | 4 | 1 | 7 | 5 | 3 | 2 | 6 | 9 |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ઓલિમ્પિક સ્પેશિયલ

***આ અંક આપના હાથમાં આવશે ત્યાં સુધી બ્રાઝીલના રિયો-ડી-જાનેરોમાં એકત્રીસમાં ઓલિમ્પિક રમતોત્સવની શરૂઆત થઈ ગઈ હશે. ઓલિમ્પિકના ઈતિહાસમાં પ્રથમવાર ભારતમાંથી સૌથી વધારે રમતવીરો ભાગ લઈ રહ્યા છે. અત્યારે ઓલિમ્પિક મેડલ ટેબલમાં ભારતનું સ્થાન પંચાવનમું છે.***

- **ઇતિહાસ :** આશરે ૨૭૦૦ વર્ષ પહેલાં (ઇ.સ. પૂર્વે ૭૭૬માં) ગ્રીક દેશના સાઉથ વેસ્ટમાં આવેલા ઓલિમ્પિયા નામના શહેરમાં આ રમતોત્સવની શરૂઆત ધાર્મિક તહેવારના એક ભાગરૂપે કરવામાં આવી. આધુનિક ઓલિમ્પિકની શરૂઆત ઇ.સ. ૧૮૯૬માં દેવોના રાજા ઝ્યુસના માનમાં થઈ. જે પછી દર ચાર વરસે યોજવામાં આવે છે.
- **આધુનિક ઓલિમ્પિક :** આ રમતોત્સવના જન્મદાતા ફ્રાન્સના એક ફિલોસોફર અને રમતપ્રેમી - પિયરી દ કુર્બિતનના અથાક પ્રયત્નોથી ૧૮૯૬માં આ રમતોત્સવ શરૂ થયો.
- **પ્રથમ ઓલિમ્પિક (૩૧૧ માત્ર પુરુષ ખેલાડી) :** આ રમતના શ્રીગણેશ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૮૯૬ના રોજ ગ્રીસના શહેર એથેન્સમાં થયો હતો. પ્રથમ ઓલિમ્પિક રમતોત્સવમાં ૧૩ દેશોના કુલ ૩૧૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે બધા પુરુષ ખેલાડીઓ જ હતા.
- **પ્રથમ સુવર્ણ ચંદ્રક - અમેરિકાને :** ૧૮૯૬ના રમતોત્સવમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક વિજેતા થવાનું બહુમાન અમેરિકાનો એથ્લેટ જેમ્સ કોનોલી ધરાવે છે. જેમણે ટ્રીપલ જમ્પમાં આ યશસ્વી સિદ્ધિ મેળવી હતી.
- **દ્વિતીય ઓલિમ્પિક (મહિલા ખેલાડીઓ સહિત અને ભારતનો પ્રવેશ) :** ઇ.સ. ૧૯૦૦માં ફ્રાન્સમાં પેરિસ ખાતે યોજાયો હતો. આ ઓલિમ્પિકની મહત્ત્વની ઘટના એ હતી કે તેમાં મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ મહિલા ખેલાડીઓની સંખ્યા ૧૨ જ હતી. મહિલાઓમાં સૌપ્રથમ સુવર્ણ ચંદ્રક મેળવવાનું સૌભાગ્ય બ્રિટનની મહિલા કુ. ચાલોટી કૂપર ધરાવે છે. જેમણે ટેનિસમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- **ભારતનો ઓલિમ્પિકમાં પ્રવેશ :** ઇ.સ. ૧૯૦૦માં પેરિસ ખાતે યોજાયેલ દ્વિતીય ઓલિમ્પિકમાં ભારતે પ્રવેશ કર્યો હતો અને પ્રવેશતાની સાથે જ ભારતે બે રજત ચંદ્રકો એંગ્લો ઇન્ડિયન ખેલાડી દ્વારા મેળવ્યા હતા. કલકત્તાના એ સિદ્ધિવંત ખેલાડી નોર્મન પિટયાર્ડ એ ૨૦૦ મીટર દોડ તથા ૨૦૦ મીટર વિઘ્ન દોડમાં રજત ચંદ્રકો મેળવ્યા હતા.
- **પ્રથમવાર ચાર ચાર સુવર્ણ ચંદ્રકો અમેરિકાના ખેલાડીને :** દ્વિતીય ઓલિમ્પિકમાં અમેરિકાના ખેલાડી અલ્વિન કેન્ઝલિને સૌપ્રથમવાર ચાર ચાર સુવર્ણ ચંદ્રકો ૧૦૦ મીટર વિઘ્ન દોડ, ૨૦૦ મીટર વિઘ્ન દોડ, ૬૦ મીટર દોડ તથા લાંબા કૂદકામાં મેળવ્યા હતા.
- **તૃતીય ઓલિમ્પિક (જેમાં ૮૫ ટકા અમેરિકન ખેલાડીઓ) :** અમેરિકાના સેન્ટ લૂઈ ખાતે ઇ.સ. ૧૯૦૪માં યોજાયેલ રમતોત્સવ માત્ર અમેરિકાના ખેલાડીઓ માટેનો ઉત્સવ બની રહ્યો હતો. તેમાં ૮૫% ખેલાડીઓ અમેરિકાના હતા. સૌથી વધુ ૭૦ સુવર્ણ ચંદ્રકો પણ અમેરિકાએ મેળવ્યા હતા. બીજા ક્રમે આવનાર ક્યુબાને માત્ર પાંચ જ સુવર્ણ ચંદ્રક મળ્યા હતા.
- **ચતુર્થ ઓલિમ્પિક (જેમાં ૨૨ દેશોના ખેલાડીઓ અને અમેરિકાના તમામ ખેલાડીઓનો વોક આઉટ) :** ઇ.સ. ૧૯૦૮માં લંડન ખાતે યોજાયેલ આ રમતોત્સવમાં સૌપ્રથમવાર ૨૨ દેશોના ૨૦૫૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૪૦૦ મીટરની દોડની ફાઈનલમાં અમેરિકન તમામ ખેલાડીઓને વાંકુ પડતાં 'વોક ઑવર' જાહેર કર્યો હતો અને યજમાન દેશનો એથ્લેટ લીટ વિડહેમએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.
- **પાંચમો ઓલિમ્પિક (પેન્ટેપ્લોન - નવી રમત તેમજ દોડમાં ખેલાડીનું મૃત્યુ) :** ઇ.સ. ૧૯૧૨માં સ્ટોકહોમ ખાતે યોજાયો હતો. આ રમતોત્સવમાં મોડર્ન પેન્ટેથ્લોન નામની નવી રમત શરૂ થઈ હતી. તેના અમેરિકન ખેલાડી જીમ થોસ્પે આ નવી રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવીને વિશ્વના મહાન ખેલાડી તરીકેનું બિરૂદ મેળવ્યું હતું. મેરેથોન દોડમાં પોર્ટુગલનો ખેલાડી લેઝર દોડતા દોડતા જ મૃત્યુ પામ્યો હતો.
- **છઠ્ઠો ઓલિમ્પિક (પ્રથમ વિશ્વયુદ્ધના કારણે બંધ) :** આ રમતોત્સવ ૧૯૧૬માં બર્લિન ખાતે યોજવામાં આવ્યો હતો. પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધના કારણે તે રમતોત્સવ યોજી શકાયો ન હતો જે પ્રથમ ઘટના હતી કે રમતોત્સવ બંધ રહ્યો હોય.
- **સાતમો ઓલિમ્પિક (એથ્લેટીક્સમાં અમેરિકાની ઈજારાશાહી અટકી) :** આ રમતોત્સવ ૧૯૨૦માં એન્ટવર્પ ખાતે યોજાયો હતો. એથ્લેટીક્સમાં અમેરિકનોની ઈજારાશાહી સામે સૌપ્રથમવાર ફિના લેન્ડે પડકાર ફેંક્યો હતો.
- **આઠમો ઓલિમ્પિક (એકસોથી વધુ મહિલા ખેલાડીઓ) :** ૧૯૨૪માં ફરીથી પેરિસમાં આ રમતોત્સવ યોજાયો હતો. તેમાં ૧૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો. તરણ કળામાં અમેરિકાનો જોની વેસમૂલરે ફ્રી સ્ટાઈલમાં ત્રણ સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા જે પાછળથી હોલીવુડ ફિલ્મ જગતનો મશહૂર હીરો 'ટારઝન' બન્યો હતો.
- **નવો ઓલિમ્પિક (જ્યોત વિશે વિચારણા અને ભારતને હોકીમાં પ્રથમ સુવર્ણ ચંદ્રક) :** ૧૯૨૮માં એમ્ટર્ડસ ખાતે ઉજવાયો હતો. આ ઓલિમ્પિકમાં જ્યોત વિશે વિચારવામાં આવ્યું હતું. ભારત તરફથી ઓલિમ્પિકમાં પ્રથમવાર જ

માન્યતા પામેલી ટુકડી રમતો રમવા આવી. ભારેત પ્રથમવાર જ હોકીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. તે વખતે હોકીના કેપ્ટન રાજા જયપાલસિંહ હતા. ભારતે ચાર મેચમાં કુલ ૨૭ ગોલ નોંધાવ્યા હતા. જ્યારે પ્રતિસ્પર્ધી ટીમ કોઈ જ ગોલ ભારત સામે નોંધાવી શકી ન હતી.

- **દસમો ઓલિમ્પિક (તરણ સ્પર્ધામાં ભારતનો પ્રથમ વખત પ્રવેશ અને હોકીમાં સુવર્ણ ચંદ્રક)** : દસમો ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૩૨માં લોસ એન્જલસ ખાતે યોજાયો હતો. ભારતે તરણ સ્પર્ધામાં ભાગ લીધો. એન.સી. મલીક ઓલિમ્પિક સ્પર્ધામાં ભાગ લેનાર પ્રથમ ભારતીય તરવૈયા હતા. ભારતે હોકીમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

- **અગિયારમો ઓલિમ્પિક (અમેરિકન જલપરી - સૌથી નાની વયે ચેમ્પિયન)** : અગિયારમો ઐતિહાસિક રમતોત્સવ બર્લિન ખાતે યોજાયો હતો. આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન જર્મનીના ચાન્સેલર એડોલ્ફ હિટલરે કર્યું હતું. ઓલિમ્પિક જ્યોત ફિવઝ સ્કીલગને પ્રગટાવી હતી.

  મહિલાઓમાં અમેરિકાની ૧૩ વર્ષની જલપરી માર્જોરીગે સ્ટ્રોંગ સ્પ્રિંગ બોર્ડ ડાઈવિંગમાં પ્રથમ આવી સૌથી નાની ઉંમરે ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું હતું.

  ભારતે હોકીમાં સતત ત્રીજી વખત સુવર્ણ ચંદ્રક મેળવીને હેટ્રિક સર્જી હતી. ભારતે કુલ ૩૮ ગોલ નોંધાવ્યા હતા. જેમાંથી ૧૧ ગોલ કેપ્ટન ધ્યાનચંદ્રે જ નોંધાવ્યા હતા.

- **બારમો - તેરમો ઓલિમ્પિક (વિશ્વયુદ્ધના કારણે બંધ)** : બારમો અને તેરમો ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૪૦ અને ૧૯૪૪માં વિશ્વયુદ્ધના કારણે બંધ રહ્યો હતો. જે ઓલિમ્પિક રમતોત્સવના ઈતિહાસમાં બીજી અને ત્રીજી બંધ રહેવાની ઘટના બની હતી.

- **ચૌદમો ઓલિમ્પિક (ભારતને હોકીમાં સુવર્ણ ચંદ્રક)** : આ રમતોત્સવ ૧૯૪૮માં લંડન ખાતે યોજાયો હતો. આ રમતોત્સવની હીરોઈન નેધરલેન્ડની ફેની બ્લેન્કર્સ કોયન હતી. જેણે કુલ ચાર સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા. ૩૦ વર્ષની ચાર મહિલાઓ જે બબ્બે બાળકોની માતા પણ હતી, જેણે હાઈજંપ અને લોંગ જમ્પ સહિત સાત જેટલા વિશ્વવિક્રમ નોંધાવ્યા હતા. ભારતે હોકીમાં કેપ્ટન કિશનલાલની આગેવાની હેઠળ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

- **પંદરમો ઓલિમ્પિક (રશિયાના ખેલાડીઓનો પ્રવેશ અને ભારતને હોકીમાં સુવર્ણ ચંદ્રક)** : ૧૯૫૨માં પંદરમો રમતોત્સવ હેલસિન્કી ખાતે યોજાયો હતો. રશિયાએ આ રમતોત્સવથી ભાગ લેવાનું શરૂ કર્યું હતું. એમિલ ઝેટોપેક તથા દાના ઝેટોપેકે ત્રણ સુવર્ણ ચંદ્રકો પતિ-પત્ની તરીકે મેળવ્યા હતા. હોકીમાં બાલુના સુકાનીપદે ભારતે સુવર્ણચંદ્રક મેળવ્યો હતો.

- **સોળમો ઓલિમ્પિક (હોકીમાં ભારતને ફરીથી સુવર્ણ ચંદ્રક અને ભારતની ફુટબોલ ટીમ સૌપ્રથમ સેમિ ફાઈનલમાં)** : સોળમો ઓલિમ્પિક રમતોત્સવ ૧૯૫૬માં મેલબોર્ન ખાતે યોજાવાના બદલે સ્ટોકહોમમાં યોજાયો હતો. ભારતે હોકીમાં સતત છઠ્ઠી વખત સુવર્ણ ચંદ્રક મેળવી 'ડબલ હેટ્રિક' સર્જી હતી. ફુટબોલમાં ભારત શ્રેષ્ઠ દેખાવ કરીને સૌપ્રથમ વાર સેમિ ફાઈનલમાં પહોંચ્યું હતું.

- **સત્તરમો ઓલિમ્પિક (સૌપ્રથમ વખત રમતોત્સવનું ટી.વી. પર પ્રસારણ અમેરિકાની એક વિકલાંગ મહિલાને ત્રણ સુવર્ણ ચંદ્રક અને ડેન્માર્કના સાઈકલિસ્ટનું સ્પર્ધા દરમ્યાન મૃત્યુ)** : ૧૯૬૦માં રોમમાં આ રમતોત્સવ યોજાયો હતો. સૌપ્રથમવાર વિશ્વ કક્ષાએ આ રમતોત્સવને ટી.વી. ઉપર દર્શાવવામાં આવ્યો હતો. અમેરિકાની વિકલાંગ મહિલા વિલ્મા રૂડોલ્ફ એ ત્રણ સુવર્ણ ચંદ્રકો મેળવી વિશ્વને અચંબામાં નાખી દીધું હતું. ડેન્માર્કનો સાઈકલિસ્ટ નટ જેમ્સન હીટ સ્પર્ધા દરમ્યાન મૃત્યુ પામ્યો હતો. હોકીમાં ભારતે પ્રથમવાર દ્વિતીય ક્રમ મેળવ્યો હતો.

- **અઢારમો ઓલિમ્પિક (હિરોશીમામાં પડેલ એટમ બોમ્બના દિવસે જન્મેલ યુવા દોડવીરે જ્યોત પ્રગટાવી હતી)** : આ રમતોત્સવ ૧૯૬૪માં ટોકિયો ખાતે યોજાયો હતો. ૧૯૪૫માં હિરોશીમામાં પડેલ એટમબોમ્બના દિવસે જન્મેલ અને યુવા દોડવીર યોશીનોરી સાકાઈએ જ્યોત પ્રગટાવી હતી.

- **ઓગણીસમો ઓલિમ્પિક (ભારત હોકીમાં ત્રીજા સ્થાને લપસી પડ્યું)** : ૧૯૬૮માં મેક્સિકોમાં આ રમતોત્સવ મેક્સિકો સિટી ખાતે યોજવામાં આવેલ. ભારત પ્રથમવાર હોકીમાં ત્રીજા સ્થાને લપસી પડ્યું હતું અને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.

- **વીસમો ઓલિમ્પિક (અમેરિકાના તરણવીરને સાત સુવર્ણ ચંદ્રકો અને ઓલિમ્પિકના ઇતિહાસમાં ત્રાસવાદીઓ દ્વારા હુમલો)** : ૧૯૭૨માં મ્યુનીચ શહેરમાં આ ઓલિમ્પિક રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ રમતોત્સવનો હીરો અમેરિકાનો તરણવીર માર્ક સ્પિટ્ઝ રહ્યો હતો. તેણે કુલ સાત સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા જે આજ દિન સુધી વિક્રમ સમાન છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં પહેલીવાર ત્રાસવાદી હુમલા દ્વારા ઈઝરાયેલના ખેલાડીઓને મારી નાખવામાં આવ્યા હતા અને રમતોત્સવ ૩૪ કલાક માટે બંધ રહ્યો હતો.

- **એકવીસમો ઓલિમ્પિક્સ (રૂમાનિયાની ૧૪ વર્ષની ખેલાડીનું આકર્ષણ)** : ૧૯૭૬માં મોન્ટ્રિયલ શહેરમાં આ રમતોત્સવ યોજાયો હતો. રૂમાનિયાની માત્ર ૧૪ વર્ષની ઢીંગલી નાદિયા કોમેન્સી આકર્ષણનું કેન્દ્ર હતી કારણકે તેણે જિમ્નાસ્ટીકમાં ૧૦૦ ટકા ગુણ મેળવ્યા હતા.

- **બાવીસમો ઓલિમ્પિક (એક જ જિમ્નાસ્ટીકને આઠ ચંદ્રકો)**

: મોસ્કોમાં ૧૯૮૦માં યોજાયેલ આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન રશિયાના પ્રમુખ લિયોનિદ બ્રેઝનેવે કર્યું હતું. જિમ્નાસ્ટીકના ખેલાડી એલેકઝાંડરે આઠ સ્પર્ધામાં ભાગ લઈને આઠ ચંદ્રકો મેળવ્યા હતા, જે આજેય વિક્રમ છે.

- **ત્રેવીસમો ઓલિમ્પિક (ભારતની પી.ટી. ઉષાને ચોથું સ્થાન)** : લોસ એન્જેલ્સ ખાતે ૧૯૮૪માં આ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આનું ઉદ્‌ઘાટન અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગને કર્યું હતું. ભારતની પી.ટી. ઉષાએ ટ્રેક એન્ડ ફિલ્ડમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. ત્રીજા સ્થાન માટે તે સેકન્ડના ૧૦૦મા ભાગ માટે પરાજિત થઈ હતી.

- **ચોવીસમો ઓલિમ્પિક (રમતોત્સવમાં ડ્રગ્સનું કૌભાંડ અને સુવર્ણચંદ્રક પરત લેવામાં આવેલ)** : ૧૯૮૮માં દક્ષિણ કોરિયાના પાટનગર સૉલ ખાતે આ રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ ઓલિમ્પિક્સમાં ડ્રગ્સ કૌભાંડ મોટાપાયે બહાર આવ્યું હતું. બેન જોન્સનો ૧૦૦ મીટર દોડનો સુવર્ણ ચંદ્રક ડ્રગના કારણે પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

- **પચ્ચીસમો ઓલિમ્પિક (પ્રથમ વખત ૩ હજારથી વધુ મહિલા ખેલાડી)** : બાર્સેલોના ખાતે યોજાયેલ આ રમતોત્સવમાં સૌપ્રથમવાર ત્રણ હજારથી વધુ મહિલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવની સુવર્ણ પરી તરીકેનું બહુમાન હંગેરીની ક્રિસ્ટીનાએ તરણ કુંડમાં મેળવ્યું હતું.

- **છવ્વીસમો ઓલિમ્પિક (શતાબ્દિ રમતોત્સવ, ભારતના ટેનિસ ખેલાડીને કાંસ્ય ચંદ્રક)** : છવ્વીસમો યાને શતાબ્દિ ઓલિમ્પિક રમતોત્સવ ઉત્તર અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના પાટનગર એટલાન્ટા ખાતે ૧૭ જુલાઈથી ૨જી ઓગસ્ટ સુધી યોજાયો હતો. ભારતના ટેનિસવીર લિએન્ડર પેસે મેન્સ સિંગલ્સમાં છેક ૧૬ વર્ષ બાદ સ્થાન મેળવ્યું હતું. તેમણે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

- **સત્તાવીસમો ઓલિમ્પિક (ભારતની મહિલા ખેલાડીએ સૌપ્રથમ વખત ચંદ્રક મેળવ્યો)** : આ રમતોત્સવ સિડની ખાતે ૨૦૦૦માં વીસમી સદીના અંતે યોજાયો હતો. ભારતની મહિલા વેઈટ લીફ્ટર કરન્નામ માલ્લેશ્વરીએ શ્રેષ્ઠ દેખાવ કરીને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. ભારતની સૌપ્રથમ ઓલિમ્પિક ચંદ્રક વિજેતા મહિલા ખેલાડી બની હતી.

- **અઠ્યાવીસમો ઓલિમ્પિક (ભારત દ્વારા પ્રથમ વખત વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ)** : અઠ્યાવીસમો ઓલિમ્પિક રમતોત્સવ ગ્રીસના પાટનગર અને ઓલિમ્પિક રમતોત્સવની જન્મધાત્રી એવા એથેન્સ ખાતે યોજવામાં આવ્યો હતો. ભારતના શૂટર અને ભારતીય સેનાના મેજર ગ્રેનેડિયર્સ ઓફિસર રાજ્યવર્ધન રાઠોરે શૂટિંગની ડબલ ટ્રેપ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. ભારતે સૌપ્રથમ વખત વ્યક્તિગત સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો હતો.

- **ઓગણત્રીસમો ઓલિમ્પિક (ભારતના શૂટર ખેલાડીએ સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ મેળવ્યો અને ભારત તરફથી પ્રથમ વખત શ્રેષ્ઠ દેખાવ)** : ચીનના પાટનગર બૈજિંગ ખાતે ૨૦૦૮માં યોજાયો હતો. આ રમતોત્સવનું શાહી ઉદ્‌ઘાટન ચીનના પ્રેસિડેન્ટ હુ જિન્તોએ કર્યું હતું. ભારતે ઓલિમ્પિકના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ગોલ્ડ મેડલ શૂટર અભિનવ બિન્દ્રાના સુવર્ણમય દેખાવથી મેળવ્યો હતો. ૨૬ વર્ષના શૂટર અભિનવ બિન્દ્રાએ ૧૦ મીટર એર રાઈફલમાં ગોલ્ડ મેડલ મેળવીને ઈતિહાસ સર્જ્યો હતો. આ પછી કુસ્તીમાં સુશીલકુમારે ફ્રી સ્ટાઈલમાં અને મુક્કેબાજીમાં વિજેન્દર કુમારે બ્રોન્ઝ મેડલ મેળવીને ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું.

- **ત્રીસમો ઓલિમ્પિક (ભારત દ્વારા પ્રથમ વખત ૮૧ ખેલાડીઓ અને વિવિધ સ્પર્ધાઓમાં ભારતના ખેલાડીઓએ ચંદ્રકો મેળવ્યા)** : આ રમતોત્સવ ૨૭ જુલાઈ, ૨૦૧૨થી ૧૨ ઓગસ્ટ, ૨૦૧૨ દરમ્યાન લંડન ખાતે યોજાઈ ગયો. આ ઓલિમ્પિકમાં ભારતના ઈતિહાસમાં સૌથી મોટું ૮૧ ખેલાડીઓનું દળ ભાગ લઈ રહ્યું હતું. તેમાં સર્વાધિક ૧૬ ખેલાડીઓ પુરુષ હોકી ટીમમાં હતા. આ રમતોત્સવમાં ૩૦મી જુલાઈએ ગગન નારંગે શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવીને શરૂઆત કરી હતી અને ૧૨મી ઓગસ્ટે સુશીલકુમારે રેસલિંગમાં સિલ્વર સાથે અલવિદા કરી. સુશીલ દેશનો પ્રથમ એવો રમતવીર બન્યો છે જેણે સતત બે ઓલિમ્પિક મેડલો જીત્યા છે. આ ઉપરાંત ભારતના સાઈના નહેવાલે બેડમિન્ટનમાં, યોગેશ્વર દત્તે રેસલિંગમાં, એમ.સી. મેરિકોમે બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. જ્યારે સુશીલકુમાર ઉપરાંત વિજયકુમારે શૂટિંગમાં સિલ્વર મેડલ અપાવ્યો હતો.

ભારતે લંડન ઓલિમ્પિકમાં અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ – બે રજત અને ચાર કાંસ્ય ચંદ્રકો જીતીને કર્યો છે.

વિજયકુમારે પુરુષોની ૨૮ મીટર રેપીડ ફાયર પીસ્તોલની ગેમમાં રજત પદક અને સુશીલકુમારે ૬૬ કિ.ગ્રા. ફ્રી સ્ટાઈલ રેસલીંગમાં રજત ચંદ્રક મેળવ્યા હતા.

સાઈના નહેવાલે વુમન બેડમિન્ટનમાં કાંસ્ય પદક જીતીને બેડમિન્ટનમાં ચંદ્રક જીતનાર ભારતની પ્રથમ મહિલા રમતવીર બની હતી. મેરીકોમે વુમન ફ્લાય વેઈટ કેટેગરી બોક્સિંગમાં કાંસ્ય પદક જીત્યો હતો. મેરીકોમ બોક્સિંગમાં પદક મેળવનાર પ્રથમ ભારતીય મહિલા રમતવીર બની. ગગન નારંગે ૧૦ મીટર એર રાઈફલમાં કાંસ્ય પદક મેળવ્યો હતો. યોગેશ્વર દત્તે ૬૦ કિ.ગ્રા. રેસલીંગમાં રજત ચંદ્રક મેળવીને ભારતનું નામ રોશન કર્યું હતું.

રિયો ઓલિમ્પિકમાં વધુને વધુ મેડલો મેળવીને ભારતીય ખેલાડીઓ પાછા ફરે તેવી શુભેચ્છા. ■



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **કલા સંસ્થા :** તાજેતરમાં પૂના ખાતે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ, ગ્લોબલ કાઉન્સિલ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય સ્તરની વિવિધ પ્રવૃત્તિ ગાયન, વાદન, નૃત્ય રજૂ કરી. સ્પર્ધામાં ગાંધીધામની કલા સંસ્થા 'ભાર્ગવ નૃત્ય સંસ્થા'ને ૧૧ પારિતોષિક મળ્યા છે. તમામ કલાકારો આંતરરાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યા છે. હવે આગામી મહિનામાં સ્પેન ખાતે પોતાની કલા રજૂ કરી કચ્છનું ગૌરવ વધારશે.

★ **સાયન્સ હેલ્થ કેર એવોર્ડ :** અમેરિકન બોર્ડ સર્ટીફાઈડ કાર્ડિયો વસ્ક્યુલર પરક્યુઝનિસ્ટ મૂળ કચ્છ પત્રીના જ્યોતિ ધરોડ - ગાલાને કચ્છી ઓસવાલ જૈન એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા - કેનેડા (કો-જૈના)ના ઉપક્રમે ૧૫ જુલાઈના રોજ યોજાયેલ દ્વી-વાર્ષિક સંમેલનમાં સાયન્સ અને હેલ્થકેરના ઍવોર્ડથી નવાજવામાં આવેલ.

★ **કેસર કેરી :** છેલ્લા એક દાયકાથી કચ્છની કેસર કેરી તલાલા અને વલસાડની કેરી કરતાં વીસ રૂપિયા વધુ આપીનેય વિદેશી બજાર કચ્છી કેસર ઉપર કળશ ઢોળે છે. આરબ દેશો તેમજ સિંગાપોર, કેનેડા, બ્રિટન જેવા વિદેશોની બજારમાં રંગ, સ્વાદ અને સુગંધના અનોખા સમન્વયના કારણે આદરભર્યું સ્થાન ઊભું કર્યું છે. પરંતુ કચ્છમાં ગામા રેડિયેશન પ્રોસેસર યુનિટ ન હોવાના કારણે અમેરિકા કચ્છની કેસરનો મધુરો સ્વાદ લઈ શકતું નથી.

★ **ઝુઓલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા :** ઝુઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાના શતાબ્દી નિમિત્તે આયોજિત સમારોહમાં કેન્દ્રીય વનમંત્રી પ્રકાશ જાવડેકરે, વન્ય સંરક્ષણના વિકાસ માટે ભુજમાં ઝુઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ઝેડ.એસ.આઈ.)નું પ્રાદેશિક કેન્દ્ર શરૂ કરવાની જાહેરાત કરી છે. જે કચ્છની વન્ય જીવ સંરક્ષણની દિશામાં મહત્ત્વનું કારણ બની રહેશે.

★ **સરહદ ડેરી :** અંજારના ટાઉનહોલ ખાતે યોજાયેલ સરહદ ડેરીની સાતમી વાર્ષિક સભામાં ચેરમેન વલમજીભાઈ હુંબલે જણાવેલ કે આગામી દિવસોમાં રૂા. ૫૦ કરોડના ખર્ચે કેટલ ફીડ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. રૂા. ૪૦ કરોડના ખર્ચે દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટથી ૨ લાખ લિટર દૂધ, દહીં, છાસ, ઘી વગેરેનું ઉત્પાદન કરવામાં આવશે. આ વર્ષે કચ્છના દૂધ ઉત્પાદકને ફેટની ગણતરી દ્વારા રૂા. ૪૦૦ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે તેમ તેમણે જણાવ્યું હતું. જેમાં માધાપર મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા વર્ષ દરમિયાન ૧૫,૯૪,૫૬૦ કિ.ગ્રામ દૂધ જમા થયેલ. જેનું રૂા. ૫,૯૫,૪૬,૦૯૩ની ચૂકવણી બોનસના રૂા. ૨૮,૧૦,૫૭૬ સાથે થયેલ હતી. આ સમયે દૂધ ઉત્પાદકના બાળકોના શિક્ષણ માટે રૂા. ૧૦ લાખની લોન વગર વ્યાજે આપવાની પણ જાહેરાત કરી હતી.

★ **નર્મદા યોજના - વધારાનાં નીર યોજના :** રૂા. ૭૦ કરોડના ફાળવાયેલ બજેટમાંથી નર્મદાના વધારાના પાણીના જથ્થામાંથી એક મિલિયન એકર વધારાના પાણીને સંગ્રહિત કરવા માટે નવા સાત બંધારા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી દરિયાઇ વિસ્તારમાં વધતા ક્ષારનું આક્રમણ રોકાય તેમજ નજીકની ખેતવાડીમાં તળમાં પાણી પણ મીઠા થાય.

★ **સામત્રા મેળવે છે દેશી ગાયનું શુધ્ધ દૂધ :** ૪૦૦ ગાયોનો નિભાવ કરતી સંસ્થા 'સામત્રા દૂધ સાગર પ્રોજેક્ટ' દ્વારા સામત્રાના ગ્રામજનોને નહીં નફો નહીં નુકસાનના ધોરણે શુધ્ધ દૂધ પૂરું પાડવામાં આવે છે. આ માટે મૂળ સામત્રાના કેન્યાના ઉદ્યોગપતિ કે.કે. પટેલ દ્વારા રૂપિયા ૨૫ લાખની સખાવત સાથે આ યોજના ચાલુ કરેલ છે.

★ **કચ્છી મેવો - ખારેક :** કચ્છની કેસર કેરી બાદ હવે લોકોના મોંમાં મીઠાશ ફેલાવવા કચ્છી મેવા તરીકે પ્રખ્યાત 'કચ્છી ખારેક'નું બજારમાં આગમન થઈ ગયું છે. કચ્છના ભૂમિપુત્રોએ બાગાયતી ખેતીમાં અવનવા પ્રયોગો દ્વારા ટીસ્યુ કલ્ચર દ્વારા મીઠાશ ધરાવતી કચ્છી ખારેકમાં નામના મેળવી છે. આજે કચ્છી ખારેકનો કારોબાર ૩૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ કચ્છી મેવો મલેશિયા - સિંગાપોરથી દેશમાં સર્વત્ર પહોંચે છે. પૂર્વ ધારાસભ્ય છબીલભાઈ પટેલ જણાવે છે કે આવતા સમયમાં ભુજમાં ખારેકને સૂકવી તેનું સૂકી ખારેકમાં રૂપાંતર કરવાનું એકમ રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે કરવાની નેમ છે. જેથી વિદેશી હૂંડિયામણ પણ બચી જાય.

★ **કચ્છમાં કાયદો વ્યવસ્થા પરિસ્થિતિ :** ભુજના જાગૃત અગ્રણી બલરાજ આઈ. જોશીએ પોતાના મનની વાત કહેતાં જણાવેલ કે કચ્છમાં ચૂંટાયેલ પ્રતિનિધિઓના મૌન દ્વારા કચ્છમાં ગુનાહિત પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. જેના કારણે ગૌચર જમીનો દબાવાઈ રહી છે, શહેરની કિંમતી જમીનો પર દબાણ થાય છે. નર્મદાના પાણીની ચોરી થાય છે. પરિણામે કચ્છ તરસ્યું રહે છે. ઉદ્યોગો દ્વારા કચ્છના લોકોને રોજગારી નથી મળતી. આવા પ્રશ્નોના નિરાકરણ માટે જાગૃતિ દર્શાવવા સૂચન કરેલ.

★ **સંશોધન બદલ અમેરિકા સ્થિત કચ્છી તબીબને પારિતોષિક :** અમેરિકામાં ન્યુરોલોજીનો અભ્યાસ કરનારા કચ્છ ગાંધીધામના તબીબ ડૉ. તપન ઠક્કર, એમ.ડી.ને મગજની નસ અંગેનું સંશોધન પત્ર યુ.એસ.એ.ના ન્યુરોલોજી જર્નલમાં પ્રકાશિત થયેલ. આવા સંશોધન બદલ જી.એસ.એ. યુનિવર્સિટી દ્વારા તેમને પારિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.

★ **રાષ્ટ્રીય એવોર્ડ :** વાગડ પ્રદેશની ટાંગલિયા વણાટકામની હસ્તકળાને પ્રથમ વખત આધોઇના મનજીભાઈ વણકરને કાપડ મંત્રાલય દ્વારા પ્રથમ વખત રાષ્ટ્રીય ઍવોર્ડ વારાણસીમાં આપવામાં આવશે. હરિયાણા - પંજાબથી આવતા ઉનમાંથી તૈયાર કરાતું ટાંગલિયા પ્રકારનું વણાટકામનું વેલોરો (ચણિયો) ખાસ કરીને ભરવાડ સમાજની મહિલાઓ પહેરે છે.

★ **કચ્છમાં ઢોરવાડા :** ૨૦૧૬-૧૭ના વર્ષમાં અર્ધ અછતની જાહેરાતે સરકારે કચ્છમાં વિક્રમી કહી શકાય તેવા ૩૫૯ ઢોરવાડા મંજૂર કરેલ. જેમાં ઢોરદીઠ રૂા. ૨૫/-ની સબસિડી આપવામાં આવે છે. પરંતુ આ ઢોરવાડામાં ગેરરીતિ માલૂમ પડતાં ૩૦ ઢોરવાડા રદ કરી એક વિક્રમ સ્થપાયો છે.

★ **કચ્છમાં પ્રથમ ફિઝિયોથેરાપી કોલેજ તૈયાર :** કચ્છની તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા, ફિઝિયોથેરાપીના અભ્યાસક્રમની ચાણક્ય કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી આકાર લઈ ચૂકી છે. જેમાં ચાલુ સત્રથી ૬૦ બેઠક સાથે ચાર વર્ષનો ડિગ્રી કોર્સ શરૂ થઈ રહ્યો છે. તે માટેની પ્રવેશ પ્રક્રિયા ગુજરાત સરકાર દ્વારા ઓનલાઈન થશે. જેમાં મેનેજમેન્ટ માટેની ૨૫ બેઠકો પર દીકરીઓને પ્રાથમિકતા આપવાની ખાતરી રાપરના ધારાસભ્ય અને સંસ્થાના મોભીએ આપી હતી તેમજ પ્રત્યક્ષ અનુભવ માટે આઠ મેગા હોસ્પિટલ સાથે જોડાણ કરાયું છે. પીડિયાટ્રિક્સ માટે ખાસ સુવિધા ઊભી કરાઈ છે.

★ **રેનાથોન સ્પર્ધા :** મુંબઈમાં કચ્છ યુવક સંઘ યોજિત નવનીત રેનાથોનમાં 'બેટી બચાવો... બેટી ભણાવો... વૃક્ષ વાવો... ગ્રીન કચ્છ'ના બેનરો સાથે ૪૫૦૦ જેટલા કચ્છી તેમજ અન્ય સ્પર્ધકોએ ભાગ લીધેલ. આ રેનાથોનના મુખ્ય સહયોગી નવનીત પરિવાર તથા સાથી સહયોગી દાતા ઉદ્યોગપતિ દામજીભાઈ એન્કરવાલા તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ. આ સ્પર્ધા મુંબઈના બોરીવલી પરામાં યોજવામાં આવેલ હતી.

★ **મોડેલ સ્કૂલ - ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ :** વાગડમાં કન્યા શિક્ષણનો વ્યાપ વધે તે માટે કરેલ પ્રયાસોને સફળ બનાવી રાપરના આઈ.ટી.આઈ. સંકુલમાં રૂા. ૫.૫૦ કરોડના ખર્ચે બનેલ તાલુકાની પ્રથમ મોડેલ સ્કૂલ અને ગર્લ્સ હોસ્ટેલનું તાજેતરમાં ધારાસભ્ય પંકજ મહેતાએ લોકાર્પણ કરેલ હતું. આ ગર્લ્સ હોસ્ટેલમાં ૧૦૦ કન્યાઓ વિનામૂલ્યે અભ્યાસ કરી શકશે. પંકજ મહેતાએ વધુમાં જણાવેલ કે પોતાના ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે શરૂ કરાયેલ કૉલેજ પ્રથમ વરસે ગુજરાતમાં ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે.

★ **જર્મનીમાં વર્કશોપ માટે કચ્છના બે છાત્ર પસંદ :** કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટ સાયન્સના બે પીએચ.ડી. વિદ્યાર્થીઓ કુ. અર્ચના દાસ તથા નિસર્ગ મકવાણા ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ જીઓ સાયન્સીઝમાં બર્કિંગહામ યુનિવર્સિટી ઑફ કોલોન, જર્મની ખાતે 'ડેટ્સ એન્ડ રેસ્ટ ઑફ ચેન્જ ઇન ધી ક્વાર્ટરનરી'ના વર્કશોપમાં ભાગ લેવા ભારતમાંથી પાંચમાંથી કચ્છ યુનિ.ના આ બે વિદ્યાર્થીઓની પણ પસંદગી કરવામાં આવી છે.

★ **હિમોફિલિયા દર્દીને વિનામૂલ્યે દવા :** ગંભીર બીમારી હિમોફિલિયાથી પીડાતા દર્દીઓને જીવન ટકાવી રાખવા સતત દવાઓ જરૂરી રહે છે. તે માટે દર્દીઓને નિઃશુલ્ક દવા મેળવવા રાજકોટ કે અમદાવાદની સિવિલ હોસ્પિટલ સુધી લાંબા થવું પડે છે. આ અંગે રાપરના ધારાસભ્ય પંકજ મહેતાએ રાજ્યના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ પાસે રજૂઆત કરી કે કચ્છના આ રીતના દર્દીઓને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં નિઃશુલ્ક દવા મળે તો દર્દીઓની હાલાકી ઓછી થાય. આ અંગે મંત્રીશ્રીએ આરોગ્ય કમિશનરને દવા ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી.

★ **ડાયાલિસિસ સેન્ટર :** ભુજની લાયન્સ હોસ્પિટલમાં દાતાઓના સહયોગથી ચાલતા ડાયાલિસિસ સેન્ટરમાં વધુ ૬ મશીનો મૂકાતાં કુલ ૨૧ મશીનો કાર્યરત થયેલ છે. અત્યાર સુધી લાયન્સ હોસ્પિટલ દ્વારા કુલ ૬૨,૬૭૩ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટરનો લાભ લીધો છે.

★ **કચ્છ એક્સપ્રેસ ટ્રેન સુપર ફાસ્ટ શ્રેણીમાં :** પશ્ચિમ રેલવે દ્વારા અમુક ટ્રેનોને સુપરફાસ્ટ શ્રેણીમાં સમાવાતાં હવેથી કચ્છ - મુંબઈ વચ્ચે દોડતી મહત્ત્વની કચ્છ એક્સપ્રેસ ટ્રેનનો સુપરફાસ્ટ શ્રેણીમાં સમાવેશ કરવામાં આવેલ છે તેવી રેલવે પ્રશાસને જાહેરાત કરી છે. ■

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **કમલેશ શામજી લાલન**
  ૧૨, રોહિણી એપાર્ટમેન્ટ, આમ્રકુંજ સોસાયટી,
  સ્નેહકુંજ બસ સ્ટેન્ડ પાસે, નહેરુનગર, આંબાવાડી,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૭૩૬૬

## અવસાન નોંધ

- **તા. ૩૦-૬-૨૦૧૬**
  **ડૉ. ઇન્દ્રજિત (ઇન્દુભાઈ) પ્રીતમલાલ શાહ (મુંદ્રા - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂ. ૫૦૦/- શ્રી વાડીલાલ મલુકચંદ મહેતા - અમદાવાદ
રૂ. ૫૦૦/- ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકર લાપસિયા - ભાવનગર

### વયસ્ક સમિતિ ખાતે

રૂ. ૭,૫૦૦/- શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહ - ગાંધીનગર
રૂ. ૫,૦૦૦/- ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ - અમદાવાદ
રૂ. ૫,૦૦૦/- લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી - અમદાવાદ
રૂ. ૧,૦૦૦/- શ્રીમતી ભાનુબેન જયંતીલાલ શાહ - અમદાવાદ

### શૈક્ષણિક સહાય ખાતે

રૂ. ૫,૦૦૦/- સ્વ.શ્રીમતી કમળાબેન રતનલાલ દેસાઈ - અમદાવાદ
રૂ. ૧,૨૦૦/- શ્રી પીયૂષ હીરજી સાવલા - અમદાવાદ

### સાધર્મિક સહાય ખાતે

રૂ. ૧,૫૦૦/- પ્રમીલાબેન કુરુવા ફાઉન્ડેશન - અમદાવાદ
રૂ. ૫૦૦/- શ્રી નીલેશ પ્રવીણ કારાણી - હૈદ્રાબાદ

### તબીબી સહાય ખાતે

રૂ. ૧,૦૦૦/- શ્રી રાજલ લુણકર - અમદાવાદ
રૂ. ૭૦૦/- શ્રી રાહુલ જૈન - પૂણે
રૂ. ૬૦૦/- શ્રી નીરવ વીરેન્દ્ર લુઢિયા - મુંબઈ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ધ્વજ વંદન

### ॥ જાહેર આમંત્રણ ॥

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આપણા દેશનો ૭૦મો સ્વતંત્રતા દિવસની ઊજવણી કરવા જઈ રહ્યો છે. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પ્રાંગણમાં તા. ૧૫-૮-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ વાગે ધ્વજવંદન કરાવવામાં આવશે. ધ્વજવંદન બાદ અલ્પાહાર રાખવામાં આવે છે.

તે જ દિવસે ધ્વજવંદન કાર્યક્રમ બાદ ભવનના સાંસ્કૃતિક હૉલ ખાતે સંસ્થાની વયસ્ક સમિતિ દ્વારા રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સંપૂર્ણ કાર્યક્રમ બાદ સ્વરૂચિ ભોજન રાખવામાં આવેલ છે.

સમાજના સર્વે સભ્યોને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ છે.

| | |
|---|---|
| **કે. આર. શાહ** | **પ્રતાપ નારાણજી દંડ** |
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ** |

## સમાજના સભ્યો માટે અગત્યની સૂચના

### ધાર્મિક લઘુમતીના પ્રમાણપત્ર અંગે

આપ સુવિદિત છો કે ગુજરાત સરકારે જૈન સમાજને ધાર્મિક લઘુમતીના તમામ લાભો આપવાનું નક્કી કર્યું છે. આ માટે ધાર્મિક લઘુમતીનું પ્રમાણપત્ર મેળવવું જરૂરી બને છે.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી, જરૂરી વિગતો અને દસ્તાવેજોની પ્રમાણિત નકલો સાથે કાર્યાલય પર પરત કરવાનું રહેશે.

જરૂરી દસ્તાવેજોમાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જૈન હોવા અંગેનો પુરાવો (સંઘનું પ્રમાણપત્ર), રહેઠાણના પુરાવા તરીકે લાઇટ બિલ, ટેલિફોન બિલ કે રેશનકાર્ડ, ચૂંટણીનું મતદાર કાર્ડ, આધાર કાર્ડ કે રેશનકાર્ડ પૈકી કોઈ પણ ત્રણ દસ્તાવેજોની પ્રમાણિત નકલો બીડવાની રહેશે.

***કે. આર. શાહ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*જૈન હોવા અંગેનો પુરાવો (સંઘનું પ્રમાણપત્ર) મેળવવા માટેનું ફોર્મ આ અંકમાં પાના નં.-૯૨ ઉપર છાપેલ છે.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

ગત ૧૯ જૂનના રોજ આપણા જ સમાજના ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ (Clinical Psychologist) કુ. દિશા છાડવા દ્વારા આપણા ભવન ઉપર એક ખૂબ જ સુંદર અને જ્ઞાનપ્રદ સેમિનાર યોજાઈ ગયો.

*વિષય હતો :* **"આપના બાળકમાં રહેલી મલ્ટીપલ ઈન્ટેલિજન્સને ઓળખો"**

પ્રો. ડૉ. હાવર્ડ ગાર્ડનરની થીયરી ઉપરનો આ કાર્યક્રમ એવા મા-બાપ – વાલીઓ – વડીલો માટે હતો કે જેઓનાં બાળકો ૧૦થી ૧૫ વર્ષની ઉંમરના છે.

બાળકોની છૂપી શક્તિઓને ઓળખવામાં મદદરૂપ આ Skills જો આપ જાણો તો આપના બાળકને જે તે શક્તિ ખીલવવામાં મદદરૂપ થઈ શકો! બાળકો પોતાની કેરિયર આના આધારે બનાવી શકે.

આ શક્તિ કેમ ઓળખવી અને કેમ ખિલવવી, તે વિશે સુંદર વક્તવ્ય આપનારી કુ. દિશા છાડવા ઘણી જ નાની ઉંમરે ઘણું જ્ઞાન વહેંચી શકે છે.

પ્રશ્નો ખૂટતા જ નહોતા અને સમય ખૂટી જવાથી કાર્યક્રમ રસપ્રદ જગ્યાએ જ રોકી દેવો પડેલ.

અને આ સેમિનારમાં આવનારા સમાજના સભ્યોની સંખ્યા જાણવી છે? સમિતિના પોતાના સભ્યો સિવાય કદાચ ૮-૧૦ જણાં વધુ હતા. આ છે... આપણી આપણા બાળકોના ડેવલપમેન્ટ પ્રત્યેની ઉદાસીનતા.

'મારું બાળક પ્રથમ નંબરે કેમ ન આવે? ગીત-સંગીત-નૃત્ય-ક્વીઝ બધામાં ઉત્તીર્ણ કેમ ન હોય?'

પરંતુ તે માટે મા-બાપ તરીકે હું / અમે કેટલા સજાગ?

ખરીદી, ટી.વી. સિરિયલ, મહેમાન, સલમાન કંઈ કેટલાય બહાના...

અને આપણું બાળક 'યંત્રની જેમ આપણને ગમે તેમ નાચી બતાવે' તેવો આપણો આગ્રહ...

વાહ! ૨૧મી સદીના ભારતીય મા-બાપ ધન્ય છે...!!

આવનાર વાલીઓનાં મંતવ્યો જરા તપાસી જોઈએ.

★ આપણા બાળકો ઉપર આપણને શ્રદ્ધા હોવી જોઈએ અને તેની કાબેલિયત ઉપર વિશ્વાસ. *– નીલેશ શાહ*

★ 'ખૂબ જ સુંદર માહિતી. ઘણું જાણવાનું મળ્યું.' *– શ્રીમતી કવિતા નીસર*

★ 'દરેક ઉંમરના બાળકોના મા-બાપ સારું આવી ઘણી બધી વર્કશોપનું આયોજન થવું જોઈએ. *– ડૉ. રચના મહેતા*

★ 'સમાજ ઘણી જ મહેનત કરીને અવનવા કાર્યક્રમો કરે છે પરંતુ સંખ્યા જોઈ દુઃખ થાય છે. ધન્ય છે સમાજ અને તેના કાર્યકરોને જે થાક્યા વિના આ કામ વર્ષોથી કર્યા જ કરે છે.' *– નિમિષા મહેતા*

*– કન્વીનર*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## યોગ દિવસની ઉજવણી એક નવા અંદાજમાં

તા. ૨૧-૬-૨૦૧૬ મંગળવાર – વિશ્વ યોગ દિવસે મહિલા ઉત્કર્ષની બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપીને યોગ દિવસ ઉજવ્યો હતો.

માય વિલેજ ખાતેના કાર્યક્રમના પ્રારંભમાં સૌ બહેનોએ સ્ત્રી રોગો માટેની સ્પેશિયલ કસરતો કરી હતી. ઉપરાંત વિવિધ વ્યંજનોનો સ્વાદ પણ માણ્યો હતો.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં ગાયનેકોલોજિસ્ટ દર્શના ઠક્કરે વ્યવહારિક જીવનમાં યોગની ઉપયોગીતા અંગે સમજ આપી હતી. તેમજ હેલ્થ ચેક-અપની અગત્યતા સમજાવતાં મેમોગ્રાફી (સ્તન કેન્સર માટેની તપાસ) પર ભાર મૂક્યો હતો.

મેમોગ્રાફી કોણે કરાવવી, ક્યારે કરાવવી વગેરે વિશે વિસ્તૃત અને સરળ માહિતી પૂરી પાડી હતી.

કુલ ૧૧૪ બહેનોએ હાજરી આપીને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો.





*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

**• નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૧૫ જુલાઈ, ૨૦૧૬ના રોજ એક કાર્યક્રમ યોજાઈ ગયો. સૌપ્રથમ કન્વીનરશ્રીએ વડીલોને આવકારીને આજના કાર્યક્રમ આપનાર જાદુગર કૌશિક અને વિરાટ વિશે માહિતી આપી હતી.

જાદુગર કૌશિકે અવનવા જાદુ બતાવીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા અને વિરાટે પત્તાની કેટની કરતબ બતાવી, સૌને સંમોહિત કર્યા હતા.

ત્યારબાદ ડૉ. હિમાંશુ શાહે માઉથ ઑર્ગન પર વિવિધ ગીતોથી સૌને ડોલાવ્યા હતા, તો ડૉ. શિલ્પાબેને 'અજીબ દાસ્તાં હૈ યે...' અને 'યે જિંદગી ઊસી કી હૈ...' ગીતો ગાઈને સૌને ભાવવિભોર કર્યા હતા.

આજરોજ ડૉ. હિમાંશુભાઈ શાહ અને કન્વીનર શ્રી રજનીકાંત પારેખની વર્ષગાંઠ નિમિત્તે કેક કાપીને જન્મદિન ઉજવવામાં આવ્યો હતો. આ જ માસમાં આવેલ શ્રીમતી લક્ષ્મીબેન ખત્રીનો જન્મ દિવસ પણ કેક કાપીને ઉજવવામાં આવ્યો હતો.



*માઉથ ઑર્ગન ઉપર શ્રી ડૉ. હિમાંશુભાઈ શાહ*



*પોતાના અવાજના જાદુથી શ્રોતાઓને ડોલાવનાર ડૉ. શ્રીમતી શિલ્પાબેન*



*જન્મદિન નિમિત્તે કેક કાપતા શ્રી રજનીકાંત પારેખ, શ્રી ડૉ. હિમાંશુ શાહ, શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી*

***આજના કાર્યક્રમ માટે :*** (૧) શ્રી રજનીકાંત પારેખ તરફથી : રૂા. ૫,૦૦૦/-, (૨) શ્રી ડૉ. હિમાંશુ શાહ તરફથી : રૂા. ૫,૦૦૦/-, (૩) શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી તરફથી : રૂા. ૫,૦૦૦/-, (૪) શ્રી પ્રો. પૃથ્વી નરેન્દ્ર શાહ તરફથી : રૂા. ૭,૫૦૦/, (૫) શ્રીમતી ભાનુબેન જયંતીલાલ શાહ તરફથી : રૂા. ૧,૦૦૦/- ***સ્પોન્સરશિપ પ્રાપ્ત થઈ હતી.***

અંતમાં સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

### આગામી કાર્યક્રમ

સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૬ (સ્વતંત્રતા દિવસ)ના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન. ત્યારબાદ હળવો નાસ્તો. સવારે ૧૦ વાગ્યાથી રંગારંગ કાર્યક્રમ અને બપોરે ૧.૦૦ વાગે સ્વરૂચિ ભોજન.

***રજનીકાંત પારેખ - કન્વીનર***


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

## પર્વાધિરાજ પર્યુષણ પર્વને લાખ લાખ વંદન

## સંવત ૨૦૭૨ : શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદના મણિનગર ઉપાશ્રયે

## પર્યુષણ પર્વના કાર્યક્રમો

શ્રાવણ વદ-૧૩, મંગળવાર, તા. ૩૦-૮-૨૦૧૬થી પર્યુષણ પર્વ શરૂ

★ **પ્રથમ દિવસ :** શ્રાવણ વદ-૧૩, મંગળવાર, તા. ૩૦-૮-૨૦૧૬ : સવારે ૮.૩૦ કલાકે ભક્તામર બાદ પર્યુષણના પાંચ કર્તવ્ય વિશે વ્યાખ્યાન. કલ્પસુત્ર પોથી પધરાવવા તથા વહોરાવવાના તથા જ્ઞાનની પાંચ પૂજાઓ માટેના ઘૃતની ઉછામણી - બોલી.

★ **બીજો દિવસ :** શ્રાવણ વદ-૧૪, બુધવાર, તા. ૩૧-૮-૨૦૧૬ : સવારે ૮.૩૦ કલાકે ભક્તામર બાદ પર્યુષણ પર્વના પ્રાણ "ક્ષમાપના" વિશે તથા શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યો વિશે વ્યાખ્યાન.

★ **ત્રીજો દિવસ :** શ્રાવણ વદ-૩૦ (અમાસ), ગુરૂવાર, તા. ૧-૯-૨૦૧૬ : સવારે ૮.૩૦ વાગે ભક્તામર બાદ કલ્પસુત્ર - પોથીની માંડણી વાંચન શરૂ થશે.

★ **ચોથો દિવસ :** ભાદરવા સુદ-૧, શુક્રવાર, તા. ૨-૯-૨૦૧૬ : સવારે ૮૦૦ વાગે કલ્પસુત્રનો વરઘોડો. કલ્પસુત્ર વહોરાવવા તથા કલ્પસુત્રનું વાંચન સવારે ૮.૩૦ કલાકે.

★ **પાંચમો દિવસ :** ભાદરવા સુદ-૨, શનિવાર, તા. ૩-૯-૨૦૧૬ : **૧૪ સ્વપ્ન દર્શન તથા સ્વામિવાત્સલ્ય** વ્યાખ્યાન સવારના ૯.૦૦ કલાકે. **સ્વપ્ન દર્શન** તેમજ શ્રી મહાવીર પ્રભુનાં જન્મનું વાંચન **આ વર્ષે સવારના ૯.૦૦ કલાકે થશે.** સ્વપ્ન દર્શન બાદ બપોરના ૧.૦૦ કલાકે સ્વામિવાત્સલ્ય. (***સ્વામિવાત્સલ્યનું સ્થળ :*** **શ્રી હર્ષદરાય એમ. પરીખ કોમ્યુનિટી હોલ,** પ્રકાશનગર બસ સ્ટેન્ડ પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.) સ્વપ્ન દર્શન બાદ લાડવાની પ્રભાવના **શ્રી માનવ ચંદ્રકાંત કેશવજી ગડા (કચ્છ ગામ ગઢશીશા)** તરફથી કરવામાં આવશે.

★ **છઠ્ઠો દિવસ :** ભાદરવા સુદ-૩, રવિવાર, તા. ૪-૯-૨૦૧૬ : વ્યાખ્યાન સવારના ૮.૩૦ કલાકે. બારસાસુત્ર વહોરાવવાનો તથા જ્ઞાનની પૂજાની ધૃત ઉછામણી - બોલી બોલવામાં આવશે.

★ **સાતમો દિવસ :** ભાદરવા સુદ-૪, સોમવાર, તા. ૫-૯-૨૦૧૬ : વ્યાખ્યાન સવારના ૮.૩૦ કલાકે.

★ **આઠમો દિવસ :** ભાદરવા સુદ-૫, મંગળવાર, તા. ૬-૯-૨૦૧૬ : ● બારસા સુત્ર વહોરાવવાનું સવારે ૮.૦૦ કલાકે. બારસા સુત્રનું વાંચન. બારસા સુત્રના વાંચન બાદ શ્રી વાસુપૂજ્ય સ્વામિ જિનાલયે ચૈત્ય પરીપાટી. ● બપોરે ૨.૦૦ વાગે બહેનો માટે પ્રથમ સાંવત્સરીક પ્રતિક્રમણ. ● સાંજે ૫.૦૦ વાગે ભાઈઓ તથા બહેનો માટે સાંવત્સરીક પ્રતિક્રમણ. ● બારસા સુત્રના વાંચન બાદ **શ્રીફળની પ્રભાવના માતુશ્રી રતનબેન પાસુભાઈ શાહનંદ (કચ્છ ગામ ડુમરા)** તરફથી કરવામાં આવશે. ● સાંવત્સરીક પ્રતિક્રમણ બાદ **શ્રીફળની પ્રભાવના સ્વ. શ્રી ઠાકરશી પદમશી લોડાયા (કચ્છ ગામ પરજાઉ)ની જન્મતિથિ તથા માતુશ્રી કાંતાબેન ઠાકરશી પદમશી લોડાયાની પુણ્યતિથિ નિમિત્તે હ. ભૂમિ, પારસ, અદિતિ** તરફથી કરવામાં આવશે.

★ **નવમો દિવસ :** ભાદરવા સુદ-૬, બુધવાર, તા. ૭-૯-૨૦૧૬ : સવારે ૮.૦૦ વાગે તપસ્વીઓના પારણા તથા શ્રી સંઘ નવકારશી. સવારે ૯.૦૦ વાગે તપસ્વીઓનું બહુમાન. (***સ્થળ :*** **શ્રી હર્ષદરાય એમ. પરીખ કોમ્યુનિટી હોલ,** પ્રકાશનગર બસ સ્ટેન્ડ પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.)

***લી. શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ***

***શાંતિલાલ મુળજી સાવલા - પ્રમુખ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જુલાઈ - ૨૦૧૬

- **તા. ૨-૭-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી દીપ દંડ સાથે આર.ઓ. પ્લાન્ટના ટી.ડી.એસ. બાબત ચર્ચા કરેલ હતી. આર.ઓ. વાળા ટેકનિશિયનનું માનવું છે કે મીટર બરાબર નથી તેથી ફરીથી બે જગ્યાએ ટી.ડી.એસ. ચેક કરી, પછી આગળની કાર્યવાહી નક્કી કરવી. આપણા આર.ઓ. પ્લાન્ટના પાણીનું ટી.ડી.એસ. શ્રી કચ્છી જૈન ભવનની લેબમાં તથા અન્ય કોઈ લેબમાં ચેક કરી પછી નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૪-૭-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પરાશર વ્યાસ તથા કોન્ટ્રાક્ટર શ્રી જતીનભાઈ શાહે શ્રી કચ્છી જૈન ભવનના રેમ્પ ઉપર ધાબુ ભરવા માટે ચર્ચા વિચારણા કરેલ હતી. શ્રી જતીનભાઈને ઉપરોક્ત કામ માટેનું એસ્ટીમેટ બનાવીને મોકલી આપવા જણાવેલ હતું.

- **તા. ૬-૭-૨૦૧૬**

★ આજે સાંજે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ ઉસ્માનપુરા સ્થિત મ્યુનિ. કચેરીમાં ઈમ્પેક્ટ ફી ની કાર્યવાહી અંગે ગયા હતા. ત્યાં હોદ્દેદારોને મળીને વિગત સમજી, આપણી ફાઈલ સહી કરીને ઈન્સ્પેક્ટરશ્રી આગળ મોકલી આપેલ હતી તેની માહિતી મેળવેલ હતી તથા ટી.ડી.ઓ. શ્રી બારડ સાહેબને મળીને આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૭-૭-૨૦૧૬**

★ આજે સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. શ્રી ચંદ્રકાંત દેઢિયા, શ્રી રજની પારેખે આવાસ યોજના ખાતે ચાલતા રતનવીર ગૃહ ઉદ્યોગના શ્રીમતી નીતાબેન સાથે ગૃહ ઉદ્યોગ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી તથા આગળની કાર્યવાહી અંગે માર્ગદર્શન આપેલ હતું.

★ આજે સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આપણા સમાજના સભ્યોને લઘુમતિ પ્રમાણપત્ર બનાવી આપવા માટે આગળની કાર્યવાહી કરવા માટે ચર્ચા વિચારણા કરેલ હતી.

- **તા. ૯-૭-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી દીપ દંડે શ્રી કચ્છી વિશ્રામ ગૃહના આર.ઓ. પ્લાન્ટના પાણીના ટી.ડી.એસ.ના આવેલ પરિણામ બાબત વાતચીત કરેલ હતી અને હજી પણ તેઓના પરિણામ સંતોષકારક ન હોતાં, મેમરન (ફિલ્ટર) બદલાવી નાંખવાનું નક્કી કરવામાં આવેલ હતું અને તે પ્રમાણે શ્રી દીપ દંડને આર.ઓ. પ્લાન્ટવાળાનો સંપર્ક કરી આગળની કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી હતી.

- **તા. ૧૪-૭-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે 'મંગલ મંદિર' સલાહકાર સમિતિની બેઠક મળી હતી. જેમાં શ્રી મનુભાઈ શાહ (કન્વીનર), શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કેશુભાઈ દેસાઈ તથા શ્રી મહેન્દ્ર સા. દોશી હાજર રહ્યા હતા. આજની મિટિંગમાં 'મંગલ મંદિર'ના વિભાગોની ગોઠવણ ફરીથી કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ. 'મંગલ મંદિર'નો નવેમ્બર-૨૦૧૬નો અંક "દીપોત્સવી અંક" તરીકે બહાર પાડવાનું તથા કચ્છી સાહિત્યકારોની ડિરેક્ટરી બનાવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

★ આજરોજ બપોરના ૧૨ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બંધારણ સમિતિની એક સભા મળેલ. જેમાં તા. ૨૬-૧-૨૦૧૬ના મળેલ ખાસ સામાન્ય સભામાં રજૂ થયેલા બંધારણીય સુધારા અંગે થયેલ કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવેલ. જેમાં શ્રી મગનલાલ સંઘવી, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ હાજર રહેલ હતા.

- **તા. ૧૬-૭-૨૦૧૬**

★ આજે સવારે ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ. ત્યાં ચાલતા ડાયાલિસિસ સેન્ટરની કાર્યવાહી અંગે તથા દવા / ઈન્જેક્શનની ખરીદી કરવા વિશે ટેકનિશિયન શ્રી જાવેદ શેખ સાથે વાતચીત કરેલ હતી. ડાયાલિસિસ સેન્ટર માટેનો આર.ઓ. પ્લાન્ટ રિપેરિંગ કર્યા બાદ કેવો કાર્યરત છે તે માટે પણ તેમણે શ્રી કિરણ શાહ સાથે વાતચીત કરી હતી. ■

# ઊડતી નજરે....

**માસ જૂન-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ............ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | ૧૩,૨૯૧ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ ૫૪૧ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ ૧૦૪ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ ૬ | |
| | ● | સોનોગ્રાફી ............ ૧,૫૨૨ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ ૪૮ | |
| | ● | બોડી ચેક-અપ ............ ૫૩૮ | |
| | ● | અન્ય ............ ૧૦,૫૩૨ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ ૭૭૬ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૮૬૬ | ૩,૬૪૨ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૨,૪૭૪ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૫,૭૪૦ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૧૧૨ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ............ ૮૮૬ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . ૪૭૦ | ૯,૬૮૨ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ ૩૭૬ | ૩૭૬ |
| | | માસ જૂન - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............ | ૨૬,૯૯૧ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# જૈન તરીકેનો દાખલો મેળવવા માટેનું અરજીપત્રક

પ્રતિ,
**પ્રમુખ શ્રી / માનદ્ મંત્રીશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

*સવિનય જણાવવાનું કે હું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો / ની સભ્ય છું. મારા પરિવારના નીચે મુજબના બધા જ સભ્યો જૈન ધર્મની આરાધના કરે છે અને બધા જૈન છીએ.*

____________________
**અરજદારની સહી**

અરજદારનું નામ : ____________________

સરનામું : ____________________

ફોન નંબર : __________ મોબાઈલ : __________

મૂળ ગામનું નામ : __________ તાલુકો __________ જિલ્લો __________

## પરિવારના સભ્યોની માહિતી


| ક્રમ | નામ | પિતા/પતિનું નામ | દાદા/સસરાનું નામ | અટક | અરજદાર સાથેનો સંબંધ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | પોતે | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |
| ૫. | | | | | | |
| ૬. | | | | | | |
| ૭. | | | | | | |
| ૮. | | | | | | |

**સ્થળ :** __________

**તારીખ :** __________

____________________
**અરજદારની સહી**

**નોંધ :** *પરિવારના મહિલા સભ્યો (પત્ની, પુત્રવધૂ, પૌત્રવધૂ વગેરે) પૈકી કોઈપણના માતા-પિતા મૂળ કચ્છના જૈન ન હોય, તો તે વ્યક્તિના નામ સામે તેના પિતા અને દાદાનું નામ તથા અટક અને તેઓ કયા ધર્મના આરાધક છે તે જણાવવું ખાસ જરૂરી છે.*


સનગ્લાસ કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
STYLiSh ADVENTURE
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

